॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

એવી રીતે આ શરીર જે છે એ ભગવદ્ સેવોપયોગી દેહ છે, એ પણ મકાન ગણો કે રથ– છે. ગીતામાં એને રથ કહ્યો છે. ખરેખર, આ રથનો સદુપયોગ જો કોઈએ કર્યો હોય તો વ્રજભક્તોએ કર્યો છે. કે જેનું સંચાલન જે છે તે ભગવાને પોતે કર્યું. એને ગર્વ નોતો, પરંતુ આત્મસમ્માનથી રહેતા'તા અને કહેતાંતા કે ''નાચત હમ ગોપાલ ભરોસે'' સાધનના ભરોસા પર કુદકા મારતા નથી, માનો કે કોઈ છોકરો હોય ને હીંચકે ઝુલતો હોય ને ત્યાં કુદકા મારે ને દોરડું કદાચ માનો નબળું હોય, તો એક બે કુદકા સહન કરે ને પછી તૂટી પડે. પણ ''ગોપાલ ભરોસે'' એ શબ્દ કહેવાનો તાત્પર્ય શું? ''ગો'' શબ્દનો અર્થ પૃથ્વી પણ છે. ''ગો'' શબ્દનો અર્થ કિરણો પણ છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૭૫)





વાર્ષિક લવાજમ : રૂ. ૪૦/-
આજીવન લવાજમ : રૂ. ૫૦૧/-





● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

- ✤ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- ✤ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૧ ◎ અંક : ૧ ● શ્રીવલ્લભાબ્દ : ૫૨૩ ● વિક્રમ સંવત : ૨૦૫૮ ◎ એપ્રીલ, ૨૦૦૨

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૧૩ તા. ૧૦–૪–૨૦૦૨ બુધવાર : ગો.ચિ.શ્રીરઘુનાથજી બાવાશ્રી (કામવન)નો તથા ગો.ચિ.શ્રીગોકુલનાથજી બાવાશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૧૧–૪–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાસેની–નડીઆદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૧૩–૪–૨૦૦૨ શનિવાર : સંવત્સરોત્સવ. ગુડી પડવો. શાલિવાહન શક ૧૯૨૪. વ્રજ વિ.સં.૨૦૫૯ નો આરંભ. કલ્પાદિ. શ્રીપ્રભુને આજે રાજભોગમાં કડવા લીમડાની કૂંપળો અને મિશ્રીના ટૂક ભોગ ધરવા. પંચાંગ વાંચન રાજભોગમાં.

ચૈત્ર સુદ ૩ તા. ૧૫–૪–૨૦૦૨ સોમવાર : ગણગૌરી ત્રીજ. મત્સ્ય જયંતિ.

ચૈત્ર સુદ ૪ તા. ૧૬–૪–૨૦૦૨ મંગળવાર : શ્રીનટવરપ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ. ગો.શ્રીઅજયકુમારજી (પૂના–મદ્રાસ)નો જન્મદિવસ.

ચૈત્ર સુદ ૬ તા. ૧૯–૪–૨૦૦૨ શુક્રવાર : શ્રીયમુનાજીનો તથા શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજી (વિ.સં.૧૬૧૫)નો ઉત્સવ અને ગો.શ્રીયદુનાથજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૨૧–૪–૨૦૦૨ રવિવાર : ચૈત્રી નવરાત્રી સમાપ્તિ. શ્રીરામનવમી વ્રત. ગો.શ્રીયદુનાથજી મહારાજ (મથુરા). ગો.શ્રીઅનિરુદ્ધબાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા) તથા ગો.શ્રીમહેન્દ્રકુમારજી મહારાજ (મુંબઈ–વિલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૨૨–૪–૨૦૦૨ સોમવાર : ગો.શ્રીગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૨૩–૪–૨૦૦૨ મંગળવાર : કામદા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૨૪–૪–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીશરદલાલજી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૨૬–૪–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીપુરૂષોત્તમજી (મુંબઈ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૨૭–૪–૨૦૦૨ શનિવાર : ચૈત્રી પુનમ. વૈશાખ સ્નાનારંભ. ગો.શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૩૦–૪–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીયોગશકુમારજી (કાંદિવલી)નો તથા ગો.શ્રીયશોદાનંદનજી મહારાજશ્રી (કાંદિવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૨–૫–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીલાલમણિજી મહારાજશ્રી (કોટા–જતિપુરા–મુંબઈ) તથા ગો.શ્રીત્રિલોકીભૂષણજી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૩–૫–૨૦૦૨ શુક્રવાર : શ્રીવિઠ્ઠલનાથજીપ્રભુ (નાથદ્વારા)નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૭–૫–૨૦૦૨ મંગળવાર : જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી (વ્રજ વિ.સં.૧૫૩૫)નો પ્રાકટ્ય મહોત્સવ. શ્રીવલભાબ્દ ૫૨૫ નો આરંભ. વરુથિની એકાદશી વ્રત.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૧ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ એપ્રીલ, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ તોંતેરમો : "દીવા મંદિરમે હોય. ન કરેં તો દોષ ઉપજે"

નિત્ય સંધ્યા સમયે પ્રભુ જ્યાં બિરાજતા હોય ત્યાં પ્રથમ દીપ પ્રકટાવવો જોઈએ. તેમ ન કરતાં દોષ ઉપજે.

☐ અપરાધ ચુમોતેરમો : " દીવા મેં અંગુરી ના ડારેં "

દીવડી કે કોડીઆમાં દીવો પ્રકટાવ્યો હોય તેમાં આંગળી નાંખવાનો નિષેધ છે. વાટ આગળ પાછળ કરવા માટે પણ ચમચીનો છેડો કે અન્ય સળી કે તેવી વસ્તુનો ઉપયોગ કરવો.

☐ અપરાધ પંચોતેરમો : "અપની છાયા પ્રભુજીપેં ડારે નહીં "

દીવો એવી જગ્યાએ ગોઠવવો કે આપણે તેના આડેથી પસાર ન થવું પડે કેમકે આપણો પડછાયો પ્રભુ પર પડે તો અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રંચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા-કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક- કડી

—ગતાંકથી ચાલુ

જે ભક્ત પોતાના ગૃહસ્થાશ્રમની સાથે રાજા દુબે અને માધો દુબેની જેમ ઘરમાં રહીને ભગવાનની સેવા અને કથા બંને નિભાવે છે, તેને માટે ગૃહત્યાગ નિરર્થક છે, કારણ કે પૂર્વોક્ત રીતે સેવા-કથાના સતત આવર્તનથી જ તેના પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ દઢ થઈ જાય છે. આ મુખ્ય વિચાર છે.

જે જીવથી સ્વગૃહમાં સેવા ન થઈ શકતી હોય, તેણે પરગૃહમાં તે ગૃહસ્થ ભગવદીયના સહાયક બનીને તે જે ભગવત્સેવા કરતો હોય તેમાં સહયોગ આપવો અથવા તેની પરિચર્યા કરવી; અને જ્યારે તે ભગવત્કથા કરતો હોય ત્યારે શ્રોતા તરીકે તેમાં જોડાવું, તે ભગવદીય પાડોશીના નજીક રહેવાવાળા અજાતવ્યસન ભક્તિમાર્ગીય જીવને માટે આવશ્યક માનવામાં આવ્યું છે. નિરોધની સિદ્ધિને માટે આ પણ એક ગૌણકલ્પનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તે ગૃહત્યાગના વિકલ્પરૂપે સ્વીકારાયો છે.

ભક્તિવર્ધિનીમાં આ બંને વિકલ્પોને (અર્થાત્ પોતાના ઘરમાં ભગવત્સેવા-કથામય જીવન જીવવું અથવા જો એમ ન બને તો કોઈ ભગવદીયની નજીકમાં ઘર રાખીને રહેવું અને તેને સેવામાં મદદ કરવી અને કથા-શ્રવણને માટે તે ભગવદીયનો સંગ કરવો, આ બંને વિકલ્પોને) લક્ષમાં રાખવા. “સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ” (સેવા અને કથામાં જેની આસક્તિ દઢ થાય તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી તેનો નાશ કદી પણ થતો નથી એવી મારી મતિ છે) એવા આશ્વાસન દ્વારા શ્રીમહાપ્રભુજી નિરોધ-સિદ્ધિની વાત જ સમજાવી રહ્યા છે; કારણ કે નિરોધના અભાવમાં-“હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે યે નિરુદ્ધાસ્ત એવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્” (નિરોધના અભાવમાં પરમાત્મા દ્વારા જેમને મુક્ત કરવામાં આવ્યા છે તે લોકો આ ભવસાગરમાં મગ્ન થાય છે અને જે નિરુદ્ધ થયેલા છે તે જ અહીં અહર્નિશ મોદ કરી રહ્યા છે) આ નિરોધલક્ષણ ગ્રન્થના વચન અનુસાર ભવસાગરમાં મગ્ન થવું નિશ્ચિત માનવામાં આવ્યું છે. તેથી પરગૃહમાં પણ ભગવત્પરિચર્યા અને ભગવત્કથાશ્રવણની પ્રણાલીથી નિરોધની સિદ્ધિ સ્વીકારવી જ પડે છે.

કાર્યલક્ષણ

કારણ અને સ્વરૂપનો વિચાર કર્યા પછી હવે નિરોધનું કાર્ય અથવા તેના કારણે ઉત્પન્ન થનારા પ્રભાવોનો વિચાર કરવો જરૂરી બની જાય છે.

જે ભક્ત પ્રપંચની વિસ્મૃતિ સાથે, ભગવાનમાં આસક્તિ જોડી શકે છે તેને ભગવાનના સંયોગ તથા વિયોગની અનુભૂતિ તીવ્ર બની જાય છે. જેમ વ્રજભક્તોના વર્ણનમાં જણાય છે કે-“ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દદર્શને ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાભવત્”. ગોપીઓને તો ગોવિન્દનાં દર્શનમાં જ પરમાનન્દ હતો.

જ્યાં સુધી તેમને દર્શન ન થાય ત્યાં સુધી તેમને એક ક્ષણ પણ સો યુગો જેવી થઈ જતી હતી. (ભા. ૧૦–૧૯–૧૬). (અને આ નિરોધનું લક્ષણ છે). ભક્તિવર્ધિનીમાં આ અવસ્થાને 'વ્યસન દશા' કહેવામાં આવી છે. નિરોધનું સ્વરૂપ ઉત્પન્ન થતાં જ નિરોધનો પ્રભાવ અથવા વ્યસનદશા દેખાવા લાગે છે. ભગવત્સંયોગમાં પરમાનન્દની અનુભૂતિ અને એક ક્ષણ પણ ભવગદ્વિયોગ સહન ન કરી શકાય તેને નિરોધનું કાર્ય ગણવામાં આવે છે.– "ભગવદ્વિરહ– સામયિકપરમદુઃખકારણત્વે સતિ ભગવત્સંયોગસામયિકપરમાનન્દસાધકત્વં નિરોધત્વમ્". પરમાત્માના વિરહ સમયે પરમ દુઃખનું કારણ હોવા છતાં, ભગવત્સંયોગ સમયે પરમાનન્દને સાધનારું નિરોધ છે. (નિર્ણયાર્ણવ).

ભગવાનના અનવતાર કાળમાં ભગવત્સેવાનો અવસર ભગવાનના સંયોગની અનુભૂતિ છે તથા અનવસર વિયોગાનુભૂતિ છે. તેથી કાર્યલક્ષણ પણ અવતારકાળ અને અનવતારકાળ બંને પરિસ્થિતિઓમાં સુસંગત બની જાય છે.

પ્રયોજનલક્ષણ

શ્રીભાગવતમાં તથા ભાગવતાર્થ–નિબંધમાં પણ નિરોધનું પ્રયોજન મુક્તિ અને આશ્રયભાવાપત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. "નિરોધોસ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ; આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાધ્યવસીયતે સ આશ્રયઃ પરં બ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે". પરમાત્માનું પોતાની સર્વ શક્તિઓ વડે અહીં પ્રકટ થવું તે નિરોધ છે. અન્યથા ભાવનો ત્યાગ કરી પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિત થવું તે મુક્તિ છે. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જે તત્ત્વમાં પ્રકાશિત થાય છે તે પરબ્રહ્મ જ આશ્રય છે. (ભા.૨–૧૦–૬,૭). આ પ્રમાણે ભાગવતાર્થ–નિબંધમાં પણ કહેવામાં આવ્યું છે કે– "ભક્તાઃ પૂર્વત્ર નિર્દિષ્ટાઃ તે રોદ્ધવ્યાઃ વિમુક્તયે, કૃષ્ણે નિરુદ્ધકરણાત્ ભક્તાઃ મુક્તાઃ ભવન્તિ હિ". પૂર્વે કહેલાં ભક્તો અહીં કહેવાયા છે, એમનો નિરોધ મોક્ષ માટે થયો છે. કૃષ્ણમાં નિરોધ કરવાથી ભક્તો મુક્ત થઈ જાય છે (ભા.નિ.૧૦–૧૫–૧૬) અને "હરિરાશ્રય ઇત્યુક્તો મુક્તાનામિતિ વર્ણિતમ્". તેમનો આશ્રય હરિ જ છે, એવું મુક્તોનું વર્ણન છે. (ભા. નિ. ૧૨–૧૭).

ષોડશગ્રન્થોની નિરૂપણ શૈલીથી થોડું આ પ્રકારનું અન્તર પડે છે કે અહીં નિરોધોત્તર બે અવસ્થાઓ (૧) મુક્તિ અને (૨) આશ્રયભાવાપત્તિ સ્વીકારવામાં આવી છે. ષોડશગ્રન્થમાં નિરોધલક્ષણ ગ્રન્થની પછી આવનાર સેવાફલ ગ્રન્થમાં સેવાનાં ત્રણ ફલ (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ એમ સ્વીકારવામાં આવ્યાં છે. આથી સ્પષ્ટ થાય છે કે આમાં 'સાયુજ્ય' અને 'મુક્તિ' સમાનાર્થી પદો છે. તે જ પ્રમાણે 'વૈકુંઠાદિમાં સેવોપયોગિદેહ' અને 'આશ્રયભાવાપત્તિ' પણ અંતે તો એક જ અવસ્થા સૂચવનારા છે.

જ્યાં સુધી 'અલૌકિક સામર્થ્ય'ની ભિન્નતા હોવાનો પ્રશ્ન છે, ત્યાં એવું સમજવું કે શ્રીભાગવતના દશમસ્કંધમાં તામસ, રાજસ અને સાત્ત્વિક પ્રકારના ભક્તોની ભક્તિની પ્રેમ, આસક્તિ અને વ્યસનદશાનું વર્ણન ક્રમશઃ પ્રમાણ, પ્રમેય અને સાધનના સ્વરૂપમાં કહ્યું છે. સાધન પછી ત્રણે પ્રકારના ભક્તોની ફલાવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે. નિરોધની આ ફલાવસ્થા સેવાફલમાં અલૌકિક–સામર્થ્યના રૂપમાં વર્ણવી છે. તેને 'વ્યસનોત્તર–કૃતાર્થતા' 'સર્વાત્મભાવ', 'માનસી સેવા' અથવા 'ફલનિરોધ' ગમે તે કહો, વાત તો એક જ છે.

ષોડશગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીઓ માટે પ્રકટ કર્યો છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થની–‘‘ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્’’ (કા.૧૭) કારિકામાં એ સમજાવવામાં આવ્યું છે કે પુષ્ટિમાર્ગમાં ફલ સ્વયં ભગવાન જ છે. તેઓ ગુણ કે સ્વરૂપના ભેદથી જે રીતે આ ભૂતલ પર પ્રગટ થાય તે પ્રમાણે તેને ફલ માનવામાં આવે છે. સ્વયં સ્વરૂપરૂપે આ ભૂતલ પર ભગવાનનું ભક્તોની વચ્ચે પ્રગટ થવું એ પુષ્ટિમાર્ગીય ફલ છે. આ પ્રમાણે ગુણગાનની પ્રક્રિયા દ્વારા પણ ભક્તના હૃદયમાં ભગવાનનું પ્રકટ થવું એ પણ ફલ છે. બંને રીતે ભગવાનના પ્રાકટ્યના કારણે ભક્ત પ્રપંચને (જગતને) ભૂલીને ભગવદાસક્ત બની જાય છે. દરેક પ્રકારે આ ભૂતલ પર ભગવદનુભવ ન થાય તો આ દેહ છૂટ્યા પછી ભગવાનમાં સાયુજ્યરૂપ મોક્ષ મળશે અથવા વૈકુંઠાદિ લોકમાં સેવા–ઉપયોગી દેહ મળશે. આ બંને ફલ આ ભૂતલ પર ઘટિત બનવાવાળી અનુભૂતિ નથી, તેથી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પરિભાષિત પુષ્ટિમાર્ગીય ફલાનુભૂતિની તુલનામાં આ કંઈક ગૌણ અનુભૂતિઓ છે. તેથી આ અનુભવોના સામર્થ્યને ‘અલૌકિક’ કહેવામાં આવ્યું નથી, કારણ કે તેના લૌકિક અનુભવ થવાની શંકા પણ થઈ શકતી નથી. ફલ–નિરોધ આ ભૂતલ પર થવાવાળી અનુભૂતિ છે માનસીસેવાની જેમ, તેથી આના અનુભવને ‘અલૌકિક–સામર્થ્ય’ કહેવામાં આવ્યું છે. બાકી તો ભૂતલ પર અનુભવાતી અનુભૂતિને કોઈ લૌકિક સમજી શકે છે. વાસ્તવિકતા તો એ છે કે આ અનુભૂતિ લૌકિકમાં થવા છતાં પણ અલૌકિક ઘટના જ છે.

આ બે રૂપે થતો નિરોધ એટલે કે સાધનનિરોધ તથા ફલનિરોધની ઘટના લોકમાં થતી હોવા છતાં અલૌકિક ઘટના જ છે. ‘‘પ્રપંચે ક્રીડનં હરેઃ’’ (પ્રપંચમાં હરિ ક્રીડા કરે છે) એ વચનમાં શ્રીમહાપ્રભુજી તેથી જ ભારપૂર્વક પ્રપંચ અર્થાત્ આ લોકનો ઉલ્લેખ કરે છે. આ ભૂતલ પર ભક્તોની વચ્ચે ભગવત્ક્રીડા સાધનનિરોધ છે અને એવી લીલાને કારણે જ્યારે ભક્ત જગતને ભૂલીને જગદીશમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ જાય છે, તો તે ફલનિરોધ છે. આવી સ્પષ્ટતા કર્યા પછી નિરોધનું પ્રયોજનલક્ષણ સુગમ થઈ જાય છે.

ભગવદ્અવતાર કાળમાં ભૂતલ પર પ્રગટ થવાવાળા ભગવદ્રૂપની તે લીલા, જેનું પ્રયોજન જીવાત્માને સર્વાત્મભાવનું દાન કરવાનું છે તે ‘નિરોધ’ કહેવાય છે. અવતારકાળમાં સાયુજ્યમુક્તિ અથવા આશ્રયભાવાપત્તિ પ્રદાન કરવા માટે જે વિયોગાનુભવ ભગવાન કરાવે છે અને આ પ્રકારના તીવ્ર વિયોગમાં, ભક્તનું નિરન્તર ભગવાનના ગુણગાનમાં તલ્લીન થઈ જવું, એ પણ નિરોધ છે. આ બંને પ્રકારનાં લક્ષણ ભગવદ્અવતાર કાળનાં છે.

અનવતાર કાળમાં આ લીલાનું સ્થાન તનુ–વિત્તજા સેવા લઈ લે છે. અને ગુણગાનનું સ્થાન ભગવત્કથાનું શ્રવણ–સ્મરણ–કીર્તન લઈ લે છે. તે પ્રમાણે નિરોધનું પ્રયોજન સેવાફલમાં વર્ણિત અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય તથા વૈકુંઠાદિ લોકમાં સેવા–ઉપયોગી દેહનો લાભ માનવામાં આવે છે.

અવતારકાળ હોય કે અનવતાર કાળ હોય પણ સાચા પુષ્ટિભક્તની ભક્તિ નિરુપાધિક–નિષ્કારણ–નિષ્પ્રયોજન જ હોય છે. ભક્ત કેવળ ભગવાનને જ ચાહે છે, મુક્તિને નહિ, પણ ભક્તિ તો અવાંછિત ફલ પ્રદાન કરે જ છે. તે તૃતીય–સ્કંધમાં કહેવામાં આવ્યું છે. તેથી પ્રયોજનલક્ષણ ભક્તના ભાવ–અભિપ્રાયને દૃષ્ટિમાં રાખીને નથી આપવામાં આવ્યું, પરંતુ ભક્તિના સ્વભાવને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવ્યું છે.

–ક્રમશઃ

શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૨૬. સંપ્રદાયની સાતપીઠ તથા તેના અધીશ્વર

અમે આગળ કહી ગયા છીએ કે જે સંપ્રદાયમાં શ્રીકૃષ્ણ જ સર્વત્ર સર્વદા સમાનરૂપથી સેવ્ય છે. નાથદ્વારામાં બિરાજમાન શ્રીનાથજીનું સ્વરૂપ સ્વયં શ્રીકૃષ્ણચંદ્રનું તે સમયનું સાક્ષાત્ સ્વરૂપ છે કે જે સમયે આપે ગોવર્ધન ધારણ કર્યો હતો. સંપ્રદાયના બધા અનુયાયીઓ શ્રીનાથજીના આ પરમધામને સર્વ પૂજ્ય માને છે. અને એકવાર શ્રીનાથજીના દર્શન નાથદ્વારા જઈને કરવા તે બધા આવશ્યક કાર્યોમાં પ્રથમ આવશ્યક કાર્ય માને છે. અહીંના અધીશ્વર પોતાની જાતિ તથા વૈષ્ણવવર્ગમાં સર્વ પૂજ્ય ગણાય છે. આ શ્રેષ્ઠતાના નિદર્શન કરાવવા માટે આપને વૈષ્ણવવર્ગ તિલકાયત કહીને સન્માનિત કરે છે.

આજકાલ ગોસ્વામી તિલક વિદ્યાનુરાગી સમ્માનનીય શ્રીગોવર્ધનલાલજી મહારાજ શ્રીનાથજીની પ્રધાન પીઠ ઉપર બિરાજે છે. આપનું સન્માન વૈષ્ણવો અને વલ્લભકુળમાં અસાધારણ છે. આપ સર્વત્ર સર્વ પૂજ્ય ગણાય છે.

શ્રીનાથજી ઉપરાંત આપને ત્યાં શ્રીગુસાંઈજીના સેવ્યસ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજીનું સ્વરૂપ પણ બિરાજે છે. આ પ્રધાન પીઠ ઉપરાંત સંપ્રદાયમાં સાતપીઠ બીજી પણ છે. તે પણ સર્વત્ર પૂજ્ય છે.

પ્રથમ પીઠ : સંપ્રદાયની પ્રથમ પીઠ શ્રીમથુરેશજીની છે. આ પીઠ કોટામાં છે. આ પીઠના આજકાલ અધીશ્વર ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ છે.

દ્વિતીય પીઠ : નાથદ્વારામાં બિરાજમાન શ્રીવિઠ્ઠલનાથજીની પીઠ સંપ્રદાયમાં બીજી પીઠ છે. આ પીઠના અધીશ્વર શ્રીગોપેશ્વરલાલજી મહારાજ છે.

તૃતીય પીઠ : કાંકરોલી નરેશ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ તૃતીય પીઠાધીશ્વર છે. આપ ઉદયપુરના રાણાના ગુરૂ છે. આપની સૃષ્ટિ ગુજરાતમાં ઘણી છે. તેના સેવ્ય શ્રીદ્વારકાધીશ છે.

ચતુર્થ પીઠ : આ પીઠના અધીશ્વર સુપ્રસિદ્ધ શ્રીદેવકીનંદનજી મહારાજશ્રીના સુયોગ્ય આત્મજ શ્રીવલ્લભલાલજી મહારાજ છે. અહીં શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ બિરાજે છે.

પંચમ પીઠ : આ પીઠના અધીશ્વર શ્રીવલ્લભલાલજી મહારાજ છે. અહીં આપને માથે શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ બિરાજમાન છે.

ષષ્ઠ પીઠ : સંપ્રદાયના છઠ્ઠા ઘરના વિષયમાં ચિરકાળથી વિવાદ ચાલ્યો આવે છે. હજુ સુધી તેનો કાંઈ નિર્ણય આવ્યો નથી. આ ઘરના અધિકારી ત્રણેય ગોસ્વામી આપને બતાવે છે. સુરતમાં

બિરાજમાન વિદ્વદ્વર્ય શ્રીવૃજરત્નલાલજી મહારાજ, વડોદરાના શ્રીવલ્લભલાલજી મહારાજ તથા કાશીના શ્રીમુરલીધરજી મહારાજ આપને છઠ્ઠા પીઠાધીશ બતાવે છે. તેમના સેવ્યસ્વરૂપો અનુક્રમે શ્રીબાલકૃષ્ણજી, શ્રીકલ્યાણરાયજી તથા શ્રીમુકુંદરાયજી છે.

સપ્તમ પીઠ : સંપ્રદાયની સપ્તમ પીઠ કામવનમાં બિરાજમાન છે. શ્રીમદનમોહનજી બિરાજે છે. આ પીઠના અધીશ્વર શ્રીરમણલાલજી મહારાજ છે.

આ સાતો પીઠ ઉપરાંત ગોદના સ્વરૂપ સંપ્રદાયમાં તે તે સ્થાનો ઉપર બિરાજે છે. અમદાવાદમાં બિરાજમાન શ્રીનટવરલાલજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજી દ્વારા સેવિત છે. સુરતમાં બિરાજમાન શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પૂર્વકાળમાં શ્રીદ્વારકાધીશની ગોદમાં બિરાજતું હતું.

પરીક્ષા અર્થે પ્રશ્નો :

૧. સંપ્રદાયનું સર્વ પૂજ્ય ધામ કયું છે ?
૨. સંપ્રદાયની પ્રથમ, તૃતીય, પંચમ અને સપ્તમ પીઠ કઈ કઈ છે ? અને તેના અધીશ્વર કોણ છે ?
૩. ગોદના સ્વરૂપ કયા છે ?

[ઉપરોક્ત પ્રધાન તથા સાતપીઠના અધીશ્વરોના નામ—મૂળગ્રંથ જ્યારે છપાયો ત્યારના ૭૦ વર્ષ પહેલાનાં છે.]

શ્રીમહાપ્રભુજી - સ્વલ્પનિર્દેશ

લેખક : શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

પોતાની લીલાને શ્રીમદ્ ભાગવતજીના ગૂઢાર્થોને પ્રકટ કરવા માટે ભગવદાજ્ઞાથી દૈવોદ્ધાર—પ્રયત્નાત્મારૂપે, શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા, શ્રીમુખ્ય—સ્વામિની—રાધાજી—રૂપ, ભગવાનના મુખારવિંદ—રૂપ, વૈશ્વાનર, અગ્નિ—રૂપ, શ્રીમદાચાર્યચરણ, વસ્તુતઃ તો સ્વયં કૃષ્ણ જ છે, રાસસ્ત્રીભાવ—પૂરિત—વિગ્રહ છે. આપ બ્રહ્મસંબંધ અને તાપભાવના પ્રદાનથી ભક્તિવૃદ્ધિ કરે છે. આપ રાસલીલા—સાક્ષી ત્રિયતાત્મક—સ્વરૂપ છે. આપને ભગવાને સાક્ષાત્ પ્રકટ થઈને બ્રહ્મસંબંધ આજ્ઞા દીધા છે.

વેદ—ગીતા—બ્રહ્મસૂત્ર—શ્રીભાગવતનો એક વાક્યતાથી અર્થ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે, શ્રીભાગવતને ચતુર્થ પ્રસ્થાન રૂપે સ્વીકાર્યું છે, સ્થાપિત કર્યું છે. શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાનુસાર શ્રીમહાપ્રભુજીએ સ્નેહ—પ્રબલતાથી સૂક્ષ્મ—પુષ્ટિસેવાક્રમ પ્રસિદ્ધ કર્યો. નિર્ગુણ ચોરાશી વૈષ્ણવોને આપે આત્મનિવેદન કરાવીને શ્રીનાથજીને સોંપ્યા છે. ત્રણ વખત ભારત—ભૂમિ પરિક્રમા કરી, સાકાર બ્રહ્મવાદનું મુખ્યત્વે સ્થાપન કરી, સામે ચાલીને દૈવી જીવોના ઉદ્ધારથી તે સૌને કૃષ્ણ સેવામાં યોજીને, પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો.

શ્રીગુસાંઈજી – સ્વલ્પ – નિર્દેશ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી હતા, દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી હતા. જેમને અકબર બાદશાહે આદરપૂર્વક ગોકુલમાં ગાયો ચારવાની સનદ તથા ન્યાયાધીશ પદ આપેલા. ગાયો ચારવાની આ સનદથી આપ ગોસ્વામી કહેવાયા, જેનું અપભ્રંશ ગુસાંઈજી થયું. પ્રાયઃ આ નામે આપ સુપ્રસિદ્ધ છે. આપે મોટાભાઈને સમાદરથી પ્રણામ કરતો શ્લોક લખ્યો છે–

''યદનુગ્રહતો જંતુઃ ।'' શ્રીગોપીનાથજીએ 'સાધન–દીપિકા' દીધી છે.

પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ આચાર્યજીના અધૂરા ગ્રંથોને પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો દેખાય છે. અણુભાષ્ય, તત્ત્વાર્થદીપ નિબંધ પ્રકાશ વગેરે. શ્રીસુબોધિનીજી ઉપર ટિપ્પણીજી, સ્વતંત્ર લેખો, વિદ્વન્મંડન, શૃંગારરસ મંડન, અને સ્તોત્રાદિ શ્રીગુસાંઈજીની અદ્‌ભુત ગરિમા છે. 'તેહી યેહી યેહી તેહી–એક સ્વરૂપ' ભક્તોની અનુભૂતિ છે. શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપ, શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી સૂક્ષ્મ સૂત્રાત્મિકા–સેવાને આપે યથોચિત વિસ્તૃત ભાષ્યાત્મિકા રૂપે પ્રકટ કરી. સાત્ત્વિક, રાજસ, તામસ મળીને ૨૫૨ વૈષ્ણવોને આત્મનિવેદન કરાવીને શ્રીનાથજીને સોંપ્યાનું તો પ્રસિદ્ધ છે. આપના સાત બાલકો ધર્મી અને ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય રૂપે પ્રસિદ્ધ છે. ''શ્રીમદ્‌વલ્લભ વિઠ્ઠલૌ ગિરિધરં''માં તે ગણાવેલા છે.

આમ, શ્રીકૃષ્ણ, શ્રીસ્વામિનીજી, રાધાજી, શ્રીગોપીજન, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, સાત બાલકો, બધાં ભગવદ્રૂપ જ છે. પોતાના યથોચિત લીલા વિહારો માટે ભગવાનનાં જ તે સૌ ભિન્ન–ભિન્ન સ્વરૂપો છે.

''સર્વાભેદાદન્યત્રેમે ।'' બ્રહ્મસૂત્ર (૩–૩–૧૦). લીલામધ્યપાતી સર્વપદાર્થોની ભગવાન સાથે અભેદ જ છે, લીલા માટે જ ઐચ્છિક ભેદ છે.

''આનન્દાદયઃ પ્રધાનસ્ય ।'' બ્રહ્મસૂત્ર (૩–૩–૧૧) પ્રમાણે મુખ્ય રૂપ કૃષ્ણમાં આનંદાદિ પ્રકટ દેખાય છે. બીજા સ્વરૂપો લીલાનુરૂપતા પ્રકટ કરે છે.

ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ।
સ્વરૂપેણા–વતારેણ લિંગેન ચ ગુણેન ચ ।
તારતમ્યં ન સ્વરૂપે દેહેવાતાત્ક્રિયાસુ વા ।
તથાપિ યાવતા કાર્યં તાવત્તસ્ય કરોતિ હિ ॥

–પુષ્ટિપ્રવાહમર્યાદા (૧૨–૧૩–૧૪)

ભગવદ્રૂપ સેવા માટે જ તે (કાયાથી થયેલી) પુષ્ટિ સૃષ્ટિ છે, તે અન્યથા થતી નથી. સ્વરૂપ, અવતાર, લિંગ, ગુણથી તેમાં તરતમભાવ નથી, સ્વરૂપમાં, દેહમાં કે તેમની

ક્રિયાઓમાં તારતમ્ય–ભેદ નથી; છતાં પણ જેટલાથી (લીલા) કાર્ય (થાય છે), તેટલો તેનો (ભેદ) નિશ્ચિતરૂપે કરે છે, આથી અહીં શ્રીકૃષ્ણ, શ્રીસ્વામિનીજી, શ્રીરાધાજી, શ્રીગોપીજન, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીનાં સ્તોત્રો દ્વારા આ સૌનાં સ્વરૂપ–ગુણ લીલાનો પરિચય થતાં પ્રેમ પ્રવૃદ્ધ થાય, પ્રગાઢ થાય. પરોક્ષમાં આ બધાં સ્તોત્રોનું ગાન સ્મરણરૂપ છે, પ્રત્યક્ષમાં યથાસંભવ ગાન સેવારૂપ છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

સત્સંગ-મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનભાઈ તન્ના, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

ગામના લોકોએ દ્રવ્ય, વસ્તુઓ અને શ્રમ દ્વારા હવેલીના પ્રાંગણમાં જ વિશાળ ખંડ બાંધવામાં આવ્યો. તેમાં ભીંતો ઉપર રાસમંડળ, ગૌચારણ, ગોવર્ધન ઉદ્ધરણ, ખળખળ વહેતા શ્રીયમુનાજી, ગોપ અને ગોપીઓ વગેરેનાં દ્રશ્યો ચીતરવામાં આવ્યા. ઉપરાંત શ્રીનાથજીને શ્રીમહાપ્રભુજીના ચિત્રજી ભીંતોને શોભાવી રહ્યાં ખંડનું વાતાવરણ જ અલૌકિક બની ગયું.

દિવાબત્તી, પાથરણ, જલસેવા અને જોઈતી વસ્તુઓ વસાવી દીધી. ખંડની રચના એટલી ભવ્ય હતી, તેટલી જ વ્યવસ્થિત પણ હતી. તેમાં પુરૂષો અને સ્ત્રીઓને માટે આવવા જવાની તેમજ બેસવા વગેરેની વ્યવસ્થા અલગ અલગ હતી, છતાં પ્રવકતાને બધાં જ જોઈઅ શકે તેવી ગોઠવણ હતી. જુદાં જુદાં કામ સંભાળવાને જુદી જુદી સમિતિઓ પણ રચવામાં આવી હતી.

અહીં પુષ્ટિ ગ્રંથાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી. સાંપ્રદાયિક ઘણા માસિકો આવવા લાગ્યા. નવા નવા પુષ્ટિ ગ્રંથો છપાય કે તરત જ તે ગ્રંથાલયમાં વસાવી લેવાની વ્યવસ્થા કરવામાં આવી. આથી વૈષ્ણવોનો વાચનપ્રેમ પણ અત્યંત વધી ગયો.

જ્યારે જાઓ ત્યારે ખંડમાં વૈષ્ણવોને પુસ્તકો વાંચતા તમે જુઓ. પરંતુ કોઈ વાતચીત કે ચર્ચા ગ્રંથાલયમાં થતી નહીં. રાત્રે સત્સંગ–મંડળમાં પ્રશ્નો પુછવાની કે ચર્ચા કરવાની છૂટ હતી.

જોતજોતામાં આ બધું વ્યવસ્થિત જતાં કનુભાઈએ શ્રીમદ્ વલ્લભના પ્રાકટયના મંગલ દિવસે મહાન ઉત્સવ મનાવીને સત્સંગ–મંડળનો પ્રારંભ કરી દીધો. ગામના આગેવાનોએ પોતાની અને પોતાના ગામની ધન્યતા અનુભવી. ઉન્નતગામી પ્રવચનો થયા. બહેનો અને ભાઈઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો.

પ્રથમ દિવસે કનુભાઈએ સત્સંગ–મંડળ, તેનો મહિમા તેની આવશ્યકતા વગેરે

સમજાવ્યા. ભગવદીયજનોનો સંગ કરવો તેનું નામ સત્સંગ. બધા સાધનનું મૂળ સત્સંગ છે. સત્સંગથી શો ફાયદો છે એમ જો કોઈ કહે તો જવાબ સહેલો અને સરળ એ છે કે, જ્યારે હૃદયપૂર્વક સત્સંગ કરો છો ત્યારે જગતના વિચારોને તિલાંજલિ મળે છે. જગતના વિચાર કરવાથી જ માણસ સુખદુઃખ અનુભવે છે અને તેનો અનુભવ સુષુપ્તિ–અજ્ઞાન અવસ્થા છે (વિવેક નહીં હોવાથી) અને સત્સંગ એ વિવેક અવસ્થા છે. એટલે જાગૃતિમાં સુખદુઃખ લાગતા નથી.

મનને સંકલ્પ વિકલ્પના દુઃખદાયી વેપારમાંથી રોકવાનો ઉપાય સત્સંગ છે, પણ તે બધું હૃદયપૂર્વકનું હોવું જોઈએ. હૃદયપૂર્વક સત્સંગ ચાલતો હોય ત્યારે તેટલો વખત અલભ્ય સ્થિતિનો અનુભવ થાય છે. એટલે સત્સંગ કરે તો જ આનંદમાં રહી શકાય. તેથી સત્સંગ કરવો એ જ મનુષ્ય માટે ઉત્તમ માર્ગ છે.

માર્ગના આચાર–વિચાર, મેંડ–મર્યાદા, સિદ્ધાંત, સેવા, ભગવાનની લીલા વગેરે રહસ્યો સમજવા માટે સત્સંગની ખાસ જરૂર છે. રાતના જ્યાં સત્સંગ–મંડળ હોય, ભગવદ્‌વાર્તા થતી હોય ત્યાં નિયમપૂર્વક જરૂર જવું અને મનમાં એમ ન વિચારવું કે, મારા ઘરમાં પુસ્તકો છે તે વાંચી લઈશ. પોતાને સારું જ્ઞાન હોય તો પણ સત્સંગ મંડળ–ભગવદ્ મંડળમાં જરૂર જવું, કેમકે ભગવદ્ મંડળમાં સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથ પધારે છે. માટે અવશ્ય જવું.

સત્સંગ મંડળમાં નિયમિત આવવા, ધ્યાનપૂર્વક સાંભળવા અને સાંભળેલ તે જીવનમાં ઉતારવા શીખ આપી.

કનુભાઈનો વાર્તાલાપ પછી સત્સંગનો મહિમા દર્શાવતું ભક્ત કવિશ્રી દયારામભાઈ રચિત ધોળ ઈંદિરાબેને ગાયું.

ધોળ

સુખ કહ્યાં ન જાય સત્સંગના રે;
આઠ પહોર આનંદમાં જાય.. સુખ. ૧
સુખ બ્રહ્મલોકથી ભારે ઘણાં રે;
સુખ વૈકુંઠથી વધતાં જાય.. સુખ. ૨
સુખ ઈન્દ્રપુરીથી અતિ ઘણાં રે;
જેનાં વેદ કરે વખાણ.. સુખ. ૩
તેને અડસઠ તીરથ ઘરને આંગણે રે;
જેને ઘેર હરિજન જશ ગાય.. સુખ. ૪
જેને અજ્ઞાન આળસ ઘણી ઈર્ષા રે;
ઈ તો સત્સંગથી અળગા થાય.. સુખ. ૫
વશિષ્ઠ ઋષિ વિશ્વામિત્રને વાદ થયો રે;
શેષનાગને ત્રાજવે તોળાય.. સુખ. ૬

રાજા રહુગણને ભરતજી ભેટિયા રે;
એની પલમાં પરમ ગતિ થાય.. સુખ. ૭
સુખ વ્રજની ગોપીએ લીધાં ઘણાં રે;
જેણે ભક્તિ કરી છે દિન રાત.. સુખ. ૮
સુખ ગ્વાલ બાલોએ લીધાં ઘણાં રે;
ઈ તો ભેળા બેસી જમ્યા ભાત.. સુખ. ૯
દાસ 'દયો' કહે સત્સંગથી રે;
ભય લક્ષ ચોરાશીનો જાય.. સુખ. ૧૦

ઈંદિરાબેનના સુમધુર કંઠે ગવાયેલ ધોળ સાંભળીને સભાજનો ભાવવિભોર થઈ ગયા અને વિનતિ કરી કે ઈંદિરાબેન એ ધોળ ફરીને અમને ગવરાવે. પોતે ગાય અને બધા ઝીલે, એ રીતે એ ધોળ ફરીને ગવાયું. બધાં જ અત્યંત આનંદમાં આવી ગયા.

સભાના કાર્યક્રમના અંતે 'દઢ ઈન ચરનન કેરો ભરોસો' પદ બોલી શ્રીવલ્લભાધીશની જયઘોષણા સાથે સર્વે વિદાય થયા.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૪. અનુભવ વગરની વાણી મિથ્યા છે

શ્રુતિઓએ કહ્યું, કે મહારાજ ! આ તમને સર્વે લોક તો પંડિત કહે છે, વળી મોટા સાધુ પંડિતના ગ્રંથ એમની નજરમાં આવે એવું કહે છે. સાધુઓ તમારા કીર્તન જોડે છે, તે સૌ જુઠું ગાય છે, કારણ કે આ પંડિતો તમારા રૂપને જાણતા નથી, તેમ સાધુઓ પણ જાણતા નથી.

ત્યારે કોણ જાણે છે ? જેણે તમારા સ્વરૂપના સાક્ષાત્ દર્શન કર્યા હોય તે જાણે. આપના દર્શન તો એ બેમાંથી એકેયે કર્યા નથી ને વળી બોલે છે કે શ્રીઠાકોરજી પીતાંબર પહેરે છે, તે કરોડો વિજળીને લજ્જા પમાડે છે, પ્રભુ એવા ફુટડા છે. આ બધું બોલે છે તે ખોટું છે, કારણ કે પ્રભુનાં દર્શન તો છે નહીં ત્યારે જોડીને કીર્તન ગાય છે તે ખોટું છે. તેનાથી કાંઈ પ્રભુ પ્રસન્ન થાય નહીં. પેલા પંડિત ગ્રંથ કરે છે, તેમને પણ પ્રભુનું જ્ઞાન નથી. એ બેઉ ખોટું બોલે છે. આ વાદળ આકાશનું પ્રમાણ જાણતો નથી, તો પ્રભુનું પ્રમાણ આ જીવ શું જાણે ? ત્યારે કહ્યું કે કોણ જાણે ? મહેતાજી (નરસિંહ મહેતા) જાણે ? ત્યારે જવાબ આપ્યો કે શ્રીદ્વારકાનાથજીની પાસે બેસે, ને પ્રભુના જશ કરે તે ખરા. જેણે પ્રભુ જોયા છે, પ્રભુ

દીઠા છે, તેથી જે કાંઈ જોડે તે ખરું, બીજા જોડે તે ખોટું છે.

વળી કહ્યું કે આ જે કીર્તન ગાય છે, ને શ્રવણ કરે છે, સેવા કરે છે તે પ્રભુને પહોંચતું નથી, તેનું ફળ ખાવા આપે તેટલું. મરે ત્યારે એની સાથે કાંઈ આવે નહીં. ત્યારે પુછ્યું કે પ્રભુને કયું પામે ? ત્યારે જવાબ આપ્યો કે અન્ન વિના પ્રાણ જતા હોય અને તે વખતે ભૂખ્યો જેમ અન્ન અન્ન કરે, તેમ સેવા વિના, કિર્તન વિના, સ્મરણ વિના, કથા વિના પ્રાણ જાય, જીવ મુંઝાઈ જાય, કશું કામકાજ સુજે નહીં ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.

વળી કહ્યું કે ભગવાનને ભગવદીય એક છે ? ત્યારે જવાબ આપ્યો કે, ભગવાનના હાથમાં સર્વે છે, ને આના હાથમાં કાંઈપણ છે નહીં. ભગવાન કાળને રમકડાની પેઠે નચાવે છે, તે કાળ આનું મોઢું મચડી નાંખે છે, ને પુરૂષોત્તમ કોટિ બ્રહ્માંડનો કર્તા છે, વ્રજભક્તોને વરસાદે દુઃખ દીધું ત્યારે સાત દિવસ ગિરિરાજ ધારણ કરીને રક્ષા કરી, વળી દાવાનળનું પાન કર્યું, આ સાધુથી ને ભગવદીયથી કાંઈપણ થાય નહીં. ઘર બળતું હોય, છોકરો મરતો હોય તો કહે કે હે વૈષ્ણવજી, આ મારો છોકરો મરે છે ને મારું ઘર બળે છે તે બચાવો.

ત્યારે કહે કે અમારાથી નહીં બને, એ તો ભાઈ પ્રભુનાં કામ છે. પ્રભુએ તો ગુરૂના છોકરા ધર્મરાજા પાસેથી આણી આપ્યા, એ તો એમની સામર્થ્ય. **એવા આજના ભગવદીય છે, કે વૈષ્ણવ થઈને પૂજાય છે, વળી કોઈ લોકને બગાડનાર છે. માટે સેવા તો એક શ્રીઠાકોરજીની કરવી, સ્મરણ શ્રીઠાકોરજીનું કરવું, એથી કામ થશે.** બીજું સર્વે જુઠું છે. ૧૦૪

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડાચાર્યજી મહારાજ)ના વચનામૃત

સંકલન : કાન્તિ ર. ગાંધી, અમદાવાદ

વૈષ્ણવોએ શક્તિ આગળ નહીં ભક્તિ આગળ ઝુકવું જોઈએ

આજે વૈષ્ણવતા અને સાધુતાનું જે સ્વરૂપ દેખાય છે એનાથી એવું પ્રતીત થાય છે. જીવનમાં વૈષ્ણવતા અને સ્વધર્મને હૃદયથી નથી અપનાવ્યું. ધર્મના નામ પર જે બાહરી જ્ઞાન કરવામાં આવે છે એનાથી અંતઃકરણની વૃત્તિનો સુધાર નથી. લોકોના આચરણથી સ્પષ્ટ થાય છે કે એમને સ્વધર્મ અને પ્રભુપ્રેમની અપેક્ષા દ્રવ્ય અથવા ધનથી જ વધારે હાર્દિક સ્નેહ છે. આવી મનોવૃત્તિમાં મનુષ્યોની સામે એક બાજુ દ્રવ્ય અને બીજી બાજુ ભગવત સ્વરૂપ રાખવામાં આવે તો એમની ચિત્તવૃત્તિ પ્રભુને છોડી ધનની બાજુ ઝુકશે અથવા એનો નિરોધ ધનમાં જ થશે. સાધનોના નિરંતર ચિંતનનો પ્રભાવ એમની પ્રત્યેક ક્રિયામાં દેખાય છે.

કોઈપણ વસ્તુ અથવા વિષયના નિરંતર ચિંતનનો પ્રભાવ મનુષ્યના અંતઃ અને બાહ્ય જીવન પર પડે છે. આ પ્રકારનાં ચિંતન અને વ્યવહારની પ્રતિક્રિયા વ્યક્તિ અને સમાજ પર ભિન્ન રૂપથી પ્રગટ થાય

છે. લોક વ્યવહાર બુદ્ધિથી ધર્મના સુંદર સ્વરૂપનું શુદ્ધ ચિંતન નથી થઈ શકતું. માટે જ સ્વધર્મ વિચારોમાં ગૌણ થઈ જાય છે અને લોક વ્યવહારની વિષમતાથી પીડિત વ્યક્તિ ધાર્મિક સ્થાનો પર પણ યોગ્ય લાભ નથી લઈ શકતો, એની સેવા અને સમર્પણની ભાવનાને સ્વાર્થનું આવરણ ઢાંકી લે છે અને સંપૂર્ણ અભિવ્યક્તિ ભાવાત્મક પરિવર્તનના રૂપમાં શરીર અને વિચારો દ્વારા થાય છે. જેનો સારો અથવા ખરાબ પ્રભાવ અચેતન મસ્તિષ્ક પર થતો રહે છે, માટે ધર્મમાં શ્રદ્ધા અને વિવેકનો સમન્વય શ્રીવલ્લભાચાર્ય કરે છે. જો વૈષ્ણવના સાચા સ્વરૂપ, નિષ્કામ ભાવયુક્ત સેવા અને સમર્પણને સમજી આપણો સમાજ વ્યવસ્થિત થઈ જાય તો વૈષ્ણવતાનું રૂપ સાકાર થશે. આ વૈષ્ણવતા વિશ્વ જનસમુદાયને નિર્ગુણ ભક્તિમાર્ગના અખંડાનંદનું આલોક પ્રદાન કરી શકશે. શ્રીમદ્ વલ્લભ આપણને સ્વરૂપ અને કર્તવ્યસ્થિત થવાનો ઉપદેશ આપે છે. વૈષ્ણવજીવન નિષ્કામ સેવાનું વૈશિષ્ટ્ય છે. એ વિશેષતાને આપણે ઓળખીએ. અને જીવન અને વ્યવહારને ધર્મ બુદ્ધિ પર આધારિત કરીયે ત્યારેજ આવું સુફળ ભગવાનના અનુગ્રહથી આપણને પ્રાપ્ત થશે. વૈષ્ણવતાનો પવિત્ર વેશ જ પાતકોની નિવૃત્તિ છે એટલું જ નહીં એના પરમ પ્રેમનાં પ્રકાશથી ત્રિભુવન પ્રકાશિત થાય છે. આ ફક્ત વાતો સુધી સિમિત સિદ્ધાંત નથી. આમાં ધર્મના બંને જ સ્વરૂપનું સુંદર સમન્વય છે. આ બંને સ્વરૂપ આચાર અને વિચાર (અંતઃધર્મ) શ્રીહરિના ચરણોમાં સમર્પિત થઈ જાય છે કે આ (બાહ્યધર્મ)એ પ્રણાલી છે જેથી પ્રપંચમાં પણ પ્રભુદર્શનનો નિર્દુષ્ટ દ્રષ્ટિકોણ પ્રાપ્ત થાય છે. અમારે પ્રભુમાં પ્રપંચ નથી જોવો. આ નિશ્ચય મનમાં કરવાથી આત્મબળ પ્રાપ્ત થશે.

વૈષ્ણવોએ શક્તિ આગળ નહીં, પણ ભક્તિ આગળ ઝુકવું જોઈએ. પણ આજે એનાથી વિપરીત સ્થિતિ છે. અને આનું પરિણામ વિપરીત જ થઈ રહ્યું છે. વિડમ્બના આ છે કે આને પુષ્ટિમાર્ગીય ભાવનાઓનું ખોટું નામ આપવામાં આવી રહ્યું છે. જે ભાવનાથી ભાવાત્મક ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. તે આવી મનસ્વિતા કે કલ્પના પર આધારિત નથી હોઈ શકતી. જો આવું જ હોત તો આચાર્યશ્રી આને નિઃસાધનોનું સાધન નહીં કહેતા. આવી પ્રણાલીથી આજે ભગવત્સ્વરૂપની ધાર્મિક મર્યાદા જ સમાપ્ત થતી જાય છે. જ્યારે ભાવના પરથી ધાર્મિક નિયંત્રણ ઉઠી જાય છે અને આચાર્ય ધન અથવા શિષ્યોનાં આધીન થઈને એમના જુઠા સન્માન માટે બાધ્ય થાય છે ત્યારે દયનીય થઈ જાય છે. એ એક શુદ્ધ વ્યવસાયનું સ્વરૂપ બની જાય છે. જ્યાં ગ્રાહકની ઈચ્છા જ પ્રધાન બની જાય છે.

આજના વૈષ્ણવો ધર્મ શીખવા નહીં, શીખવવા આવે છે. શિષ્યભાવની અપેક્ષા ધન–મદની જ પરિચાયક છે આવી જ રીતે લોકો શક્તિની આગળ ઝુકે છે. ભક્તિની આગળ નત્‌મસ્તક નથી થતા.

અનુકરણીય સહાય

આજીવન ગ્રાહક નં. ૨૯૦ શ્રીજેઠાલાલ નાથાલાલ રાજકોટ તરફથી રૂા. ૧૦૧/– સહાયતા મળ્યા છે જે અનુકરણીય છે.

‘‘સંસ્મરણ’’

વિધાવારિધી શ્રીજી હુજૂર તિલકાયત પૂજ્યચરણ શ્રીગોવિન્દલાલજી મહારાજ

લેખક : પ.ભ.શ્રીહરિનારાયણ નીમા, ઉજ્જૈન

એક લાંબો સમય વીતી ગયો. વાત કુંભમેળો ૧૯૮૦ ના પહેલાની છે. આપશ્રી સહપરિવાર પ્રસંગવસાત ઈન્દૌર પધાર્યા હતા અને ડૉ. ભરત છપરવાલજીના નિવાસસ્થાન ‘નાથદ્વારા’માં બિરાજેલ હતા. ત્યાંથી કારમાં આપશ્રી ઉજ્જૈન પધાર્યા. નગરના વૈષ્ણવજનો શ્રીમાનોંના સ્વાગત માટે કલાકો પહેલા શ્રીમહાપ્રભુજીની બેઠક (મંગલનાથ માર્ગ) ઉપર ભેગા થઈ ગયા હતા. શ્રીબેઠકજીના પ્રાચીન મોટા દરવાજાને શણગારવામાં આવ્યો હતો કારણ તેમાં થઈ આપશ્રી બેઠક પરિસરમાં પધારવાના હતા.

અહીંયા એક સહજ જીજ્ઞાસા થાય છે કે એવો આગ્રહ વ્યવસ્થાપક કમીટીએ કેમ રાખ્યો ? અન્ય બીજા માર્ગથી કેમ નહીં પધરાવ્યા ? વસ્તુસ્થિતિ આ દરવાજાના નિર્માણની એક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ છે અને તે છે કે વર્ષો પહેલા જ્યારે શ્રીમન્મહારાજાધિરાજ શ્રીગોવર્ધનલાલજી મહારાજશ્રી અહીંયા પધારવાના હતા ત્યારે નગરનાં પ્રતિષ્ઠિત વૈષ્ણવોએ અને ગ્વાલીયર રાજ્ય સરકારમાં ઉજ્જૈનના પ્રતિનિધિ રૂપે સમ્માનિત લોકોએ આ દરવાજાનું નિર્માણ કરાવ્યું હતું. તેમાં પણ દરવાજાની ઉંચાઈ એટલી રાખી હતી કે હાથી ઉપર સવારી કરીને શ્રીજી હુજૂર પધારી શકે. શ્રીજી હુજૂર પછી શ્રીગોવિન્દપ્રભુ અહીંયા પધાર્યા હતા.

તિલકાયતશ્રી બેઠકજીમાં પધાર્યા. શ્રીમહાપ્રભુજીને પ્રણામ કરી નવનિર્મિત ‘કૃષ્ણસુદામા મંદિર’ની પ્રતિમાઓને નિહાળી અને ૮૪ બેઠકના દર્શન કક્ષમાં પ્રવેશ કર્યો.

આ કક્ષની કલ્પના શ્રીમતિ વિજયલક્ષ્મી વહુજીએ (જે–જે)એ બનાવેલ હતી. સૌભાગ્યથી પૂજ્ય ચરણોની સાથે જે–જે પણ પોતાની કલ્પનાને સાકાર રૂપમાં જોવાને ઉપસ્થિત હતા. બહુજ ભાવપૂર્ણ વાતાવરણ હતું. શ્રીબેઠકજીનો કક્ષ બંધ કરી દીધો હતો. માત્ર પૂ.તિલકાયતશ્રી જે–જે પરિવારજન અને હું પોતે અંદર હતો, હું એક પછી એક ૮૪ બેઠકના ચિત્રો અને બેઠકજીના ચરિત્રના અંકન ઉપર બોલી રહ્યો હતો. જ્યારે વિદ્યાનગરની બેઠકનું વર્ણન આવ્યું ત્યારે આપશ્રી રોકાઈ ગયા અને આજ્ઞા કરી....હરિનારાયણજી વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવરાય અને આચાર્યો દ્વારા સમર્પિત બિરુદાવલીમાં એક પંક્તિ છૂટી ગઈ છે અને વ્યાકરણની દ્રષ્ટિથી પણ આમાં ભૂલ છે. હું સ્તબ્ધ થઈ ગયો. રોજ લખવાની વિષયવસ્તુ પેન્ટર શ્રીદયારામ વાઢેરને દેતો હતો. બીજે દિવસે મેળવતો હતો કે કોઈ ભૂલ ન થઈ જાય પણ મારા પરમ શ્રદ્ધાસ્પદ વિદ્યાવારિધિ

શ્રીગોવિન્દપ્રભુએ એ ભૂલ પકડી જ લીધી. હું લેખની ભૂલને સમજી ગયો અને થોડા જ દિવસમાં તેને સુધરાવી દીધી.

આજ આ સંસ્મરણ લખતા આપશ્રીના અગાધ પાંડિત્ય અને વલ્લભ સિદ્ધાંતોના મર્મજ્ઞ હોવાની પ્રતિતિ થાય છે. સાહિત્ય પ્રત્યે આપની રૂચિ પહેલાથી જ રહી છે. સંવત ૧૯૯૭ વિ.માં શ્રીજી હુજૂર એ લાખો રૂપીયાની કિંમતી 'બડે–બાગ'ની જમીન, સાહિત્ય મંડલને આપી અને સર–ટી–રાઘવાચાર્યનો પાસે તેનું શિલાન્યાસ કરાવ્યો. નાથદ્વારા નગરના વ્યાસ બાગમાં 'માર્ડન સ્કૂલ' પ્રારંભ કરવાની આજ્ઞા આપી. સુપ્રસિદ્ધ 'મોતીમહલ'ની પાસે ચોપાટી ઉપર વાચનાલય સ્થાપિત કર્યું એવી જ રીતે અનેક સાહિત્યિક ગતિવિધિયોના જનક આપ રહ્યા. લખતાં લખતાં ઉજ્જૈનથી નાથદ્વારા ચાલ્યો ગયો. ત્યાં વિદ્યાનગરની બેઠક બાબત ચર્ચા ટાણે આપશ્રીએ આજ્ઞા કરી કે ઉજ્જૈન બેઠકજી ઉપર 'શ્રીકૃષ્ણ મહાપ્રભુ ગ્રંથાલય અને વાચનાલય' સ્થાપિત કરવાની મારી ઈચ્છા છે. આપ આની રૂપરેખા તૈયાર કરી મારી પાસે મોકલાવો. આજ વિષયમાં ખાસ દફતર મારફત આપશ્રીએ ડૉ. શેઠ ગોવિંદદાસજી જબલપુર, શ્રી આર. કે. ભટ્ટ મુંબઈ, કવિરત્ન શ્રીબલદેવજી શર્મા 'સત્ય' (બાગરોદીજી) નાથદ્વારા, મારા મોટાભાઈ જેવા ડૉ. ગોવર્ધન શુકલ અલીગઢ અને ઉજ્જૈનના પ્રોફેસર શ્રીભગવતશરણ જૌહરીજીને પણ પત્ર લખાવ્યા હતા. આજ તારતમ્યમાં આપશ્રીએ ઘણાં જ સંસ્કૃત, હિન્દી ગ્રંથો કૈલાશનારાયણજી શુકલ સાથે ઉજ્જૈન મોકલાવેલ હતા જે આજ પણ બેઠકજીમાં રાખેલા છે.

આપશ્રીનો ઉજ્જૈન પ્રત્યેનો ઘણો જ લગાવ હતો. આજ કારણ છે કે આપના શુભાશિર્વાદથી ઉજ્જૈનની મહિમામય બેઠક ચંપારણ ધામ સમકક્ષ ગણાય છે. આપણે બધા જાણીએ છીએ કે પૂજનીયા જે–જે ના લીલામાં પધાર્યા પછી આપશ્રીના સ્વાસ્થ્યમાં કમજોરી આવવા લાગી. માનસિક તાણ અને વિખરેલા સમાજને એક જુટ બનાવવામાં આપ ઘણાં જ થાકી ગયા. હવે તો સ્થિતિ એ થઈ ગઈ કે ઉજ્જૈનથી વલ્લભદર્શન કરવા (મુંબઈ) પહોંચતા પણ આપશ્રીના દર્શન કરવા ઘણા જ મુશ્કેલ થઈ ગયા. પાંચ મીનીટ મળી ગયા તો સૌભાગ્ય.

ઉજ્જૈનની સાહિત્યિક ગતિવિધિયોમાં પુષ્ટિમાર્ગીય ગ્રંથાલયની સ્થાપના ન થઈ શકી તેનું મને દુ:ખ છે. ઘણું જ સારું થાત શોધાર્થી અને સાહિત્ય પ્રેમી વિદ્વાનોને બધાં ગ્રંથ એક સ્થળે મળી જાત. તોપણ હું આશ્વસ્ત છું. વર્તમાન તિલકાયત પદાસીન પૂ.ગોસ્વામી શ્રીરાકેશજી મહારાજ પોતાના પિતૃ–પ્રવર્તિત પથ ઉપર જ ચાલવાના છે. આપશ્રીની આજ્ઞા અને 'મંદિર મંડલ નાથદ્વારા'નો સહયોગ આ પવિત્ર અને અતિ મહત્વના કાર્ય માટે મળી જાય તો કોઈ પણ મુશ્કેલી આવતી દેખાતી નથી. પ્રભુ શ્રીનાથજીનું કાર્ય પ્રભુ શ્રીનાથજી કરાવે છે. તેમની પાવન સ્મૃતિને પ્રણામ–વંદન !

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

માયા છે ઘંટી, ખિલડો હરિ, તેમાં જીવ ચરાચર અન્ન;
જે પડયુંછે તે પિસાય છે, તું જોની પ્રગટ લોચન
લોચન જો, એક બચે છે તેહ, ખીલ સમીપે, રહે છે જેહ
જો અણુ કણ ખસ્યો આઘો, તે તત્કાલ દળાવા લાગ્યો
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૫)

વિવેચન : આ ચંદ્રાવળામાં ઘંટીનું દ્રષ્ટાંત બતાવીને માયાથી બચવાનો ઉપાય બતાવ્યો છે.

ઘંટીના નીચલા પડમાં ખીલડો હોય છે. ઉપલું પડ રાખીને એક હાથે ઘંટી ફેરવે, બીજા હાથે દાણા ઓરે તે સીધા ખીલડા પાસે પડે. ઘંટી ફરતી રહે છે, અનાજ પિસાઈને લોટ થઈને બહાર નીકળે. બે પડ વચ્ચે જે દાણો આવે તેનો લોટ દળાઈ જાય. પહેલા ઘરોઘર ઘંટી હતી ને હાથે દળીને લોટ બનાવતા (હવે તો મશીનયુગ છે, દળવાની મહેનત નથી). આ ઘંટીમાં જે દાણો વચ્ચે ખીલડાને અડીને રહે તે બચી જાય, બાકી બધા પિસાઈ જાય. તે ઉપરથી સમજાવ્યું છે ખીલડો રૂપ હરિ, તેનું શરણગ્રહણ કરી રહેવાથી માયાથી બચી શકાશે. જેમ જે દાણાયે ખીલડો મૂક્યો તેનો થયો ભૂકો, તેમ જેણે હરિનું શરણ છોડ્યું તેને માયા પોતાની જાળમાં ફસાવી દયે છે.

આવી રીતે આ માયા રૂપી ઘંટીનું ચક્કર ચાલતું જ રહે છે. તેમાં નિરંતર સ્થાવર, જંગમ, તમામ સૃષ્ટિના જીવો, મનુષ્યો વિગેરે ઘંટીના ચક્કરમાં પિસાઈ રહ્યા છે. અર્થાત્ ક્લેશ પામી રહ્યા છે. પરંતુ એ માયા શક્તિ જેની છે તે માયા પતિ પરમાત્મા (ખીલડારૂપે)નું શરણ પકડીને તેનાથી દૂર ન જાય, તે બચી શકે. પ્રભુથી દૂર થયા, વિમુખ થયા, તે માયાની અધીન બન્યા. મનુષ્ય માત્ર અત્યારે ભૌતિક સુખ માટે જ બધા પ્રયત્નો કરે છે. આ સંસારમાં સુખી થવા માટે અનેક પ્રયત્નો કરે છે. આ સંસારરૂપી વૃક્ષમાં બે ફળ છે. (૧) સુખ (૨) દુઃખ. તેમાં સુખ બધાને જોઈએ છે, દુઃખ કોઈને જોઈતું નથી. પરંતુ દુઃખ આવે છે તે ભોગવવું પડે છે. ઉપાયો કરતાં પણ દુઃખ દૂર ન જાય ત્યારે મનુષ્ય કહે છે શું કરીએ, બધું તો કરી ચૂક્યા, પણ સફળતા મળતી નથી. આવે ટાઈમે કહે છે કે ભાગ્યની વાત છે, અગર તો ભગવાનનાં હાથની વાત છે.

પરંતુ શરૂઆતથી જ ભગવાનનું શરણ સ્વીકાર્યું હોત તો દુઃખ છે તે દુઃખ હોવા છતાં ભોગવવાની શક્તિ રહત. જે કાળે જે બનવાનું હોય તે તો બન્યે રહેશે, પછી મિથ્યા મોહ કરવો શું કામનો ? કોણ કોનું છે, તે કોઈ જાણતું નથી. પરંતુ માયાની જાળમાં અસંતોષ, કુબુદ્ધી, આવા ગુણો ઘર કરી જાય છે. માયાનાં ગુણો ક્યારેય શાંત થઈ બેસવા દેતા નથી અને હરિનું શરણ કરવાવાળો માયાથી બીતો નથી. માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૫)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે જેની પ્રતિજ્ઞા કરી છે તે વસ્તુનું વિવરણ કરતા કહે છે કે–

તત્તુ વિષયત્યાગાત્ સંગત્યાગાત્ ચ ॥ ૩૫ ॥

૩૫. તે (ભક્તિ–સાધન) વિષયત્યાગ અને સંગત્યાગથી પ્રાપ્ત થાય છે.

જીવના મનમાં સ્વાભાવિક જ પ્રેમનો સ્રોત છે કારણ કે જીવ પરમાનંદ સ્વરૂપ પરમ પ્રેમરૂપ ભગવાનનો જ સનાતન ચિદંશ છે, પરંતુ વિષયો તરફ ઢળવાથી તેના પ્રેમની ધારા દોષિત થઈ ગઈ છે અને તેનાથી તે પ્રેમ દુઃખ ઉત્પન્ન કરનાર કામના રૂપમાં પરિવર્તિત થઈ રહ્યો છે અને તેને કારણે તેના પરમાત્મામુખી દિવ્ય સ્વરૂપનો પ્રકાશ થતો નથી. પ્રેમના દિવ્ય સ્વરૂપના પ્રકાશ માટે તેની વિષયો તરફી ગતિને પલટાવી ઈશ્વર તરફ કરવાની આવશ્યકતા છે. તેને માટે બે ઉપાય છે. ૧. વિષયોનો સ્વરૂપથી ત્યાગ અને ૨. વિષયોની આસક્તિનો ત્યાગ. જે લોકો એ માને છે કે વિષયોમાં આસક્ત રહેવું અને ઈચ્છા મુજબ અમર્યાદિત વિષયોનો સંગ્રહ તથા ઉપભોગ કરતા જ ભગવાનની ભક્તિ પ્રાપ્ત થઈ જશે, અથવા ભગવત્ ભક્તિના માર્ગમાં વિષય અને વિષયાસક્તિના ત્યાગની કોઈ આવશ્યકતા જ નથી, બહુ મોટી ગફલતમાં છે.

ભક્તિમાં તો પોતાના ભોગ માટે કોઈ વસ્તુ નથી રહી જાતી. જ્યારે ભોક્તા જ કોઈ ન રહે, તો ભોગ વસ્તુ ક્યાંથી રહે ? ત્યાં તો એક માત્ર પ્રાણાધાર ભગવાન જ સર્વભોક્તા છે અને આપણે પોતાના સમસ્ત અંગ તેમજ સમસ્ત સામગ્રી સહિત ભગવાનના ભોગ્ય છીએ એક માત્ર તેઓ જ પુરૂષ છે અને બધા તેમની ભોગ્યા પ્રકૃતિ છીએ. આવી અવસ્થામાં ભક્તનો પોતાનો કોઈ ભોગ્ય વિષય રહી જ નથી જતો. તેને જો ઉંચી સ્થિતિ કરીને કોઈ તેનાથી બચવા ઈચ્છે તો તેણે પણ ઉત્તરોત્તર ત્યાગ કરવો જ પડે છે. શરીર વિષય ભોગમાં લાગેલું હોય અને મન વિષયોમાં આસક્ત રહે, તો પછી પ્રિયતમ ભગવાનની સેવા કયા તન–મનથી થશે ? તેથી વિષય ત્યાગની ખૂબ જ આવશ્યકતા છે. બાહ્ય ભોગ તો શું, મનથી પણ વિષયોનું ચિંતન કરશે તેમાં જ એ નિયમ છે કે મન જે વસ્તુનું ચિંતન કરશે તેમાં જ તેની આસક્તિ થશે. ભગવાને શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે–

વિષયાન્ ધ્યાયતશ્ચિતં, વિષયેષુ વિષજ્જતે ।
મામનુસ્મરતશ્ચિતં મય્યેવ પ્રવીલીયતે ॥

અર્થાત્ – વિષયોનું ચિંતન કરવાથી મન વિષયોમાં આસક્ત થાય છે અને મારું વારંવાર સ્મરણ કરવાથી તે મારામાં લીન થઈ જાય છે.

મનને જ્યાં લગાવો ત્યાં લાગી જાય છે અને તે ઇન્દ્રિયો દ્વારા જ લગાવવાનું હોય છે, વારંવાર જે પ્રકારના દશ્યો જોઈશું, જેવી વાત સાંભળીશું, જેવી ચીજ ખાઈશું, જે કાંઈ સુંઘસુ, જેવી વસ્તુનો સ્પર્શ કરીશું, તેનું બરાબર મનમાં ચિંતન થશે અને જે વસ્તુનું અધિક ચિંતન થશે તેમાં આસક્તિ થશે.

નાટક જોઈશું, વેશ્યાનું ગાયન સાંભળીશું, તેમાં આસક્તિ થશે. તેથી ભક્તિની અભિલાષા રાખનારાઓએ ભગવાનથી વિરુદ્ધ તમામ વિષયોનો ત્યાગ કરી દેવો જોઈએ. વાસ્તવમાં આ સૂત્રમાં વિષય ત્યાગમાં એ વિષયોનો ત્યાગ સમજવો જોઈએ જે આપણા મનને ભગવાનથી દૂર કરી ભોગોમાં–જગત પ્રપંચમાં લગાવી દે છે. ધ્યાન, ચિંતન, કીર્તન, ભગવત્સેવા, સાધુ સત્કાર, સત્સંગ વગેરે જે ભગવદ અનુકૂળ વિષય છે, તેમાં તો તન–મન પ્રેમથી લગાવવા જોઈએ અને જે વિષયોનો સંગ્રહ અને સેવન શક્ય હોય તેટલા ઓછા પ્રમાણમાં સંગ્રહ અને સેવન કરવું જોઈએ અને તે પણ શાસ્ત્ર અનુસાર તથા ઈશ્વરની આજ્ઞા સમજીને બીજી કોઈપણ ફળકામનાને મનમાં સ્થાન ન આપતા ફક્ત ઈશ્વરના પ્રેમ માટે જ. આ રીતે કરેલ વિષય સેવન પણ વિષય ત્યાગ બરોબર જ માનવામાં આવે છે. ફક્ત બહારથી કોઈ વિષયનો ત્યાગ કરી દેશો પરંતુ મનમાં તેનું સ્મરણ ચાલુ રહે તો તે ખરા અર્થમાં ત્યાગ નથી. તેથી સૂત્રમાં વિષય ત્યાગ સાથે સાથે આસક્તિ ત્યાગની પણ આવશ્યકતા બતાવી છે. મહાભારતમાં કહ્યું છે–

ત્યાગઃ સ્નેહસ્ય યત્ત્યાગો વિષયાણાં તથૈવ ચ । (શાન્તિ પર્વ ૧૯૨/૧૭)

'વિષયાસક્તિ અને વિષય બંનેના ત્યાગનું નામ જ ત્યાગ છે' તેથી વિષયાનુરાગનો ત્યાગ થશે અને વિષયાનુરાગ વગરનું હૃદય જ ભગવત્પ્રેમનું દિવ્ય ધામ બની શકે છે. ભગવત્ પ્રેમની પ્રાપ્તિ થતાં જ વિષયંનો ત્યાગ સ્વાભાવિક જ થઈ જાય છે. શ્રીરામચરિત માનસમાં કહ્યું છે–

રમા બિલાસુ રામ અનુરાગી । તજત બમન જિમિ જન બડભાગી ॥

અમૃતનો સ્વાદ ચાખીને અને તેના ગુણનો લાભ ઉઠાવીને પછી ઝેર તરફ કોઈની નજર જ શા માટે જવા લાગે ? પરંતુ તે અમૃતની પ્રાપ્તિ માટે પણ તે તરફ ગતિ માટે પણ વિષય વિષના ત્યાગની આવશ્યકતા છે. વિષયાસક્તિનો ત્યાગ કરીને ભગવાનમાં આસક્ત થવામાં જ પરમ સુખ છે. ભગવાન કહે છે–

મય્યર્પિતાત્મનઃ સભ્ય નિરપેક્ષસ્ય સર્વતઃ ।
મયાઽઽત્મના સુખં યત્તત્ કુતઃ સ્યાદ્ વિષયાત્મનામ્ ॥

(શ્રીમદ્ ભા. ૧૧/૧૪/૧૨)

મારામાં ચિત્ત લગાડનારા અને સમસ્ત વિષયોની અપેક્ષા છોડનારા ભક્તને આત્મસ્વરૂપ મારામાં

જે પરમસુખ મળે છે તે સુખ વિષયાસક્ત ચિત્ત લોકોને ક્યાંથી મળી શકે ? ૩૫

ભાષ્યાર્થ : સ્વરૂપ સ્થિતિ એટલેજ ભક્તિ એમ વારંવાર કહ્યું છે અને સ્વરૂપમાં જે સ્થિતિ તેને રોકનારું હોય છે. ઈન્દ્રિયો સહિત મનનું વિષય તરફ ઢળાણ. જ્યાં સુધી સ્વરૂપ સ્થિતિનો લાભ તો કાચબાના વાળ જેવો હોય છે ! આથી સ્વરૂપમાં સ્થિતિ સંપાદન કરવાને ઈચ્છતા પુરૂષે પહેલા તો વિષયોનો ત્યાગ કરવો જોઈએ. વળી સમજવું ઘટે કે વિષયોનો સ્વરૂપે તો ત્યાગ સંભવતો જ નથી. વિષયો સદા આપણી ચોમેર નિકટમાં વર્તી રહેલા હોઈને તેમની સાથે ઈન્દ્રિયોના સંબંધ અત્યાજ્ય રહે છે. આથી અહીં "વિષયત્યાગ" શબ્દથી તેમનો સ્વરૂપે ત્યાગ નથી એમ સમજવું તો પછી શું સમજવું ? તો ઈષ્ટ યા અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થવા છતાં મનની નિર્વિકારિતા રહેવી એટલે વિષયત્યાગ છે એમ અમો માનીએ છીએ અને આ અર્થ લેતાં વિષયોની પ્રાપ્તિ છતાં એ ઈન્દ્રિય સહિત મનની હેયતા કે ઉપાદેયતા સિવાયની જે સ્થિતિ તે જ અહીં વિષયત્યાગ શબ્દે જાણવી. આથી અહીં વિરાગ સૂચિત થાય છે. જ્યાં સુધી "વશીકાર સંજ્ઞા" નામનો વિરાગ ન સિદ્ધ થાય ત્યાં સુધી વિષયોનો પ્રવાહ અટકતો નથી અને સંગત્યાગથી સધાય છે. ચિત્તમાં વર્તી રહેલી આસક્તિ જ ઈન્દ્રિયોને યથાધિકાર પોતાના વિષયોમાં પ્રવર્તાવે છે. આથી સંગના ત્યાગથી ઈન્દ્રિયો સ્વાધીન થાય છે અને મન પ્રસન્ન થાય છે અને પ્રસન્ન મન પ્રેમનું અધિકારી છે, સંગત્યાગ અતિગહન છે. આથી વિકાર કરે એવો સંબંધ ભક્તે કદી ક્યાંયે ન કરવો. આથી પ્રેમની ઉત્પત્તિનું સંગત્યાગ એ સાધન છે. ૩૫

—ક્રમશઃ

કાવ્ય કુંજ

૩. શ્રીવલ્લભ કૃપા જનહિતકારી (રાગ – બિહાગ)

શ્રીવલ્લભ કીર્તન ગાંય, સૌ વૈષ્ણવ નરનારી;
મિસરિ ભોગ ધરી ઝારી, રીઝાવે શ્રીગોવરધન ધારી.
સમા ઋતું શૃંગાર ધરી, સેવે શ્યામ મૂર્તિ મનોહારી;
દર્શનથી ન ધરાય નરનારી,, શ્રીવલ્લભચરણ આભારી.
કળિ કાળમાં ગૃહસેવા ન્યારી, પ્રેમભક્તિ સુલભ કરનારી;
તનુવિત્તજા માનસિ સેવા પ્યારી, ત્રિવિધ તાપ હરનારી.
શ્રીકૃષ્ણ સ્વામિની કરુણા કરનારી, પ્રગટયા શ્રીવલ્લભ કલ્યાણકારી;
શ્રીજીચરણઅનુરાગી જાણે શ્રીવલ્લભકૃપા જનહિતકારી;
પુષ્ટિ સેવા દાન દિક્ષા દેનારી.

—શ્રીજીચરણઅનુરાગી, અમદાવાદ.

પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક શ્રીમદ્વલ્લભાચાર્યજી

લેખક : ચીમનલાલ એન. બેંકર

પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક, વૈષ્ણવ સૃષ્ટિના તારણહાર, જગદ્ગુરૂ શ્રીવલ્લભાધીશ–શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય સંવત ૧૫૩૫ ચૈત્ર વદ ૧૧ ને રવિવારના મંગલદિને મધ્યપ્રદેશમાં રાયપુર નજીક ચંપારણ્યની પવિત્ર ભૂમિના રમણીય વનપ્રદેશમાં 'અગ્નિકુંડ'ની મધ્યમાં થયું હતું. બરાબર આ વખતે વૈષ્ણવોના પ્રાણપ્યારા શ્રીનાથજીનું પ્રાગટ્ય પણ શ્રીગિરિરાજ (ગોવર્ધન પર્વત) ઉપર થયું હતું.

જીવ માત્રનું કલ્યાણ થાય અને જગતનો દરેક જીવ ઈશ્વરાભિમુખ બને તે માટે જ અગ્નિસ્વરૂપ શ્રીમદ્ વલ્લભાધીશ–શ્રીમહાપ્રભુજી આ ભૂતલ ઉપર પધાર્યા. તેમણે ભારતભરમાં ફરીને ત્રણવાર પૃથ્વી પરિક્રમા કરીને પોતાના દૈવીજીવોને સંસારની માયામાંથી ખેંચીને, બ્રહ્મસંબંધ દ્વારા શરણે લીધા અને પ્રભુસેવા તથા નામસ્મરણ કરવાનો ઉપદેશ આપ્યો.

શ્રીમહાપ્રભુજીને લૌકિકમાં બીલકુલ આસક્તિ હતી જ નહીં. પાંચ વર્ષની ઉંમરે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પાના ઉપર જ્યારે આપશ્રી વારંવાર દ્રષ્ટિપાત કરી રહ્યા હતા ત્યારે પિતાજી શ્રીલક્ષ્મણભટ્ટજી અત્યંત પ્રસન્ન થયા. તેમને ખાતરી થઈ કે તેમને ત્યાં દેવાંશી બાળકનો જન્મ થયો છે. ચાર માસના ટુંકા ગાળામાં તો ચાર વેદ, છ વેદાંગ અને બીજા અનેક શાસ્ત્રો ભણી લીધા હતા. ૧૧ વર્ષની ઉંમરે તો ભલભલા વિદ્વાનો અને પંડિતોને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરી દેતા. આથી તો સૌ કોઈ શ્રીમહાપ્રભુજીને 'બાલસરસ્વતિ' અને 'વાક્પતિ' તરીકે સંબોધતા.

શ્રીમહાપ્રભુજીનું અલૌકિક સામર્થ્ય

શ્રીમહાપ્રભુજી જ્યારે પાંચ વર્ષના હતા તે વખતે તેમના ઘરમાં 'પયોદા' નામની ગાય જે સૌને ખૂબજ વહાલી હતી તે એક દિવસ સખત બિમાર પડી. આથી બધા નિરાશ થઈ ગયા. જીવ માત્ર તરફ દયા બતાવનાર એવા શ્રીવલ્લભ તરત જ તે ગાય પાસે પહોંચી ગયા અને પોતાનો શ્રીહસ્ત તે ગાય ઉપર ફેરવ્યો અને બોલ્યા, ''પયોદા બેટી, ઉઠો'' શ્રીવલ્લભના આ શબ્દો સાંભળીને બધાજ સભ્યોની હાજરીમાં અત્યંત આશ્ચર્ય વચ્ચે તે ગાયનો રોગ ચાલ્યો ગયો. તરત જ ઉભી થઈ ગઈ. આવું હતું શ્રીમહાપ્રભુજીનું 'અલૌકિક સામર્થ્ય'.

પત્થરની ગાયમાં પ્રાણ પુર્યા

આ વખતે વ્રજમાં 'બહુલા વનમાં' એક સુંદર મજાની અલૌકિક મહાત્મ્યવાળી પત્થરની ગાય હતી. તેની સૌ પૂજા કરતા હતા. હવે જ્યારે આ વાત ત્યાંના હાકેમને ખબર પડી ત્યારે તે ગાયની પૂજા ઉપર પ્રતિબંધ મૂક્યો. તેણે જાહેર કર્યું કે 'પત્થરની તે પૂજા થતી હશે ! જો આ ગાય મારા દેખતા ઘાસ ખાશે તો જ તેની પૂજા કરવાની છૂટ આપીશ.' આથી બધા જ લોકો મુંઝાયા અને તરત જ શ્રીમહાપ્રભુજીને આ વાત જણાવી.

આ વાત સાંભળીને શ્રીમહાપ્રભુજી પોતે પેલા હાકેમને લઈને બહુલાવનમાં તે ગાય પાસે પધાર્યા. આપશ્રીએ સુબાની હાજરીમાં ગાયની પૂંછ પાસે ઘાસ મુકાવ્યું. તરત જ તે ગાય ઉભી થઈ ગઈ અને પોતાનું મુખ ફેરવીને ઘાસ ખાવા લાગી. આવો અદ્ભુત ચમત્કાર જોઈને તો પેલો હાકેમ સ્તબ્ધ બની ગયો. તેને અત્યંત નવાઈ લાગી. તરત જ ગાયની પૂજા પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો.

હિંદુ ધર્મના રક્ષક શ્રીવલ્લભ

એક વખત સંવત ૧૫૪૮માં શ્રીમહાપ્રભુજી પરિક્રમા કરતા કરતા મથુરા વિશ્રામઘાટ પધાર્યા ત્યારે ત્યાંના ચોબાઓએ આપશ્રીને ફરિયાદ કરી કે, 'જે કૃપાનાથ, અહીંના સુબાએ વિશ્રામઘાટ ઉપર એવું યંત્ર લટકાવ્યું છે કે જેની નીચેથી પસાર થનાર હિંદુની ચોટલી કપાઈ જાય છે અને દાઢી ઉગી નીકળે છે. આથી અમે યમુના સ્નાન કરવા જઈ શકતા નથી.' આ વાત સાંભળીને શ્રીમહાપ્રભુજીએ તે સુબાને સમજાવવા પ્રયત્ન કર્યો પણ તે માન્યો જ નહીં. ત્યારબાદ શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને આજ્ઞા કરી કે, 'હવે તમે આ યંત્ર દિલ્હી લઈ જાઓ અને દિલ્હીના મુખ્ય દરવાજે લગાવી દો.' આ પ્રમાણે કર્યા બાદ તે યંત્રની નીચેથી પસાર થનાર મુસલમાનની દાઢી કપાઈ જતી અને માથા ઉપર ચોટલી બની જતી. દિલ્હીના બાદશાહ સિકંદર લોદીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીના સેવકોને બોલાવીને સાચી વાત જાણી કે તરત જ તેણે મથુરાનું યંત્ર ઉતારી લેવા સૂબાને તાત્કાલીક હુકમ મોકલ્યો. ત્યારબાદ બંને યંત્રો દૂર કરવામાં આવ્યા. આ રીતે શ્રીમહાપ્રભુજીએ હિંદુ ધર્મની રક્ષા કરી.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન (કનકાભિષેક)

એક વખત શ્રીમહાપ્રભુજી ફરતા ફરતા દક્ષિણમાં વિદ્યાનગર (વિજયનગર)માં પધાર્યા. ત્યાંના રાજા કૃષ્ણદેવરાયના દરબારમાં બધાજ સંપ્રદાયના ધુરંધરો, મહાન આચાર્યો પોતપોતાના વાદ–પ્રતિપાદીત કરવા ચર્ચા કરી રહ્યા હતા. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. બધાજ આચાર્યો સાથે શાસ્ત્રાર્થ કર્યો. તમામ ધર્માચાર્યોને શાસ્ત્રોક્ત પ્રમાણ સહિત ઉત્તરો આપીને શ્રીમહાપ્રભુજીએ દરેકને નિરુત્તર કરી દીધા. પોતાના બ્રહ્મવાદને સિદ્ધ કરી બતાવ્યો. શ્રીમહાપ્રભુજીના મતને 'શુદ્ધાદ્વૈતમાર્ગ' એવું નામ આપવામાં આવ્યું અને આપશ્રીને 'જગદ્‌ગુરુ'ની પદવીથી વિભુષીત કર્યા. છેવટે બધાજ સંપ્રદાયોના આચાર્યોએ શ્રીમહાપ્રભુજીનો વિજય સ્વીકાર્યો. આ રીતે આપશ્રીએ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું સ્થાપન કર્યું.

ત્યારબાદ કૃષ્ણદેવરાય રાજા અને પરિવારના બધાજ સભ્યો શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. બીજા દિવસે રાજસભામાં કેટલાક પંડિતો અને આચાર્યોએ શ્રીમહાપ્રભુજીને કનકાભિષેક કર્યો. આ વખતે સો મણ સોનું હતું પરંતુ શ્રીમહાપ્રભુજીએ તે સોનાને જલવત્ માની તેનો ત્યાગ કર્યો. તેમાંથી આપશ્રીએ ફક્ત સાત જ સોનામહોર લીધી અને તેમાંથી શ્રીનાથજીના અલંકાર બનાવ્યા. કેવો ભવ્ય ત્યાગ !

સમાજસુધારક શ્રીવલ્લભાચાર્યજી

શ્રીમહાપ્રભુજીના જીવનના અનેક પાસાઓ છે. તેમનું મુખ્ય કાર્ય તો ધાર્મિક તેમજ આધ્યાત્મિક હતું તેમ છતાં સમાજમાં ઘર કરી બેઠેલા કેટલાક દુષણો અને કેટલીક જુની માન્યતાઓ તથા રૂઢીઓને દૂર કરાવીને તેમણે એક મહાન સમાજ સુધારક તરીકે સમાજ સુધારણા માટે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

વર્ણવ્યવસ્થાના વિરોધી શ્રીવલ્લભ

શ્રીમહાપ્રભુજી વર્ણવ્યવસ્થાના ભયંકર વિરોધી હતા. ભક્તિમાર્ગના દ્વાર તો સૌ કોઈના માટે ખુલ્લા છે એમ આપશ્રી આજ્ઞા કરતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણ તો દરેકના કર્મ પ્રમાણે નક્કી કરવામાં આવી છે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ તો 'વૈષ્ણવ' નામની પાંચમી વર્ણ ઉભી કરી જેમાં તમામ વર્ણોનો સમાવેશ થઈ શકે.

–ક્રમશઃ

કાવ્ય–કુંજ

૧. શ્રીમહાપ્રભુજી કી વધાઈ (રાગ – ધનાશ્રી)

–ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

પ્રગટે શ્રીવલ્લભ ભૂતલ ભૂપ, પ્રગટે શ્રીવલ્લભ ભૂતલ ભૂપ.
માયાવાદ કો નાથન કીયો પ્રગટાઈ બ્રહ્મવાદકી ધૂપ. ૧
સુંદર કૃષ્ણસેવા કો મારગ, પુષ્ટિમાર્ગ શોભા અનૂપ
'ગોકુલેશ' પ્રભુ શ્રીમહાપ્રભુજી, કલિયુગ કે પરમ પરાક્રમી નૃપ. ૨

૨. શ્રીમહાપ્રભુજીની વધાઈ (રાગ – સારંગ)

–ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

શ્રીવલ્લભ સુખકારી પ્રગટે, શ્રીવલ્લભ સુખકારી
દૈવી જીવન કે ભાગ્ય ઉદિત ભયે સર્વ દોષ દુઃખહારી. ૧
અગ્નિરૂપ ભૂતલ હરિ આયે રતિ કલ્યાણકારી
કૃષ્ણપ્રેમ કો અનુપમ માર્ગ, લેત ભક્તન કું તારી. ૨
શ્રીભાગવત ગૂઢાર્થ પ્રદીપક બહુજન કે હિતકારી
શુદ્ધાદ્વૈત મત સ્થાપિત કીયો, પાખંડ મત સંહારી. ૩
કરુણાનીધિ કૃપાસાગર પ્રભુ, લીલા લલિત વિહારી
ભક્તિમાર્ગ કે ભાનુ પ્રગટે, **'ગોકુલેશ'** બલિહારી. ૪

૩. હે મન, તું શ્રીવલ્લભ ચરનન વંદ

–ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

હે મન, તું શ્રીવલ્લભ ચરનન વંદ.
શ્રીવલ્લભરૂપ ઉદિત ભયો રવિ
નસાયે સબ દુઃખ દ્વન્દ્વ. ૧
બ્રહ્મસંબંધ સોં સબ દોષ દુર ભયે
મીલે શ્રીગોકુલ કે ચંદ
કૃષ્ણસેવા તુ કર પ્રીતિ સોં
છોડ સકલ સંસાર કે ફંદ. ૨
માયાવાદ કી અસ્પષ્ટ ભાષા
શ્રીવલ્લભ કે અદ્ભુત છંદ
તિહારો સ્વરૂપ વરણી સકે કો
'ગોકુલેશ' મતિ મંદ. ૩

પુસ્તક પરિચય

☐ **૧. પુષ્ટિદર્શન (દ્વિમાસિક જાન્યુ. ફેબ્રુ ૨૦૦૨ પ્રથમ વર્ષ અંક–૧) :** સંરક્ષક– શ્રીવલ્લભ સંપ્રદાયાચાર્ય વર્ય પ.પૂ.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ), અધ્યક્ષ– પ.પૂ.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ), પ્રકાશક– આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘ ટ્રસ્ટ, તંત્રી– શ્રીબંસીલાલ જી. શાહ (લેખક અને પત્રકાર), ૧૨–તત્‌સત્ સોસાયટી, બદરપુરા સામે, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૧૫. ફોન. ૬૪૨૨૫૪૭.

લવાજમ– વાર્ષિક અમદાવાદમાં રૂા.૩૦/– વાર્ષિક ભારતમાં રૂા. ૫૦/–, આજીવન ભારતમાં રૂા. ૭૫૦/–

વૈષ્ણવ સમાજને યોગ્ય માર્ગદર્શન, વૈષ્ણવોને ઘેર બેઠા બેઠા સત્સંગ પ્રાપ્ત કરાવવો, સ્વતંત્ર નિષ્ઠા તથા સંપ્રદાય માટે નિષ્ઠાવાન કાર્યકરો તૈયાર કરવા, ગાગરમાં સાગરરૂપે પુષ્ટિ સિદ્ધાંતોને લોકભોગ્ય શૈલી અને રૂચિમાં રજૂ કરવા વિ. ઉત્તમ ધ્યેય સાથે "પુષ્ટિ દર્શન" દ્વિમાસિકનું આગમન થયું છે. પ્રથમ અંકમાં જ ઉપરોક્ત ધ્યેય અનુસાર સામગ્રીનો સુંદર રીતે સમાવેશ કરેલ છે.

આંતરરાષ્ટ્રીય સંઘ દ્વારા પ્રકાશિત આ પુષ્ટિ સાહિત્ય સરિતા સમગ્ર પુષ્ટિ સૃષ્ટિ દ્વારા અનેરું સ્વાગત પામશે એ નિશ્ચિત છે. સર્વે વૈષ્ણવ પરિવારે વાંચવા, વસાવવા લાયક માસિક.

☐ **૨. દીનતા– આશ્રયના પદ :** (સરળ ગુજરાતી ભાવાર્થ સાથે) : ભાવાર્થ– મુખીયાજી મથુરાદાસ જીવરાજ મહેતા (માધુરી), રાજકોટ. પ્રકાશક–શ્રીગોવિંદરાયપ્રભુ પુષ્ટિ ગ્રંથ પ્રકાશન ટ્રસ્ટ. કાર્યાલય : 'શ્રીકુંજ' ૧૦–બી, હરિહર સોસાયટી શેરી નં–૧, કાલાવાડ રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. ફોન. (૦૨૮૧) ૪૪૦૦૧૧.

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૫૨. ન્યોછાવર રૂા. ૨૫/– (પોસ્ટેજ અલગ).

પુષ્ટિ સંપ્રદાયને માત્ર બેજ શબ્દોમાં વ્યક્ત કરવો હોય તો તે બે શબ્દો છે 'દીનતા' અને 'આશ્રય'. આ બંને શબ્દોનો અર્થ સમજાય અને જીવનના દરેક કાર્ય અને ક્ષણમાં તે ઉતારવામાં આવે તો ખરી વૈષ્ણવતા પ્રાપ્ત થાય. આ બંને મહત્વના ગુણોને આવરી લેતા ભક્ત કવિઓના પદો સરળ ગુજરાતી ભાવાર્થ સાથે પુસ્તકમાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લોકભોગ્ય શૈલીમાં રજુ કરવામાં આવેલ છે. દરેક વૈષ્ણવે અવારનવાર માણવા લાયક સુંદર પુસ્તક.

☐ **૩. પુષ્ટિ ભક્તિસુધા :** પ્રકાશક–પ્લસ કોર્પોરેશન, રાજકોટ.

૧/૮ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૨૦ મીડ પીન બાઈન્ડીંગ. મુખપૃષ્ઠ ઉપર શ્રીનાથજી, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂા.૧૦/– (કુરીયર ચાર્જ રૂા.૧૦/– અલગ)

પ્રસ્તુત પુસ્તકમાં નિત્ય નિયમના સ્તોત્ર પાઠ, શ્રીયમુનાજીના ૪૧ પદ, વલ્લભાખ્યાન, મૂળપુરૂષ, શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની વધાઈ, શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીવલ્લભવંશના ધોળ પદ તેમજ દાણલીલા, હિંડોળા, રાસ વગેરે ઉત્સવના ધોળ પદ તેમજ દીનતા–આશ્રય–શિક્ષા માહાત્મ્યના ધોળ સહિતકુલ ૧૦૩ પદ્ય સાહિત્યનો ઉમદા સંગ્રહ.

આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (પોરબંદર)ના કરકમલો દ્વારા કરવામાં આવેલ.

☐ **૪. શ્રીપુષ્ટિમાર્ગીય ધોળ પદ સંગ્રહ ભાગ–૩ :** પ્રકાશક–પ્લસ કોર્પોરેશન, રાજકોટ.

૧/૧૬ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૨૪૦. સેક્સન સિલાઈ. મુખપૃષ્ઠ ઉપર શ્રીરાધા–કૃષ્ણનું ભાવવાહી બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂા.૩૦/– (કુરીયર ચાર્જ રૂા.૧૫/– અલગ)

પ્રસ્તુત પુસ્તકમાં નિત્યનિયમ, શ્રીયમુનાજીના, શ્રીનાથજીના, જન્માષ્ટમીના હાલરડા, પલના, થાળ, આરતી, શ્રીમહાપ્રભુજી અને શ્રીવલ્લભવંશના તેમજ વિવિધ લીલાના ધોળ પદ ઉપરાંત વિરહ, વિનંતી, આશ્રય, વ્રજપરિક્રમા વગેરે તેમજ માળા પહેરામણી, બ્રહ્મસંબંધ વગેરેનો સમાવેશ થયેલ છે. એકંદર અલગ અલગ ૨૨

વિભાગોમાં ૨૮૦ ધોળપદનો ઉમદા સંકલન કરવામાં આવેલ છે.

આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર– રાજકોટ–ઉપલેટા)ના કરકમલો દ્વારા કરાવવામાં આવેલ.

☐ **૫. નંદ કે દ્વાર મચી હોરી :** પ્રકાશક–પ્લસ કોર્પોરેશન, રાજકોટ.

૧/૮ ડેમી સાઇઝ પૃષ્ઠ ૮૮+૮=૯૬. સેક્સન સિલાઈ. મુખપૃષ્ઠ ઉપર ડોલોત્સવનું ભાવવાહી બહુરંગી ચિત્રજી.

ન્યોછાવર રૂા. ૨૦/– (પોસ્ટેજ અલગ). પ્રસ્તુત પુસ્તકમાં વસંત, ધમાર, ડોલ, હોરી, રસીયા વગેરે સમાવેશ થયેલ છે. અલગ અલગ ૫ વિભાગમાં ૨૩૮ પદ્ય સાહિત્યનો ઉમદા સંગ્રહ કરવામાં આવેલ છે. આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર– રાજકોટ–ઉપલેટા)ના કરકમલ દ્વારા કરવામાં આવેલ. ઉપરોક્ત ક્રમ ૩ થી ૫ પુસ્તકો મેળવવાનું સ્થાન : પ્લસ કોમ્યુનિકેશન્સ : ૨૦૩, શાંતિ કોમ્પલેક્ષ, (મહેતા બિલ્ડીંગ) બીજે માળે, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન.૨૩૫૬૧૧–૨૩૪૨૬૨.

સમાચાર

☐ **આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું ગૌરવ :** રાજકોટ શહેરના ચૌધરી હાઈસ્કૂલ મેદાનમાં તા.૨૦–૧–૨૦૦૨ થી તા. ૨૭–૧–૨૦૦૨ દરમ્યાન પૂ.પા.ગો.૧૦૮ શ્રીપ્રભુજી મહારાજશ્રીના જન્મોત્સવના ઉપલક્ષ્યમાં યોજાયેલ 'પુષ્ટિમાંગલ્ય મહોત્સવ' દરમ્યાન આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના કેન્દ્રિય કાર્યકર દ્વારા પરિષદના માધ્યમથી સૌરાષ્ટ્ર ગુજરાત તેમજ અન્ય પ્રાંતોમાં સંપ્રદાયના પ્રચાર–પ્રસાર તેમજ સંગઠન અંગે પ્રદાન કરવામાં આવેલી સુંદર સેવાઓ નિહાળી તેમજ તેઓએ પોતાના સ્વધર્મનું પાલન કર્યું છે તે બદલ વિશેષ પ્રોત્સાહિત કરવા વાક્‌પતિ પીઠ ટ્રસ્ટ–વડોદરાના અધ્યક્ષ પૂ.પા.ગો.૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત–વડોદરા) દ્વારા શ્રીહસમુખભાઈ ખખ્ખર (રાજકોટ)ને સન્માનનીય **"વૈષ્ણવ પ્રચાર રત્ન"**નો એવોર્ડ પ્રદત્ત કરવામાં આવ્યો.

☐ **જૂનાગઢ :** પૂ.પા.ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રીપ્રભુચરણ ગુસાંઈજીનો ૪૮૯ મો પ્રાકટય ઉત્સવ ત્રિદિવસીય કાર્યક્રમ હવેલીના પટાંગણમાં ઉજવવામાં આવેલ હતો. પાઠશાળા બાળકો સાથે માર્ગીય પ્રશ્નોત્તરી વિગેરે તેમજ સ્વમાર્ગીય પરિચર્યા– સેમીનાર રાખવામાં આવેલ હતો જેના વિષય સેવાપક્ષ–આચાર વિગેરે પરિચર્યા કરવામાં આવેલ જે ખૂબજ રસપ્રદ બની રહેલ. પૂ.પા.ગો.મહારાજશ્રીઓની અધ્યક્ષતામાં આવી પરિચર્યા–સેમીનાર થવાથી જ્ઞાનવર્ધક–પ્રેરણાદાયી બની રહેલ.

☐ **શ્રીમદ્ ભાગવત ગુજરાતી સરળ ભાષાંતર શ્રીસુબોધિનીજીના આશય સહિત સ્કંધ ૧ થી ૯ પ્રથમ ભાગ અને સ્કંધ ૧૦ થી ૧૨ નો બીજો ભાગ મોટા અક્ષરમાં છાપવાનો છે :** આમાં દ્રવ્ય સહાયતા રૂપીયા પાંચસો આપનારના નામ દ્રવ્ય સહાયક નામાવલી ભાગ બીજામાં કાયમ માટે છપાશે અને ભાગ પહેલો તથા ભાગ બીજો (સેટ–૧) ભેટ મળશે. રૂા.૧૦૦૦/– આપનારને બે સેટ, રૂા.૧૫૦૦/– આપનારને ત્રણ સેટ (છ પુસ્તક) એ પ્રમાણે જેટલી દ્રવ્ય સહાયતા મળશે તે પ્રમાણે અપાશે. એક સેટ (બે પુસ્તક)થી વધારે જરૂર ન હોય તો તેમ જણાવશો. તા.૩૦–૪–૨૦૦૨ સુધી રકમ મોકલી ગ્રાહક થનારને કોઈ પણ એક ભાગ રૂા.૫૦/– અને બે ભાગ (સેટ ૧) રૂા.૧૦૦/– મોકલવાથી એસ.ટી. પાર્સલ કે રેલ્વે પાર્સલથી બધા વૈષ્ણવોના ભેગા મોકલાશે. સેવાભાવી વૈષ્ણવો જે ગામમાં આ કાર્ય કરશે તેમને એક સેટ ભેટ મળશે. પોતાના ગામના વૈષ્ણવોને આ યોજના સમજાવી ગ્રાહક કરી રકમ લેવાની રહેશે. દ્રવ્ય સહાયક બને તેટલા કરવા પ્રયત્ન કરવાનો છે. જે રકમ એકઠી થાય તે આંગડીયા સાથે ટુ.પે. કરીને મોકલવી અથવા કોઈ પણ બેંકનો ડ્રાફટ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના નામે ખર્ચની રકમ કાપીને મોકલવા વિનંતી છે. જે ગામમાં આવા સેવાભાવી ન હોય તેમણે મનીઓર્ડર કે

ડ્રાફ્ટથી મોકલવાની છે. જે વૈષ્ણવોને પોતાને ઘેર પોસ્ટ દ્વારા મેળવવા ઈચ્છા હોય તેમણે કોઈપણ એક ભાગ (એક પુસ્તક) મંગાવવા રૂા.૫૦/– અને બુકપોસ્ટ ખર્ચ રૂા.૧૬/– તથા રજીસ્ટર ખર્ચ રૂા.૧૭/– મળી રૂા. ૮૩/– મોકલવાથી મોકલી આપવામાં આવશે. ભાગ પહેલો અને ભાગ બીજો અથવા ગમે તે ભાગના બે પુસ્તક પોસ્ટમાં મંગાવવા રૂા.૧૦૦ + ૩૩ + ૧૭ મળી રૂા.૧૫૦/– અને ગમે તે ત્રણ પુસ્તક પોસ્ટમાં મોકલવા વિનંતી છે. તા.૩૦–૪–૨૦૦૨ સુધી આ પ્રમાણે રકમ લેવાશે તે પછીથી ભાગવત છાપવાનું કાર્ય શરૂ થશે. રૂા.૫૦/–ના ગ્રાહકની યોજના બંધ થશે પણ દ્રવ્ય સહાયતા રૂા.૫૦૦/– કે વધારે સ્વીકારવાનું તા.૩૧–૫–૨૦૦૨ સુધી ચાલુ રહેશે.

જુન અથવા જુલાઈ ૨૦૦૨ માં મોકલવામાં આવશે. જે વૈષ્ણવો એકી સાથે બધી રકમ ન આપી શકે તેઓ અડધી કે ત્રીજા ભાગની રકમ હમણાં મોકલે અથવા પ્રતિનિધીને પોતાના ગામમાં આપે. પછી ધીમે ધીમે તા.૩૧–૫–૨૦૦૨ સુધીમાં પુરેપુરી આપવી પડશે. પછી પુસ્તક મોકલાશે. દ્રવ્ય સહાયતા જેટલી વધારે મળશે અને ગ્રાહકો વધારે થશે તેમ સરળતા થશે. વૈષ્ણવોને દ્રવ્ય સહાયતા કરવા અને ગ્રાહક થઈને શ્રીનાથજીનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવત પધરાવવા નમ્ર વિનંતી છે.

ગ્રાહકો નોંધાવવાનું સ્થળ : શ્રીબાલકૃષ્ણલાલજી પુસ્તક ભંડાર, શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી પટાંગણ, રાજકોટ.
સમય સાંજે ૬–૧૫ થી ૭–૪૫

☐ **અમદાવાદ–ધંધુકા :** શ્રીશ્યામસુંદર મંદિર જીર્ણોદ્ધાર : અમદાવાદ–ભાવનગર રોડ ઉપર ધંધુકા શહેર આવેલ છે ત્યાં શ્રીશ્યામસુંદર પ્રભુનું ૧૫૦ વર્ષ જુનું પ્રાચીન મંદિર આવેલ છે. જેનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. તૃતીય પીઠાધીશ્વર આજ્ઞાનુસાર સેવા પ્રકાર ચાલે છે. અને હાલ વૈષ્ણવો માટે 'શ્રીવૃજેશકુંજ' સંપન્ન થતા તેની અર્પણ વિધિ આપશ્રીના વરદ હસ્તે તા.૨૦–૨–૨૦૦૨ના રોજ થયેલ. અમદાવાદ સ્થિત તેમજ ધંધુકાના વૈષ્ણવોના સમુદાય દ્વારા હરિ, ગુરૂ અને વૈષ્ણવોના સુખ માટે આ તપ–યજ્ઞ ચાલી રહ્યો છે. તેમાં તન–મન–ધનથી સહયોગી બનવા અપીલ કરવામાં આવે છે. સંપર્ક : શ્રીકિરણભાઈ જે. મોદી, એ/૨ ડ્રીમપ્લાઝા, ઘેવર કોમ્પલેક્ષ પાસે, શાહીબાગ, અમદાવાદ–૩૮૦૦૦૪. ફોન.૨૮૬૨૬૭૮.

☐ **વધાઈ મહોત્સવ :** પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી (શ્રીઘનશ્યામલાલજી) કડી–અમદાવાદના જન્મદિન તેમજ તેમના દ્વિતિય આત્મજ પૂ.પા.ગો.શ્રીકુંજેશકુમારજીને ત્યાં ચિ.લાલ બાવાશ્રીના પ્રાકટ્યના મંગલ પર્વ બાદ આપશ્રીના નામકરણ પ્રસ્તાવ સમયે પલના નંદ મહોત્સવ વગેરે કાર્યક્રમો રાખવામાં આવેલ.

☐ **પોરબંદર :** પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજી (મથુરા–પોરબંદર)ની અધ્યક્ષતા હેઠળ શ્રીવૃજનિધિ સોશ્યલ ગૃપ અને વૈષ્ણવ સમાજે ગોધરા મુકામે જે અમાનવીય હત્યાકાંડ થયેલ તેના વિરોધમાં મૌન રેલી કાઢી કલેકટરશ્રી પોરબંદરને આવેદનપત્ર રજુ કરેલ. અને સદ્ગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ હતી.

☐ **વડોદરા :** શ્રીજી એસ્ટ્રોકોમ્પ સર્વીસીઝ દ્વારા 'પુષ્ટિસમાજ'ની ભાવના ધ્યાનમાં લઈને વૈષ્ણવ પરિવારના યુવક યુવતિ પરસ્પર જીવનસાથી પસંદગી કરે તે માટે પુસ્તિકા પ્રકાશીત કરેલ છે. જેને આવકાર મળતા આ વર્ષે પણ એપ્રીલ ૨૦૦૨ માં પુસ્તિકા પ્રકાશીત થનાર છે. વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ : ૪૧૦/એ, સિદ્ધાર્થ કોમ્પલેક્ષ, ઓક્ષપ્રેસ હોટલ પાસે, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

☐ **મુંબઈ :** પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વો અંગેનો સચિત્ર ગ્રંથ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રકાશીત થયેલ છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે પ્રત્યેક પાને નાથદ્વારામાં શ્રીનાથજીના થતા નિત્ય નૂતન દર્શનની પ્રતિકૃતિઓ આપવામાં આવેલ છે. સંપર્ક : સુભાષ કાપડીયા, લાભદર્શન, બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર નં.૨, જૈન દેરાસરની બાજુમાં, વિલેપાર્લા, (પશ્ચિમ) મુંબઈ–૪૦૦૦૫૬.

શ્રીયમુનાજીના પદ (પદ-૯૭)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

કબહૂં સુરતિ જનકી લેહુ;
પરમ કરુણા ધામ યમુને, કૃપા અમૃત દેહુ. ૧
ધોખે હૂ જલપાન કરત જે, સ્વપચ યવન ગવાસ;
ટારિ તે યમ યાતના દઢ લહત હરિપુર વાસ. ૨
દુરતિ આરતિ હરન, મહિમા સદા મંગલ મૂલ;
ગોપિકા ગણ સંગ મોહન રાસ કૃત નવ કૂલ. ૩
રેણુ બાત પ્રસંગ ઉડિ ગ્રહ ઉંચ નીચ પ્રવેશ;
દાસ 'વલ્લભ' તહાં ગિરિધર લાલ રહત હમેશ. ૪

ભાવાર્થ : શ્રીયમુને ક્યારેક તો જીવોની સુધિ લ્યો. આપ તો દયાના ધામ છો. આપની શરણાગતિમાં જે કોઈ આવે તેને કૃપારૂપી અમૃત જરૂર પ્રાપ્ત થાય છે. કોઈ ભૂલેચૂકે પણ આપની સન્મુખ થાય, જલપાન કરે, ભલે પછી તે ચાંડાલ હોય, યવન હોય કે કોઈપણ જીવ જાતિ હોય તે પણ યમયાતનાથી મુક્ત બનીને પ્રભુના ધામમાં નિવાસ કરે છે.

આપની મહિમા જ મંગલમય છે, તેથી આપનું જલપાન કરે તેની દુઃખ આર્તિનું આપ હરણ કરો છો અને મંગલમય આનંદને પ્રાપ્ત કરે છે.

આપના કિનારા ઉપર ગોપીજનો પ્રભુની સાથે રાસલીલા રમ્યા, પ્રભુની સાથે એકરૂપ બન્યા, પ્રભુ પણ ભક્તોની ભાવના મુજબ રમ્યા છે.

આપની રેણુકા કોઈ કારણસર ઉડીને કોઈના ઘરમાં પ્રવેશ પામે પછી ભલે કોઈ ઊંચ હોય કે નીચનો ભેદ નથી તેને તો આનંદ પ્રાપ્તિ થશેજ, કેમકે આપની રેતીમાં ભગવદ્ચરણારવિંદનું સૌભાગ્ય પ્રાપ્ત છે. ઉપર મુજબ દાસ વલ્લભ સ્તવન કરે છે. ૯૭

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month
Date : 03-04-2002

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ - સ્તુતિ વિજ્ઞપ્તિ

તુમસેંતારન નિકટ મો,

બૂરત ગહોંન હાથ ।

સાખિ બનત યહ સમય કા,

ભલે ઠરોંગે, નાથ ! ॥૪૫॥

ટીકા : હે શ્રીનાથજી ! તમેં મારી પાસે સદા બિરાજો છો મોટા તારણ નેંહૂં બૂડું છું કહેતાં બૂડવાનાં કરમ કરું છું નેં મારો હાથ ઝાલતા નથી, એટલે શૂં જે બુદ્ધિ દ્વારા વારતા નથી. હૂં બૂડું છૂં એવા સમયે સાક્ષીવત્ થાઓ છો તે શૂં સારા દેખાશો ? જે સમરથ તરવૈયો હોય તે તો કોઈ અન્ય પ્રાણીને પણ બૂડતાં હાથ આપીને કાઢે, તો તમે તો મારા પરમ વહાલા છોં તે બૂડવા નાં દેવો.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા 'શ્રી વલ્લભસુધા'

તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન :

વર્ષ ૨૧
અંક ૧

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

એ ભક્તોને એ આશ્રય હતો કે, અમારી ઈન્દ્રિય રૂપી જે અશ્વ શક્તિ છે –હોર્સપાવર છે અથવા એ ઘોડાઓ એ ભગવાનના આધિન છે. જો કે ઈન્દ્રિયો દ્વારા જ મન પોતે બહાર નીકળે છે– અને ગમે તે કરે છે. પણ ભગવાને પહેલાં મનનું અપહરણ કર્યું– ભક્તોના મન નિરોધ લીલામાં પોતાની મેતે પોતે લગાડયાં. એટલે જ ભક્તોએ આ ગુણગાન કર્યું કે *"મોહન ચોર્યોરી મન માખન"* માખણની ઉપમા શા માટે આપી ? કે ભગવાને એના મનની ક્રૂરતા દૂર કરી. અને નવનીત જેવું સુકોમળ બનાવ્યું અને નિર્મળ બનાવ્યું. જેમાં જીવનનો સ્નેહ છે – પોષક તત્ત્વ છે. ત્યારે અહીંયા ચોરવાનો અર્થ *'થેપ્ટ'* નથી. પણ અહીં આ બીજો અર્થ પણ એક થાય છે કે, રક્ષણ કર્યું. ભક્તોની માનસિક પરિસ્થિતિનું રક્ષણ જ્યારે ભગવાન કરે, તો એ વિચલિત ન થાય. અને જે માણસનું મન વિચલિત ન થાય, વ્યવહાર વિચલિત ન થાય તે માણસ ઉત્તમ વ્યવહાર – દુનિયામાં કરી(ને) જીવી શકે છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્‌સુધા–૨ પૃષ્ઠ–૭૫–૭૬)



વાર્ષિક લવાજમ : રૂા. ૪૦/-
આજીવન લવાજમ : રૂા. ૫૦૧/-



○ ગૌરક્ષા–ગૌ–પાલનમાં તત્પર બનો ○

- પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૧ ● અંક : ૩ ● શ્રીવલ્લભાબ્દ : ૫૨૪ ● વિક્રમ સંવત : ૨૦૫૮ ● મે, ૨૦૦૨

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૧૨ તા. ૯–૫–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (કડી– અમદાવાદ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૨ તા. ૧૪–૫–૨૦૦૨ મંગળવાર : શ્રીપરશુરામ જયંતી.

વૈશાખ સુદ ૩ તા. ૧૫–૫–૨૦૦૨ બુધવાર : અક્ષયતૃતીયા. ચંદનયાત્રા. ગો.શ્રીઅક્ષયકુમારજી (પોરબંદર)નો જન્મદિન. ત્રેતાયુગાદિ જલકુંભદાન. શ્રીપ્રભુને આજથી બે માસ પર્યંત શીતોપચાર કરવો. અષ્ટસખા પૈકી ભક્ત કવિશ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં.૧૫૫૩). ગ્રીષ્મ ઋતુની શરૂઆત તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૧૬–૫–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીપીતાંબરજી મહારાજશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૧૭–૫–૨૦૦૨ શુક્રવાર : અષ્ટ સખા પૈકી ભક્ત કવિશ્રી સૂરદાસજીનો જન્મદિન (સં.૧૫૩૫). શ્રીનટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં.૧૮૫૧).

વૈશાખ સુદ ૬ તા. ૧૮–૫–૨૦૦૨ શનિવાર : ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી– જૂનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧૯–૫–૨૦૦૨ રવિવાર : ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો જન્મદિન. ગંગોત્પતિ, ગંગાસપ્તમી, ગંગાપૂજન. ગો.ચિ.શ્રીરવિરાયજી (મુંબઈ–ધોરાજી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૨૨–૫–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૨ તા. ૨૩–૫–૨૦૦૨ ગુરૂવાર : મોહિની એકાદશી વ્રત.

વૈશાખ સુદ ૧૩ તા. ૨૪–૫–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીરાજીવલોચનજી (બોરીવલી– જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨૫–૫–૨૦૦૨ શનિવાર : શ્રીનૃસિંહજયંતી વ્રત. ગો.ચિ.શ્રીરણછોડલાલજી (માંડવી–રાજકોટ)નો તથા ગો.ચિ.શ્રીરસિકરાયજી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૨૬–૫–૨૦૦૨ રવિવાર : પૂર્ણિમા. વૈશાખ સ્નાન સમાપ્તિ. કૂર્મ જયંતી. શ્રીરાધારમણનું પ્રાકટય. ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૨૮–૫–૨૦૦૨ મંગળવાર : તિલકાયત શ્રીદાઉજી મહારાજકૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

વૈશાખ વદ ૪ તા. ૩૦–૫–૨૦૦૨ ગુરૂવાર : ગો.ચિ.શ્રીદિવ્યેશબાવાશ્રી (નાથદ્વારા–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૨–૬–૨૦૦૨ રવિવાર : ગો.ચિ.શ્રીશરદકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૫–૬–૨૦૦૨ બુધવાર : ગો.ચિ.શ્રીચંદ્રગોપાલજી (મથુરા–પોરબંદર– ઉપલેટા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૬–૬–૨૦૦૨ ગુરૂવાર : અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૭–૬–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૧ અંક : ૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ મે, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ છોંતેરમો : "ખાટ કી છાયા પ્રભુ પેં ડારે નહીં"

ખાટલો, એટલે કે ચાર પાયાવાળો કાથી કે ભીંડીની જાળી ભરેલ સૈયા. તેની છાયા પ્રભુ પર પડવા દેવી નહીં. એટલે કે દીવો કરેલ હોય તેવે સમયે, કે અન્ય કોઈ પ્રકાશ, તડકો વગેરે આવતો હોય ત્યાંથી જ્યાં પ્રભુ બિરાજતા હોય તેની વચ્ચે ખાટલો લઈ પસાર ન કરવો કે, ખાટલો એવી રીતે ન રાખવો કે જેનો પડછાયો પ્રભુ ઉપર પડે. જૂના આચાર મુજબ ખાટલાનો પડછાયો અશુભ મનાય છે– તેથી સાવધાની રાખવી. નહીંતર અપરાધ લાગે.

☐ અપરાધ સત્યોતેરમો : "જૂઠે તેલસોં તથા જૂઠે ઘી સોં દીવા ન કરેં"

જૂઠા એટલે એંઠા, ઘી તેલથી પ્રભુ પાસે દીવો ન કરાય. આ એંઠાનો અર્થ એ કે, કોઈ ભરેલ વાસણમાંથી થોડુંક ઘી, કે તેલ આપણા કોઈ કામમાં લેવાયું હોય ચાહે રસોઈ માટે– કે હાથ પગ ચોપડવા, કે અન્ય કોઈ પણ ઉપયોગમાં– (પ્રભુની સામગ્રી સિવાયના કોઈ ઉપયોગમાં) લેવાયું હોય તેવા ઘી કે તેલનો દીવો પ્રભુ સન્મુખ ન કરાય. તેજ રીતે પૂ.આચાર્યશ્રી ની આરતી વગેરેમાં પણ શુદ્ધ તેલનો જ ઉપયોગ કરવો. (પ્રાચીન જાણકાર વૈષ્ણવો એમ કહે છે કે શ્રીગુરૂદેવ સાક્ષાત્ ઈશ્વર જ છે. પણ મનુષ્ય દેહ ધારણ કર્યો હોવાથી તેમની ઘી ના દીવાથી આરતી ન કરાય. મનુષ્યના અંત સમયે ઘી નો દીવો કરવાની રીત હોઈ, જીવંત મનુષ્ય પાસે ઘી નો દીવો કરવાનું અશુભ મનાયું છે.)

આ ઉપરાંત જૂઠા ઘી, તેલનો અર્થ, બીજી રીતે એ કે, જૂઠું એટલે ખોટું–બનાવટી. તેથી વેજીટેબલ ઘી કે ખોટું તેલ–બનાવટી મીણ વગેરે (જે પેટ્રોલીયમ પદાર્થ છે)નો દીવો પણ પ્રભુ સન્મુખ ન કરાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

–ગતાંકથી ચાલુ

આ ઉપરાંત એક બીજી દષ્ટિથી પણ નિરોધનું લક્ષણ–વ્યાખ્યાન કરી શકાય છે. તે આ પ્રમાણે છે :

(૧) કરણ–નિરોધ
(૨) વ્યાપાર–નિરોધ
(૩) ફલ–નિરોધ

(૧) કરણ–નિરોધ

શ્રીસુબોધિનીજી તથા ભાગવતાર્થ–નિબંધના તામસ પ્રકરણના પ્રારંભમાં આ વિષયનું વિવેચન થયું છે કે જીવના સ્વભાવને બદલવો સ્વયં જીવને માટે સર્વથા અશક્ય વાત છે. તેથી જીવના સાત્ત્વિક, રાજસ કે તામસ સ્વભાવોને અનુરૂપ સ્વરૂપ ધારણ કરીને ભગવાન, જ્યારે ભૂતલ પર પ્રગટ થાય છે અને ભક્તોની વચ્ચે લીલા કરે છે, ત્યારે પોતપોતાના સ્વભાવના અનુરૂપ જીવ ભગવાનના સ્વરૂપ તથા લીલાઓમાં આસક્ત થઈ જ જાય છે. આ લીલાવિહારી શ્રીકૃષ્ણમાં આસક્તિને કારણે પ્રાપંચિક વિષયોમાંથી જીવની આસક્તિ અનાયાસ (એની મેળે) જ તૂટી જાય છે, અથવા સ્વાર્થબુદ્ધિરહિત કેવલ ભગવદુપયોગિતાની ભાવનામાં રૂપાન્તરિત થઈ જાય છે. આ વિલક્ષણ પરિવર્તન જે લીલાને કારણે સંભવિત બને છે, તે ભગવલ્લીલાને કરણાત્મક નિરોધ માનવામાં આવે છે.

'કરણ' એટલે કે અસાધારણ કારણ. દશમસ્કંધમાં વર્ણિત ભક્તો–ખાસ કરીને–વ્રજભક્તો કે જેમને પ્રપંચવિસ્મૃતિ અને કૃષ્ણાસક્તિની સિદ્ધિ મળી, તેનું અસાધારણ કારણ ભક્ત–સ્વભાવાનુરૂપ ભગવદ્રૂપ તથા ભગવલ્લીલા જ હતી. તેથી કહેવામાં આવ્યું છે કે –"તે નાધીતશ્રુતિગણાઃ નોપાસીતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાન્મામુપાગતાઃ કેવલેન હિ ભાવેન ગોપ્યઃ ગાવઃ નગાઃ મૃગાઃ યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધાઃ મામીયુરંજસા, યં ન યોગેન સાંખ્યેન દાનવ્રતતપોધ્વરૈઃ વ્યાખ્યાસ્વાધ્યાયસંન્યાસૈઃ પ્રાપ્નુયાદ્ યત્નવાનપિ". પ્રહ્લાદ, વૃત્રાસુર, યક્ષપત્નીઓ વગેરેએ તો વેદાદિનો સ્વાધ્યાય કે વિધિપૂર્વક મહાપુરુષની ઉપાસના કે વ્રત કે કોઈ તપસ્યા પણ કર્યાં નહોતા. બસ કેવળ સત્સંગના પ્રભાવથી તે લોકો મને પ્રાપ્ત કરી શક્યાં. તેમાંય ગોપીજનો, ગાયો, યમલાર્જુન આદિ વૃક્ષ, વ્રજનાં પશુ, પક્ષી, કાલિયનાગ ઈત્યાદિ તો મૂઢ બુદ્ધિના હતા. આવા તો કેટલાયે લોકોએ મને માત્ર પ્રેમપૂર્ણ નિઃસ્વાર્થ ભાવથી જ પ્રાપ્ત કરી કૃતકૃત્યતા અનુભવી છે અને એટલું જ નહીં જે પુરુષાર્થી લોકો યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપસ્યા, યજ્ઞ, શ્રુતિઓની વ્યાખ્યા, મનન અને સંન્યાસાદિ સાધનો દ્વારા પ્રાપ્ત કરવા ચાહે છે તે પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ સત્સંગથી હું અત્યંત સુલભ થઈ જાઉં છું. (ભા.૧૧–૧૨–૭–૯).અહીં જે સત્સંગ અથવા જે ભાવને સ્વપ્રાપ્તિમાં ભગવાને સાધન માન્યા છે, તે સ્વયંનો લીલાત્મક સંગ તથા લીલાસક્તિરૂપ ભાવ જ છે. બીજાં બધાં સાધનો જેવાં કે યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યાન, સ્વાધ્યાય તથા સંન્યાસરૂપ સાધનોની નિરુપયોગિતા સ્વયં ભગવાને જ વર્ણિત કરી દીધી છે. તેને 'સાધનનિરોધ' અથવા 'ભગવાનનો ભક્તોમાં નિરોધ' માનવામાં આવે છે.

તેથી સિદ્ધ થાય છે કે ભક્તોના સ્વભાવને અનુરૂપ ભગવાનની લીલા, ભક્તોના નિરોધ અથવા પ્રપંચવિસ્મૃતિ અને ભગવદ્આસક્તિનું અસાધારણ કારણ છે.

(૨) વ્યાપાર–નિરોધ

વ્યાપારનિરોધની બાબતમાં બે જાતનાં કારણો સમજવાના છે. – (૧) ઉપાદાન અને (૨) નિમિત્ત. માટી ઘડાનું ઉપાદાન કારણ બને છે. ચક્ર, દંડ વગેરે ઉપકરણ નિમિત્ત કારણ માનવામાં આવે છે. નિમિત્ત કારણ નિષ્ક્રિય હોય તો કાર્ય ઉત્પન્ન થતું નથી. તેથી સક્રિય–ક્રિયાવ્યાપાર કરવાવાળા કારણને 'કરણ' અથવા 'ઉપકરણ' કહેવામાં આવે છે.

ભગવલ્લીલાને નિરોધની ઉત્પત્તિમાં કરણ માનવામાં આવ્યું છે. તદનુસાર જ કાંઈક વ્યાપાર પણ થવો જોઈએ. તેથી પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ તે ભગવલ્લીલાનો વ્યાપાર છે. જેમ ચક્રનું ફરવું અથવા દંડથી ચક્રને ફેરવવું, તે વ્યાપારોને કારણે ચક્ર–દંડો વગેરે સાધનોને 'કરણ' કહેવામાં આવે છે.

(૩) ફલ–નિરોધ

ભક્તના સ્વભાવને અનુરૂપ કરણ–ભગવલ્લીલા અને તેનો વ્યાપાર– પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિના ફલસ્વરૂપ ભક્તના પ્રાપંચિક વિષયોના બધાં બંધનો તૂટી જાય છે. તેનો જીવને અભાવ થઈ જાય છે. આવું બે પ્રકારે થાય છે. કાં તો ભક્તના સંબંધિત બધા જ લૌકિક પદાર્થ અને ભાવોમાં ભગવદાવેશ, અલૌકિકતા અર્થાત્ સચ્ચિદાનન્દાત્મકતા પ્રગટ થઈ જાય છે, અથવા તો પછી લૌકિક પદાર્થ અને ભાવોથી મુક્ત થઈને જીવ સાયુજ્ય અથવા વૈકુંઠાદિ લોકોમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત કરી લે છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે – "લૌકિકેષુ તુ ભાવેષુ યત્રૈવ હરિવેશનં નિવર્તતે તદેવાત્ર વહ્નેર્દારુમયં યથા". જે જે લૌકિક ભાવોમાં જ્યારે હરિનો આવેશ થઈ પરમાત્મભાવ પ્રાપ્ત થાય છે ત્યારે તેમાં જેમ અગ્નિમાં લાકડું લીન થઈ અગ્નિરૂપે પરિણમે છે તેમ તેમાં લૌકિકાંશ નષ્ટ કરી ભગવદ્– આનંદાંશ પ્રગટ કરે છે. (સુબો.૧૦–૫–૧). જે જે લૌકિક ભાવોમાં અથવા પદાર્થોમાં ભગવદાસક્તિને કારણે ભગવદાવેશ આવી જાય છે, તે બધા પદાર્થો અને ભાવોમાં તિરોહિત ચિદંશ અને આનંદાંશ પુનઃ પ્રગટ થઈ જાય છે. આમ સચ્ચિદાનંદાંશના પૂર્ણ પ્રાકટ્યને કારણે તે બ્રહ્માત્મક બની જાય છે. લાકડામાં તિરોહિત અગ્નિ જેમ એકવાર પ્રકટ થઈ જાય છે તો લાકડું સ્વયં અગ્નિરૂપ બની જાય છે, તે જ પ્રમાણે જે ભક્તમાં પ્રપંચવિસ્મૃતિની સાથે ભગવદાસક્તિ પ્રગટ થઈ જાય છે, તેના બધા પદાર્થો અથવા ભાવ અંતે તો સચ્ચિદાનંદ બ્રહ્મનું રૂપ ધરી લે છે. એમ તો જગતની પ્રત્યેક વસ્તુનું વાસ્તવિક અથવા આન્તરિક સ્વરૂપ તો બ્રહ્માત્મક જ હોય છે, પણ અજ્ઞાનવશ આપણને વિપરીત ભાન થાય છે, અને તે ભાન નિવૃત્ત થઈ જાય છે.

આ અદ્વૈતવાદીઓને માન્ય મિથ્યા–માયિક પ્રપંચની જેમ આ પ્રપંચનું બાધજ્ઞાન નથી કે નથી નૈયાયિકોના અનિત્ય પ્રપંચની જેમ આ પ્રપંચનો નાશ જ. સાંખ્યના પ્રાકૃત પ્રપંચની જેમ આને વિકૃતિનું પ્રકૃતિમાં પુનઃ લીન થઈ જવાનું પણ માની શકાતું નથી. પ્રપંચનું બ્રહ્માત્મક થઈ જવાનું તાત્પર્ય કેવળ એટલું જ છે કે દૃષ્ટા–જીવને તે બ્રહ્માત્મક હોવા છતાં પણ તેને તે દેખાતું નથી, પરંતુ નિરુદ્ધ ભક્તની દૃષ્ટિમાં પોતાના પ્રિયતમ પરમાત્મા સિવાય બીજું કંઈ આવતું જ નથી, પરિણામે જડ જગતના વિભિન્ન પદાર્થો પણ તેને સચ્ચિદાનંદાત્મક દેખાય છે. તે પ્રમાણે જીવજગતના પણ બધાં રૂપોમાં બ્રહ્માત્મકતાનું તેને ભાન થવા માંડે છે. જડ–જીવાત્મક જગતની જડરૂપતા અને દુઃખરૂપતા તિરોહિત થઈ જાય છે. આ અર્થમાં આ અવસ્થાને કોઈ વખત 'પ્રપંચપ્રલય' કે 'પ્રપંચનાશ' કહેવામાં આવે છે. આ ફલનિરોધ છે. એટલે કે ભક્તનો ભગવાનમાં નિરોધ છે. તેનો પ્રયોજનલક્ષણના અંતર્ગત વિચાર કરવામાં આવ્યો છે. દશમસ્કંધમાં ભગવાનની લીલાનું વર્ણન ચાર પ્રકારે કરવામાં આવ્યું છે.

–ક્રમશઃ

પુષ્ટિ પદારથ સબ કોઉ જાનો

—જશવંત મહેતા, મુંબઈ

—ગતાંકથી ચાલુ

૧. પ્રભુથી વિમુખ ક્યારેય ન થશો

'ઔર એક સમય કુંભનદાસજી શ્રીઆચાર્ય ચરણજી સોં પુષ્ટિ માર્ગ કો સિદ્ધાંત પૂછ્યો. તબ શ્રીઆચાર્યજી આપુ કૃપા કરિકે ચોરાશી અપરાધ, રાજસી, તામસી સાત્વિકી ભક્તન કે લક્ષણ ઔર પ્રાતઃકાલ તેં સેન પર્યંત કી સેવાકો પ્રકાર કહે. બાલલીલા, કિશોરલીલા, કો ભાવ કહે પાછેં કહે જો જા પર શ્રીગોવર્ધનનાથજી કી કૃપા હોયગી સો યા કાલમેં પૂછેંગે ઔર કરેંગે, જો તુમ સરીખે ભગવદીય પુછેંગે ઔર કહેંગે. આગે કાલ મહા કઠિન આવેગો ઔર ન કોઈ પૂછેગો ઔર ન કોઈ કહેગો !' – ભાવપ્રકાશ

પુષ્ટિ સંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ ગો.શ્રીહરિરાયજી લગભગ ચારસો વર્ષ પહેલા એમના "ભાવપ્રકાશ" ગ્રંથમાં અષ્ટસખામાંના એક કવિ કુંભનદાસની વાર્તામાં આ વાત લખી ગયા છે અને 'આગે કાલ મહાકઠિન આવેગો'ની કાળવાણી ઉચ્ચારતાં કહી ગયા છે કે 'ન કોઈ પૂછેગો ઔર ન કોઈ કહેગો'

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રેરિત પુષ્ટિસંપ્રદાય વિશેની 'ન કોઈ પૂછેગો'ની વૃત્તિને કારણે—એક બાલિશ માન્યતા સમાજમાં એવી પ્રચલિત છે કે પુષ્ટિ સંપ્રદાય એટલે લાડુ, ઠોર અને મોહનથાળનો, અડાઈ જતાં અભડાઈ જવાનો, તિલક ટપકામાં 'ત્રેપન' જ નહીં જીંદગીના બહુમૂલ્ય વર્ષો વેડફી દેવાનો, બૂમબરાડા અને તામસી પ્રકૃતિનો, હડહડ કરતા રહેવાનો, કપડા સંકોરતા રહેવાનો, છપ્પનભોગ, રાસલીલા અને રમણલીલાનો માર્ગ, આવી ભ્રમણા વર્ષોથી ભારતની સામાન્ય જનતામાં પ્રવર્તી રહી છે, ત્યારે વિ.સં. ૧૫૮૭નો અષાઢ સુદ બીજનો એ દિવસ...ગંગાના તટની ભીની રેતી પર 'વ્યામોહ' લીલા કરી જતાં શ્રીવલ્લભના હસ્તાક્ષરે લખાયેલા સાડા ત્રણ શ્લોકોના એ શબ્દો યાદ આવી જાય છે.

'પ્રભુથી વિમુખ ક્યારેય ન થશો. પ્રભુને અર્પણ કર્યા વગરની કોઈ પણ ચીજનો ઉપભોગ કે ઉપયોગ ન કરશો, જુઠ્ઠું બોલતા કે વ્યર્થ આલાપ કરતાં કે ચિત્તમાં લૌકિક ભાવનાનું સર્જન કરે એવા લોકોનો સંગ ન કરશો. આટલી ચાર વાત ધ્યાનમાં રાખી જિંદગી જીવશો તો પ્રભુને પામશો જ— અને શ્રીવલ્લભના આ સાડા ત્રણ શ્લોકોનો અર્થવિસ્તાર કહેવાય છે કે શ્રીગોવર્ધનનાથજીએ સ્વયંભૂ પ્રગટ થઈ બાકીના અર્ધા શ્લોકમાં લખ્યું કે "તમારું ચિત્ત મારાથી વિમુખ થઈ બીજા વિષયોમાં ભટકવા માંડશે, રચ્યુંપચ્યું રહેશે ત્યારે કાળ જ તમારું ભક્ષણ કરી જશે.'

કાળના ગર્ભમાં વિલીન થતી વીસમી સદી અને એકવીસમી સદીના પ્રારંભની પળોમાં— વર્તમાન પુષ્ટિસંપ્રદાયની ગતિવિધિ નિહાળતાં— શ્રીવલ્લભ શ્રીગોવર્ધનધરની વાણી સાચી પડતી લાગી રહી છે, ત્યારે સામાન્ય જનતામાં પ્રવર્તી રહેલી ઉપર જણાવેલી કેટલીક માન્યતાઓ પર વિચાર કરી, એને દૂર કરવાનો પ્રયત્ન થવો આજના યુગની તાતી જરૂર છે. પુષ્ટિસંપ્રદાય— એ શું છે? કેવો છે, એની શી વિશિષ્ટતા છે, કઈ વિચારધારા

પર એ આધારિત છે—એ વિશેનો સાચો ખ્યાલ આપવાનો પ્રયત્ન ક્યારેય પુષ્ટિસંપ્રદાયમાં છપ્પનભોગ અને રાજભોગોમાં રચ્યાપચ્યા રહેતા શ્રીવલ્લભકુળના આચાર્યો, મનોરથી વૈષ્ણવો, શ્રીમદ્ ભાગવત સપ્તાહના ''ભાવો'' નક્કી કરી કથાશ્રવણ કરાવતા શાસ્ત્રીઓ કે વૈષ્ણવો દ્વારા થયા નથી....કારણ શ્રીગોવર્ધનનાથજીએ ભાખેલું પેલું ભવિષ્ય 'તમારું ચિત્ત મારાથી વિમુખ થઈ બીજા વિષયોમાં હવે ભટકતું થઈ ગયું છે, ત્યારે 'ધર્મ સમજ'નો વિચાર જ કેમ આવે? કોને આવે ? અલબત્ત હમણાં હમણાં આ ઉદાસીનતા કેટલાક ક્રાંતિકારી શ્રીવલ્લભકુળનાં વિદ્વાન બાળકો અને યુવાન રડયાખડયા એકાદ બે શાસ્ત્રીઓ દ્વારા ખંખેરાઈ રહી છે—અને સતત ત્રણત્રણ અને પાંચ પાંચ કલાકોના વ્યાખ્યાનસત્રો ઠેરઠેર યોજાઈ રહ્યા છે અને પુષ્ટિસંપ્રદાયનું વિચારધન એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં પ્રગટ થઈ રહ્યું છે ત્યારે આ પ્રયત્નોમાં આ લેખમાળા દ્વારા મારો અલ્પબુદ્ધિ અર્થ આપવાનો યથાશક્તિ પ્રયત્ન કરું છું.

પુષ્ટિસંપ્રદાય લાડુ, ઠોર કે મોહનથાળનો, છપ્પનભોગ કે રાજભોગ કે હડહડ કરવાનો માર્ગ છે એવી માન્યતા એક ''ઘૂવડ નજર'' છે. અંતરમાં ઠાંસીઠાંસીને ભરાયેલા અજ્ઞાન, પૂર્વગ્રહ અને વૈચારિક શક્તિના મૂઢ પણાનું એક પરિણામ છે. શ્રીવલ્લભકુળ તેમ જ તેના કેટલાક અંધશ્રદ્ધાળુ અનુયાયીઓના કેટલાક બાલિશ વિચારો તેમજ વર્તનના કારણે બંધાઈ ગયેલી એક માનસિક ગ્રંથીનું પરિણામ છે. આંખો ખુલ્લી હોવા છતાં કેટલાક બંધાઈ ગયેલા માનસિક પડળોના કારણે સમાજમાંના કેટલાક વર્તુળો માટે ''લાડુ, ઠોર'' અને હાથ '' ખાસા'' એટલે કે હાથ ધોતા રહેવાનો ''માર્ગ'' આ પુષ્ટિમાર્ગ બની ગયો છે. કેટલાક અનુભવો પણ એવા થતા રહ્યા છે કે સમસ્ત ધર્મની અવહેલના યુવા વર્ગની નફરતની આંખે થવા માંડી છે, ત્યારે પુષ્ટિ સંપ્રદાયના આચાર્ય ચરણના વંશજો, શાસ્ત્રીઓ, ચિંતકો, બૌદ્ધિકો તેમજ વૈષ્ણવોએ આ નફરતનાં પડળો દૂર કરી પુષ્ટિમાર્ગ એ સેવા અને સમર્પણ, પ્રેમ અને વિરહ, દીનતા અને નિરોધ, ભક્તિ અને ભાવનો માર્ગ છે ની વાતો ગૌરવપૂર્વક પ્રજા સમક્ષ ખાસ કરીને જેમની વિચારશક્તિ કુંઠિત નથી થઈ જેમની નજર ''ઘૂવડ નજર'' નથી થઈ એવી યુવા પેઢી સમક્ષ મૂકવાની તાતી જરૂર છે.

''મનુષ્યની સૌ પ્રથમ આસક્તિ શેના પર ?'' પ્રશ્ન વિચારવા જેવો છે અને આ પ્રશ્ન સૌ કોઈનો કોઈ પણ કાળનો છે. અંતરના અતલ ઉંડાણમાં ડૂબકી મારી માણસ ઉત્તર શોધવા પ્રયત્ન કરે તો આત્મચક્ષુ અને અરીસામાં દેખાતાં દેહચક્ષુ દ્વારા એને પોતાનું જ સ્વરૂપ દેખાવાનું સ્વાભાવિક છે. મનુષ્ય માત્ર એના પોતા પર, એના દેહ પર, વિચારો પર, મતમાંતરો પર, સિદ્ધાંતો પર, માન્યતાઓ પર જેટલો આસક્ત હોય છે એટલો બીજા કોઈ પર પણ આસક્ત હોતો નથી અને એ એની જાતને આસક્તિના એ ઘેરાવમાંથી—વર્તુળમાંથી ક્યારેય બહાર કાઢી શકતો નથી.

સંસારી લીલામાં વ્યસ્ત એવો માણસ એના 'સ્વ'ને માટે પોતાના માટે સર્વ કાંઈ ભેગું કરવામાં જ જીંદગીના શૈશવથી—જન્મથી જરા સુધીના વર્ષો એની સંગ્રહવૃત્તિમાં જ ખોઈ નાંખતા હોય છે. ધન, ઘર, સંપત્તિ, ધંધો, સ્ત્રી, પુત્ર, પિતા, માતા અને ખુદ 'સ્વ'માંની આસક્તિમાં જ એની જીંદગીની મજલ પૂરી થઈ જતી હોય છે. આ મજલ દરમિયાન એ ધર્માચરણ પણ કરે છે, પરંતુ એમાં પણ 'ભગવાન મારું ભલું કરજે' મને સંપત્તિ..સંતતિ..પ્રતિષ્ઠા આપજે'ની ભિખારી વૃત્તિમાં જ એનું ધર્માચરણ પૂરું થઈ જતું હોય છે. ચાલાક, વ્યાપારી માનસવૃત્તિ ધરાવતો ધર્માચરણી માણસ તો ભગવાન સામે ભીખ માંગતા 'સોદો' પણ કરી લેતો હોય છે.

'હે ભગવાન આ સરકારી ટેન્ડર મને અપાવી દેજે. હું તારા મંદિરે છપ્પનભોગ કરાવીશ' આ વૃત્તિથી ઘેરાયેલો 'સ્વ' પ્રત્યેની આસક્તિથી ઘેરાયેલા માણસ પ્રત્યે ઈશ્વરને તો દયા આવે, પરંતુ એથી વિશેષ તો નિર્મોહી, નિષ્કલંક, નિર્દોષ મનમોજી મસ્ત આસક્તિવિહોણા ભગવાનના ભક્તોને પણ દયા આવે.

એક વાર્તા છે ને.... બગદાદ શહેરની મસ્જિદની બહાર એક ઓલિયો ફકીર 'ખુદા કે નામ કુછ ખૈરિયત કરતે જા મેરે બંદે'ની એલાન કરતો ભીખ માંગતો બેઠો હતો. બગદાદાનો બાદશાહ નમાજ પઢવા મસ્જિદમાં આવ્યો. ફકીરની એલાન સાંભળી. એક ક્ષણ પૂરતો ઉભો રહી બોલી ઉઠયો. 'હું નમાજ પઢીને બહાર આવી તને ખૈરિયત કરીશ.' અને બાદશાહ મસ્જિદમાં પ્રવેશ્યો. ફકીર પણ પાછળ પાછળ ઘૂમ્યો. નમાજ પઢતા બાદશાહના મુખમાંથી નમાજ પૂરી થતા શબ્દો સરી પડયા. 'પરવરદિગાર મારી સલ્તનતમાં વૃદ્ધિ કરજે'

આ સાંભળતા જ ફકીર પીઠ ફેરવી ચાલી નીકળ્યો. બાદશાહે એને બોલાવ્યો અને દાન આપવાની ચેષ્ટા પણ કરી. ત્યારે ફકીર બોલી ઉઠયો. 'આલમપનાહ હું તો માનતો હતો કે તમે એક માલેતુજાર સામ્રાજ્યના બાદશાહ છો, પરંતુ હમણાં જ ખબર પડી કે તમે પણ મારા જેવા જ એક ભિખારી છો. તમારા નિજ હિતો માટે માગતા ફરો છો. તમે મને શું ખૈરિયત કરવાના ?'

આ 'સ્વ' પ્રત્યેની આસક્તિ 'જીવ' માટે એક મોટો પડકાર છે. બૌદ્ધિક ભોગભોગાદિમાં રત એવા માણસની દ્રષ્ટિ 'ઔર ભી કઈ જહાં હૈ' તરફ ક્યારેય પડતી હોતી નથી. પરંતુ જ્યારે પડે છે ત્યારે 'સ્વ' તરફની એ આસક્તિ જીર્ણશીર્ણ પાનની જેમ ખરી પડે છે. કોઈક સદ્‌ગુરૂના સંગાથ. શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રીચૈતન્ય મહાપ્રભુ જેવા સંતોની કૃપાના કારણે અને એ આસક્તિ પ્રભુ પ્રીત્યાર્થે વહેતી થાય છે. અને 'જીવ'નો બેડો પાર થઈ જાય છે. અષ્ટસખાના 'છીતસ્વામી'ની જેમ ગાઈ ઉઠે છે, 'ભઈ અબ ગિરિધર સૌં પહચાન'– અને સૂરદાસ એના પદ 'જો હમ ભલે બૂરે તો તેરે'માં ગુંજી ઉઠે છે.

'સ્વ' પ્રત્યેની રુચિ, આસક્તિ જ્યારે શ્રીવલ્લભકૃપાથી– પ્રેરણાથી એકાદ સદ્‌ગુરૂની કૃપાથી જ્યારે જીવને થઈ જાય છે, ત્યારે એ 'સૂર સ્વામી', 'સૂરદાસ'– 'છીતગુંડો' છીતસ્વામી બને છે. અને એ બનવાની પ્રક્રિયામાં એ યજ્ઞમાં આપોઆપ 'સ્વ'ના અહમની, આડંબરની, એષણાઓની આહુતિઓ અપાય છે. 'સ્વ'ના બધાજ 'દેહાસક્તિ'ના સૈનિકો એના શસ્ત્રો સદ્‌ગુરૂને ચરણે સમર્પિત કરીને એ હવાની જેવો હલકો થઈ ગાઈ ઉઠે છે. બાદશાહ અકબર જેવાને સંભળાવી દે છે...

'જાકૌ મુખ દેખે દુઃખ લાગે, તાકૌ કોન કરે પરનામ'–અને શ્રીગોવર્ધનધર સમક્ષ 'પ્રભુ તુમ્હારે શરન શ્રીવલ્લભ તુમ્હારે શરણ' ગાઈ ઉઠે છે. એક વખત આસક્તિથી મુક્ત થયેલા જીવમાં પ્રભુમિલનની પ્રભુદર્શનની આરત જાગે છે–એ આરત ધીમે ધીમે વિરહતાપનું સ્વરૂપ અંતરમાં ધારણ કરે છે. અને એ વિરહ, એ તાપ, એ ઝંખના, એ વિરહનાદ દ્વારા સદ્‌ગુરૂ સમક્ષ આત્મનિવેદન કરે છે. જે પુષ્ટિસંપ્રદાયમાં 'બ્રહ્મસંબંધ'–દીક્ષારૂપે પ્રખ્યાત છે. 'બ્રહ્મસંબંધ' એટલે જીવનું 'બ્રહ્મ' સાથેનું મિલન– જોડાણ, બ્રહ્મસંબંધ એટલે 'સ્વ' ની સમગ્ર આસક્તિનું ભગવદચરણે સમર્પણ. 'બ્રહ્મસંબંધ' એટલે કોટિકોટિ વર્ષોથી શિવથી બ્રહ્મથી છૂટા પડી ગયેલા 'જીવ'ની આસક્તિની અટવીમાંથી મુક્તિ...પરંતુ આ મુક્તિ સરળ નથી. આસક્તિ સહેલાઈથી છૂટતી નથી.

સત્સંગ-મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનભાઈ તન્ના, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

ગઈ કાલે સભાના અંતે સૌ આનંદ ઉલ્લાસ સાથે સૌ વિખરાયા. રસ્તામાં નાના મોટા સૌ સત્સંગની વાતો કરતા કરતા ઘેર પહોંચ્યા. રાત્રે પણ એવાજ વિચારો સૌને આવ્યા કરતા હતા અનેબીજા દિવસની રાત્રિ ક્યારે પડે અને ક્યારે સત્સંગમાં જઈએ, એવી તાલાવેલી સૌને લાગી ગઈ. રાત્રે સત્સંગના સમયે સૌ આવી ગયા અને સૌ સૌના સ્થાને વ્યવસ્થિત બેસી ગયા. મંગલાચરણ થયા બાદ વૈષ્ણવોએ કનુભાઈને કહ્યું કે ગઈકાલે સભામાં 'સુખ કહ્યાં ન જાય સત્સંગના રે' એ ધોળ ઈંદિરાબેને સરસ રીતે ગવરાવ્યું તે ધોળની થોડી સમજૂતી આપો.

કનુભાઈ વૈષ્ણવોનો ઉત્સાહ જોઈ આનંદમાં આવી ગયા અને તે ધોળનો સારાંશ કહેવાનો પ્રારંભ કર્યો. તેમણે સત્સંગની શ્રેષ્ઠતા સમજાવતા વિશ્વામિત્ર અને વશિષ્ઠ ઋષિ વચ્ચેનો સંવાદ કહી સંભળાવ્યો.

વિશ્વામિત્રે ૬૦ હજાર વર્ષ સુધી તપ કરીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું હતું. તેમને તપનો મહિમા મહાન લાગતો હતો. પરંતુ વશિષ્ઠે કહ્યું કે, ૬૦ હજાર વર્ષના તપ કરતાંયે એક ક્ષણનો સત્સંગ વધુ ઉત્તમ છે.

એક બીજાની વાત હઠે ચડી, તેથી નિર્ણય માટે તેઓ બંને મહાદેવ પાસે ગયા અને પોતપોતાનું મંતવ્ય કહી સંભળાવ્યું. મહાદેવજીએ કહ્યું કે આનો ઉત્તર તમને ભગવાન વિષ્ણુ પાસેથી મળશે. એટલે બંને ભગવાન વિષ્ણુ પાસે ગયા. ભગવાન વિષ્ણુએ પણ કહ્યું કે આનો ઉત્તર તમને શેષ પાસેથી મળી શકશે. એટલે બંને શેષ પાસે ગયા અને પોતાનું મંતવ્ય કહી બતાવ્યું.

શેષે કહ્યું કે, હું તમોને કહું પણ મારે માથે પૃથ્વીનો મોટો ભાર છે તે થોડોક હળવો કરો તો હું તમોને તમારો પ્રશ્ન ઉકેલી આપું. વિશ્વામિત્રે કહ્યું કે જો ૬૦ હજાર વર્ષનું તપ ક્ષણના સત્સંગ કરતા અધિક હોય તો શેષના શિર ઉપરનો ભાર હળવો થવા માટે પૃથ્વી એક વેંત ઉંચી થઈ જાઓ. પરંતુ, તેમાં તેમ થયું નહીં, એટલે વશિષ્ઠે કહ્યું કે જો એક ક્ષણના સત્સંગનો મહિમા, ૬૦ હજાર વર્ષના તપ કરતાં જો અધિક હોય તો શેષના માથા ઉપરનો ભાર હળવો થવા માટે પૃથ્વી એક વેંત ઉંચી થઈ જાઓ. તરત જ પૃથ્વી શેષના માથા ઉપરથી એક વેંત ઉંચી થઈ ગઈ.

વિશ્વામિત્રે તરત જ કહ્યું કે હવે અમારા પ્રશ્નનો ઉત્તર આપો. શેષે કહ્યું કે તમારી વિનતિ

ઉપરથી જ તમારા પ્રશ્નનો ઉત્તર તમને મળી ગયો છે. સત્સંગનો મહિમા, ૬૦ હજાર વર્ષના તપ કરતાં મહાન છે અને તેથી જ પૃથ્વી મારા મસ્તક ઉપરથી એક વેંત ઉંચી થઈ ગઈ છે. આવો મહાન છે સત્સંગનો મહિમા, જ્યાં સત્સંગ છે ત્યાં જ સુખ, શાંતિ અને આનંદ છે, ધન્ય જીવન છે.

એટલું કહેતાની સાથે તેમણે 'દઢ ઈન ચરનન કેરો ભરોસો' ગાયું અને પછી ધોળ, મંગળ ગીતો, ધૂન વગેરે પણ ગવાયા.

ગિરિધર ગોપાલલાલ, જે કનૈયા લાલકી,
ગિરિધર ગોપાલલાલ, જે કનૈયા લાલકી,
ગિરિધર ગોપાલલાલ, જે કનૈયા લાલકી,

એ ધૂન સુશ્રી ઈંદિરાબેને એવી સરસ રીતે લેવરાવી કે બધાં જ તલ્લીન થઈ ગયા, આંખો બંધ કરીને ગિરિધર ગોપાલને નિહાળી રહ્યા. સૌને આજનો દિવસ ધન્ય બની ગયો, એમ લાગ્યું.

આનંદ ઉલ્લાસ સાથે સૌ વિખરાયા. રસ્તામાં નાના મોટા સૌ સત્સંગની વાતો કરતા કરતા ઘેર પહોંચ્યા. રાત્રે પણ એવાજ વિચારો સૌને આવ્યા કરતા હતા અને બીજા દિવસની રાત્રિ ક્યારે પડે અને ક્યારે સત્સંગમાં જઈએ, એવી તાલાવેલી સૌને લાગી ગઈ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૫. ધર્મની આશા ન રાખવી પણ ધર્મીની રાખવી

કીર્તન કરો, સ્મરણ કરો, ધ્યાન કરો, સેવા કરો, ને કાંઈ સારું કામ કરો, એકાદશી કરો, એનાથી કાંઈ પ્રભુ પ્રસન્ન થાય નહીં. ત્યારે પૂછ્યું કે મહારાજ, આ જીવ શું કરે ?

ત્યારે પોતે કહ્યું કે આ જીવ સેવા કરે છે પણ સેવાની શક્તિઓ પ્રભુના હાથમાં છે. તે શક્તિ પ્રભુ આપે ત્યારે તે પ્રભુ પ્રસન્ન થાય. તેમ સ્મરણ કરવાની શક્તિ, તેમ કિર્તનની, તેમ ધ્યાનની, તેમ વ્રતની એ સૌ શક્તિનું મૂળ પ્રભુ છે. હું આ કરું ને પ્રભુને પામું. તે ખોટું છે. કરવું સર્વેય પણ આશ પ્રભુની રાખવી. પ્રભુ કરશે તે થશે. પ્રભુ વિના કોઈની આશ રાખશો નહીં. પ્રભુ વગર કોઈની આશા રાખવી એજ અન્યાશ્રય છે. ધર્મ વડે પ્રભુ પ્રસન્ન થાય નહીં. કેવળ ધર્મીને ભજવાથી પ્રભુ પ્રસન્ન થાય. ધર્મ તે શું ? માળા જપીએ, કીર્તન કરીએ, શ્રવણ કરીએ, ને જાણીએ કે જેથી પ્રભુ પામીશું, એ ખોટું છે. સર્વભાવથી આશા પ્રભુની રાખીએ, કે મહારાજ હું કશું જ જાણતો નથી કે તમો શાને પ્રસન્ન છો ? આની મને તો ખબર નથી. આ મોટા કહે છે, તે કરું છું, પણ ફળ તો તમારા હાથમાં છે. તમે મારા ધણીને હું તમારો દાસ છું. ૧૦૫

શ્રી છીતસ્વામી સંદર્ભ

" ભઈ અબ ગિરિધર સોં પહચાન "

લેખક : પ.ભ.શ્રીહરિનારાયણ નીમા, ઉજ્જૈન

પ્રભુચરણ શ્રીગુસાંઈજી દ્વારા સ્થાપિત 'અષ્ટછાપ'માં છીતસ્વામીનું નામ સર્વવિદીત છે. વલ્લભ સિદ્ધાંતાનુસાર 'જીવ'માં પ્રીતિનો પ્રાદુર્ભાવ પ્રભુના અનુગ્રહથી થાય છે. કપટ બુદ્ધિથી પરીક્ષા લેવા ગયા છીતુચૌબા પહેલી જ ભેંટમાં સદા–સદાને માટે પ્રભુચરણના પ્રિય બની ગયા આમાં ભગવદ અનુગ્રહ જ પ્રધાન છે.

શ્રીહરિરાયજી મહારાજના મતાનુસાર છીતસ્વામીનું લીલાસ્વરૂપ સબળ સીધું હતું. શ્રીજીના સેહરા શ્રૃંગારમાં તેમનું મન રમતું હતું અને શ્રીઠાકુરજીની જન્મલીલાના પદગાનમાં તેમની ઘેરી રૂચી હતી. વાર્તાસાહિત્યના આધાર પર સંવત ૧૫૯૨ માં તેઓ શ્રીગુસાંઈજીની શરણમાં આવ્યા.

પુષ્ટિમાર્ગમાં ભક્ત અને ભગવાનની વચમાં નું માધ્યમ 'ગુરૂ' છે. ગોકુલમાં શ્રીગુસાંઈજીના સન્મુખ આવતાં જ પ્રભુચરણના દિવ્ય પ્રભામંડલથી પ્રસરિત રશ્મિયોંનો સીધો પ્રભાવ છીતસ્વામી ઉપર પડયો. તેઓ પ્રાગત થયા અને આશીર્વાદની મુદ્રામાં શ્રીગુસાંઈજીએ કહ્યું.

'છીતસ્વામી તુમ નીકે હો, આઓ તુમ તો બહુત દિનન મેં દીખે હોં'

ગુરૂએ સેવકને અને સેવકએ ગુરૂને ઓળખી લીધા. છીતસ્વામીનો અજ્ઞાનાંધકાર સદા સદાના માટે દૂર થઈ ગયો. ગુરૂ પદ મહિમાથી તેમનું હૃદયકમળ ખીલી ગયું. હૃદયગત ઉલ્લાસ સહજતા, પવિત્રતા અને સમર્પણની સુવાસ સર્વત્ર ફેલાઈ ગઈ. છીતસ્વામીના મનમાં શ્રીજી અને શ્રીગુસાંઈજીની પ્રતિ ભેદબુદ્ધિ ન હતી. તેમના પદની આ પંક્તિ પ્રમાણ સ્વરૂપ પર્યાપ્ત થાશે.

'છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ યેહી–તેહી, તેહી–એહી કછુ ન સંદેહ'

વ્યાકરણની દ્રષ્ટિથી 'વિઠ્ઠલ' શબ્દનો અર્થ પણ આ જ થાય છે કે જે યશોદોત્સંગ લાલિત શ્રીપ્રભુમાં તલ્લીન થાય છે તેજ વિઠ્ઠલ કહેવાય છે.

છીતસ્વામી રચિત પલનાના પદ જે આસાવરી રાગમાં ગવાય છે તેની પ્રત્યેક પંક્તિ આત્મના ભાવપૂર્ણ અને અર્થગાંભીર્યપૂર્ણ છે. પદ છે.

પ્રિય નવનીત પાલને ઝૂલે, શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો ।
કબહુંક આપ સંગ મિલી ઝૂલે કબહુંક ઉતર ઝુલાવે હો ॥

નિત્યસેવા, ઉત્સવ અને પર્વોત્સવના અનેક રાગોમાં રચિત તેમના કિર્તનોના અનુસંધાનથી એવું લાગે છે માનો પોતાના ચિંતનના ક્ષણોમાં પ્રત્યક્ષ દર્શન કરી તેમણે સ્નેહની કલમને ભક્તિરસની સ્યાહીમાં ડુબાડીને બધી રચનાઓ કરી છે.

સંક્ષેપમાં સારપૂર્ણ કવિના કથનની સાથે લેખને વિરામ દેવા માંગુ છું.

□ ૫૬ □

સુદષ્ટિ ચિત્તમેં સિદ્ધાન્ત બતાયો, લીલા જગ વિસ્તાર ।
યહ ત્યજી અન્ય જ્ઞાન કો ધાવત ભૂલ્યો કુમતિ વિચાર ।।
છીતસ્વામી ઉદ્ધરે પતિત શ્રીવિઠ્ઠલકૃપા ઉદાર ।
ઈનકે કહે ગહી છઠ ભુજ કરિ ગિરિધર નંદ દુલાર ।।

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડાચાર્યજી મહારાજ)ના વચનામૃત

સંકલન : કાન્તિ ર. ગાંધી, અમદાવાદ

સત્સંગ અને ભગવત્સેવા

જેમ લોકોમાં શરીર અને વસ્ત્રોની શુદ્ધિની જરૂર હોય છે તે રીતે સેવા અને સત્સંગમાં સદાચારની, શુદ્ધતાની આવશ્યકતા છે. આજના લોકો જેમ વેશભૂષા કે વ્યવહારમાં ગમે તેમ રહીને પણ ઉત્તમ ફળ ચાહે છે. તે બાવળનું વાવેતર કરી ઘઉં કાપવાની આશા જેવી નકામી વાત છે. આપણે સમજવું જોઈએ કે જ્યારે સેનાના અધિકારીથી લઈને વાહકના પાત્ર સુધી વેશભૂષાનો પ્રભાવ પ્રત્યક્ષ જોવા મળે છે ત્યારે ધર્માચરણ અને સત્સંગમાં તેની જરૂર કેમ ન હોય. તે પણ એક અનિવાર્ય અંગ છે જ. તેથી સેવા સત્સંગ ભગવદ્‌વાર્તામાં પણ વાતાવરણ, સ્થાન, શરીર, વેશ અને વર્તનની પવિત્રતાની અપેક્ષા અનિવાર્ય છે. આજે તેના તરફ દુર્લક્ષ સેવવાથી સમાજમાં જોઈએ તેવી અસર થઈ શકતી નથી. એટલું જ નહીં તેના અવળા પરિણામો પણ જોવા મળે છે. જેમ વૈદિક ક્રિયામાં હાથપગ ધોવાની વિધિ છે. તેમ સત્સંગમાં પણ હાથ, પગ, ધોઈ, ચરણામૃત લઈને જ શ્રવણ કરવું જોઈએ અને કરાવવું જોઈએ. આ ક્રિયા આદરભાવની સૂચક છે. આનાથી તો મન અને તન બંનેની અપવિત્રતા દૂર કરવાનો ઉપદેશ મળે છે. આજે સદાચારની ઉપેક્ષા અને જ્ઞાનની ભૂખથી સત્સંગ તો વધ્યા છે, પણ કેવળ ક્ષુધા શાંત કરવા માટેજ તેનો ઉપયોગ છે. જમ્યા પછી જેમ અન્ન ભાવે નહીં તેમ સત્સંગથી મનોરંજન કર્યા પછી તેમાંથી ઉપદેશકોનું જ અભિમાન જાગે છે. વિચાર, આચારને કાંઈ સ્પર્શતું નથી.

પ્રાચીન સમયમાં પગે ચાલીને સત્સંગ કે ભગવદ્ વાર્તા અને શ્રવણ કરવા લોકો જતા અને તેના માટેની ચીવટ રાખીને સમયનો ભોગ આપી, સદાચાર અને વિચાર શીખતા હતા. આજે સત્સંગની રૂપરેખા

જ તદન ફેરવાઈ ગઈ છે. તેનાથી પ્રમાદ અને બીજી ભાવનાઓજ વધે છે, દુષણો દૂર થતા નથી. તેમજ બે બુદ્ધિશાળી વક્તાઓ પણ સ્પર્ધાજ કરતા જણાય છે. તેથી લૌકિક ભાવના વધે છે. જેમ શ્રીગુસાંઈજીને શ્રીગિરિધરજીએ જ્યારે વિનંતી કરીકે શ્રીજીની ઈચ્છા છપ્પનભોગ આરોગવાની છે. ત્યાં શ્રીવિઠ્ઠલેશ્વર મૌન રહ્યા અને આજ્ઞા આપી નહીં. તેમ શ્રીગિરિધરજીએ ફરી પ્રાર્થના ન કરતાં ઈચ્છા જાણી સંતોષ કર્યો. જ્યારે ફરી તેમને નિર્દેશ થયો ત્યારે પુનઃ પ્રાર્થના કરી, જ્યારે ત્રીજી વખત વિનંતી કરી ત્યારે પ્રભુની આજ્ઞાને માન આપી, એજ આજ્ઞા કરી કે ભલે જ્યારે એવીજ ઈચ્છા છે તો કરો પણ તેનાથી લૌકિક વધશે. તેવીજ રીતે સત્સંગ અને સેવાથી લૌકિક ન વધે તે સતત ધ્યાન રાખવાની જરૂર છે.

આજે જેવી ભાવનાનું દર્શન થાય છે તેનું આ કારણ છે જ્યારે કાર્યકારણ એકબીજાથી વિપરિત અસર કરે તો વિચારણીય છે. તેવું ઔષધ રોગને દૂર કરે નહીં તેમજ લોકોથી સત્સંગ પણ દૂષણોને દૂર કરી શકે નહીં.

સત્સંગ કેમ કરવો અને કરાવવો તેની પણ, શિક્ષા પ્રથમ ભગવદીયો આચાર વિચારની શિક્ષાની જેમ આચાર્ય બાલકો પાસે રહીને પ્રાપ્ત કરતા ત્યારે તે પરંપરા જળવાતી હતી. તેમજ વક્તા અને શ્રોતા બંનેના પ્રકારનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીના 'જલભેદ' ગ્રંથમાં કર્યું છે. તેનું સ્મરણ કરવાની જરૂર છે તોજ આચાર્ય વાણીનો બોધ થઈ શકે. કેવળ અભિમાન કે ભક્તિના દંભથી આ વસ્તુ સમજાય તેમ નથી. આ પ્રસંગમાં ઉપદેશ અને ભગવદ્ વાર્તામાં જે અંતર તેની સ્પષ્ટતા થઈ જાય છે. જ્યાં સુધી સિદ્ધાંતનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી રસાત્મક પ્રભુની લીલા પણ સમજી શકાય નહીં. કેમકે, તે પ્રભુની અલૌકિક લીલા છે અને તેને લોકબુદ્ધિથી ન સમજાય. તેવો આદેશ આચાર્યશ્રી સ્વયં કહે છે.

શાસ્ત્રબોધના બે પ્રકાર છે. એક પ્રભુની લીલા ચિંતન અને શ્રવણ દ્વારા શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવું. બીજો પ્રકાર શાસ્ત્રનું અધ્યયન ગુરૂ પરંપરાથી કર્યા પછી ભગવાનની લીલાનું સ્મરણ કરવું. પ્રથમ પ્રકારથી ભગવદ્ભાવના પ્રાપ્તિની સાથે સેવાસ્મરણ કરતા શાસ્ત્રના રહસ્ય અને સ્વરૂપનું પાન થાય છે. બીજા પ્રકારમાં અભિમાન જો ન થાય તોજ ભગવદ્ ભાવ અને સેવાસ્મરણ થઈ શકે છે. જેમ દીપકની નીચે અંધારૂ હોય છે તેમજ શાસ્ત્ર જ્ઞાન સાથે જો સેવા સ્મરણ ન થાય તો વક્તાને અભિમાન થાય. તેથી ઉંબરામાં જેમ દીવો રાખવાથી બંને બાજુ પ્રકાશ થાય તેમ ભગવદ્વાર્તા કરવાની પરંપરા છે. આજે કેવળ મહંત થઈને ઉપદેશ આપવાની અનધિકાર ચેષ્ટા કરાય છે. તેવાથી આંતર અને બાહ્ય બે ભાવવાળાઓના સમન્વયથી આચાર્યશ્રીએ 'કૃષ્ણાશ્રય'માં પાખંડની પ્રચુરતા માટે ચિંતા વ્યક્ત કરતા ભગવાનનો આશ્રય કરવાની શિક્ષા આપી છે. આનાથી સમજી શકાય કે સેવા અને સત્સંગથી ભગવદાશ્રય સિદ્ધ ત્યાં જ થાય જ્યારે બાહ્ય અને અંદરની ક્રિયા અને વિચારોનો સમન્વય થયા પછી પાખંડની નિવૃત્તિ થાય. અને તેથી જ ગૃહસ્થ અને સમાજમાં પણ સુમેળ થઈ શકે. માટે જ સત્સંગથી ફળની પ્રાપ્તિમાં ફેર થઈ રહ્યો છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

પરવારી સૌ કામથી, કોઈ મૃત્યુ ન પામ્યો જંત;
આ કીધું છે આ કરવું છે એમ કરતા આવશે અંત
અંત આવે હરિ ક્યારે ગાશે ! ચેત ચેત નહીં તો પસ્તાશે;
એ મરણ નહીં આવે કાને કહીને, થશે અંધારૂ ઓચીંતુ થઈને
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૬)

વિવેચન : આ ચંદ્રાવળામાં સાવધાન થવા ચેતવણી આપે છે. આ સંસારમાં કોઈ પણ પ્રાણીનું કામ ક્યારેય પુરૂં થયું નથી. ત્યાં જવાનું ઓચીંતુ આવે છે. કારણ કે સંસારી જીવનની ઘટમાળ જ એવી છે કે જીવનનાં છેલ્લા શ્વાસ સુધી કામ પુરૂં થતું જ નથી. મરતાં મરતાં પણ ઘરનાને તો શીખામણ આપે છે કે આનું આમ કરજો, ત્યાં અધવચ્ચે શ્વાસ નીકળી જાય.

આ જીવ અગાઉ કેને મૂકીને આ ઘરે આવ્યો તેની તેને ખબર નથી. વળી અહીંથી ક્યાં જવું છે તેની પણ ખબર નથી. જ્યાં જન્મ થયો ત્યાં નવી દેહ, નવું નામ, નવા મા–બાપ, ને તેને અંગે સૌની મમતા. આ વસ્તુ જીવ જાણે છે, છતાં જ્યાં જન્મ લે ત્યાં તેની માયામાં જ ફસાયેલો રહે છે. અચાનક મૃત્યુ આવે ત્યારે અહીંનું બધું અહીં જ રહે છે. બુદ્ધિ જીવી તેને જ કહી શકાય કે આ માયાનો મર્મ સમજીને માયાપતિને ભજે. બાકી કોઈ કહે કે ઘડી નથી નવરાશ, ઘડપણમાં ગોવિંદ ગાશું તો તે ગફલતમાં જ રહે છે. ક્યારે કોનું ક્યાં મોત આવશે તેની ખબર નથી. અચાનક હાર્ટએટેકનો હુમલો આવ્યો કે એકપણ શબ્દ બોલવા નહીં દયે, ઉપાડી લેશે. તેવે ટાણે ધારેલા મનસુબા બધા મનમાં મનમાં જ રહી જશે.

કોઈ આજ ગયા કોઈ કલ ગયા, કોઈ જાને કો તૈયાર હુવા– તે મુજબ મનુષ્ય બધું જુએ છે, જાણે છે, છતાં માયા મુકવાની ઈચ્છા થતી નથી. એક શેઠ હતા. તેને સાત દીકરા હતા. શેઠની દુકાન ધમધોકાર ચાલે. ઘરમાં અઢળક ધન એકઠું થયું પણ શેઠની મમતા હજુ વધારે કેમ મેળવું તેમાં હતી. દીકરાઓ કહેતા કે બાપા હવે તમે આરામ કરો, અમો બધું સંભાળીએ છીએ, હવે વૃદ્ધ થયા, કાંઈક ભગવાનમાં ધ્યાન દોરો, બને તેટલું કાંઈક હાથથી સુકૃત કરો. પરંતુ શેઠે માન્યું નહીં.

એક દિવસ તેણે પોતાના મુનીમજીને પૂછયું કે આપણી પાસે કેટલું ધન છે. કલદાર રૂપીયા ગણીને હિસાબ બતાવો. મુનીમજીએ હિસાબ કરીને બતાવ્યું કે શેઠસાહેબ, સાત પેઢી સુધી ખૂટે તેમ નથી. આ

સાંભળીને શેઠજીને ચિંતા થઈ કે હું આટલું બધું કમાણો છતાં હજી સાત પેઢીનું જ કમાણો છું, તો આઠમી પેઢી શું ખાશે ? આ ચિંતાથી તેને શોક લાગ્યો, એક જ ઝટકો હાર્ટએટેકનો આવ્યો. શેઠ તો લાંબી યાત્રાએ ઉપડી ગયા કે જ્યાંથી કોઈ પાછું આવ્યું જ નથી.

આ દ્રષ્ટાંત બતાવે છે કે જીવનના આખરી શ્વાસ સુધી માયાના બંધનમાંથી છૂટી શકાતું નથી. શેઠનો બીજો જન્મ ક્યાં થશે તે કોઈ પણ જાણતું નથી. તો તે ક્યાંથી જાણે ! કદાચ ભિખારીને ત્યાં જન્મ મળે ને તે ભિક્ષુક બનીને ભીખ માગવા તેને જ ઘરે જાય તો શું ! તેનો પરિવાર તેનો આદર કરશે ! ના, ના દૂરથી જ કહી દેશે, ધૂતકારીને કાઢી મૂકશે. સાત પેઢીની ફીકર કરવાવાળો ભિખારી થઈ રઝળે છે. આવી રીતે આવા માયાનાં ગુણ છે. આમ અંધારૂ ઓચીંતુ થાશે તે વાક્યાનુસાર જીવને ચેતીને ચાલવું, આ તત્ત્વ નીકળે છે.

એકવાર પાંડવોને ત્યાં એક ભિક્ષુક બ્રાહ્મણ આવ્યો. તેણે પોતાના દીકરાની જનોઈ માટે રાજા યુધિષ્ઠિરથી સહાય માંગી. ત્યારે યુધિષ્ઠિરે તેને જવાબ આપ્યો કે કાલે આવજો.

આ વખતે ભીમસેન ત્યાં હાજર હતો. બ્રાહ્મણ તો ચાલ્યો ગયો. આ બાજુ ભીમસેને વાજા વગડાવ્યા ને ખુશી મનાવી. આ જોઈને યુધિષ્ઠિરે પૂછ્યું કે ભાઈ આ કઈ બાબતની તે ખુશી મનાવી ! ત્યારે ભીમસેને કહ્યું કે મોટા ભાઈ આપ તો ધર્મરાજાના અવતાર છો, હું તો અજ્ઞાની છું, એટલું જ સમજું છું કે, પળની કોઈને ખબર નથી. આપે બ્રાહ્મણને કહ્યું કે કાલે આવી લઈ જાજે. જેથી ખુશી થઈ કે કાલ સુધીની તો ખબર પડી ગઈ. આ સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે મારી ભૂલ થઈ છે. હું આવતીકાલની જાણતો નથી. જાઓ જલદી તે બ્રાહ્મણને બોલાવો, હમણાં જ તેને દાન આપવું છે. કારણ કે પળની કોઈ જાણતું નથી તેમજ હું પણ જાણતો નથી.

અકાલે નાસ્તિ ધર્મસ્ય જીવિતે ચંચલે સતિ

જીવન ચંચલ છે. ક્યારે શું થાય તેનું કોઈ જાણતું નથી. માટે મનુષ્ય માત્રે ધર્માચરણ કરવું. તેમાં કોઈ સમય કે ઉંમર કે મુહરર્તની જરૂર નથી.

પ્રહલાદજીએ કહ્યું છે કે મનુષ્ય કુમાર અવસ્થાથી જ ધર્મનું આચરણ કરે તેજ સર્વોત્તમ છે.
આ બાબતમાં સુરદાસજી

કાલ કરે સો આજ કર આજ કરે સો અબ
અવસર બિત્યો જાતહે તો પીછે કરેગો કબ

કેમ કે પળની કોઈને જાણ નથી. સમય સમયનું કામ કરે છે. કાળનું ચક્ર દિવસરાત માથે ફરે છે. આ તત્ત્વ જાણીને શુભ કામમાં ઢીલ કરવી નહીં. ભગવદ્ ધર્મઆચરણમાં મૂકવો. એવું કામ કરો કે જેથી આ લોક પરલોક બંને સુધરે. આ બાબત વિચારીને જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૯૯

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે વિષયત્યાગ અને સંગત્યાગનો સહેલો ઉપાય વર્ણવતા કહે છે કે–

અવ્યાવૃત્તભજનાત્ ॥ ૩૬ ॥

૩૬. અખંડ ભજનથી (ભક્તિનું સાધન પ્રાપ્ત થાય છે). ભજન ભક્તિનું મુખ્ય અંગ છે. એ સાધ્ય અને સાધન બંને છે. જે ભગવત્ પ્રેમ પામી ચૂક્યા છે, તેમને માટે અખંડ ભજન સ્વાભાવિક થઈ જાય છે અને જેને ભગવત્પ્રેમ પામવો છે તેમણે અખંડ ભજનનો અભ્યાસ કરવો જોઈએ. જે મનુષ્ય ભજન વગર મુક્તિ અને ભગવત્ પ્રેમ મેળવવા ઈચ્છે છે તે ભૂલે છે. ગોસાંઈ શ્રીતુલસીદાસજી મહારાજ કહે છે–

વારિ મથેં ઘૃત હોઈ બરુ સિકતા તે બરુ તેલ ।
બિનુ હરિ ભજન ન ભવતરિઅ યહ સિદ્ધાંત અપેલ ॥

'જલ મંથનથી કદાચ ઘી નીકળી આવે, રેતીમાંથી કદાચ તેલ નીકળે, પરંતુ ભગવાનના ભજન વગર મનુષ્ય ભવસાગર ન તરી શકે. આ સિદ્ધાંત અતૂટ છે.' તેથી ભજન તે અનિવાર્ય સાધન છે. વળી ભક્તિના સાધક માટે તો આ એક ખાસ વસ્તુ છે. વિષયમાંથી મન હટાવીને ભગવાનમાં ન લગાવવામાં આવે તો તે પાછું દોડીને ત્યાં ચાલ્યું જશે. વિષયત્યાગ વૈરાગ્ય છે અને ભગવત્–ભજન અભ્યાસ. આ અભ્યાસ–વૈરાગ્યથી વિશુદ્ધ ભગવત્–પ્રેમ પ્રાપ્ત થાય છે. પરંતુ જે ભજન અત્યારે થાય છે, ઘડીભર પછી નહીં થાય. આજે કર્યું કાલ નહીં, તે પ્રેમ અને આદરમય અખંડ ભજન નથી. ભજનરૂપી અભ્યાસ તો એ સિદ્ધ થાય જે સદા થતો રહે, સતત થતો રહે અને યોગદર્શનમાં મહર્ષિ પતંજલિ કહે છે–

સતુ દીર્ઘકાલનૈરન્તર્ય સત્કારા સેવિતો દઢભૂમિઃ । (૧/૧૪)

'લાંબા સમય સુધી નિરંતર સત્કાર સાથે કરવાથી જ અભ્યાસ દઢ થાય છે.' આ નિત્ય નિરંતર અખંડ સ્મરણથી ભગવાનની પ્રાપ્તિ સહજ જ થઈ જાય છે.

સ્વયં ભગવાને પણ ગીતામાં કહ્યું છે–

અ નન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥ (૮/૧૪)

'હે અર્જુન, જે પુરૂષ મારામાં અનન્ય ચિત્ત થઈને નિત્ય નિરંતર મને યાદ કરે છે, તે નિરંતર મારામાં લાગેલા યોગી માટે હું સુલભ છું.'

તેથી અખંડરૂપે ભગવાનનું પ્રેમપૂર્વક ચિંતન કરતા સ્નાન, ભોજન, વ્યાપાર વગેરે બધા કામ કરવા

જોઈએ. ભગવત્સ્મરણમય હોવાથી દરેક કાર્ય જ ભજન થઈ જશે. આ રીતે ભજનનો પ્રવાહ ક્ષણભર પણ ન તૂટવો જોઈએ. સ્વરૂપનું ચિંતન ન થઈ શકે તો નિરંતર ભગવાનનું નામ સ્મરણ જ કરવું જોઈએ. ભગવાનના નામ–સ્મરણથી મન અને પ્રાણ પવિત્ર થઈ જશે અને ભગવાનના પવિત્ર ચરણકમળોમાં અનન્ય પ્રેમ ઉત્પન્ન થઈ જશે. નામ–જપની સહજ વિધિ એ છે કે પોતાના શ્વાસઉચ્છવાસ સાથે સાથે જ મનથી સાથે જ ધીમા સ્વરે વાણીથી પણ ભગવાનના નામ–જપ કરતા રહેવું. આ વસ્તુ ઉઠતા–બેસતા, ચાલતા–ફરતા, સૂતા, ઉભા ઉભા, બધા સમયે થઈ શકે છે. અભ્યાસ દઢ થઈ જતા મન વિક્ષેપ વગરનું બની નિરંતર ભગવાનના ચિંતનમાં આપો આપ જ લાગી જશે. લગભગ બધા પ્રસિદ્ધ ભક્તો અને સંતોએ આ વાતનો ઉપયોગ કર્યો હતો. મહાત્મા ચરણદાસજી કહે છે–

સ્વાસા માહીં જ પૈંતે દુબિધા રહે ન કોય ।

એ રીતે કબીરજી કહે છે–

સાંસ સાંસ સુમિરન કરૌ, યહ ઉપાય અતિ નીક ।

મતલબ એ કે ભગવાનના સ્વરૂપ, પ્રભાવ, રહસ્ય, ગુણ, લીલા અથવા નામનું ચિંતન નિરંતર તેલની ધાર માફક થતું રહેવું જોઈએ. આ અખંડ ભજન છે. ૩૬

ભાષ્યાર્થ : નિષ્કપટભાવે ભગવાનને ભજવાથી પ્રેમ પ્રકટ થાય છે. સરલ હૃદયમાં પરમાત્મા સદા હાજર રહે છે. જે પોતાના હૃદયને પરમાત્મા સમક્ષ ખુલ્લું કરે છે, તેની આગળ પરમાત્મા પોતે પણ પોતાની જાત પ્રકટ કરે છે, કેમકે પરમાત્મા અકૌટિલ્યપ્રિય છે. ભજન એટલે અહીં સર્વદા સર્વભાવે પ્રભુનું સેવન જાણવું અને સેવન એટલે તેની આજ્ઞાનું પાલન. ઈશ્વરના હુકમ મુજબ વર્તવું એટલે આજ્ઞાપાલન અને ઈશ્વર પોતાની આજ્ઞા કાં તો શાસ્ત્ર દ્વારા કે સંતો દ્વારા પ્રકટ કરે છે. આથી શાસ્ત્રો અને સંતોનું સેવન એટલે ઈશ્વરાજ્ઞા પાલન જાણવું. નિષ્કપટ ચિત્તે ઈશ્વરના સેવનથી પરમેશ્વર પ્રસન્ન થાય છે. પ્રસન્ન થતાં ભક્તના ઉપર અનુગ્રહ કરે છે અને ઈશ્વરના અનુગ્રહથી ઝટ તેને સંગત્યાગ સિદ્ધ થાય છે. તેથી વિશુદ્ધ થયેલું હૃદય નિર્મળ જ્ઞાનના પ્રભાવથી વિરક્ત થાય છે. વિરક્ત થયેલું હોઈને તે પ્રેમના પ્રકાશ માટે યોગ્ય બને છે. તેથી પરમ પ્રેમની પ્રાપ્તિ ઈચ્છનાર, પ્રેમપાત્ર પરમાત્માનું અકુટિલભાવે સદા સેવન કરે. ૩૬

“શ્રીષોડશગ્રંથ પરિચય” પુસ્તક જે ગયા વર્ષના “શ્રીવલ્લભસુધા”ના સભ્યોને ભેટ આપેલ છે તે પુસ્તક હવે પછી માત્ર આજીવન સદસ્ય થનારને જ જ્યાં સુધી પુસ્તક સિલકમાં હશે ત્યાં સુધી ભેટ આપવામાં આવશે.

પુષ્ટિસંપ્રદાયના સ્થાપક શ્રીમદ્વલ્લભાચાર્યજી

લેખક : ચીમનલાલ એન. બેંકર

–ગતાંકથી ચાલુ

અંધશ્રદ્ધાના પ્રખર વિરોધી શ્રીવલ્લભ

કાશીમાં કરવત મેલાવીને મરવું અથવા જગન્નાથપુરીમાં રથના ચક્કર નીચે પડીને મરવું તે શ્રીમહાપ્રભુજીના સમયમાં મોટું પુણ્ય ગણાતું. આ અંધશ્રદ્ધા દૂર કરવા માટે આપશ્રી વારંવાર આજ્ઞા કરતા હતા કે આ રીતે દેહનો નાશ કરવાથી કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી. મોંઘો મનુષ્યદેહ એળે જાય છે. આ ઉપરાંત ભૂત–પ્રેત–પીર વગેરેની પૂજા કરવી, તેમની કોઈ બાધા રાખવી, માનતા માનવી વગેરે અંધશ્રદ્ધાના તેઓ ભારે વિરોધી હતા.

સમાજમાં સ્ત્રીઓનું મહત્વ વધાર્યું

શ્રીમહાપ્રભુજીના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ અત્યંત દયાજનક હતી. તેમને વેદ ભણવાનો કે વૈદિક કર્મ કરવાનો અધિકાર ન હતો. ઘરની ચાર દિવાલોમાં પુરાઈને ઘરકામની મજૂરી જ તેમને કરવી પડતી. આ ઉપરાંત તેમને પડદા પ્રથામાં જ રહેવું પડતું. સતીપ્રથા પણ પ્રચલિત હતી. શ્રીમહાપ્રભુજીને આ બિલકુલ ગમ્યું નહીં. સ્ત્રીઓને આ બંધનમાંથી છોડાવવા માટે આપશ્રીએ ખાસ ઉપદેશ આપ્યો કે, 'પ્રભુ પ્રાપ્તિ' માટે 'સ્ત્રીહૃદય' (દીનતા–નમ્રતા)ની જ જરૂર છે. સ્ત્રીઓના હૃદયમાં જ દયા–દીનતા, નમ્રતા અને પ્રેમનો સ્રોત વહેતો હોય છે. આથી સૌ કોઈએ સ્ત્રીઓ તરફ સમાનતા અને માનની દ્રષ્ટિએ જોવું જોઈએ. 'ગોપી પ્રેમકી ધ્વજા' એમ જણાવીને આપશ્રીએ સ્ત્રીઓનું મહત્વ વધાર્યું હતું.

જો શ્રીવલ્લભ પ્રગટ ન હોતે

જીવમાત્રનું કલ્યાણ થાય અને જગતનો દરેક જીવ ઈશ્વરાભિમુખ બને તે માટે શ્રીમહાપ્રભુજી આ ભૂતલ ઉપર પધાર્યા અને ભારતભરમાં ખુલ્લાં ચરણારવિંદે ત્રણ ત્રણ વાર પરિક્રમા કરીને સંસારની માયામાં અટવાયેલાં–માર્ગ ભૂલેલાં પોતાના જીવને બ્રહ્મસંબંધ દ્વારા શરણે લીધા અને માયામાંથી મુક્ત બનાવી પ્રભુપ્રાપ્તિ કરાવી.

અંતમાં એટલું જરૂર કહેવું પડશે કે આ ભૂતલ ઉપર શ્રીમહાપ્રભુજીનું પ્રાગટય ન થયું હોત તો સંસારની માયામાં અટવાયેલા દૈવીજીવોન ઉદ્ધાર ન થાત– તેમજ શ્રીકૃષ્ણ પ્રભુની પ્રાપ્તિરૂપી ફળ મળત નહીં. સાથેસાથે પ્રેમની પરાકાષ્ઠારૂપ નિર્ગુણ પુષ્ટિભક્તિનું દર્શન પણ થાત નહીં. આ ઉપરાંત શ્રીમદ્ભાગવતનું રહસ્ય અને શુદ્ધ બ્રહ્મવાદનું સ્વરૂપ પણ જાણવા મળત નહીં. આથી સગુણદાસે સાચે જ ગાયું છે કે–

"જો શ્રીવલ્લભપ્રભુ પ્રગટ ન હોતે, વસુધા રહેની સુની નાતર લીલા હોતી જૂની"

[દા.દા. ચીમનભાઈ એન. બેંકરના જયશ્રીકૃષ્ણ]

શ્રી રામજન્મ - નંદમહોત્સવ

લેખક : ચીમનલાલ એન. બેંકર (ગોપીજન)

☐ ૧. શ્રીરામકમલમુખ નિરખવા ☐

(રાગ– શ્રીકૃષ્ણકમલ મુખ નિરખવા ચાલો શ્રીનંદજી ને ઘેર રે)

શ્રીરામકમલમુખ નિરખવા, ચાલો શ્રીદશરથજીને ઘેર રે;
કૌશલ્યાએ શ્રીરામ જનમીયા, હરખ્યા છે દશરથજી મહેર રે...૧
શ્રીરામજી ઝુલે છે રૂડા પારણે, જોઈ જોઈ હૈયા તો હરખાય રે;
અવધવાસીના ભાગ્ય ખુલીયા, રામજીને ફુલડેથી વધાવ્યા રે...૨
નરનારિ સૌ ટોળે મળી, રામને વધાવાને આવ્યા રે;
મુખ નિરખી શ્રીરામતણું, ચાંદલો લાલાને કીધો રે...૩
હરખતા નિરખતા પ્રિતશું, રામને ઉછંગે સૌએ લીધા રે;
નાચતા ગાવતા નરનારિ સૌ, હરખે તે મંગલ ગાય રે...૪
અવધવાસીના સુખ શા કહું, કહેત ના આવે પાર રે;
ફુલી ફરે સૌ ફુદડી, હૈયે આનંદ ન માય રે...૫
ભીડ ભઈ ઘર આંગણે, દશરથ કૌશલ્યાને વ્હાર રે;
આજની શોભા કેમ વરણવું, બલિહારી ગોપીજન જાય રે...૬

☐ ૨. શ્રીરામ પ્રાગટ્યનો આનંદ ☐

આજ સખી અયોધ્યામાં આનંદ હુઓ રે;
આપણાં શ્રીરામજીને જઈ જુઓ રે...૧
જેને કાજે તલસતા બહુ દોડી રે;
તે આજે પ્રગટ્યા છે મંગલકારી રે...૨
અવધવાસીઓ વેગે પહેરો શણગાર રે;
પહેરો પહેરો નૌતમ મોતીના હાર રે...૩
પ્રગટ્યા છે કાંઈ, વૈષ્ણવના પ્રાણ આધાર રે;
તેને તમે નયણાં ભરીને નિહાળો રે...૪
માનુનિ હળીમળી મંગલ ગાય રે;
ગોપીજન તો નિરખીને બલિહારી જાય રે...૫

એ..દશરથ ઘેર આનંદ ભયો જય રઘુવીર લાલકી
અવધમેં આનંદ ભયો જય રઘુવીર લાલકી
જય રઘુવીર લાલકી હાથી ઘોડા પાલખી
હાથી દીએ, ઘોડા દીએ ઓર દીએ પાલખી
હાથી ઘોડા પાલખી જય રઘુવીર લાલકી
એ..દશરથ ઘેર આનંદ ભયો જય રામચંદ્રકી
અવધમેં આનંદ ભયો જય રામચંદ્રકી

☐ ૩. શ્રીરામચંદ્રજીના પ્રાગટ્યનો હેતુ ☐

(૧) સમાજમાં ફેલાયેલા અનીતિ, અન્યાય, અનાચાર, અત્યાચાર તેમજ અસત્ય આવરણને દૂર કરી સત્યને સદાચારનું શાંતિપૂર્ણ સામ્રાજ્ય સ્થાપવા માટે, કહો લોકકલ્યાણ અર્થે રામરાજ્યની સ્થાપના અર્થે 'શ્રીરામ'નું પ્રાગટ્ય થયું હતું. (૨) દંડકવનના રાક્ષસો તેમજ વિશ્વામિત્રના યજ્ઞમાં ત્રાસ ફેલાવનાર રાક્ષસોનો સંહાર કરવા માટે. (૩) રાવણને મારીને વિભિષણને રાજ્ય અપાવવા માટે. (૪) જટાયુને સદ્દગતિ આપવા માટે. (૫) સુગ્રીવને તેના ભાઈના ત્રાસમાંથી મુક્ત કરવા માટે. (૬) હનુમાનજીને નિરંતર ભક્તિ આપીને એક નિષ્ઠાવાન સેવક બનાવવા માટે. (૭) ઋષિથી શાપીત તપસ્વીની અહલ્યાનો ઉદ્ધાર કરવા માટે. (૮) શ્રીજનક વિદેહીની પ્રતિજ્ઞાનું પાલન કરવા શિવધનુષ તોડી જગત જનની જાનકી સાથે લગ્ન કરવા માટે. (૯) માતંગ ઋષિના વચન ઉપર વિશ્વાસ રાખી, રામજીના દર્શન માટે અહર્નિશ સ્મરણ કરનાર શબરીને દર્શન આપવા માટે. (૧૦) પોતે પરમાત્મા હોવા છતાં લૌકિક માનવની માફક અનેકવિધ લીલાઓ દ્વારા માનવસમાજને પોતાનું સાચું કર્તવ્ય બતાવવા અર્થે– જીવનના સાચા મૂલ્યો સમજાવવા માટે. (સીતાના વિયોગમાં રડતા રડતા સીતાને શોધવા માટે શ્રીરામ ચાલી નીકળ્યા હતા તે કેવળ માનવ સમાજને દર્શાવવા કેવળ એક લૌકિક નાટક જ હતું.

અંતમાં શ્રીરામજીમાં અનેક ગુણો જોવા મળે છે. તેમના જીવનનું દરેક કાર્ય અનુકરણીય છે. શ્રીરામજીના પ્રાગટ્યનો હેતુ પ્રત્યક્ષ આચરણ દ્વારા જીવન ઘડતર કરવું તે હતો. કહ્યા કરતા કરી બતાવવું તે સિદ્ધાંત મુખ્ય હતો. ખરેખર, શ્રીરામજીનું પ્રાગટ્ય કેવળ રાવણ કે રાક્ષસોને મારવા માટે જ નહીં પણ માનવસમાજને ધર્મનું સાચું શિક્ષણ આપવા માટે તેમજ સદાચારી પવિત્ર જીવનનો ઉપદેશ આપવા માટેજ થયું હતું. માનવીમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર તથા અનીતિ, અન્યાય, અસત્ય અને અત્યાચાર જેવા દુર્ગુણો રાવણના જ સ્વરૂપો છે. તેમનો નાશ થાય અને પરિણામે દરેક માનવી સાચા અર્થમાં દાનવમાંથી માનવ બને તે માટે જ શ્રીરામજીનું પ્રાગટ્ય થયું હતું.

☐ ૪. રામ નામે પત્થર તરે પણ રામનો પત્થર ડૂબે ☐

જ્યારે લંકા જવા માટે સેતુબંધ બંધાતો હતો તે વખતે રામનું નામ લખીને સમુદ્રમાં પત્થરો નાંખવામાં આવતા હતા. રામ નામે પત્થર તરે તે શ્રદ્ધાથી કોઈપણ વ્યક્તિ પાણીમાં પત્થર નાંખે તો તે પત્થર તરતા હતા. શ્રીરામને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ સમુદ્ર કિનારે આવી પહોંચ્યા. પોતાના નામનો પ્રભાવ જોઈને શ્રીરામ અત્યંત પ્રસન્ન થયા.

ત્યારબાદ તેઓ પોતાના મુકામ ઉપર જઈને વિચાર કરવા લાગ્યા કે, ‘‘મારા નામે પત્થર તરે છે તો પછી હું જાતે જ પાણીમાં પત્થર નાંખુ તો તે પણ જરૂરથી તરે !’’ આવો વિચાર કરીને એક દિવસ શ્રીરામજી વહેલા ઉઠીને કોઈને પણ ખબર ન પડે તે રીતે સમુદ્રના કિનારે પહોંચી ગયા.

પોતાના હાથમાં એક પત્થર લઈને સમુદ્રમાં ફેંકયો. પત્થર સીધો જ સમુદ્રના તળીયે પહોંચી ગયો. થોડીવાર જોવા માટે ઉભા રહ્યા પણ પત્થર તરતો દેખાયો નહીં. આથી શ્રીરામ અત્યંત ભોંઠા પડી ગયા. તેઓ નિરાશ થઈને ચારે બાજુ જોવા લાગ્યા કે કોઈ જોતું તો નથીને ! અચાનક તેમની નજર દૂર ઉભેલા હનુમાનજી ઉપર પડી. શ્રીહનુમાનજી તો રામના નિષ્ઠાવાન સેવક હતા. શ્રીરામજીને વહેલી સવારે બહાર જતા જોઈ તેમની સારસંભાળ માટે કહો સેવક ધર્મ બજાવવા માટે તેમની પાછળ સમુદ્રકિનારે આવ્યા હતા. હનુમાનજીને જોતાં જ શ્રીરામ શરમાઈ ગયા.

થોડીવારમાં હનુમાનજી શ્રીરામ પાસે આવી પહોંચ્યા. હનુમાનજી અત્યંત વિવેકી હતા. પોતાના માલિક–પ્રભુ શ્રીરામનું મહત્વ વધારવા માટે તેમણે અત્યંત વિવેકપૂર્વક હાથ જોડીને શ્રીરામજીને જણાવ્યું કે, ‘‘પ્રભુ આપની લીલા તો ન્યારી છે. આપનું નામ સ્મરણ સૌ કોઈને તારી શકે છે. આપના નામનો મહિમા અપાર છે. તમારા નામથી પત્થર જરૂર તરી જાય પણ પ્રભુ, તમે પોતે જ કોઈપણ પત્થરને ફેંકો એટલે કે તેનો તિરસ્કાર કરો ત્યારે તે પત્થર કેવી રીતે તરી શકે ? રક્ષક ભક્ષક બને તેનો ઉદ્ધાર કઈ રીતે થઈ શકે ! રામ નામે પત્થર તરે પણ જે પત્થરને રામ ફેંકે તેને કોણ બચાવે પ્રભુ !’’

પોતાના સેવક હનુમાનનો રહસ્યભર્યો આ ખુલાસો સાંભળીને તો શ્રીરામ અત્યંત પ્રસન્ન થયા અને તેને ધન્યવાદ આપી વિદાય થયા.

☐ ૫. માયા રહિત શ્રીરામ ☐

જ્યારે પંચવટીમાં સીતાજીનું હરણ થયું ત્યારે શ્રીરામ સીતાજીના વિરહમાં વ્યાકુળ બનીને અત્યંત રૂદન કરવા લાગ્યા. તરત જ તેઓ સીતાજીની શોધ માટે ચાલી નીકળ્યા. શ્રીલક્ષ્મણ અનેક પ્રકારે તેમને શાંત્વન આપતા હતા પણ શ્રીરામનું રૂદન બંધ થયું નહીં.

આ રીતે રૂદન કરતા રતા દંડકારણ્યમાંથી શ્રીરામ પસાર થઈ રહ્યા હતા તે વખતે તેમની પાસેથી શ્રીશંકર ભગવાન સતી પાર્વતીજી સાથે નીકળ્યાં. શ્રીશંકર રામને જોઈને બે ઘડી ઉભા રહ્યા અને તેમને વંદન કર્યા. તરત જ પાર્વતીજી બોલી ઉઠયા, ‘‘મહારાજ, તમે આ કોને વંદન કર્યા ?’’

શિવજીએ જવાબ આપ્યો, "આ મારાં પરમાત્મા રામ છે" સતી પાર્વતીજીને શિવની વાત સાચી લાગી નહીં. તરત તેમણે પૂછ્યું, "તેઓ પરમાત્મા હોય તો પોતાની પત્ની પાછળ આમ રૂદન શાથી કરે? તેમને સંસારની માયા લાગે ખરી ? આ ઉપરાંત મને ખબર છે કે તેઓ રાજા દશરથના પુત્ર છે. તેઓ પોતાની પત્ની સીતાના વિયોગમાં માયાને આધીન બનીને રડતા રડતા જઈ રહ્યા છે"

શિવજીએ દેવી પાર્વતીજીને સમજાવવા પ્રયત્નો કર્યા, "દેવી, ધ્યાનથી સાંભળો. આ રામ કોઈના પણ પુત્ર નથી. તે તો સૌના પિતા છે. જગતના પાલક છે. મર્યાદા પુરૂષોત્તમ છે. પરમાત્મા છે. સર્વવ્યાપક ભગવાન તેજ આ શ્રીરામ છે. તેઓ પત્નીના વિયોગમાં જે રડી રહ્યા છે તે તો માત્ર જગતને દેખાડવા માટે એક નાટક જ છે. ભગવાન હોવા છતાં મનુષ્યના જેવી લીલા કરે છે બાકી તેઓ માયાથી બિલકુલ પર છે. પ્રભુ શ્રીરામ તો માયા રહિત છે."

આ રીતે શિવજીએ સતી પાર્વતીજીને સમજાવવા માટે ઘણાં જ પ્રયત્નો કર્યા તેમ છતાં સતીજીને તેમની વાતમાં વિશ્વાસ બેઠો નહીં. છેવટે શિવજી બોલ્યા કે, "હે સતીજી, તમને મારી વાતમાં વિશ્વાસ ન આવતો હોય તો હવે પછી તમે રામની કસોટી કરી જુઓ. હું અહીંયા બેઠો છું."

ત્યારબાદ સતી પાર્વતીજીએ શ્રીરામની કસોટી કરવાનું નક્કી કર્યું. તરત જ તેમણે સીતાજીનું સંપુર્ણ સ્વરૂપ ધારણ કર્યું અને પછી જે રસ્તે શ્રીરામ જઈ રહ્યા હતા તે રસ્તા ઉપર તેમની સામે જઈને ઉભા રહ્યા. શ્રીરામ પરિસ્થિતિ પામી ગયા. તરત જ તેમણે રસ્તો છોડી દીધો અને બીજા રસ્તે આગળ વધ્યા.

ત્યારબાદ સતીજી તે રસ્તે સામેથી તેમની નજીક આવીને ઉભા રહ્યા અને બોલી ઉઠયા, "અરે, હું તો આપની સામે જ ક્યારની ઉભી છું. હવે આપ રડશો નહીં. કહો શી આજ્ઞા છે?" આ રીતે સતીજીએ સ્ત્રીધર્મ પ્રમાણે થોડીઘણી લીલા કરી પણ શ્રીરામજીને કોઈપણ જાતની અસર થઈ નહીં. તેઓ તો પરમાત્મા હોવાથી લેશમાત્ર લલચાયા નહીં. આંતરિક રીતે શ્રીરામ અત્યંત સાવધાન હતા.

શ્રીરામજી તો સમગ્ર પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ હતા જ. સતી પાર્વતીજી પોતાની કસોટી કરી રહ્યા છે તે વાત પણ તેઓ જાણતા જ હતા. આથી પોતાના સ્વરૂપનું મહાત્મ્ય દર્શાવવા માટે શ્રીરામે સતીજીને વંદન કરીને જણાવ્યું કે, "અરે ઉમા માતાજી, તમે અહીં એકલા કેમ ઉભા છો ? તમારા પતિ શંકર ભગવાન ક્યાં છે ? મારે તેમનાં દર્શન કરવા છે. મને તેમની પાસે લઈ જાવ."

સતી પાર્વતીજી તો શ્રીરામના મુખેથી આ બધી વાતો સાંભળીને બિલકુલ શાંત થઈ ગયા. તેમને અત્યંત આશ્ચર્ય થયું. પોતાની ભૂલ બદલ તેમને ભારે પશ્ચાતાપ થયો. તેમને ખાતરી થઈ થઈ કે "શ્રીરામ ખરેખર પરમાત્મા છે. બહારથી રડતા દેખાય પણ અંદરથી તેઓ બીલકુલ સાવધાન છે. સંસારના રંગોથી તેમનું જીવન રંગાયેલું નથી જ. તેમનું જીવન જલકમલવત્ છે. મારા પતિ શંકરે જે વાત કહેલી તે બીલકુલ સાચી છે. ખરેખર શ્રીરામ માયા રહિત પરમાત્મા છે."

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ જાહેર નિવેદન

નંદકુમાર જમનાદાસ ગાંધી
શ્રીવલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ
C/O. ટેકનો ટ્રેડર્સ, બાલા હનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ–૧

થોડાક મહિનાઓથી ભાગવત કથાકાર કિરીટભાઈજી ભાગવત સપ્તાહની કથા દરમિયાન જાહેરાતો કરી પોતે બ્રહ્મસંબંધ દિક્ષા આપશે તેમજ જેઓએ પહેલા બ્રહ્મસંબંધ લીધેલા હોય તેઓએ પણ જુના થઈ ગયા હોઈ તેઓને પણ રીન્યુ (તાજા કરાવવા) અંગેની જાહેરાત સાથે સાથે કિરીટભાઈજી કરી રહ્યા છે. શ્રોતા વર્ગ તેમજ સમજુ હોય છે તેઓ આનો વિરોધ જે તે જગ્યાએ કથાના સ્થળ પર જ કરે છે. અડધી કથાએ આવા વિરોધની ધાંધલ ધમાલથી તેમની કથા બંધ થયાના સમાચાર ઘણી જગ્યાએથી ટેલીફોન સંદેશાઓથી મને મળી રહ્યા છે. આ સમાચારો જો સત્ય હોય તો આથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને હું જાહેર નિવેદનથી જણાવું છું કે કિરીટભાઈજી બ્રહ્મસંબંધનો અર્થ અને પરંપરા સમજે છે ખરા? ન સમજતા હોય તો વિશુદ્ધ ભાવે સમજીને તેઓની પુષ્ટિમાર્ગ વિરુદ્ધ પ્રણાલી હવે બંધ કરી તેઓ પોતાના આત્માને વધુ કલુષિત ન બનાવે તેજ તેઓના હિતની વાત હશે. બ્રહ્મસંબંધ એટલે સિદ્ધાંતરહસ્યના પ્રમાણ અનુસાર શ્રીયમુનાજીના ઘાટ ઉપર શ્રીમદ્ વલ્લભાચાર્યજીને શ્રીદામોદરદાસ હરસાનીજીની સાક્ષીમાં શ્રીનાથ પ્રભુએ સ્વયંની આજ્ઞા અનુસાર માત્ર દૈવી જીવોને જ નિવેદન મંત્રાનુસાર પ્રભુએ સ્વકીય બનાવવાની આજ્ઞા કરેલ. તે પ્રણાલિકા અનુસાર શ્રીમદ્ વલ્લભકુળ વિના કોઈને પણ આવી આજ્ઞા મહાપ્રભુએ કરેલ નથી. તેમજ તે જીંદગીમાં એક વાર જ લેવું પડે છે. તે જૂનું થતું નથી. તેને રીન્યુ કરાવવાની (તાજું કરાવવાની) કોઈ જરૂર હોતી નથી. છતાં પણ વૈષ્ણવોને ગેરરસ્તે દોરી આવા પ્રકારની અનધિકારી–હીન કક્ષાની ચેષ્ટાઓ આ જાહેરાત કર્યા પછી કરશે તો વિશ્વના સર્વે વૈષ્ણવો એક અવાજે આવી પ્રવૃત્તિને બંધ કરાવવા કિરીટભાઈજીની સામે ફોજદારી ધારાની અન્વયે ધાર્મિક લાગણી દુભાવ્યાની ફરીયાદ ગામેગામથી કરી શ્રીવલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિના માર્ગદર્શન અને સહકારથી કિરીટભાઈજીની પુષ્ટિમાર્ગ વિરુદ્ધની પ્રવૃત્તિઓ બંધ કરાવવાની ફરજ પાડશે. અને આવી નોંધના બેનરો જે જગ્યાએ કિરીટભાઈજીની ભાગવત સપ્તાહના સ્થળો હશે ત્યાં શ્રોતાઓને વાકેફ કરવા મુકવામાં આવશે.

આ અપીલની કોપી વાંચનાર ભાઈઓ જ્યાં પણ તેમની કથાનું આયોજન હોય ત્યાં તેઓશ્રીને રૂબરૂ મળી ઝેરોક્ષ કોપી પહોંચાડવાની સમિતિ તરફથી ભલામણ કરવામાં આવે છે. આ બાબતની લડતની જાણકારી સાંપ્રદાયિક માસિકોમાં આવતી રહેશે જે વાંચતા રહેશો અને કિરીટભાઈજીની આવી ચેષ્ટાઓ જડમૂળથી ઉખેડવા પ્રયત્નશીલ રહેશો. આ અંગે જે કાંઈ સમાચારો હોય તે સમિતિને જણાવતા રહેશો. આપ સર્વેના સહકારની અપેક્ષા સાથે..

કાવ્ય–કુંજ

શ્રીહરિરાય મહાપ્રભુજી રચિત
"રતિપથ પ્રકટ કરનકોં પ્રગટે, કરૂણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ" એ વધાઈનો ભાવાનુવાદ
(ઢાળ – પ્રગટયા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ)

પ્રગટયા શ્રીવલ્લભરાયજી રે લોલ, કરૂણા તણા ભંડાર જો
પ્રગટ કરવાં પુષ્ટિમાર્ગને રે લોલ, ભૂતલ ઉપર સુખસાર જો. પ્રગટયા....૧
મન હરખ્યા દૈવીજન તણા રે લોલ, મળશે સાધનવિના ફલ જો
શ્રીવલ્લભપ્રભુની કૃપા થકી રે લોલ, એવો પ્રતાપ છે પ્રબલ જો. પ્રગટયા....૨
દૂર કર્યો પળવારમાં રે લોલ, માયાવાદરૂપી અંધકાર જો
પંથ બતાવ્યો પ્રભુ પ્રાપ્તિનો રે લોલ, વેદશ્રુતિ અનુસાર જો. પ્રગટયા....૩
મારગ દ્રઢ એવો સ્થાપીયો રે લોલ, હરિ આરોગે સાક્ષાત્ જો
ધરે ફલ ફૂલ જલ ભાવથી રે લોલ, મુખમાં મૂકે મુસકાત જો. પ્રગટયા....૪
વચનામૃતની વર્ષા કરી રે લોલ, સીંચે સેવક સમાજ જો
વચનોરૂપી અગ્નિ થકી રે લોલ, બાળે માર્ગ રિપુ મહારાજ જો. પ્રગટયા....૫
સેવારસ સાગર પ્રગટિયો રે લોલ, વદન અનલથી શીતલ જો
તાપ પ્રગટે સન્મુખ જતા રે લોલ, દૂર જતા વધે અતિ અનલ જો. પ્રગટયા....૬
વિરહરસ આનંદનું રે લોલ, કૃપા કરીને કરે દાન જો
પરમ ફલરૂપા જાણવું રે લોલ, નથી કોઈ ફલ એ સમાન જો. પ્રગટયા....૭
વૈષ્ણવો ચિત્તમાં વિચારજો રે લોલ, નિશ્ચય કરજો મનમાંય જો
કૃષ્ણસ્વરૂપ વલ્લભરાય છે રે લોલ, જુદા ન જાણજો જરાય જો. પ્રગટયા....૮
ચરણકમલના જલ થકી રે લોલ, દોષ નિવાર્યા કૃપાળ જો
દુષ્ટ કલિના જીવને રે લોલ, શુદ્ધ કર્યા તત્કાળ જો. પ્રગટયા....૯
શ્રીવલ્લભ–ચરણ જે સેવી રહ્યા રે લોલ, બડભાગી તે કહેવાય જો
'રસિક' પવિત્ર મન તેમના રે લોલ, 'લાલ' વલ્લભ ગુણ ગાય જો. પ્રગટયા....૧૦

રચયિતા– કીર્તનીયા લાલજીભાઈ, ગણોદ.

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○

અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.

○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○

પ.ભ.જમનાદાસ હરિદાસ, હ: શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.

○ અનુકરણીય ○

લવાજમ વિશેષ સહાયના રૂા.૫૧/– આજીવન ગ્રાહક નં.૫૯૩ પ.ભ. શ્રીવિરજીભાઈ કે. લીંબાસીયા તરફથી મળેલ છે જે અનુકરણીય છે.

કાવ્ય–કુંજ

—ગો. શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

૧. પ્રગટે ગોકુલકે ચંદ, વલ્લભરૂપ

પ્રગટે ગોકુલકે ચંદ વલ્લભરૂપ, પ્રગટે ગોકુલકે ચંદ
દોષભાવ સબ દૂર કીયે, મીટે સબ દુઃખ દ્વન્દ. ૧
સંસારાસક્તિમેં વહી રહ્યો જીવ, બની રહ્યો'તો જીવન અંધ
બ્રહ્મ ઓર જીવનકે બીચ, આપ બને અલૌકિક બંધ. ૨
અતુલ કૃપા દયા કે સાગર, પદ પદ પરમાનંદ
આપકો સ્વરૂપ વરણી સકે કો, **ગોકુલેશ** મૂઢમતિ મંદ. ૩

૨. શ્રીયમુનાજીકી આરતી

– શ્રીરૂપચંદ ખંડેલવાલ "ભૂપ"

આરતી શ્રીયમુના કી કીજે ।
શીશ નવ ચરણન ચિત દીજે ॥ આરતી ॥
મુરરિપુ ચરણ પ્રકટ હે શ્યામા,
શોભિત કાનન પુહુપ લલામા,
કાલિન્દી રવિ–સુતા કહાઈ,
હરિ–રતિ–વર્દ્ધિનિ પરમ સુહાઈ,
સિદ્ધિ દાયિની કહૈં નમન કરીજે ॥ આરતી ॥
હે જગપાવન–કારણ, સ્વામિનિ,
પટરાણી હરિ કી મન ભાવનિ,
અમિત ગુણી બ્રહ્માદિક પૂજિત,
ધ્રુવ પારાશર વાંછિત પૂરિત,
મથુરા ગોપ ગોપિ હરિ કી જૈ ॥ આરતી ॥
અદ્‌ભુત ચરિતે ! તુમ્હેં નમન હે,
પય પીવત યમ ત્રાસ શમન હે,
યમ ભગિની દુષ્ટન સંહારી,
પ્રભુ પ્રાણા ભક્તન હિતકારી,
કમલા સૌત નિરખ સુખ લીજે ॥ આરતી ॥
જો કોઈ યહ આરતી ગાવૈ,
કલિમલ નષ્ટ હોયઁ સુખ પાવે,
શ્રીમુકુન્દ પદ પ્રીતિ બઢાવૈ,
શ્રીવલ્લભ અપને મુખ ગાવે,
'ભૂપ' સ્વભાવ વિજય કર લીજે ॥ આરતી ॥

પુસ્તક પરિચય

એપ્રીલ–૨૦૦૨ ના અંકમાં 'શ્રીમદ્ ભાગવત્ ગુજરાતી સરળ ભાષામાં'' પુસ્તક પ્રકાશનનું સરનામું છપાયેલ ન હતું તેનો સુધારો :

શ્રીમદ્ ભાગવત ગુજરાતી સરળ ભાષામાં શ્રીસુબોધિનીજીના આશય સહિત પ્રકાશિત થનાર છે,
તેનું સરનામું નીચે મુંજબ છે.

ટ્રસ્ટી શ્રી માજી મહારાજ પુષ્ટિમાર્ગીય પાઠશાળા
ત્રણ દરવાજા પાસે, પુષ્ટિમાર્ગીય પ્રેસ, પાટણ–૩૮૪૨૬૫ (ઉત્તર ગુજરાત, વાયા મહેસાણા જંકશન)

☐ **૧. શ્રીબેઠક ચરિત્ર પ્રકાશ (સચિત્ર) ભાગ–૧ :** લેખક– શ્રીરમેશભાઈ પરીખ, પ્રકાશક–શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ, ૪૧–૪૪ ઊર્મિ શોપીંગ સેન્ટર, બી.કે. સિનેમાની સામે, મહેસાણા–૩૮૪૦૦૨.

૧/૮ ડેમીસાઈઝ પૃષ્ઠ ૧૬૦+૧૬=૧૭૬. મુખપૃષ્ઠ ઉપર શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી.

ન્યોછાવર : વૈષ્ણવ પરિવારનું સને ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષનું ભેટપુસ્તક.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા દરેક વૈષ્ણવને ખૂબજ ઉપયોગી સાહિત્ય અને માર્ગદર્શનયુક્ત શ્રીબેઠક ચરિત્ર પ્રકાશ બે ભાગ પૈકીનો આ પ્રથમ ભાગ છે. આ પ્રથમ ભાગમાં શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય, બેઠકજીમાં આપણે કેવી રીતે વર્તશું અને શ્રીમહાપ્રભુજીનું નિત્યલીલામાં પ્રાગટય– આગળ વિસ્તૃત લેખો તેમજ શ્રીમહાપ્રભુજીના દક્ષિણ ભારત અને ગુજરાતમાં સ્થિત ૪૦ બેઠકજીઓના ચરિત્રોનો સમાવેશ થયેલ છે.

આ ઉપરાંત શ્રીમહાપ્રભુજીના ૮૪ બેઠકજીઓના સરનામા અને ઉપલબ્ધ ફોન નંબર, બેઠકજીઓના નકશા વગેરેનો પણ સમાવેશ કરેલ છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા અને વસાવવા લાયક સુંદર અમૂલ્ય પુસ્તક.

સમાચાર

☐ **અમદાવાદ :** આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘના અધ્યક્ષ શ્રી પૂ.પા.ગો.શ્રી દ્વારા સોલા રોડ વિસ્તારમાં શ્રીગોપાલધામ હવેલીની સ્થાપના કરવામાં આવેલ છે. જ્યાં શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપ ખૂબજ ધામધૂમથી પધરાવવામાં આવેલ અને નંદમહોત્સવ અને કુનવારાના મનોરથ વૈષ્ણવોએ અલૌકિક આનંદ માણ્યો.

☐ **અમદાવાદ (મણીનગર) :** તાજેતરમાં તોફાનોમાં અસર પામેલા વટવા વિસ્તારના હિન્દુ ભાઈબહેનોને આં.રા.પુ.વૈ.પરિષદની મણીનગર શાખા તરફથી રાશન તથા વાસણ વગેરે જરૂરી વસ્તુઓ વિણાબેન શેઠ વગેરેના પ્રયાસથી વિતરણ કરવામાં આવેલ.

☐ **પોરબંદર :** તણસવા વૈષ્ણવ સમાજના ઉપક્રમે તણસવા મુકામે પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજી (મથુરા–પોરબંદર)ની અધ્યક્ષતામાં બે દિવસની શિબિરનું આયોજન કરવામાં આવેલ. આપશ્રીએ ''સિદ્ધાંત રહસ્ય'' ગ્રંથ ઉપર ખૂબજ સરળ ભાષામાં વચનામૃતો કર્યા હતા. તા.૨૫–૩–૦૨ ના રોજ શ્રીદ્વારકાનાથજી હવેલી પોરબંદર ખાતે કુંજ એકાદશીના દિવસે કુંજ–ખેલનો મનોરથ કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત હતા.

શ્રીયમુનાજીના પદ (પદ-૯૮)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

જાચોં જાઈ કોન કે દ્વારહિ;
શ્રીયમુને તટ રેણુ કામધુક સો સબ મોરિ સુધારહિ. ૧
જો ન તરૈ હરિહૂ પૈ ક્યોં હૂ તાહિ સહજ હઠિ તારહિ;
બિના ભજન તપ સાધુ સંગ બિન કોંન ગયો ભવ પારહિ. ૨
રજ સમીર કે સંગ અંગ લગિ કીટ લહૈ શ્રુતિ સારહિ;
અતિ અનૂપ મહિમા તટ આશ્રત શ્રીહરિ કરત બિહારહિ. ૩
'વલ્લભ' દાસિ આશ કરિ ઠાડી, પુનિ પુનિ શરણ પુકારહિ. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી ભાવ, માહાત્મ્યપૂર્વક ગાન કરે છે. એવું કોણ દયાળુ ને ઉદાર આપના સમાન છે કે જેનાં દ્વારે જઈને હું પુકાર કરું. શ્રીયમુને આપના તટ પરની રેણુકા મારા સકલ કામના પૂર્ણ કરશે.

જે જીવનો ઉદ્ધાર પ્રભુ પણ ન કરે તેવા જીવોનો ઉદ્ધાર કરવા પ્રભુ પાસે હઠ કરીને કરાવો છો. પ્રભુપ્રાપ્તિ કે જીવનું ઉદ્ધાર કરવાનું, આમાં બધામાં જુદા જુદા સાધનો છે તે એક પલ જેણે કર્યું નથી. નહીં ભજન, નહીં તપ, કે સાધુની સંગત આમાંનું કાંઈપણ કર્યા વિના કોણ ભવપાર કરી શક્યું છે ?

પરંતુ હવાના ઝોકાથી ઉડેલી આપની રજ જેને અંગે લાગી જાય તેનું પણ કલ્યાણ થઈ જાય આવું શ્રુતિ કહે છે. આપના તટનો મહિમા એવો અતિ સુંદર, અનુપમ છે કે જ્યાં શ્રીહરિ સ્વયં પધારીને વિહાર કરે છે. આવી રીતનો મહિમા જાણીને આપની આ વલ્લભદાસી આશા કરીને આપના તટ પર ઉભી છે ને વારંવાર આપનું શરણ પ્રાપ્ત કરવા પુકારે છે. ૯૮

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-05-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કાલ–બ્યાલ–બિખ–વિકલ જીય,
કા કરિ સેવ સ્તુત ।
સહજ કૃપા મનિ છુવૈર્યે,
અદ્‌ભુત બૈદ, અચ્યુત ! ॥૪૬॥

ટીકા : હે અચ્યુત ! જે શ્રીકૃષ્ણચંદ્ર ! સર્વ જીવ કાલરૂપી સરપના વિષથી બેભાન પડેલા છે, તે તે તમારી સેવા કે સ્તુતિ કેવી રીતે કરશે ? માટે તુરત તો તમે અદ્‌ભુત જે પરમ દયાલૂ વૈદ છો તે દીન જાણીને કૃપારૂપી સંજીવન મણિ એમને અડાડીને વિષ ઉતારોં, તેમને ભાન આવશે, ત્યારે તમારો પરમ ઉપકાર સમજીને પોતાની મેળે તમારી સેવા સ્તુતિ કરશે, માટે સહજ કૃપા કરો. ૪૬

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જંલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.
મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૪૫૩૪૫૧**

૨૧
૨

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

જો સેવન – ભગવદ્ ધર્મનું બરાબર થાત તો એનો પ્રભાવ આપણા ઉપર પડત. પણ સેવનીય વસ્તુનું સેવન ન કરતાં આજે આપણાજ ધર્મમાં એમ કહીએ કે વ્યાવસાયિક કોમ્પીટીશન (ધંધાદારી હરીફાઈ) ચાલી છે. બીજી પરંપરા એ ચાલી કે, ધર્મમાં ફેશન કાઢો તો ધર્મ ટકે. ખરેખર, કોઈપણ વસ્તુમાં– એના સ્વરૂપમાં ફેરફાર કરવો એ વિવેકથી થવો જોઈએ. કપડા એને એ છે, એને કઈ રીતે (વેતરીને) પહેરવા એ બીજી વાત છે. જે જેમાં સુંદરતા આવે, અને સુંદરતા આવે તો એ પ્રભુ સેવોપયોગી થાય. ભગવાનના શૃંગાર માટે પણ આજ વર્ણન છે કે "યથા સુંદરતા યાતી વસ્ત્રૈઆ ભરણેરપિ" હવે જે વસ્ત્રો અને આભૂષણોમાં જેવી રીતે ભગવાનનું સૌંદર્ય પ્રકટ થાય, ભગવાન રૂપાળા–વસ્ત્રો અને આભૂષણોથી નથી લાગતાં, સાધનોથી નથી રૂપાળા લાગતા. એ સ્વતઃ સૌંદર્યનું મૂળ છે. એટલે જ એને વેદાંત પક્ષવાળા બી રસાત્મક બ્રહ્મની સાથે, આ કહે છે કે "સૌંદર્ય માધુર્ય રસ સાર સમુદ્ભુત" છે. ભગવાન.

કહેવાનો તાત્પર્ય શું ? કે એ સૌંદર્ય માધુર્ય રસ સાર સમુદ્ભુત ભગવાન જે છે–જે લોકો જીવનમાં એ ભગવદ્ સૌંદર્યની, ભગવદ્ મધુરતાની અનુભૂતિ કરતા હોય, એના જીવનમાં કડવાશ આવે નહીં.

**(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૭૭–૭૮)**



વાર્ષિક લવાજમ : રૂા. ૪૦/-
આજીવન લવાજમ : રૂા. ૫૦૧/-



• ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો •

- ❀ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- ❀ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

● વર્ષ : ૨૧ ● અંક : ૩ ● શ્રીવલ્લભાબ્દ ૫૨૪ ● વિક્રમ સંવત ૨૦૫૮ ● જૂન, ૨૦૦૨

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧૩ તા. ૮–૬–૨૦૦૨ શનિવાર : ગો.ચિ.શ્રીવ્રજાભરણ બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૯–૬–૨૦૦૨ રવિવાર : ગો.શ્રીગોવિંદરાયજી (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૧૧–૬–૨૦૦૨ મંગળવાર : ગંગાદશરા પ્રારંભ. પનઘટ–જલક્રીડા. શ્રીયમુનાજીના પદ બોલાય.

જેઠ સુદ ૨ તા. ૧૨–૬–૨૦૦૨ બુધવાર : ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

જેઠ સુદ ૩ તા. ૧૩–૬–૨૦૦૨ ગુરૂવાર : આજથી આરંભી જેઠ વદ ૧ તા. ૨૫–૬–૨૦૦૨ મંગળવાર સુધી શ્રીની શીતોપચાર સેવા કરવી.

જેઠ સુદ ૪ તા. ૧૪–૬–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીકુંજરાયજી (શ્રીયોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૧૫–૬–૨૦૦૨ શનિવાર : શ્રીનાથજી (નાથદ્વારા) નાવનો મનોરથ રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજીનો પ્રાગટય દિન (સં.૧૮૩૬). ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા) તથા ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૧૮–૬–૨૦૦૨ મંગળવાર : ગો.ચિ.શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો તથા ગો.ચિ.શ્રીવિઠ્ઠલેશજી (શરણમ્) (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૨૦–૬–૨૦૦૨ ગુરૂવાર : ગંગાદશમી (ગંગા દશહરા સમાપ્તિ) શ્રીયમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૨૧–૬–૨૦૦૨ શુક્રવાર : નિર્જલા એકાદશી વ્રત. (ભીમ એકાદશી). ગો.ચિ. શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૨૩–૬–૨૦૦૨ રવિવાર : સ્નાનનું જળ ભરવું. તેનું અધિવાસન કરવું. ગો.ચિ. શ્રીવ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૨૪–૬–૨૦૦૨ સોમવાર : માંદ્ય ચંદ્રગ્રહણ હોવાથી પાળવાનું નથી. જ્યેષ્ઠાભિષેક, સ્નાનયાત્ર. ગો.ચિ.શ્રીગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ વદ ૪ તા. ૨૮–૬–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૩૦–૬–૨૦૦૨ રવિવાર : ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૬–૭–૨૦૦૨ શનિવાર : યોગિની એકાદશી વ્રત.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૧ અંક : ૪ ☐ શ્રી વલ્લભાબ્દ પ૨૪ ☐ જૂન, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ અઠ્યોતેરમો : "ઉષ્ણકાલમેં પ્રભુ કે પાસ દીવા ન રાખે"

ગરમીના દિવસોમાં દીવો શ્રીપ્રભુથી દૂર રાખવો જેથી દીવાની ગરમી પ્રભુને ન લાગે, આ રીતની ઝીણી ઝીણી વાતનો પ્રભુસુખનો વિચાર રાખી સેવામાં ચિત્તને ચોંટેલું રાખવું.

☐ અપરાધ ઓગણાએંશીમો : "શય્યા ફેર ઝટક કે બિછાવે"

સાંજના પ્રભુને શયન કરાવતાં પહેલા શય્યાની ચાદર ઝાટકી વ્યવસ્થિત કરી ફરી બિછાવવી જેથી પ્રભુ સુખરૂપ પોઢે. હવાથી આવેલ સૂક્ષ્મ રજકણો આદિ પદાર્થો દૂર થઈ શય્યા સ્વચ્છ સુકોમલ રહે જેથી પ્રભુને કોઈ વાતે શ્રમ ના થાય તેવી ભાવના રાખવી.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ ., જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા-કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક- કડી

–ગતાંકથી ચાલુ

(૧) પ્રમાણ–નિરોધ
(૨) પ્રમેય–નિરોધ
(૩) સાધન–નિરોધ
(૪) ફલ–નિરોધ

(૧) ભગવાનની પ્રમાણરૂપા નિરોધલીલાઓના કારણે ભક્ત પોતાના સ્વભાવને અનુરૂપ ભગવાને ધારણ કરેલા રૂપને જાણી જાય છે. તેવી લીલાને 'પ્રમાણનિરોધ' કહેવામાં આવે છે. પ્રમાણલીલાનું કરણ થવાને કારણે વ્યાપાર ભક્તના હૃદયમાં પ્રેમના રૂપમાં પ્રગટ થાય છે. તેનું ફળ ભક્તના હૃદયમાં પ્રમેયની સ્થિરતા થાય છે.

(૨) ભગવાનની પ્રમેયરૂપા નિરોધલીલાને કારણે ભક્ત–સ્વભાવ અનુરૂપ ધારણ કરેલું ભગવાનનું રૂપ–પ્રમેય ભક્તના હૃદયમાં બધી રીતે આરૂઢ થઈ જાય છે. તેથી એવી લીલાને 'પ્રમેયનિરોધ' કહેવામાં આવે છે. પ્રમેયલીલાનું કરણ બનવાને કારણે વ્યાપાર, ભક્તના હૃદયમાં ભગવદાસક્તિ–ભગવાન વિના બીજા બધા વિષયોમાં અરુચિ–ના રૂપમાં પ્રગટ થાય છે. તેના ફલસ્વરૂપે ભક્ત પોતાના મનોરથોને અનુરૂપ ભગવાનના રૂપની પ્રાપ્તિનાં સાધનોમાં જોડાઈ જાય છે.

(૩) ભગવાનની સાધનરૂપા નિરોધલીલાઓને કારણે ભક્તસ્વભાવ અનુરૂપ ધારણ કરેલા ભગવાનના રૂપની પ્રાપ્તિનાં સાધનોમાં ભક્ત તત્પર બની જાય છે. તેથી એવી લીલાને 'સાધનનિરોધ' કહેવામાં આવે છે. સાધન લીલાનું કરણ બનવાથી વ્યાપાર ભક્તના હૃદયમાં ભગવદ્વ્યસનના રૂપમાં પ્રગટ થઈ જાય છે. હવે ભગવાન વિના ભક્ત રહી શકતો નથી. ફલસ્વરૂપ પોતાના મનોરથને અનુરૂપ ભગવદ્રૂપ તથા ભગવલ્લીલાની અનુભૂતિ તેને થવા લાગે છે.

(૪) ભગવાનની ફલરૂપા નિરોધલીલાઓને કારણે ભક્ત–સ્વભાવ અનુરૂપ ધારણ કરેલી ભગવદ્રૂપની લીલામાં ભક્ત સંમિલિત થઈ જાય છે. તેથી એવી લીલાને 'ફલનિરોધ' કહેવામાં આવે છે. ફલાત્મિકા લીલાનું કરણ બનવાના કારણે વ્યાપાર ભક્તના હૃદયમાં માનસી સેવા, સર્વાત્મભાવ વગેરેના રૂપમાં પ્રગટ થાય છે. ફલસ્વરૂપ ભગવાનના બાહ્ય–આભ્યંતર અનુભવોનું ચક્ર ભક્તના હૃદયમાં નિરંતર ચાલવા લાગે છે. ભક્ત ભગવાનમાં તન્મનસ્ક, તદાલાપ, તદ્વિચેષ્ટ, તદાત્મક, તદ્ગુણગાનપરાયણ બનીને પોતાના દેહ–ગેહની સૂધ–બૂધ ખોઈ બેસે છે ! (ભક્ત ભગવાનમાં જ મનવાળો, તેની જ વાતો કરતો, તેના અર્થે તેવી જ ચેષ્ટાઓ કરતો, તેનામાં જ આત્માવાળો અને તેના જ ગુણગાનપરાયણ બની જઈ પોતાના શરીર ઈત્યાદિની સાન ખોઈ બેસે છે. આ વ્યસન દશાની વાત છે.) ભજનાનંદની આ પરાકાષ્ટાની તુલનામાં ભક્તને બ્રહ્માનંદ પણ કદી

ગમતો નથી!! બ્રહ્માનંદમાં શુદ્ધ અદ્વૈતરૂપ એકરસતા હોય છે. જ્યારે ભજનાનંદમાં અનેકવિધ મધુરતા રહે છે : તેમાં દ્વૈતરૂપ પણ છે અને અદ્વૈતરૂપ પણ છે !!!

સાયુજ્યરૂપ મોક્ષ અથવા બ્રહ્મભાવાપત્તિરૂપ વૈકુંઠાદિલોકમાં સેવા–ઉપયોગી દેહ પણ આ ઉપર કહેલા અલૌકિક–સામર્થ્યની તુલનામાં ભક્તના મનને લોભાવનારા નથી લાગતા. ભગવત્સંયોગ–સેવા અને ભગવદ્દ્વિયોગ–કથાના અહર્નિશ ચાલતા ચક્રથી વધીને કેવળ વિપ્રયોગને માનવામાં નથી આવતો, તે જ કારણથી મુક્તિ અથવા આશ્રંયભાવાપત્તિ તરફ લઈ જનારા ભ્રમરગીતમાં વર્ણિત વિયોગનું સ્થાન ફલપ્રકરણમાં ન હોતા તે પ્રમેય પ્રકરણમાં છે.

“મય્યાવેશ્ય મનઃ કૃત્સ્નં વિમુક્તાશેષવૃત્તિ યત્, અનુસ્મરન્ત્યો માં નિત્ય– મચિરાન્મામવાપ્સ્યથ”. જે ગોપીઓ સ્વજનોના રોકવાને લીધે રાસમાં ન આવી શકી તે ગોપીઓ મારામાં મન લગાવીને મારું સ્મરણ કરતાંની સાથે જ અને લીલાઓનાં સ્મરણથી જ મને પ્રાપ્ત કરી શકી (ભા. ૧૦–૪૭–૩૭)ની સુબોધિનીજીમાં આ અવસ્થાની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે “અહં હિ કૃત્સ્નઃ પ્રસાદેનાપિ પ્રાપ્તઃ કૃત્સ્નેનૈવ સાધનેન પ્રાપ્તું યોગ્યઃ સા ચ કૃત્સ્નતા અસ્યામેવાવસ્થાયાં ભવતિ નાન્યથા.” (હું પણ સંપૂર્ણ કૃપા દ્વારા પ્રાપ્ત હોવા છતાં, પૂર્ણ સાધનો દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છું. તે પૂર્ણતા આ જ અવસ્થામાં થાય છે, બીજી કોઈમાં નહીં.) અર્થાત્ તામસફલ–પ્રકરણમાં ભગવાનના રસાત્મક રૂપનો અનુભવ યદ્યપિ પૂર્ણતયા થઈ જ ગયો હતો, પરંતુ તે સાધનાવસ્થા પછી ફલાવસ્થાના ક્રમ અનુસાર ન થયેલો હોવાથી ભગવદનુગ્રહવશ સાધનાક્રમની પૂર્ણતાની પહેલાં જ ફલાનુભૂતિ પ્રાપ્ત થવાની લીલા હતી. હવે રાજસ પ્રમેય–પ્રકરણમાં અર્થાત્ રાજસભક્તોના માટે જે પ્રમેયરૂપા નિરોધલીલાનું પ્રકરણ છે, ત્યાં તામસ ભક્તોના તો ફલાનુભૂતિનું નહિ પરંતુ સાધનાનુભૂતિનું જ સ્તર છે.

“આન્તરં તુ પરં ફલમ્” (આન્તર અનુભવ શ્રેષ્ઠ ફલ છે સુબો.૧૦–૨૬–૧) અથવા યુગલગીતમાં વર્ણવેલી “દ્વાત્રિંશેઽન્તર્ગોપિકાનાં સ્વાનંદ ભગવાન્ હૃદિ પૂરયામાસ તેનૈવ પૂર્ણાનન્દ ઈતીર્યતે” (બત્રીસમા અધ્યાયના અંતમાં–ગોપિકાઓનો સ્વાનંદ ભગવાને હૃદયમાં પરિપૂરિત કર્યો તેથી જ તે પૂર્ણાનન્દ કહેવાયો)વાળો પરમફલાત્મક વિયોગ ભ્રમરગીતમાં વર્ણવાયેલો વિયોગ નથી. તેથી શ્રીપ્રભુચરણે આ વિયોગાનુભૂતિનું વાસ્તવિક સ્વરૂપ આ શબ્દોમાં સમજાવ્યું છે– “એતાસાં તુ અધુનૈવ બહિસ્સંગમો અભિલષિતઃ તદભાવાદસ્મદનભિપ્રેતામપિ અસ્મદધિકારવિરુદ્ધામપિ જ્ઞાત્વા ઈશ્વરભાવેનાજ્ઞાપિતવાન્, અનભિપ્રેતમપિ બલાદ્ ગ્રાહયિતુમ્ ઈતિ અનાકર્ણનીમ્ ઈદં ભવતિ યદ્યપિ, તથાપિ પ્રિયતમસંબન્ધિત્વેનૈવ શ્રુતત્વાત્ તથૈવ ફલિષ્યતિ. ન તુ ઉપદેશત્વેનેતિ જ્ઞાપનાયાગ્રે સન્દેશપદમ્”. આ લોકોને તો અત્યારે જ બહિસ્સમાગમ અભિલષિત છે. તેના અભાવથી ન ચાહવા છતાંય, અધિકાર ન હોવા છતાંય, એવું જાણવા છતાંય, ઈશ્વરભાવથી શ્રીકૃષ્ણે પોતાનું સ્વરૂપ જણાવ્યું, ઈચ્છેલું ન હોવા છતાંય, બળથી ગ્રહણ કરવામાં આવ્યું હોય એવું સાંભળવા લાયક નહોતું છતાંય, પ્રિયતમના સંબંધથી સંબંધિત હોવાને કારણે તેવું જ ફલ ત્યાં પ્રાપ્ત થશે. ઉપદેશ આપવાથી તેવું ફલિત નહિ થાય તેવું સમજાવવા માટે આગળ સંદેશપદ આપ્યું છે. (ટિપ્પ. ૧૦–૪૪–૨૯). પ્રમેય સ્વભાવથી વિવશ બની વ્રજભક્તોએ વિયોગ સ્વીકાર્યો છે– પોતાના ભાવથી કે અભિલાષાને વશ થઈને નહિ. ભગવત્કથાના શ્રવણ કે કીર્તનનું ફલ, ભગવત્સ્વરૂપ અને ભગવલ્લીલાના પહેલાં આન્તર અને પછી બાહ્ય અનુભવ સ્વીકારવામાં આવ્યું છે. બાહ્યાનુભવના અભાવમાં કેવળ આન્તર અનુભવ વ્યર્થ છે.– “બાહ્યાભાવે તુ આન્તરસ્ય વ્યર્થતા”. બાહ્ય અનુભવ પ્રભુના સ્વાનંદનો ન થાય તો માત્ર આન્તરભૂતિની અહીં વ્યર્થતા બતાવી છે. (સુબો. ૧/૬/૧).

–ક્રમશઃ

સત્સંગ-મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનભાઈ તન્ના, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

સત્સંગ–મંડળમાં પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધવા લાગી. સૌને કથાવાર્તા, ભજન–ધૂન વગેરેમાં રસ પડવા માંડ્યો. નવા નવા વિચારો અને નવું નવું જ્ઞાન મળવા માંડ્યું. ન સમજાય તે માટે પ્રશ્નો પૂછાવા માંડ્યા. તેના સરળ પ્રત્યુત્તર કનુભાઈ આપતા હતા, તેથી આનંદમાં અધિક વૃદ્ધિ થવા લાગી. આસપાસના ગામોના લોકોને પણ થયું કે જ્યાં ત્યાં રવડી રખડીને રાત્રી ગાળવા કરતાં અને ટોળટપોળ, ગપ્પાંઓ મારવા કરતાં રાત્રે વ્રજપુરમાં સત્સંગ–મંડળમાં જઈએ તો સારું અને એ રીતે આસપાસનાં અનેક ગામોમાંથી પણ માણસો સત્સંગમાં આવવા લાગ્યા.

સાચો ધર્મ શું અને કેમ ? સૌ સમજવા માંડ્યા. ધાર્મિકતા પ્રસરવા માંડી. દૂરદૂરથી પણ માણસો વ્રજપુરની સત્સંગ–મંડળની પ્રવૃત્તિ નિહાળવા અને એવું સત્સંગ–મંડળ પોતાને ત્યાં ચલાવવા પ્રેરણાઓ મેળવતા હતા. વધારે મહત્વની વાત તો એ બની કે બાળકોમાં જન્મથી જ ધાર્મિક સંસ્કારો આવ્યા. ઊંચા પ્રકાના આચાર–વિચારોથી દુર્વ્યવહાર, દારૂ, જુગાર વગેરેને દેશવટો મળ્યો. રાજ્યભરમાં સત્સંગ–મંડળ માટે વ્રજપુરનું નામ આગળ આવી ગયું અને એ રીતે સત્સંગને કારણે સૌ સુખી, સંતોષી ને આનંદમય જીવન જીવવા માંડ્યા.

પ્રતિદિન પ્રારંભમાં 'ચિંતા સંતાન હન્તારો' અને અંતમાં 'દઢ ઈન ચરનન કેરો ભરોસો' ગવાય એ પ્રણાલિકા હતી. ૮૪ વૈષ્ણવોની વાર્તા અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા બે વરસ સુધી ચાલી. એનાથી પુષ્ટિ જીવન એટલે શું, કેમ અને કેવું હોય તેની પૂરેપૂરી સમજ તેમજ સેવા–સ્મરણ–પાઠના નિયમો, વિધિ અને સમય વગેરે સંબંધી જાણકારી મળી. ઘેરઘેર ઠાકોરજીને પધરાવાયા અને સેવા–પાઠ થવા લાગ્યા. અવારનવાર આચાર્યશ્રીઓની પધરામણી થવા માંડી અને ઉત્તમ પ્રકારના તેઓશ્રીના પ્રવચનોનો લાભ પણ મળવા માંડ્યો. ગામમાં પરસ્પર પ્રેમ વધ્યો, સદાચાર, સત્ય, નિષ્ઠા અને ધર્મભાવના ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા. ચાડીચુગલી, નિંદા અને ઝગડાઓ નાશ પામ્યા પરિણામે માનવપ્રેમ, જીવપ્રેમ, દેશપ્રેમ વધ્યો અને ઉચ્ચ પ્રકારનું જીવન જીવવા માંડયા. સૌને હૃદયમાં ઠસી ગયું કે જ્યાં ધર્મ છે ત્યાં જ સાચું સુખ છે, જ્યાં ધર્મ છે ત્યાં જ શાંતિછે, જ્યાં ધર્મ છે ત્યાં જ સાચી માનવતા છે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૬. બધું પ્રભુરૂપ છે પણ વર્તવામાં વિવેક જોઈએ

વેદની શ્રુતિઓ તો એમ કહે છે કે આ જીવને મરવું ને અવતરવું ક્યાં સુધી? તો આ જીવને હરિ જુદા ગણ્યા છે ત્યાં સુધી તો એ કાળના મોં માં છે, ને આ જગતને હરિ એક જાણે, ત્યાર પછી એ કાળના મોં માં નહીં. તે જીવ ધર્મરાજાને માથે પગ દઈને જ્યાં પ્રભુ છે, ત્યાં જશે. તે ભગવદીય કેવી રીતે જોશે, કે બ્રહ્માથી તે કીડી સુધી શ્રીદ્વારકાનાથજીનો પરિવાર જોશે. જેણે પ્રભુનો ગૃહસ્થાશ્રમ જાણ્યો તેને કોણ મારે અથવા ગાળ દે! તે માથુ નીચું કરશે, તે ઉંચો કદાપિ નહીં થાય. કયા ભયવદીય એવી દ્રષ્ટિથી જુએ છે એમ પૂછતા કહ્યું કે શ્રીશુકદેવજી, ભરતજી એમને ગમે તો મારો ગમે તો બાંધો, પણ એઓ ઉચ્ચાર કરશે નહીં. દેવીનાં ભક્તે બાંધ્યા, ત્યારે બંધાયા. જુએ છે તો હરિ બાંધે છે. દેવીને દીઠી, ત્યાં પણ હરિ જોયા. તરવાર ઉંચી કરી તેમાંય હરિ જોયા એટલે પછી કશી ચિંતા રહી નહીં. એવો ધર્મ તે આત્મારામ છે. તે ઉપર એક દ્રષ્ટાંત કે જેમ આપણી દિકરી છે, તે ફુટડી છે. તે ઉપર બીજા લોક લાખો નજર મારે છે. પણ આપણી તેના ઉપર ખોટી દ્રષ્ટિ થાય નહીં. વળી બોલે છે, ચાલે છે, કાકા કહે છે, વળી આપણા ઉપર આવીને પડે છે, ત્યારે આપણને હેત આવે છે. ત્યારે તેને માથે હાથ મુકીએ છીએ, પણ કાંઈ દુષ્ટ બુદ્ધિ થાય છે ? તેમ મોટા આત્મારામ જગતમાં રહે છે તે એવા રહે છે, ને આપણે તો આ સારું આ નરસું, ભલું ભૂંડુ દેખીએ છીએ, પણ આપણે ને તેને શી સગાઈ છે?

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.
○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
પ.ભ.જમનાદાસ હરિદાસ, હઃ શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.
○ અનુકરણીય ○
લવાજમ વિશેષ સહાયના રૂા.૫૧/– આજીવન ગ્રાહક નં.૫૯૩ પ.ભ. શ્રીવિરજીભાઈ કે. લીંબાસીયા
તરફથી મળેલ છે જે અનુકરણીય છે.

કરીએ વચનામૃત રસપાન

'' શ્રી કાકા વલ્લભજી મહારાજના વચનામૃત ''

અનુવાદક : પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

વચનામૃત ૧/પર

પ્રથમ વચનામૃતમાં શ્રી કાકા વલ્લભજી આજ્ઞા કરે છે. આ વચનામૃતમાં આપશ્રી એક વાર્તાપ્રસંગ પ્રસ્તુત કરે છે.

એક વૈષ્ણવ કુટુંબ હતું. આ કુટુંબમાં પિતા અને પુત્ર બંને ગોસ્વામી શ્રીઘનશ્યામજી મહારાજના સેવક હતા. પિતા હંમેશા પોતાના ગુરૂગૃહે કથા રસપાન કરવા જાય અને પુત્ર શ્રીગોકુલનાથજીને ત્યાં નિત્ય વચનામૃતપાન કરવા માટે જાય.

એક દિવસ પિતાએ કહ્યું, 'બેટા , તું તારા ગુરૂ શ્રીઘનશ્યામજી મહારાજને ત્યાં કથા સાંભળવા માટે નિત્ય આવતો રહેતો હોય તો કેવું સારું ! અને તું જ્યાં જાય છે ત્યાં શ્રીગોકુલેશ પ્રભુને ત્યાં તો મોટેભાગે હાસ્યવિનોદ ખૂબ થયા કરે છે તો ત્યાં જવાનું બંધ કરી દે અને મારી સાથે આપણા ગુરૂ શ્રીઘનશ્યામજી પાસે કથાશ્રવણ માટે નિયમિત આવવા માંડ.'

આ સાંભળી પુત્રે કહ્યું, પિતાજી, આપ એકવાર ત્યાં આવી શ્રીજીના શ્રીમુખેથી વચનામૃત સાંભળો તો ખરા. પછી આપને જે કહેવાનું ઠીક લાગે તે મને કહેજો.'

પિતાને થયું કે લાવને હું પણ એકવાર શ્રીજીના વચનામૃત સાંભળું. એટલે પુત્રે કહેલું તે મુજબ વચનામૃત શ્રવણ કરવા પુત્રની સાથે તે પણ શ્રીગોકુલનાથજીને ત્યાં ગયા અને વચનામૃત સાંભળ્યું.

પિતાને શ્રીજીના વચનામૃતથી અનહદ આનંદ મળ્યો. તેમને કથારસ કરતાં વચનામૃત રસ વધુ મીઠો લાગ્યો. તેમણે પોતાના પુત્રને કહ્યું, 'બેટા, મને શ્રીજીના વચનામૃતમાં કથા કરતાં વધારે આનંદ મળ્યો છે. એક વચનામૃત ઉપર હજાર ભાગવત–કથાઓ વારી જાઈએ એવું અમુલું વચનામૃત છે. તું વચનામૃત સાંભળવા સુખેથી જજે. હું પણ તારી સાથે આવીશ.'

આમ, પિતાએ પણ પુત્રની સાથે વચનામૃત સાંભળવા જવાનું શરૂ કર્યું. એવા શ્રીમુખના વચનામૃત અનિર્વચનીય છે !

ઈતિ શ્રી કાકા વલ્લભજી મહારાજનું પ્રથમ વચનામૃત અહીં પુરૂં થાય છે. ।।૧।।

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડચાર્યજી મહારાજ)ના વચનામૃત

સંકલન : કાન્તિ ર. ગાંધી, અમદાવાદ

સંગ અને સત્સંગ

પુષ્ટિમાર્ગ આપણા જીવનમાં પ્રગટ થવો જોઈએ. પ્રાચીન સમયના આચાર્યો અને ભગવદીયો પણ સત્સંગની ઝંખના કરતા હતા. કબીર સત્સંગ પ્રાપ્ત થાય અને સંગદોષ ન લાગે તેના માટે ઘણા સાવધાન રહેતા હતા.

શ્રીવલ્લભાચાર્યજી ષોડશગ્રંથોમાં સંગત્યાગનો ઉપદેશ કરે છે અને સંત લોકોને સંગ કે દુ:સંગનું ઔષધ બતાવે છે. સંગદોષ તો સહુથી પ્રબલ છે. પોતાના વંશવારસોની જે અસર હોય તેને પણ સંગની અસર નષ્ટ કરી દે છે. આવી રીતે સંગદોષને બળવાન ગણ્યો છે. અને દુ:સંગથી તો હંમેશ બચવું તેવી સૂચના શ્રીહરિરાયજી શિક્ષાપત્ર અને દુ:સંગ વિજ્ઞાન પ્રકારમાં વર્ણવે છે. એટલું જ નહીં તે સત્સંગને વૈષ્ણવો દ્વારા પ્રાપ્ત કરવાની મહાન અભિલાષા વારંવાર વ્યક્ત કરે છે. તેમનાં અંતરમાં તેનો તાપ સતત રહે છે. અને જે કોઈ અધિકારી જીવ તેમના પાસે જાય છે ત્યારે પોતે તેની સાથે ભગવત ચર્ચા કરે છે. જેમ વ્રજભક્તો પરસ્પર પ્રભુનું સ્મરણ કરીને તેમની દિવ્ય લીલામાં એવા આનંદમગ્ન થઈ જતા, જેમ યોગીઓ સમાધિમાં લીન થઈ જાય છે.

આજે તેવા સત્સંગના કે વૈષ્ણવોના દર્શન પણ થવા દુર્લભ છે. પહેલા જ્યારે બે ભક્તો મળતા તો પ્રભુના ગુણગાન ગાતા અને આજે તો બે વ્યક્તિ મળી કે પ્રપંચ ચર્ચા શરૂ થઈ જાય છે. મુખ્ય ધર્મને ભૂલી પ્રપંચનું સ્મરણ મુખ્ય બની જાય છે તે કલિયુગનો પ્રભાવ સ્પષ્ટ તરી આવે છે. મનની શુદ્ધતા ઓછી થઈ છે. શુદ્ધ ભાવથી ભક્તો સમક્ષ ચર્ચા પણ રજુ કરી શકાતી નથી. કોણ જાણે તે શું સમજી આડી અવળી વાત કઈ રીતે રજુ કરશે તેની કલ્પના પણ કરી શકાતી નથી. જ્યારે આવી સ્થિતિ હોય તો અંત:કરણમાં ભક્તિ અને ભાવના ક્યાંથી જાગે ? કહેવાતા ભક્તોની સાથે ચર્ચા કરવાનો પણ વિચાર કરવો પડે છે. તેમજ કોઈપણ એવી વાતથી સાવધ રહેવું પડે છે કે ક્યાંય એકને સ્થાને બીજો આશય થઈ ન જાયે મારા પ્રવાસમાં પ્રચાર કરતા મને પણ મનમાં તેવા ભક્તોના દર્શનની આશા રહેતી હતી. પણ તે તો પ્રભુની ઈચ્છાથી જ પૂર્ણ થઈ શકે છે. મારા પ્રયાસથી જો બને તો અહંકાર થાય તેના માટે જ શ્રીહરિએ તેવા ભગવદીયોના દર્શન કરાવ્યા તેવું માનીને સંતોષ કરું છું. અનેક લોકો પૂછતા હતા પણ તેમના અંતરમાં તેવી ભાવના જ ન હતી. એમ લાગતું હતું કે હૈયામાં શૂન્ય છે ને મનમાં ઉદ્વેગ છે. વાસ્તવિકતાને કોઈ આવરણ સંતાડી રહ્યું છે. કોઈક સ્થાને

તેવા ભાવિક સમાજનાં પણ દર્શન થાય છે. છતાં તેમના વિશ્વાસ અને મહાન ભાવનાનો સદુપયોગ થતો નથી.

વલ્લભ સંપ્રદાયમાં શ્રદ્ધાતત્ત્વ અનેરું છે. અને જો તેનો યથોચિત ઉપયોગ થાય તો આજે સમાજ માટે તે અમૂલ્ય દાન આપી શકે છે. જ્યાં સુધી આજની વૈષ્ણવતાનો પ્રશ્ન છે તે સામાન્ય સ્તરની પણ નથી. તો તેનો યથાર્થનો અનુભવ ક્યાંથી થઈ શકે ?

જ્ઞાનની વાતો કરવાની પણ આજે એક ફેશન છે. પણ તેનાં થકી જ્ઞાન મળતું નથી. પોતાની મહત્તા અને વાંચન દેખાડવા માટે લોકો ચર્ચા કરે છે. પરંતુ મનમાં સ્થાન આપતા નથી. મોટો પ્રશ્ન એ જ છે કે પ્રપંચની ભ્રમરીમાં ભમતા લોકો તેને જ સુખ માની આનંદિત થાય છે. તેમને પરમાનંદ અને પ્રપંચનો તફાવત ભેદ દેખાતો નથી. આવા લોકોથી દૂર રહી, પ્રપંચ, ચિંતન ઓછું થાય તેમાંજ શ્રેય છે. આવી સ્થિતિમાં જો વધુ લોકોનો સંપર્ક થાય તો સરવાળામાં કાંઈ મળવાનું નથી અને જે મળશે તે અહિત કરનાર હશે.

લૌકિક વાત કરવામાં પણ આવી સાવધાની રાખવાની ખાસ જરૂર છે. જો આપણે ત્યાં સાવચેતી નહીં રાખીએ તો પ્રપંચ અને મિથ્યા સંભાષણનો એવો રસ લાગશે કે પછી વાસ્તવિક વસ્તુને ઓળખી પણ નહીં શકાય. પુષ્ટિમાર્ગને હૃદયથી ચાહનારા આચારવાન ભગવદીયને ઉત્પન્ન કરી આ સંપ્રદાય પણ નિર્ભય થઈ શકે છે. પુષ્ટિમાર્ગ આપણા જીવનમાં પ્રગટ થવો જોઈએ.

કાવ્ય કુંજ

૩. પ્રગટે શ્રીવલ્લભ કરૂણાનિધિ

– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

પ્રગટે શ્રીવલ્લભ કરૂણાનિધિ
પ્રેમભાવસું પરબ્રહ્મ મીલાયે
કેવલ સેવાસ્મરણ કી વિધિ. ૧
વિવેક ધૈર્યઆશ્રય દ્રઢ કરાયે
દીની અલૌકિક સિદ્ધિ
ગોકુલેશ સદા તહાં વસવો
પરમ પ્રેમ પરિધિ. ૨

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ઉત્તર વચન તે માનવું, પૂર્વનું નહીં પ્રમાણ;
છેલ્લું રચ્યું શ્રી ભાગવત, પહેલાં રચ્યાં અન્ય પુરાણ.
પુરાણ પૃથક્ પ્રથક્ કર્યા વ્યાસે, તો યે રહેતું ઉર ભરિયું ઉદાસે
મર્મ બતાવ્યો નારદ મિત્ર, સુખ થાશે રચો ભક્તિ ચરિત્ર
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૭)

વિવેચન : આ ચંદ્રાવળામાં તત્ત્વ બતાવ્યો છે કે ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે. આવું નારદ મુનિએ વ્યાસજીને બતાવ્યું.

વ્યાસ મુનિએ પુરાણોની રચના કરી. (તેના નામો આગળ આપી ચુક્યા છીએ) સત્તર પુરાણોની રચના કરી, પરંતુ તેના હૃદયમાં શાંતિ રહી નહી. તેથી તેનું મન ઉદાસ રહેતું હતું. જ્યારે નારદ મુનિ પધાર્યા ત્યારે ઉપદશ દીધો કે તમે હવે ભક્તિ ચરિત્રની રચના કરો ત્યારે શ્રીમદ્ ભાગવતની રચના વ્યાસ મુનિએ કરી, તેમાં તેને પૂર્ણ શાંતિ મળી.

ઉત્તરવચન તેજ શ્રીમદ્ ભાગવત, તેનેજ પ્રમાણ માનવું. પૂર્વનું એટલે પહેલાં સત્તર પુરાણો રચ્યા તેને પ્રમાણ માનવા જરૂર નથી. સત્તર પુરાણોમાં અનેક વિધિયો તથા અનેક દેવદેવીઓનું માહાત્મ્ય બતાવ્યું છે, તથા જીવને કરવાનાં કર્તવ્યો બતાવ્યા છે.

વ્યાસ મુનિએ લખેલા સત્તર પુરાણોનો સાર બધો ભાગવતમાં સમાયેલો છે. જેમકે દૂધમાંથી દહીં, તેનું વલોણું કર્યા પછી માખણ, તે સારૂ રૂપ છે. તેવી રીતે વ્યાસ મુનિએ પોતાનાં હૃદયનું ખૂબ મંથન કર્યું. તેમાં છેવટનો સાર તે શ્રીમદ્ ભાગવત પુરાણ છે.

આ વિષય શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ અધ્યાય પાંચમાં આવે છે. જે ઉપદેશથી વ્યાસ મુનિને શાંતિ મળી. તેજ ખરૂં પ્રમાણ.

આ પ્રમાણે તત્ત્વરૂપ ભાગવત છે. તેનેજ શ્રીમહાપ્રભુજીએ પ્રમાણમાં લીધું છે. અને શ્રીમદ્ ભાગવત ઉપરથી શ્રીસુબોધિનીજી પ્રગટ કરી છે. તેમાં પણ દશમ સ્કંધ છે, તે હૃદયરૂપ છે. આ સ્કંધમાં પ્રભુની રસમય બાળલીલા, કિશોરલીલા, વ્રજભક્તો સાથે સ્વતંત્ર ક્રીડા તેમજ ગ્વાલ બાલો સાથે સખ્ય ભાવ રાખી વ્રજમાં સ્વતંત્ર રીતે ખેલકુદ તથા ઘરઘર માખનની ચોરી, દાનલીલા, માનલીલા આદિ અનેક લીલાઓથી દશમ સ્કંધ ભર્યું ભર્યું છે. જેમાં ભક્તોની સાથેની સ્વતંત્ર ક્રીડા, તે ક્રીડામાં ભક્તોની ઈચ્છાને

માન આપીને તેમનાં સર્વનાં મનોરથો સિદ્ધ કર્યા. વનમાં જઈ ગાયો ચરાવી, વેણુવાદન કરી પશુ, પક્ષી, જડ, ચેતન, પૃથ્વી, આકાશ, સર્વને મોહ પમાડ્યા.

ખાસ કરીને બતાવ્યું કે ભક્તો મારા છે. હું ભક્તોનો છું. તેમાં લેશમાત્ર અંતર કે શંકાને સ્થાન નથી. મારો ભક્ત નચાવે તેમ હું નાચું છું. આવી ગૂઢ રસમય લીલા બધી દશમ સ્કંધમાં છે.

દશમ સ્કંધમાં પૂર્વાર્ધ, ઉત્તરાર્ધ બે વિભાગો છે. આ બધી આનંદમય લીલાઓ પૂર્વાર્ધમાં દશમ સ્કંધરૂપ અધ્યાય ૩૫ સુધી વર્ણવી છે. ગોકુલમાં રહી ઉછ્રંખલ લીલા કરી છે. પ્રભુત્વ છુપાવી રાખ્યું છે, ભક્તને આધીન બનીને રહ્યાં છે.

શ્રીહરિરાયજી શિક્ષાપત્ર ૪ થામાં જણાવે છે કે શ્રીમદ્ ભાગવત અને શ્રુતિનાં વચન પ્રમાણ માનવા. બીજા સત્તર પુરાણો ખોળવાની જરૂર નથી. પહેલા રચેલા પુરાણોને કવિ શ્રીત્રીગુણકાય કહે છે. જેમકે કાગડાનું તીર્થ, કાગડાનાં તીર્થનું ભક્તોને શું કામ છે. ભક્તોને તો ભક્તિ જ કામની. આ દરેક તત્ત્વો શ્રીમદ્ ભાગવતમાંથી જ મળી રહે છે.

અન્ય પુરાણોની કથા તે વાંચવાવાળાને સ્વાર્થમયી જ છે. શ્રીમદ્ ભાગવત જ્ઞાન ભક્તિ પ્રાપ્ત કરવા માટે છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ તેનો ઉપયોગ સ્વાર્થે કે લોકાર્થે કરવાની મનાઈ કરી છે. ભગવદ્ ભક્તિ પ્રાપ્ત કરવા જ તેનું શ્રવણ, મનન, કિર્તન વિગેરે કરવાનું કહ્યું છે, કે જેથી ભક્તિ પ્રાપ્ત થાય, મનુષ્ય જીવનો ઉદ્દેશ્ય સફળ થાય. તેથી જ–

તે સુભાગ્યા મનુષ્યેષુ કૃતાર્થા નિશ્ચિતમ્
સ્મરંતિ સ્મારયંતિ હર્રેનામ કલૌયુગે

આ મુનષ્યલોકમાં માનવ દેહધારી તેજ મહા ભાગ્યવાન છે કે જેણે ભગવાનનું સ્મરણ કર્યું અને કરાવ્યું. તે જીવ કૃતાર્થ છે, તેમાં સંશય નથી. આવું શ્રીમદ્ ભાગવત છે જેનું પઠન, કીર્તન, શ્રવણ, મનન કરવું યોગ્ય છે. બીજી રીતે સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવો વાજબી નથી. સ્વાર્થમય ઉપયોગ કરવાથી તેનો અસલી તત્ત્વ રહેતો નથી. આવી અણમોલ વસ્તુનો કેવળ લોક પ્રતિષ્ઠાર્થ કે સ્વાર્થ નિમિત્ત ઉપયોગ કરવો નહીં. આવું શ્રીમદ્ આચાર્ય ચરણનું વાક્ય છે. તેને ભુલવું નહીં. શ્રીમદ્ ભાગવતમાં ભક્તિરસ ભર્યો છે, તેનું પાન કરી, જીવન કૃતાર્થ બનાવવું. લૌકિક તુચ્છ સ્વાર્થ માટે કદાપિ નહીં. આવો મર્મ બતાવી કવિ શ્રી કહે છે કે, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૭)

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.
○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
પ.ભ.જમનાદાસ હરિદાસ, હઃ શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર – પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે પૂર્વસૂત્રને ઉપકારક સાધનાન્તર બતાવે છે કે–

લોકેઽપિ ભગવદ્‌ગુણ શ્રવણકીર્તનાત્ ॥ ૩૭ ॥

૩૭. લોકસમાજમાં પણ ભગવદ્–ગુણ–શ્રવણ અને કીર્તનથી (ભક્તિ–સાધન પ્રાપ્ત થાય છે).

મનથી તો નિત્ય ભગવાનનું ચિંતન કરવું જોઈએ. પરંતુ કાન અને વાણીથી પણ સદા સર્વદા લોકોની વચ્ચે પણ ભગવાનના ગુણ જ સાંભળવા અને કહેવા જોઈએ.

મનથી ભગવત્ ચિંતનની ક્રિયા ત્યારે સફળ થાય જ્યારે આપણી ઈન્દ્રિયો પણ ભગવત્ સંબંધી કાર્યોમાં જ લાગેલી રહે. લગભગ બધા કાર્યોનો આધાર હોય છે સાંભળવું અને બોલવું. જે કાનોમાં હંમેશા વિષયોની ચર્ચા આવતી રહે તો અને વાણીથી હંમેશા વિષયોની વાતો થતી રહેશે તો મનથી ભગવાનનું ચિંતન થવું અસંભવ જ સમજવું જોઈએ.

પરંતુ જો કાન અને જીભ ભગવાનમાં લાગેલા રહેશે, તેમને બીજા કાર્ય માટે ફૂરસદ જ નહીં મળે, તો બીજી ઈન્દ્રિયો અને કાન પણ પોતાની મેળે જ ભગવત્ પરાયણ થઈ જશે. તેથી કાન અને જીભને ભગવાનના નામ, ગુણ, લીલા વિગેરે સાંભળવા અને ગાવામાં જ નિરંતર લગાવી રાખવી જોઈએ. આજ જીવનને સફળ બનાવવાના સાધન છે. ફક્ત જીવતા રહેવું, શ્વાસ લેવો, ખાવું અને કામક્રિડા કરવી વગેરેમાં જ જીવનની સફળતા માનવામાં આવે તો શું વૃક્ષ જીવતા નથી? શું લુહારની ધમણ શ્વાસ નથી લેતી ? અને શું પશુ ભોજન અને કામક્રિડા નથી કરતા ? તેથી શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે–

શ્વવિડ્વરાહોષ્ટ્રખરૈઃ સંસ્તુતઃ પુરૂષઃ પશુઃ ।
ન યત્કર્ણપથોપેતો જાતુ નામ ગદાગ્રજઃ ।।
બિલે બતોરુક્રમવિક્રમાન્ યે ન શૃણ્વતઃ કર્ણપુટે નરસ્ય ।
જિહ્વાસતી દાર્દૃરિકેવ સૂત ન ચોપગાબત્યુરુગાય ગાથાઃ ।।

(ભાગ–૨/૩/૧૯–૨૦)

જેના કાનમાં ભગવાનના નામ ગુણોએ ક્યારેય પ્રવેશ નથી કર્યો તે મનુષ્યરૂપી પશુ, કૂતરા, વિષ્ટા ખાનાર સુઅર, ઉંટ અને ગધેડા કરતાં પણ વધારે નિંદનીય છે. હે સુતજી, 'જે કાન ભગવાનની લીલાનું શ્રવણ નથી કરતા તે સર્પો વિગેરેના ભોંણ (કાણા) સમાન છે અને જે દુષ્ટ જીભ ભગવાનની લીલા–કથાનું ગાન નથી કરતી તે દેડકાની જીભ સમાન વ્યર્થ બકવાસ કરનારી છે.'

આનો અનુવાદ ગોસ્વામી તુલસીદાસે કર્યો છે–

જિન હરિકથા સુની નહીં કાના । શ્રવન રંધ્ર અહિ ભવન સમાના ।।
જો નહિં કરહ રામ ગુન ગાના । જીહ સો દાદુર જીહ સમાના ।।

શ્રીમંદ્ ભાગવતના અંતમાં કહેવાયું છે–

મૃષા ગિરસ્તા હ્યસતીર સત્કથા, ન કથ્યતે ભગવાનધોક્ષજઃ ।
તદેવ સત્યં તદુહૈવ મઙ્ગલં, તદેવ પુણ્યં ભગવદ્ગુણોદયમ્ ।।
તદેવ રમ્યં રુચિરં નવં નવં, તદેવ શશ્વન્મનસો મહોત્સવમ્ ।
તદેવ શોકાર્ણવશોષણં નૃણાં, યદુત્તમશ્લોક યશોનુગીયતે ।।

(૧૨/૧૨/૪૮–૪૯)

'જે વાણીથી ભગવાનની કથા ન કહેતા વિષયોની ખરાબ વાતો કહેવાય તે વાણી અસત અને વ્યર્થછે. જે વચનોમાં ભગવાનના ગુણોને બતાવવામાં આવે છે, પુણ્ય કિર્તી ભગવાનનાં યશનું વર્ણન કરવામાં આવે છે, વાસ્તવમાં તે વચન સત્ય છે, તે મંગલરૂપ છે, તે પવિત્ર છે, તે મનોહર છે, તે પ્રિય છે, તે નિત્ય નવા–નવા રસમય છે, તે સદા મનને મહાન આનંદ આપનારા છે, અને તે મનુષ્યનાં શોકરૂપી સમુદ્રને સૂકવાનારા છે.'

તેથી કાનથી ભગવાનના ગુણ અને નામોનું શ્રવણ અને વાણીથી તેનું કીર્તન કરવું જોઈએ. તેથી ભગવાનનો નિર્મળ પ્રેમ ઉત્પન્ન થાય છે.

પટરાણીઓને થયેલો કૃષ્ણ કૃપા લાભ

લેખક : જેઠાલાલ છો. શાહ 'ઊર્મિલ'

શ્રીશુકદેવજી બોલ્યા, 'હે રાજન્! ધર્મરત એવા વૈષ્ણવ કુરુરાજા કુરુક્ષેત્રમાં ખેતીમાંથી ગુજરાન ચલાવતા હતા એથી એ સ્થળ એમના નામથી કુરુક્ષેત્ર પડ્યું હતું અને તે ધર્મક્ષેત્ર તરીકે પણ પ્રખ્યાત બન્યું હતું. બલરામ અને શ્રીકૃષ્ણના સમયમાં એક વખત પ્રલય કાળ જેવું મોટું સૂર્યગ્રહણ થયું હતું. સૂર્યગ્રહણ ખગ્રાસ હતું. જ્યોતિષીઓના કહેવાથી સૂર્યગ્રહણ જાણી પ્રથમથી જ અનેક માનવીઓ પૂણ્યની ઈચ્છાથી વિવિધ દિશાઓમાંથી કુરુક્ષેત્રમાં આવ્યા છે. રાજા ઉગ્રસેન, વસુદેવ, અક્રૂર, આહુક આદિ વડીલો અને પ્રદ્યુમન, સાંબ વગેરે યાદવ વીરો સાથે શ્રીકૃષ્ણ બલરામ પણ આવ્યા છે. અનિરૂદ્ધ, કૃતવર્મા વગેરે દ્વારકાની રક્ષા માટે રોકાયા છે. પાંડવો પણ કુંતીજી વગેરે કુટુંબીજનો સાથે આવ્યા છે. સૌ સ્વજનો પરસ્પર મળ્યા. કુરુક્ષેત્રના સ્યમંતપંચક તથા રામહ્રદમાં સૌએ સ્નાન કર્યા. શાસ્ત્રો પ્રબોધ્યાં. દાન વગેરે પણ આપ્યા.

સર્વ વર્ણ અને આશ્રમની જનતા ભગવાન શ્રીકૃષ્ણના દર્શનથી કૃતાર્થ બની રહી. કુંતી અને વસુદેવ ભાઈબહેન ઘણા વખતે મળ્યાં છે. સુખ દુ:ખની વાતો કરી કુંતીજીને ભાઈએ શાંત્વન દીધું. દૂર પૂર્વમાં વ્રજમાંથી નંદરાયજી પણ ગોપો અને ગોપિકાઓ સાથે પધાર્યા છે. પશ્ચિમમાં ઉતરેલા યાદવો આવ્યા છે. જાણી ગાડા જોડીને મળવા આવ્યા. પરસ્પર મળી સૌ પ્રેમવિભોર બની રહ્યા. નંદજશોદા તથા વસુદેવ દેવકીજીને પરસ્પર મળતા કૃષ્ણનાં માતા પિતા તરીકે જાણે એક રૂપ હોવાની અનુભૂતિ થઈ. નંદજશોદાને કૃષ્ણ બલરામ બાલભાવે મળ્યા. માતા પિતાએ વાત્સલ્યથી વધાવ્યા. એવામાં હે રાજા પરીક્ષિત, ત્યાં મત્સ્ય; ઉશીનર કૌશલ્ય, વિદર્ભ, કુરુ, સંજય, કાંબોજ, કેકય, મદ્ર, આનર્ત, કેરલ વગેરે પ્રદેશોના મિત્ર અને સંબંધી રાજાઓ ત્યાં આવ્યા અને કૃષ્ણ દર્શને એ રાજાઓ કૃતાર્થ બની રહ્યા. ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી તેમના પુત્રો, સ્ત્રીઓ સહિત વિદુર, સંજય, કૃપાચાર્ય, ભોજ, વિરાટ, ભીષ્મક, દમઘોષ, નગ્નજિત, પુરુજિત, દ્રુપદ, શાલ્વ, ધૃષ્ટકેતુ, કાશીરાજ, વિશાલાક્ષ, મિથિલાના મદ્રરાજ, યુધામન્યુ, સુશર્મા, પુત્રો સહિત બાહ્લીક વગેરે

યુધિષ્ઠિરને અનુસરનારા રાજાઓ પણ સ્ત્રીઓ સહિત આવ્યા અને ભગવાન શ્રીકૃષ્ણનું લક્ષ્મીના વાસરૂપ શરીર જોઈ વિમુગ્ધ બની રહ્યા. પરસ્પરના સત્કાર પ્રશંસા વગેરેથી સર્વે પ્રસન્ન બની રહ્યા છે.

ભગવાન પછી સમય લઈને પોતાના ગોપસખાઓને મળ્યા. પરસ્પર ગાઢ આલિંગન કરી આનંદ પામ્યા. સર્વને સર્વભાવ કૃષ્ણમાં થાય છે. સૌ નિર્ગુણ થયા. ભક્તોનો શ્રીભગવાને નિરોધ કર્યો. શ્રીગોપીજનોને પ્રભુ એકાંતે મળ્યા. કૃષ્ણભાવે એકાત્મક થયા. તદ્રુપ બની રહ્યા. શ્રીગોપીજનની અહીં જે કથા કહી છે તેથી એમનું શુદ્ધ સત્વ પ્રસિદ્ધ થાય છે અને એ રીતે તેમનું નિરોધપણું સંપૂર્ણપણે થયાનું જણાવેલ છે. પ્રભુએ લીલા સ્થાપન કરતાં વિનોદ કર્યો. હે સખીઓ, સંબંધીઓનું કાર્ય કરવાની ઈચ્છાથી અવતાર કાર્ય કરવા તમારાથી દૂર ગયેલા એવા મને તમે યાદ કરો છો કે ? મનમાં કશી રીસ તો નથી ને ? શત્રુપક્ષનો નાશ કરવો જ પડે એમ હતું એટલે જ આમ રોકાઈ જવું પડે એમ છે. હું અહેસાનથી રહિત છું એમ ન માનશો. એકબીજાને જોડવાં પડે તેમ એકબીજાને વિખૂટાં પણ કરવા પડે છે. મારા પરની તમારી ભક્તિથી તો તમારે અધિનજ છું. મારા પરનો તમારો સ્નેહ તો સર્વોત્તમ છે. અદ્વિતીય જ છે. હું વ્યાપક છું પણ તમે મને પ્રાપ્ત કર્યો છે જ. તમારા અંતરમાંજ મારો સદા વાસ છે. હે પ્રિયાઓ ! હું તમારો છું– એક માત્ર તમારો જ છું કહો હવે શી ઈચ્છા છે?

શ્રીગોપીજનો બોલી, ‘હે કમલનાભ શ્રીકૃષ્ણ !

આહુશ્ચતેનલિનિનાભ પદારવિન્દં યોગેશ્વરૈ ર્હૃદિ વિચિન્ત્યમગાધબોધૈઃ ।
સંસારકૂપ પતિતોત્તરણાવલમ્બં ગેહઞ્જુષામપિમનસ્યુ દિધાત્ સદા નઃ ॥

ઓહો ! શ્રીગોપીજનોને તો હવે બ્રહ્માત્મભાવ થયો છે. ઈન્દ્રિય વર્ગ અતીત થયો છે. સંસાર અને ભગવાન એ બે પરસ્પર વિરુદ્ધ છે. હું અને મારું એવા સંસારની આસક્તિ જેને હોય તેને ભગવાનની પ્રાપ્તિ ન થાય અને જેને ભગવાન પ્રાપ્ત થયા હોય તેનો સંસાર ન રહે. આમ છતાં સંસાર અને ભગવાન બંનેથી જે સુખ થાય તે શ્રીગોપીજનોને તેમનો નિરોધ સંપૂર્ણ થયો ત્યારે પ્રાપ્ત થયું છે. શ્રીગોપીજનોએ ભગવાન પ્રતિ ઈચ્છા વ્યક્ત કરી કે આધિદૈવિક મનમાં અવતરેલા પુરૂષોત્તમનાં ચરણકમલ સદા સ્ફુરે અને અમારી અવસ્થા સ્થિર બની રહે. શ્રીગોપીજનોએ ચરણસ્ફુરણાથી સ્વરૂપ માગ્યું. ગોપીજનોને સંસાર છે પણ સંસારાસક્તિ નથી. ઘરમાં વસતા,

સંસાર, સ્વજન, જીવન વ્યવહાર સર્વ હોવા છતાં હૃદયમાં સ્ફુરેલા શ્રીચરણનું સુખ જ તેઓ તો માણે છે. શ્રીગોપીજનોની આવી પ્રાર્થનાનો ભગવાને સ્વીકાર કર્યો. ભગવાને જ કહ્યું હતું કે મારી ભક્તિવાળા અને મારામાં ચિત્ત રાખનારા યોગીઓને ઘણા ભાગે જ્ઞાન અને વૈરાગ્ય અહીં કલ્યાણકારક થતાં નથી. ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે અવ્યક્ત બ્રહ્મમાં ચિત્ત પરોવનારને ઘણું દુઃખ થાય છે. અવ્યક્ત ફલ દેહ ધારણ કરનારને દુઃખથી પ્રાપ્ત થાય છે. પરંતુ જેઓ સર્વે કર્મો મને અર્પણ કરીને મારામાં ચિત્ત પરોવીને અનન્ય યોગથી મારું ધ્યાન ધરતાં મારી ભક્તિ કરે છે તેમનો હું અલ્પ સમયમાં જ સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરું છું.

ભગવાને પોતેજ આમ કહ્યું હોવાથી સંસારમાં રહીને પણ ભગવાનની ભક્તિ કરવી એ જ્ઞાન અને વૈરાગ્ય કરતાં પણ ઉત્તમ છે. ભગવાનમાં નિરોધ થવો એજ ફલ છે. સંસારમાં રહીને પણ ભગવાનના ચરણકમલમાં મન રહે એજ સ્વાભાવિક સ્થિતિ છે. અને તેવી સ્થિતિથી આ લોકમાં તેમ પરલોકમાં દુઃખ થતું નથી.

શ્રીશુકદેવજી બોલ્યા, 'હે રાજન્! શ્રીગોપીજનોએ લોકનાં ભયનો તો પ્રથમથી જ ત્યાગ કરેલો છે અને શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે એવા વિચારથી વેદનો ભય પણ દૂર કર્યો છે. શ્રીકૃષ્ણ કૃપા કરીને શ્રીગોપીજનોના હૃદયમાં ચરણ ધર્યું. એમની મનોવાંછના સંપૂર્ણ સિદ્ધ બની રહી.

એ પછી ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને પણ કુશળતાના પ્રશ્ને કૃપાપૂર્વક કૃતાર્થ કરી મનથી આપેલું જ્ઞાન સ્થિર કર્યું. યુધિષ્ઠિરે સ્તુતિ કરીને પરમહંસોની ગતિરૂપ એવા શ્રીભગવાનને નમસ્કાર કર્યા. ઉત્તમ કીર્તિવાળા ભગવાનની પુરૂષો સ્તુતિ વંદના કરતા હતા. તે પ્રમાણે અંધક અને કૌરવવંશી સ્ત્રીઓ પણ કૃષ્ણ લીલાઓની કથાઓ પરસ્પર વર્ણવતી હતી. દ્રૌપદીજીએ પટરાણીઓને થયેલો કૃષ્ણ કૃપાલાભ પૂછયો. એ સર્વ પટરાણીઓએ સ્વવિવાહ વાર્તા કહી સંભળાવી. કૃષ્ણની જેમ કૃષ્ણ પત્નીઓમાં પણ કામક્રોધાદિ દોષો નથી. સૌએ ભગવાનની ભક્તિ જ ઈચ્છી છે. ભક્તિના પ્રકારોની જેમ અર્ચનરૂપા શ્રીરુકિમણીજી છે, શ્રવણરૂપા શ્રીસત્યભામાજી છે. સ્મરણરૂપા શ્રીજાંબવતીજી છે. પાદસેવન રૂપા શ્રીકાલિન્દીજી છે. કીર્તનરૂપા શ્રીમિત્ર વિન્દાજી છે. વંદનરૂપા શ્રીનાગ્નજિતીજી છે, દાસ્યરૂપા શ્રીભદ્રાજી છે, અને સખ્યરૂપા શ્રીદ્રૌપદીજીના સખ્યભાવનું અભિમાન ઉતારે એવા શ્રીલક્ષ્મણાજી છે તથા પેલા સોળ હજાર અને સો મહિષીઓ તો એક

ભાવાપન્ના આત્મનિવેદન રૂપા છે. કુંતીજી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા સર્વ રાજરાણીઓ વિરાજેલા છે એમની અને પટરાણીઓની વચ્ચે શ્રીગોપીજનને વિરાજાવ્યાં છે. રાણીઓ શ્રીકૃષ્ણ વિશેના પોતાના સ્નેહ સંબંધની વાર્તા કરે છે તે સર્વ કોઈ એક ચિત્તે વિસ્મયપણે સાંભળી રહ્યાં છે.

પ્રથમ શ્રીરુક્મિણીજી બોલ્યા : ‘મને શ્રીકૃષ્ણ સાથે પરણાવવા કુટુંબમાં સર્વ કોઈની સંમતિ હતી પણ એક માત્ર મારો ભાઈ રુક્મિ શ્રીકૃષ્ણના જરાસંઘ આદિ દુશ્મનોના પક્ષનો હોવાથી વિરુદ્ધ હતો. તે મને એના મિત્ર શિશુપાલને વરાવવા ઈચ્છતો હતો. પિતાએ મારો સ્વયંવર યોજ્યો પણ મક્કમ એવા સબળ રુક્મિ આગળ ઘરમાં કોઈનું કશું જ ન ચાલતું. તેણે તો શિશુપાલને જાન લઈ તુરત આવવાનો સંદેશો આપી મોકલી દીધો, પરંતુ હુયે રુક્મિની જ બહેન હતી. મેં પણ ભગવાન શ્રીકૃષ્ણને એક કાગળ લખી એમાં સત્વર આવી મારું હરણ કરી જવા વિનંતી કરી. એ કાગળ સાથે ઘરના આશ્રિત એવા એક ભુદેવને દ્વારકા રવાના કર્યો. શિશુપાલ મને લેવા મિત્ર રાજાઓ સાથે મારા સ્વયંવરમાં આવ્યો હતો પણ અજિત યોદ્ધાઓ પણ જેમના ચરણની રજ મસ્તકે ચડાવે છે એવા મારા તેડયા આવેલા શ્રીકૃષ્ણ જેમ સિંહ શિયાળોના ટોળામાંથી પોતાનો ભાગ લઈ જાય એમ મારું હરણ કરી દ્વારકા પરત આવી ગયા. બળદેવજીના એ નાના ભાઈનું અર્ચન કરી હું કૃતાર્થ બની રહું છું. સત્યભામાજી બોલ્યા : ‘મારા પિતાએ શ્રીકૃષ્ણ ઉપર સ્યમંતક મણિની ચોરીનો અસત્ય આરોપ મૂક્યો હતો. અતુલ પરાક્રમ કરીને રીંછ જાતિના પતિ જાંબવાન સાથે યુદ્ધ કરી, તેમને જીતી તેમની પાસેનો મણિ લાવીને પોતાના પરનો જુઠો આરોપ તેમણે દુર કર્યો હતો. એ પછી મારી ઈચ્છા પ્રમાણે મારા પિતાએ મને શ્રીકૃષ્ણને આપી હતી. એ તો મારા પૂર્વના પણ પતિ જ હતા. સત્યભામાજી પૃથ્વીનો અવતાર હોવાથી એમણે આમ કહ્યું. વળી કહ્યું કે મને પૃથ્વીનો અવતાર માની મારી સંમતિપૂર્વક પૃથ્વી પુત્ર આતયાયી એવા નરકાસુરને મારી એમણે આ સોળ હજાર અને સો સુંદરીઓનો ઉદ્ધાર કર્યો હતો. મારી પ્રસન્નતા માટે દેવોને હરાવી સ્વર્ગમાંથી પારિજાત વૃક્ષ પણ દ્વારકામાં લાવી મારા ભવનમાં આંગણામાં જેમણે રોપ્યું છે એવા ભગવાન શ્રીકૃષ્ણના ગુણગાનના શ્રવણથી હું કૃતાર્થ બની રહું છું. શ્રીજાંબવતીજી બોલ્યા : ‘મારા પિતા રામભક્ત જાંબવાને શ્રીકૃષ્ણને રામરૂપ ન ઓળખી એમની સાથે સત્યાવીસ દિવસ સુધી યુદ્ધ કર્યું હતું. ભગવાન તો સમર્થ છે. એકજ દિવસમાં ગમે તેવા બળવાનને પણ હરાવી શકે. પણ પોતાના ભક્તની મહત્તા

સિદ્ધ કરવા એમણે મારા રામભક્ત પિતા સાથેના યુદ્ધને લંબાવ્યું હતું. પોતે મહાસબળ હોવા છતાં પોતાને જીતવા ન દેનારા અને યુદ્ધમાં જાણે પોતાને રમાડતા ન હોય એવા પોતાના એ પ્રતિસ્પર્ધી તો સીતા પતિ રામ જ છે. એમ જાણતા જ મારા પિતા એમના ચરણમાં પડી ગયા અને પછી મણિ અને પોતાની વય પ્રાપ્ત એવી કન્યા જે હું તેને પણ ભગવાનને મારા પિતાએ આપી હતી. એવા એ ભગવાનને મારા એ સ્વામીના સ્મરણ સેવાથી હું દાસી કૃતાર્થ બની રહું છું.'

શ્રીકાલિન્દીજી બોલ્યા : 'જેમના ચરણસ્પર્શની આશયથી સૂર્યપુત્રી એવી હું મારા અધ્યાત્મ સ્વરૂપ એવા શ્રીયમુનાજીમાં હું વસતી હતી અને તપશ્ચર્યા કરતી હતી. તેને માટે જ મિત્ર એવા અર્જુનની સાથે આવીને જેમણે મારું પાણિગ્રહણ કર્યું છે એવા શ્રીકૃષ્ણની હું પાદસેવન ભક્તિરૂપા દાસી છું અને એવી સેવાથી હું કૃતાર્થ બની રહું છું.'

શ્રીમિત્રવિન્દાજી બોલ્યા : 'અવન્તિ દેશના રાજાની હું કન્યા. મારા ભાઈઓ વિન્દ અને અરવિન્દ. મને દુર્યોધનને આપવા ઈચ્છતા હતા પરંતુ મારા પિતાએ યોજેલ મારા સ્વયંવરમાં જ મેં તો કહી દીધું કે હું તો શ્રીકૃષ્ણને જ વરીશ. ભગવાને સર્વ રાજાઓને હરાવી મારું હરણ કર્યું. સિંહની જેમ મને પ્રાપ્ત કરનાર પ્રિયતમને હું કીર્તનરૂપા સેવા ભક્તિથી સેવીને કૃતાર્થ બની રહું છું.'

શ્રીનાગ્નજિતીજી બોલ્યા : 'કૌશલ દેશનાં રાજાની હું કન્યા. મારું બીજું નામ સત્યા પણ છે. મારા ધર્માત્મા પિતાને હું અનુકૂળ હતી. શાસ્ત્રમાં કહ્યું છે કે 'ધન્યા પિતૃમુખી કન્યા' – જે કન્યા પિતૃમુખી હોય, પિતાના આચરણ કર્તવ્યને અનુસરનારી હોય એ ધન્ય છે. પુત્ર માતૃમુખ ધન્ય મનાય છે. મારા પિતાએ પ્રતિજ્ઞા લીધી હતી કે દુર્ઘર્ષ અવા સાત સાંઢને જે જીતે તેને મારી કન્યા વરે. કોઈ ન કરી શકે એવું કાર્ય શ્રીકૃષ્ણ જ કરે. અનેક રાજાઓથી એવું ન બન્યું ત્યારે શ્રીકૃષ્ણ એ માટે પ્રવૃત થયા. ભગવાને જાણે સાત સ્વરૂપ ધારણ કરી સાત સાંઢને નાથ્યા. એમનો મદ ઉતાર્યો અને એમને બાંધ્યા. મારા પિતા પ્રસન્ન બની રહ્યા અને મને ભગવાનને અર્પણ કરી. ભગવાને મને અનુરૂપ એવી જ કન્યા માનીને મારું પાણિગ્રહણ કર્યું. મારા પિતાએ કરિયાવરમાં અઢળક દ્રવ્ય આપ્યું. વૃષભોને નાથવામાં નિષ્ફળ નીવડેલા રાજાઓથી કૃષ્ણનો વિજય સહન ન થયો. મને લઈને દ્વારકા જઈ રહેલા શ્રીકૃષ્ણને એ રાજાઓ અને એમની સેનાઓએ ગ્રસી લીધા. કૃષ્ણની સાથે સખા અર્જુન આવ્યા હતા. ગાંડીવધારી એ સિંહ હરિણોને ગ્રસી લે તેમ તે સર્વને ગ્રસી લીધા. અર્થાત્ એમનો નાશ કરી નાંખ્યો. મારા એ સ્વામીની વંદનરૂપા ભક્તિથી હું કૃતાર્થ બની રહું છું.

—ક્રમશઃ

પુતના મોક્ષ

સંકલન : હસમુખભાઈ ખખ્ખર, રાજકોટ

વૃજરાજ શ્રીનંદબાવાને ત્યાં કોઈ સંતાન હતું નહીં. વૃદ્ધાવસ્થામાં જ્યારે શ્રીયશોદાજીને પુત્ર થયો છે તેવા સમાચાર સાંભળી સારાય ગોકુલમાં, ગોકુલવાસીઓમાં ખૂબજ આનંદ થયો. અને સૌએ મોટો ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું.

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ છ દિવસના થયા ત્યારે ગોકુલવાસીઓએ તેમનો છઠ્ઠી ઉત્સવ ખૂબ જ ધામધૂમથી મનાવ્યો. તે દિવસે માતા શ્રીયશોદા શ્રીકૃષ્ણને બહાર આંગણામાં લાવવામાં આવ્યા હતા અને શ્રીનંદબાવા થોડાક ગોવાળોને ગોકુલમાં રક્ષા માટે મૂકી કંસને વાર્ષિક કર આપવા મથુરા ગયા હતા. ત્યારે શ્રીકૃષ્ણને મારવા તે રાક્ષસી માયાથી જેવું રૂપ ધારણ કરવા અંગે તે રૂપ ધારણ કરી શકતી હતી. તેણે ખૂબજ આકર્ષક અને દેખાવડી સ્ત્રીનું રૂપ ધારણ કરી અતિ મૂલ્યવાન ઘરેણા પહેરી ગોકુલમાં ફરી શ્રીનંદબાવાના ઘર તરફ થઈ રહી હતી. ત્યારે સૌ ગોકુલવાસીઓ માની બેઠા કે જાણે કોઈ અપ્સરા ગોકુલમાં આવી છે. તેથી તેને કોઈએ રોકી નહીં અને સીધી શ્રીનંદબાવાને ઘેર પહોંચી ગઈ.

ત્યારે શ્રીકૃષ્ણને માતાશ્રી યશોદાએ ઘોડીયામાં સુવડાવેલા હતા. પરંતુ પૂતનાને જોતા જ ઢોંગ કરવા લાગ્યા અને જાણે પોતાને ઉંઘ આવી રહી છે પરંતુ પોતાની દ્રષ્ટિનું દાન પૂતનાને આપ્યું નહીં. પૂતનાએ પોતાન સ્તનમાં ભયંકર ઝેર ચોપડી રાખ્યું હતું. તેણે વિચારેલ કે બાળક જ્યારે સ્તનપાન કરશે ત્યારે ઝેરની અસરથી મૃત્યુ પામશે તેવો વિચાર કરી શ્રીબાલકૃષ્ણને રમાડવાના બહાને શ્રીકૃષ્ણ પાસે ગઈ અને ગોદમાં લઈ સ્તનપાન કરાવવા લાગી. ત્યારે શ્રીકૃષ્ણએ પૂતનાને બે હાથે પકડી એક હાથે સાધનનું દાન કર્યું અને બીજા હાથે ફળનું દાન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ પૂતનાની દુષ્ટતા સમજી ગયા હતા. તેમણે સ્તનપાન સાથે પૂતનાના પ્રાણ લેવાનું શરૂ કર્યું જેથી પૂતનાને ખૂબજ કષ્ટ પડવા માંડ્યું. એણે લાલા મને છોડ તેવી બૂમો પાડવા માંડી. શ્રીકૃષ્ણને સ્તનમાંથી છોડાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ રહ્યો. પ્રભુ જેને પકડે છે તેને છોડતા નથી. પીડાની મારી પૂતના શ્રીકૃષ્ણ સાથે ભાગવા લાગી પણ તેનું રુદ્ર રાક્ષસી રૂપ પ્રકટ થતાં જ થોડીવારમાં મૃત્યુ પામી. પૂતનાના મૃત શરીર ઉપરથી ગોપ–ગોપીઓએ શ્રીકૃષ્ણને તેડી લીધો.

મથુરા કર ભરી પાછા વળતા શ્રીનંદબાવાએ જોયું કે ભયંકર રાક્ષસી પૂતના મૃત્યુ પામી છે. સૌએ ભેગા મળી રાક્ષસી પૂતનાના ટૂકડા કરી તેનો ચિતામાં અગ્નિસંસ્કાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણએ જેના પ્રાણ હર્યા તેના બળતા શરીરના અવયવોમાંથી પણ દુર્ગંધને બદલે સુગંધ આવતી હતી.

આમ, ભગવાન શ્રીકૃષ્ણએ પૂતનાના સ્તનનું દૂધપાન કરી રાક્ષસી પૂતનાને પણ મોક્ષ આપ્યો. મારવા માટે આવેલ પૂતનાને આવી ગતિ આપી તે તો પ્રભુની દયાળુતાની પ્રકટ થયેલી લીલા છે. આવા પરમ દયાળુ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોમાં આપણા સદૈન્ય દંડવત્ પ્રણામ.

કાવ્ય–કુંજ

શ્રીજી બાવાનું માધુર્ય

[છંદ – છવૈયા]

ચરણ કમળ છે મધુરાં શ્રીજીનાં, નૂપુર મધુર, નખચંદ્ર મધુર,
મોજડીઓ પણ મધુર શ્રીજીની, શ્રીનાથજીનું સર્વ મધુર. ૧
વાઘા મધુરા, પટકા મધુરા, વેણુ મધુરી, કમળ મધુર,
ગુંજા માલા ને વનમાલા, શ્રીનાથજીનું સર્વ મધુર. ૨
હેમ હીરા મોતી આભૂષણ, સર્વ શ્રીજીનાં નિત્ય મધુર,
સ્વરૂપને શૃંગાર અનુપમ, શ્રીનાથજીનું સર્વ મધુર. ૩
જમણા કરની મુષ્ટિ મધુર છે, ચિત્ત ચોરે એ સૌનાં મધુર,
વામ હસ્તે ગિરિધરણ છટા આ, શ્રીનાથજીનું સર્વ મધુર. ૪
ડડપચીએ હીરલાનું શ્રીજીના, તેજ છે ઝળહળ સદા મધુર,
ચિબુક મધુર છે, ઓષ્ટ મધુર છે, શ્રીનાથજીનું સર્વ મધુર. ૫
કર્ણ મધુર છે, નયન મધુર છે, નાસિકા ગજમોતી મધુર,
ભાલ મધુર છે, તીલક મધુર છે, શ્રીનાથજીનું સર્વ મધુર. ૬
ખીંટલીયાળા કેશ મધુર છે, ચોટી મધુર ને શીર્ષ મધુર,
પાઘ મધુર છે, મુકુટ મધુર છે, શ્રીનાથજીનું સર્વ મધુર. ૭
નેગ મધુર છે, ભોગ મધુર છે, અષ્ટ દર્શનો નિત્ય મધુર,
શોભા મધુરી, ઓચ્છવ મધુરા, શ્રીનાથજીનું સર્વ મધુર. ૮
કોટિ 'કુસુમાયુધ'થી અદકું, તેજ શ્રીજીનું સદા મધુર,
શ્રીવલ્લભનાં સેવ્ય સ્વરૂપ આ, શ્રીનાથજીનું સર્વ મધુર. ૯
મધુરા એ શ્રીનાથજી કેરું, ધોળ મધુર જે ગાય મધુર,
શ્રીવ્રજભૂષણ સ્વામીમાં એ, પ્રીત વધે છે દિવ્ય મધુર. ૧૦

– જયંત જી. ગાંધી 'કુસુમાયુધ', જૂનાગઢ

પુસ્તક પરિચય

☐ **૧. ઉત્સવ – વ્રતની ટિપ્પણી પરિચય :** પ્રકાશક– પ્લસ કોર્પોરેશન. પ્રાપ્તિસ્થાન–પ્લસ કોમ્યુનીકેશન્સ, ૨૦૩–શાંતી કોમ્પ્લેક્ષ (મહેતા બિલ્ડીંગ.બીજા માળે) ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન. (૦૨૮૧) ૨૩૫૬૧૧–૨૩૪૨૬૨

આ ટિપ્પણી સં.૨૦૫૮ ચૈત્ર માસથી પ્રારંભ થઈ સં. ૨૦૫૯ ફાગણ વદ અમાસ સુધીની છે. તેમાં પુષ્ટિમાર્ગના ઉત્સવો, વ્રતો તેમજ ગોસ્વામી બાલકોના જન્મદિવસની યાદી આપવામાં આવેલ છે. મુખપૃષ્ઠ ઉપર શ્રીનાથજી–શ્રીમહાપ્રભુજીના પ્રથમ મિલનનું નયનરમ્ય બહુરંગી ચિત્રજી આપવામાં આવેલ છે.

આ ટિપ્પણીનું પૂ.પા.ગો.શ્રીગિરધરજી મહોદયના કરકમલો દ્વારા શ્રીમદનમોહનજીની હવેલી પંચનાથ મુકામે બહોળા વૈષ્ણવ સમુદાયની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવેલ છે. શુદ્ધ ગુજરાતી ભાષામાં તેમજ સ્વચ્છ અક્ષરોમાં માહિતી આપવામાં આવી છે. વૈષ્ણવોએ વસાવવા યોગ્ય. ન્યોછાવર રૂા.૭/– સાત રૂપીયા. (કુરીયર ચાર્જ રૂા. ૫/– અલગ)

☐ **૨. શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય (ગુજરાતી ભાષાંતર સાથે) :** આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખા દ્વારા સને ૧૯૯૭ માં રાજસ્થાનના શ્રીગણપતરામ શાસ્ત્રીજી દ્વારા ગવાયેલ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્યનું પુસ્તક રૂપે હિન્દીમાં પ્રકાશન કર્યું જે પુસ્તકને વૈષ્ણવ સૃષ્ટિએ ખૂબજ સારો આવકાર આપ્યો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આ મધુર–જીવન–કવનને ગુજરાતી ભાષાંતર સાથે ગુજરાતીમાં પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો મનોરથ છે. જેમાં દોહા, ચોપાઈ, હરિગીત, છંદો, પદ, સવૈયા, રાધેશ્યામ પદ્ધતિ તેમજ તુલસીકૃત પદ્ધતિનું સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર સમજૂતી સાથે આવરી લેનાર છે.

મૂળ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય ગુજરાતી ભાષાંતર સાથે આશરે ૧૩૦૦ પાના થશે જે પૂર્વાધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં છપાશે જેનો અંદાજીત ખર્ચ રૂા.૩૦૦૦૦૦/– ત્રણ લાખ જેટલો થશે.

નિ.લી.પૂ.પા.ગો. આચાર્યશ્રી પ્રથમેશજી મહારાજશ્રીના આશીર્વાદથી આવા મધુર કાવ્યગ્રંથને ગુજરાતી ભાષાંતર સાથે માણવા મલે તે માટે આપનું આર્થિક યોગદાન મોકલી આપવા વિનંતી.

રૂા.૧૦૦૦/– મોકલનારના જયશ્રીકૃષ્ણ છપાશે, એક સેટ પ્રસાદી રૂપે અપાશે.

રૂા.૩૦૦/– આગોતરા ગ્રાહક તરીકે એક સેટની ન્યોછાવર અગાઉથી મોકલી આપવા વિનંતી.

વિશેષ માહિતી માટે તેમજ આપના યોગદાનનો ચેક/ડ્રાફટ ''અખીલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ''ના નામથી રાજકોટની કોઈપણ બેંક શાખા ઉપરનો નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

☐ રવજીભાઈ પટેલ : ''અમૃત'', જલારામ–૧, માર્ગ નં. ૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ફોન નં. (૦૨૮૧) ૫૭૩૨૦૫

☐ **૩. ''પુષ્ટિમાર્ગ'' ઉર અણમોલ રત્નો :** પુષ્ટિમાર્ગના અણમોલ રત્નો સાથે શ્રીજીના મંગળાના સ્વરૂપના વિવિધ ચિત્રજીના દર્શન. શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગ વિશે વિચારો અને જ્ઞાન આધારિત મંતવ્યો, જીવનની પ્રકૃતિ વિશે સુવાક્યો રૂપી અણમોલ રત્નો વડે સમજાવ્યા તથા શણગાર્યા છે. સાથે શ્રીજીના વિવિધ મંગળા સ્વરૂપના બહુરંગી ચિત્રજીના દર્શનથી અને સુવાક્યોના વાંચનથી દરેકના હૃદયમાં, મનમાં, અંતરમાં સ્થાન ગ્રહણ કરશે અને જીવનમાં સુખ, સમૃદ્ધિ તેમજ શાંતિ પાથરશે.

આ કેલેન્ડર દરેક વૈષ્ણવ પરિવારે વસાવવા જેવું તેમજ આપના સ્નેહી સંબંધી વૈષ્ણવોને આ અનમોલ કૃતિ–કેલેન્ડર ભેટ આપવા કે વસાવવા અવશ્ય ભલામણ કરવા લાયક.

સાઈઝ ૭.૫'' × ૫.૨૫'' ૧૬ પેઈજ. ન્યોછાવર રૂ.૧૧૧/–, પરદેશમાં ડૉલર–૧૧ (અમેરિકન ડૉલર) ડીલીવરી ફ્રી–કુરિયર / ટપાલ / ટ્રાન્સપોર્ટ પાર્સલ મારફત.

☐ **૪. પુષ્ટિ પિયુષ :** પ્રેરક–સંપાદક : ગો.શ્રીવસંતકુમારજી મહોદય, ગો.શ્રીવિશાલકુમારજી મહોદય.

લેખક–શ્રીહરિવલ્લભભાઈ પંડયા. પ્રકાશન સહાય–રૂા.૨૦/– (પોસ્ટેજ અલગ)

ક્રાઉન સાઈઝ ૧૬ પેજી પૃષ્ઠ ૬૪ પીનબાઈન્ડીગ. આર્ટકાર્ડ ઉપર બહુરંગી શ્રીમહાપ્રભુજીના સુંદર ચિત્રજીવાળું ટાઈટલ.

પ્રકાશક–પ્રાપ્તિસ્થાન : શ્રીમાધવપ્રભુ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, ''માધવ ભવન'' શીતલા ચોક, પોરબંદર–૩૬૦૪૭૫

નિ.લી.ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રી (પોરબંદર) પુષ્ટિમાર્ગીય સાહિત્ય પ્રકાશનમાં બાલપણથી જ ખૂબ સક્રિય હતા. 'અગ્નિકુમાર' ત્રિમાસિકનું સંપાદન અને અનેક પુસ્તકોનું લેખન–પ્રકાશન આપશ્રીએ કરેલ. આપશ્રી યુવાન વયમાં જ નિત્યલીલામાં પધારતા આપશ્રીના અનુજ પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજે તથા આપશ્રીના દ્વિતીય લાલજી ગો.શ્રીકનૈયાલાલજીએ એ સાહિત્ય પ્રકાશન ક્રમ નિરંતર જાળવી રાખ્યો. હવે આપશ્રીના પૌત્ર ગો.શ્રીવસંતકુમારજી મહોદય 'શ્રીમાધવપ્રભુ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ'ની સ્થાપના કરી આ પુષ્ટિ સાહિત્ય પ્રકાશનની–નિ.લી.ગો.શ્રીમાધવરાયજી મહારાજની પરિપાટીને આગળ વધારી છે તે ખૂબ આનંદનો વિષય છે.

પ્રસ્તુત લઘુપુસ્તિકામાં પુષ્ટિમાર્ગનું પાયાનું સહુએ જાણવું જરૂરી એવું જ્ઞાન ખૂબજ સરળ ભાષામાં આપેલ છે. પુસ્તકનું કલેવર પણ ખૂબ સુંદર છે. સહુ વૈષ્ણવોને અત્યંત ઉપયોગી પ્રકાશન છે.

❑ **૫. વ્રજમાં વાંસલડી વાગી રે :** સંપાદક–ચુનીલાલ કરશનદાસ શાહ (ચુની રસિક).

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૬૪+૨૦=૧૮૪. પાકું બાઈન્ડીંગ. બહુરંગી ટાઈટલ.

શ્રી 'ચુનીરસિક' ના ઉપનામથી લખેલ ધોળ–પદોનો સંગ્રહ અને પુષ્ટિમાર્ગની વિવિધ માહિતીરૂપ લેખોનો સંગ્રહ અને પ્રાચીન અર્વાચીન ભક્ત કવિઓના ધોળ–પદ–ગીતોનો સંગ્રહ છે. કૌટુંબિક સ્મારિકાના રૂપમાં છપાએલ પુસ્તક વચ્ચે વચ્ચે ધંધાકીય જાહેરખ છે. પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી વડોદરાના આશીર્વાદ આ પુસ્તકને પ્રાપ્ત થયાં છે.

❑ **૬. પુષ્ટિરસ : સંપાદક–શ્રીનિરંજન શાસ્ત્રીજી (ઉમરેઠવાળા)**

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૦૬ સેક્સન સિલાઈ. પાકું બાઈન્ડીંગ, ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી.

પ્રાપ્તિસ્થાન : નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા, ૨–દેવકૃપા, પહેલે માળે, સિમ્પોલી સિગ્નલ પાસે, એસ.વી. રોડ, બોરીવલી, (પશ્ચિમ) મુંબઈ–૯૨. ફોન નં. (૦૨૨) ૮૦૫૧૭૩૯ તથા પુષ્ટિ દર્શન, પ્રસન્ન નિવાસ, સરદાર ભુવન, વડોદરા–૩૯૦૦૦૧. ફોન. નં.(૦૨૬૫) ૪૧૦૩૬૧.

આ પુસ્તકની વિશેષતા એ છે કે કોઈપણ શ્લોક ત્રણ ભાષામાં છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના ષોડશગ્રંથના બસો બાવીસ શ્લોકો પુસ્તકમાં ડાબા પાને છે. જ્યારે જમણા પાના ઉપર સંપ્રદાયના મૂર્ધન્ય વયોવૃદ્ધ વિદ્વાન બ્રહ્મર્ષિ શ્રી કે.કા. શાસ્ત્રીજી રચિત ગુજરાતી સમશ્લોકી છે. ષોડશગ્રંથના પ્રત્યેક શ્લોકનું અંગ્રેજી ભાષાંતર ગ્રંથને અંતે છાપેલ છે. આખા ગ્રંથમાં દરેક શ્લોક સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી લિપિમાં છે. મંગલાચરણ, શ્રીસર્વોત્તમસ્તોત્ર, સપ્તશ્લોકી, વલ્લભાષ્ટક, મધુરાષ્ટક, શ્રીમહાપ્રભુજીના જીવનચરિત્રની માહિતી ષોડશગ્રંથ સમજ ગુજરાતી અંગ્રેજીમાં છે. બ્રહ્મર્ષિરત્ન શ્રીનિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા સંગ્રાહક સંપાદક અને પ્રકાશક છે.

કેસેટ પરિચય

શ્રીજીને લગતી ભાગ–૧ અને ભાગ–૨ ઓડીયો કેસેટ અને સીડી

ઓડીયો કેસેટ ન્યોછાવર રૂ.૩૦/– (પ્રતિ કેસેટ), રૂા.૬૦/– સેટના, પરદેશમાં ડૉલર–૫.

સીડી ન્યોછાવર રૂા.૯૦/– (પ્રતિ સીડી) પરદેશમાં ડૉલર–૯.

સ્વામી શ્રીઅખંડાનંદજી સરસ્વતીના પ્રવચનોના આધાર પર શ્રીના–શ્રીકૃષ્ણ કનૈયાના પ.ભ.શ્રીનરેન્દ્રભાઈ ઠક્કર રચિત ભક્તિગીતોની ઓડીયો કેસેટ અને સીડી સાંભળનાર દરેકના જીવનમાં આનંદ અને ઉલ્લાસ પ્રસરાવશે તેમ પ્રકાશનના અંતરની અભિલાષા છે.

પ્રકાશક–પ.ભ. શ્રીમણીલાલ કાનજીભાઈ ઠક્કર પરિવાર.

ઉપરોક્ત કેલેન્ડર તથા કેસેટ અને સીડીના પ્રાપ્તિસ્થાન.

(૧) કિરણ ઠક્કર : રાધાકિશન બિલ્ડીંગ, ૩ જે માળે, ૨૧–બી, ખાડીલકર રોડ, સી.પી.ટેન્ક,
મુંબઈ–૪૦૦૦૦૪. ફોન નં. ૩૮૫૮૮૬૧, ૩૮૫૬૫૩૯.

(૨) નરેન્દ્ર ઠક્કર : ૩૦–ગ્રાઉન્ડ ફ્લોર, ઈલોરા કોમ.સેન્ટર, જી.પી.ઓ. સામે, સલાપસ રોડ,
અમદાવાદ– ૩૮૦૦૧૬. ફોન. ૫૫૦૭૮૫૫, ૫૫૦૭૮૫૬

સમાચાર

☐ પુષ્ટિમાર્ગીય પુસ્તક વિક્રય કેન્દ્ર – ગોકુલ

તા. ૨૮ એપ્રીલનાં સવારે શ્રીમદ્‌ગોકુલ, નંદચોકમાં "પુષ્ટિસાહિત્ય–વિક્રય કેન્દ્ર"નો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે ગો.શ્રીઅનિરૂદ્ધલાલજી, ગો. શ્રીરઘુનાથલાલજી, ગો.શ્રીચીમ્મનલાલજી, ગો.શ્રીકિશોચંદ્રજી, ગો.શ્રીશ્યામમનોહરજી, ગો.શ્રીરવીન્દ્રકુમારજી, ગો.શ્રીયોગશકુમારજી, ગો.શ્રીશરદકુમારજી, ગો.શ્રીપંકજકુમારજી, ગો.શ્રીભૂષણકુમારજી તેમજ અન્ય પણ વલ્લભવંશજ આચાર્યો ઉપસ્થિત રહ્યા.

આ કેન્દ્ર "શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી"ના સહયોગથી અને ગો.શ્રીપંકજકુમારજી તથા ગો.શ્રીભૂષણકુમારજી દ્વારા સંરક્ષીત "શ્રીવલ્લભાચાર્ય વ્રજ સંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ સમિતિ, ગોકુલ" દ્વારા સંચાલીત છે. પુષ્ટિ સંપ્રદાયને લગતું તમામ જ્ઞાનવર્ધક–માહિતિપ્રદ સાહિત્ય (પુસ્તક–ઓડીયો–વીડીયો કેસેટસ્–સી.ડી. વિગેરે) એકજ સ્થળે ઉપલબ્ધ કરાવવું એ આ કેન્દ્રને શરૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય છે. હાલ આ કેન્દ્રમાં નીચે મુજબ પ્રકાશકોનું પુસ્તકાદિ સાહિત્ય છાપેલ કિંમતે વેચાણ માટે ઉપલબ્ધ થશે.

☐ શ્રીહરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા
☐ વિદ્યાનિધિ ટ્રસ્ટ, નડીઆદ
☐ વૈષ્ણવ મિત્ર મંડળ, ઈન્દૌર
☐ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી
☐ શ્રીજયદેવલાલજી ટ્રસ્ટ, અમદાવાદ
☐ પુષ્ટિમાર્ગીય પ્રવચન–ધોળપદ–કીર્તન વગેરેની ઓડીયો–વીડીયો કેસેટસ્ તથા સી.ડી. હાજર સ્ટોકમાં તેમજ ઓર્ડરથી.

આ સિવાય સંપ્રદાયના અન્ય પ્રકાશકોના સહયોગથી તેમના પણ પુસ્તકો ટૂંક સમયમાં વેચાણ માટે ઉપલબ્ધ થશે.

☐ વિનામૂલ્યે વિતરણ કરવા માટે પ્રકાશિત થતાં પુસ્તકો પણ પ્રકાશકની સૂચના મુજબ વિનામૂલ્યે જ આપવામાં આવશે.

☐ પુસ્તકાદિના, વિક્રય સિવાય આ કેન્દ્ર પર પુષ્ટિમાર્ગીય પરીક્ષા, પાઠશાળા, સ્વમાર્ગીય અધ્યયનવર્ગો, પ્રવચનો, કીર્તન પ્રશિક્ષણ વર્ગ જેવી સંપ્રદાયમાં થતી બૌદ્ધિક પ્રવૃત્તિઓને લગતી માહિતી પણ ઉપલબ્ધ થશે.

☐ પુસ્તક વિક્રય કેન્દ્ર સવારથી મોડી સાંજ સુધી ખુલ્લું રહેશે.

☐ ટૂંક સમયમાં કેન્દ્રમાં ઉપલબ્ધ પુસ્તકોનું સૂચિપત્ર પણ પ્રકાશિત કરવામાં આવશે જે પ્રતિવર્ષ પ્રકાશિત થશે.

☐ જે પ્રકાશકો આ કેન્દ્ર દ્વારા પોતાનાં પ્રકાશનોનું વેચાણ કરવા ઈચ્છતા હોય તેઓએ "પુષ્ટિમાર્ગીય પુસ્તક વિક્રય કેન્દ્ર" દ્વારા, શ્રીવલ્લભાચાર્ય વ્રજસંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ સમિતિ, નંદચોક, ગોકુલ–૨૮૧૩૦૩ જીલ્લો–મથુરા, ઉત્તરપ્રદેશ. આ સરનામા પર સંપર્ક કરવો.

☐ કેન્દ્ર નહીં નફો નહીં નુકશાન ના ધોરણે ચાલશે. પ્રકાશકોએ આ બાબતને ખાસ ધ્યાનમાં લેવી. કેન્દ્રના નિભાવખર્ચમાં સહયોગ આપનાર લોકો ઉપરોક્ત સરનામે સંપર્ક કરવો.

☐ આ કેન્દ્ર પરથી પુષ્ટિસંપ્રદાય સિવાયના પુસ્તકો અથવા અન્ય દેવીદેવતાઓના સ્તોત્ર, ચિત્રલેખવાળા
☐ ભેળસેળીયા પુસ્તકોનું વેચાણ કરવામાં નહીં આવે.

□ વડોદરા : શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રીવલ્લભ વિદ્યાપીઠ ૭ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ગુજરાતી અને હિન્દી માધ્યમની સાથોસાથ આ વર્ષથી અંગ્રેજી માધ્યમ પણ શરૂ થનાર છે. આ વર્ષે વૃજયાત્રાનું આયોજન તૃતીય પીઠ કાંકરોલી દ્વારા કરવામાં આવેલ છે. આપશ્રી દ્વારા ભૂતકાલમાં સુંદર અલૌકિક આયોજનો થયેલ છે. સંસ્કાર બોધ પરીક્ષા છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતી માધ્યમમાં ચાલી રહેલ છે. બાળકોમાં સુસંસ્કારોનું સિંચનકરવાના શુભ આશયથી બિનસાંપ્રદાયિક મા પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આયોજનો જે કરવામાં આવેલ છે તે અંગેની વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ :
શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન, બેઠક મંદિર, કેવડાબાગ, વડોદરા–૩૯૦૦૦1

□□ "હો વારી ઈન વલ્લભીયન પર" શ્રીભગવદીય વાર્તા સપ્તાહ (સત્સંગ–શીબીર) □□

ભગવદ્ અનુગ્રહથી રાજકોટ બિરાજમાન પૂ.પા.ગો.૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ એવં આજ્ઞાથી શ્રીવલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડળ (રાજકોટ)ના તત્વાવધાનમાં દિનાંક ૧૭–૫–૨૦૦૨ થી દિનાંક ૨૩–૫–૨૦૦૨ સુધી "શ્રીભગવદીય વાર્તા સપ્તાહ"ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ખંભાતવાળા પુષ્ટિમાર્ગના વિદ્વાન શાસ્ત્રીજી શ્રીજગદીશચંદ્ર નર્મદાશંકર તેમની મધુર વાણીમાં ૮૪–૨૫૨ વૈષ્ણવોના જીવનચરિત્રોનું વર્ણન એવં પુષ્ટિમાર્ગના દિવ્ય સિદ્ધાંતોનું વિવેચન કરેલ. સત્સંગ શીબીરના કાર્યક્રમ દરમ્યાન પૂ.પા.ગો.શ્રીરાજીવલોચનજી મહોદય પૂ.પા.ગો.શ્રીરાજીવલોચનજી મહોદય પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી મહોદય એવં પૂ.પા.ગો. શ્રીગોપીકાલંકારજી મહોદય બિરાજી અને વચનામૃતનું પાન કરાવેલ.

□□ જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૫ મો પ્રાકટ્ય મહોત્સવ ઉજવાયો □□

□ રાજકોટ : રાજકોટ વૈષ્ણવ સમાજ–આં.રા.પુ.વૈ.પરિષદ–રાજકોટમાં ચાલતી પાઠશાળાઓ તથા રાજકોટનાં દરેક પુષ્ટિમાર્ગીય મંડળોના સંયુક્ત ઉપક્રમે જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૫ મો પ્રાકટ્ય મહોત્સવ ઉજવાયો. દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્થાનોમાં તેમજ પાઠશાળાના બાલક–બાલિકાઓ દ્વારા 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' પાઠનું આયોજન કરવામાં આવેલ.

ઉત્સવ દિને રાજકોટ અને તેની આસપાસની આઠ ગૌશાળામાં ૧૦૦૦ કિલો લાડવા તથા ૧૧૦૦૦ કિલો ઘાસનું વિતરણ કરવામાં આવ્યું તેમજ રાજકોટની દરેક સાર્વજનિક હોસ્પીટલ–વૃદ્ધાશ્રમો–બાલાશ્રમ– અંધઅપંગશાળા વિગેરે સ્થળે ૪૦૦ કિલો જેટલું ફ્રુટ વિતરણ તથા ૫૦૦ પેકેટ બિસ્કીટનાં વિતરણ કરવામાં આવ્યા. પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ, ગો.શ્રીવૃજેશકુમારજી મહોદય, ગો.શ્રીરસીકરાયજી મહારાજ, ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ, ગો.શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજ, ગો.શ્રીરવિન્દ્રકુમારજી મહોદય વિગેરે બાલકોની હવેલીમાં કેસર સ્નાન સત્સંગ સભા તથા શ્રીના વિવિધ મનોરથ ઉત્સવનું આયોજન થયું તેમજ દરેક પુષ્ટિમાર્ગીય હવેલીમાં રાજભોગમાં તિલક દર્શન તથા સંધ્યા આરતીમાં ફુલમંડલીમાં શ્રીઠાકોરજીનાં દર્શનનો અનેરો આનંદ વૈષ્ણવોએ પ્રાપ્ત કર્યો.

સાંજે ૬.૩૦ કલાકે પૂ.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ, ગો.શ્રીઅનિરૂદ્ધલાલજી મહારાજશ્રી, ગો.શ્રીગોકુલનાથજી મહારાજશ્રી, ગો.શ્રીગોવીંદરાયજી મહોદય, ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રીની સાંનિધ્યમાં તેમજ રાજકોટ કિર્તન મંડલી, કેસરીયા કિર્તન મંડલી, હડાળા, રત્નપર કિર્તન મંડલી, દરેક હવેલીનાં મહિલા મંડળો, પાઠશાળાના બાલક–બાલિકાઓ, વિવિધ ફલોટ સાથે વિશાળ વૈષ્ણવ સમુદાય સાથે શ્રીજશુબાઈ મંડાણથી નીકળી શહેરનાં વિવિધ રાજમાર્ગો પર ફરી શ્રીસાતસ્વરૂપની હવેલીએ શોભાયાત્રા પહોંચેલ તથા વધાઈ કીર્તન, ગોસ્વામી બાલકોના વચનામૃત, કેસર સ્નાન આદિ કાર્યક્રમો થયેલ.

□□ શ્રીવલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડળ–રાજકોટ □□

પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે, શ્રીમદનમોહન કુંજમાં ત્રીદિવસીય ઉત્સવ આયોજન

પૂ.પા.ગો.શ્રીગોવીંદરાયજી મહોદયશ્રીની સાંનિધ્યમાં તા.૬–૫–૨૦૦૨ ના રોજ સાંપ્રદાયિક પ્રશ્નોત્તરી દ્વારા આપશ્રી દ્વારા વિસ્તૃત છણાવટ વૈષ્ણવોનાં મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન કરેલ. તા.૭–૫–૦૨ ના રોજ

શ્રીગોપીકાલંકારજી મહોદય પૂજ્ય શ્રીભાગવતબાવાશ્રી તથા પૂજ્યશ્રીગીરધરબાવાશ્રી દ્વારા વચનામૃતનું આયોજન થયેલ. પૂ.શ્રીગોવીંદરાયજી મહોદયશ્રી સાથે અનેક વૈષ્ણવોએ મોરબી શ્રીમહાપ્રભુજીના બેઠકજી ઉપર ઝારી–ચરણસ્પર્શ–દર્શનનો લાભ પ્રાપ્ત કરેલ. તા.૮–૫–૦૨ નાં રોજ વૈષ્ણવોના સમૂહપાઠ– રાજભોગ દર્શન, બપોર બાદ શોભાયાત્રા બાદ સાંજે પૂ.ગોસ્વામી બાલકોનાં વચનામૃતોનું આયોજન કરવામાં આવેલ. દરેક સ્થાનિક તથા બહારગામના વૈષ્ણવોએ આનંદભેર ભાગ લીધેલ.

☐ **પોરબંદર : શ્રીયમુનાજી ઉત્સવ :** પૂર્ણપુષ્ટિ પુરૂષોત્તમ શ્રીમદનમોહન પ્રભુના પરમ અનુગ્રહથી પરમ પૂજ્ય ગો. શ્રીવસંતકુમારજીની અધ્યક્ષતામાં તથા પ.પૂ.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી અને પ.પૂ.ગો. શ્રીવિશાલકુમારજી મહોદયશ્રીની પાવન ઉપસ્થિતિમાં શુભમિતિ ચૈત્ર સુદી ૬ શુક્રવાર તા. ૧૯–૪–૨૦૦૨ ના રોજ પરમ કરૂણામય, કૃષ્ણપ્રિયા શ્રીયમુના મહારાણીજીનો ઉત્સવ અને શ્રીગુસાંઈજીના ષષ્ઠલાલજી શ્રીયદુનાથજીનો પ્રાગટ્ય ઉત્સવ ખૂબજ હર્ષોલ્લાસ તેમજ અનેકવિધ પુષ્ટિમાર્ગીય કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવ્યો. ત્યારબાદ શ્રીયમુનાષ્ટકમ્નો સમૂહ પાઠ થયો. શ્રીયમુનાજીના કિર્તનોની રમઝટ થઈ. ગો.આચાર્યશ્રીઓ દ્વારા સર્વે સ્વરૂપોની આરતી થઈ ત્યારે કિર્તનમંડલી અને ઉપસ્થિત હજારો વૈષ્ણવો એક સાથે જ શ્રીયમુનાજીની આરતીનું ગાન કરતા દર્શન કરતા હતા. શ્રીમદનમોહન પ્રભુનો દિવ્ય 'શ્રીયમુના નિકુંજ'ના મનોરથનાં દર્શન થયા.

☐ **શ્રીમાધવપ્રભુ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, પોરબંદર દ્વારા પ્રથમ પુષ્પરૂપ "પુષ્ટિ પિયુષ" પુસ્તિકાનું થયેલું વિમોચન :** પોરબંદર વિસ્તારના વૈષ્ણવોના લાભાર્થે અને પુષ્ટિપ્રચાર હેતુ પરમ પૂજ્ય ગો.શ્રીવસંતકુમારજી મહોદયશ્રી તેમજ પ.પૂ.ગો.શ્રીવિશાલકુમારજી મહોદયશ્રીની ખૂબજ કૃપાથી આપશ્રી દ્વારા સૌ પ્રથમ આ સંસ્થાનું પ્રથમ પુસ્તક "પુષ્ટિ પિયુષ" પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવ્યું.

આ પુસ્તિકાનું વિમોચન પ.પૂ.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રીના કરકમલો દ્વારા થયું. આ પ્રસંગે પહેલા ગો.શ્રીવસંતકુમારજીના વચનામૃત થયા, આપશ્રીએ શ્રીયમુનાજીનો ઉત્સવ અને શ્રીયદુનાથજીના ઉત્સવો હતા એટલે એ પ્રસંગ અનુરૂપ ઉપરાંત ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રીની સાહિત્ય રૂચિ–પ્રેમ અને જીવનપ્રણાલી દર્શાવી હતી. એમની જ સ્મૃતિમાં આ ટ્રસ્ટની રચના કરી તેના દ્વારા પુષ્ટિ પ્રચારનું કાર્ય કરવાનો મંગલ સંકલ્પ કર્યો છે અને બાલભાવની સેવા કરીએ છીએ એટલે ઉત્સવપ્રિય પ્રભુના સુખ માટે ઉત્સવો–મનોરથોનું આયોજન કરીએ છીએ તેમ જણાવ્યું હતુ. ત્યારબાદ પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રીના વચનામૃત થયા, આપે જણાવ્યું કે, શ્રીયમુનાજી લોટીજી સ્વરૂપે પધારે તેનું મહત્વ સમજાવ્યું હતું. ઉપરાંત, 'પુષ્ટિ પિયુષ' વિશે સમજાવતા આપશ્રીએ જણાવ્યું હતું કે, 'પિયુષ એટલે અમૃત– દ્વારા – અમરત્વ'. જે મહાન વ્યક્તિ ભૂતલ ઉપર પધારી લોકોને અમૃત વાટે છે એટલે કે, મૃત્યુનાં ભયથી મુક્ત કરી દે છે અને એ અમૃતનો વારસો મૂકી જાય છે. ગો.શ્રીદ્વારકેશલાલજીનાં સમયથી પોરબંદર ખાતે વાટવામાં આવતો અમૃતનો વારસો આજે પણ શ્રીવસંતકુમારજી વાટી રહ્યાં છે. એમ જણાવી આપશ્રીએ સર્વેને આશીર્વચન પ્રદાન કર્યા.

☐ **પુષ્ટિ રસ ગ્રંથ વિમોચન :** ભાગવત વાચસ્પતિ નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળાએ સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં કરેલ 'પુષ્ટિરસ' ગ્રંથ વૈષ્ણવાચાર્ય શ્રીદ્રુમીલકુમારજી દ્વારા વિમોચિત, વર્તમાન તિલકાયતજી દ્વારા નિ.લી.તિલકાયત શ્રીગોવીંદલાલજી મહારાજને અર્પણ કરેલ. ગો.નિકુંજલતા બેટીજીના કરકમલથી મુરલીધર પ્રભુને સમર્પણ કરવામાં આવ્યો હતો. આ સમારંભમાં ગો.શ્રીદ્રુમીલકુમારજી, ગો.શ્રીવિશાલબાવા, ગો.નિકુંજલતા બેટીજીના વચનામૃત તથા સાહિત્યકાર જયંત દલાલ, જશવંત મહેતા, ડૉ.વસંત પરીખ, અરુણાબહેન ગણાત્રા, તુલસીદાસ શાહના સમયોચિત વક્તવ્ય થયા હતા જેમાં પુષ્ટિમાર્ગના સવા પાંચસો વર્ષમાં આ પ્રકારનો ગ્રંથ પહેલી જ વખત થયાનું અને નિરંજન શાસ્ત્રીની પરંપરાગત વિદ્વતા હોવાનું પ્રતિપાદન થયું હતું. છ વર્ષના આદિત્ય શાસ્ત્રીએ મંગલાચરણ કરેલું, કૃષ્ણદત્ત શાસ્ત્રીએ સભાસંચાલન કરેલું, નિરંજન શાસ્ત્રીએ ગ્રંથનું સ્વરૂપ બતાવી આભાર વ્યક્ત કર્યો હતો. હરીશ સંપટ, ફાલ્ગુની મોદી વગેરેની સેવા નોંધપાત્ર રહી હતી.

શ્રીયમુનાજીના પદ (પદ-૯૯)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક— 'માધુરી' રાજકોટ

શ્રી હરિ કો વિરુદાવલી બ્રીડે;
શ્રી યમુને પ્રતાપ તે ત્રણ હૂ રજ બલ મુક્તિ હિ કીડે. ૧
જાકે દ્વાર દાન દાયા કૌ ક્ષેમ સુધા રસ બરસેં;
જાન્હવી જલકોં યમુના જલચર ભોરે હૂં નહીં પરસેં. ૨
પદ્મજ ગિરા પરાસર ધ્રુવ સુર કરિ કરિ વિનય સુનાવેં;
સરલ સદા યમુને પ્રતાપ તે વર અભીષ્ટ તે પાવેં. ૩
શ્રીલક્ષ્મણ કુમાર શ્રીમુખ સોં કીની વિપુલ બડાઈ;
નંદલાલ જાયા અબહેરૌ જન 'વલ્લભ' શરણાઈ. ૪

ભાવાર્થ : બહુ બહુ વિચાર કરતાં આપના ઐશ્વર્યનું વર્ણન કરતાં એમ સમજાય છે કે સ્વયં શ્રીહરિ કરતાં કાંઈક જુદું જ આપનું પરાક્રમ છે. આપની કૃપાબળથી એક રજમાત્ર મુક્તિ પ્રાપ્ત કરાવી શકે છે, તો આપનાં બિરદની શું બડાઈ થઈ શકે.

જેને દ્વારે દાન, દયાનું સદાવ્રત અને ભક્તિરૂપી સુધાની વરસા વરસી રહી છે. ગંગાજીના જલને યમુનાજીના જલચર પણ સ્પર્શ કરતા નથી. કમળ ઉપર ભ્રમરો ગુંજાર કરવાવાળા તે ગંગાજીનો સ્પર્શ કરતા નથી. ગંગાજી આપનાં સ્પર્શ થકી જ ઐશ્વર્યને પ્રાપ્ત થયા છે આપની સ્તુતિ બ્રહ્માજી, પરાશર મુનિ, ધ્રુવ અને અન્ય દેવોએ કરી છે. જેણે જેણે આપની સ્તુતિ કરી તે સરળ રીતથી મનવાંછીત ફલ મેળવેલ છે.

આપનો એવો સરળ સ્વભાવ જ છે. પુષ્ટિજીવો તો શ્રીગંગાજીને આપના સંગમ પછી જ માને છે. "ન તુ કદાપિ પુષ્ટિ સ્થિતેઃ" શ્રીલક્ષ્મણનંદન શ્રીમદાચાર્યચરણ વલ્લભ પ્રભુએ આપની અનેકવિધ સ્તુતિ કરી છે. હે શ્રીનંદલાલની ચતુર્થ પટરાણી હવે જરા આ તરફ દષ્ટિ કરો કે વલ્લભ ક્યારની શરણાઈ વગાડી રહ્યો છે—વખાણ કરી રહ્યો છે તેના સ્વર તરફ થોડું ધ્યાન અપાય તેમ ચાહું છું. ૯૯

આજીવન પૂષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી—મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month
Date : 03-06-2002

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

મો ઉરમેં નિજ પ્રેમ અસ,

પરિવૃઢ ! અચલિત દેહુ ।

જૈસેં લોટન–દીપસોં,

સરક ન પુરક સનેહુ ॥ ૪૭ ॥

ટીકા : હે પરિવૃઢ ! કહેતાં પ્રભુ શ્રીકૃષ્ણચંદ્ર ! તમારોં પ્રેમ મારા હૃદયમાં એવો અચલ આપો કે કદાપિ ખસે નહીં. જેમ કાંઈ 'લોટણ–દિવા'નેં ઉંધો ચત્તો ગમે તે રીતેં ગબડાવીયેં તો પણ તેમાંથી સનેહ કહેતાં જે તેલ તે ઢળે નહીં ને દીપ જાય નહીં તે રીતેં. ૪૭

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

અ.ભા.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા 'શ્રી વલ્લભસુધા'

તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન : ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : મેનેશ કોમ્પ્યુસ્કેચ, રાજકોટ. ફોન : ૪૫૩૪૫૧.

વર્ષ ૨૧
અંક 3

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

આજે જે સંઘર્ષ થાય છે, નાના–મોટાનો એનું કારણ શું ? એની પાછળ આ જ કારણ છે કે, આપણને ભગવદીય વ્યવહાર કરતાં ના આવડ્યો અને લોકોના મનમાં એક લઘુગ્રંથી બંધાઈ ગઈ અને આપણે ખોટાં વૈભવનાં પ્રદર્શનમાં પડ્યાં.

એવી જ રીતે ઘણાખરા પોતાની સિદ્ધાઈના પ્રદર્શનમાં પડ્યાં, પોતાની સિદ્ધાઈ–કે સિદ્ધ કે અસિદ્ધનો પ્રશ્ન નથી. પણ આ જે પ્રપંચનું સેવન છે એ બહુ અંતઃકરણ પૂર્વક કરીએ છીએ. અને સમાજની ને પ્રપંચની વાતો કરીએ પણ ભગવદ્ ચર્ચાનો પ્રસંગ આવે તો ‘‘મંડલીમેં અદ્ભુત નિંદ્રા આઈ’’ ભક્તે એટલું માન રાખ્યું કે અદ્ભુત નિંદ્રાનો શબ્દપ્રયોગ કર્યો એ અદ્ભુત નિંદ્રા ક્યારે ઉડે ? કે જ્યારે બધી ભગવદ્ ચર્ચા થઈ રહે. પ્રસાદની હાકલ પડે ત્યારે બધાની નીંદર ઉડે ભાઈ હવે આ પ્રસાદ લ્યો (ને) ઘરે પધારો. પ્રસાદનો અર્થ ભગવદ્ પ્રસન્નતા છે અને જેને પ્રભુની પ્રસન્નતા ને પ્રભુનો આનંદ મળે તે નિરાનંદ થાય નહીં, કોઈપણ અવસ્થામાં, વ્રજભક્તો પણ કોઈપણ અવસ્થામાં નિરાનંદ થયા નહોતા પરંતુ જે વ્યથીત થયાં હોય તે ભગવદ્ સુખ અને ભગવદ્ પ્રસન્નતા માટે. આ કહેવાનો તાત્પર્ય શું ? કે ભક્તોનું જીવન પરિપૂર્ણ જીવન છે. વેદની શ્રુતિ કહે છે કે ‘‘પૂર્ણમદઃ પૂર્ણમીદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે પૂર્ણસ્ય પૂર્ણ માદાય પૂર્ણમેવાવશિસ્યતે’’ આ પૂર્ણ છે અને એનાથી જે કાંઈ સર્જાયું છે તે પરિપૂર્ણ છે, એમાંથી જે કાંઈ લેશો તે પરિપૂર્ણ હશે ને બચશે તે પરિપૂર્ણ હશે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૭૯–૮૦)



વાર્ષિક લવાજમ : રૂા. ૪૦/-
આજીવન લવાજમ : રૂા. ૫૦૧/-



● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

- ✼ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- ✼ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

● વર્ષ : ૨૧ ● અંક : ૪ ● શ્રીવલ્લભાબ્દ ૫૨૪ ● વિક્રમ સંવત ૨૦૫૮ ● જુલાઈ, ૨૦૦૨

‘‘શ્રીવલ્લભસુધા’’ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

જેઠ વદ ૧૪ તા. ૯–૭–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૧૨–૭–૨૦૦૨ શુક્રવાર : અષાઢી બીજ. રથયાત્રા.

અષાડ સુદ ૩ તા. ૧૩–૭–૨૦૦૨ શનિવાર : ગો.ચિ.શ્રીકૃષ્ણકાન્તજી (મુંબઈ–બેંગ્લોર)નો તથા ગો.ચિ.અભિષેકજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

અષાડ સુદ ૪ તા. ૧૪–૭–૨૦૦૨ રવિવાર : શ્રીદ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ. ગો.ચિ.શ્રીદામોદરરાય બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન. (બંને જન્મદિન પંચમી ક્ષય હોવાથી આજે)

અષાડ સુદ ૬ તા. ૧૫–૭–૨૦૦૨ સોમવાર : કસુંબા છઠ્ઠ. શ્રીમહાપ્રભુજીના પિતાશ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રીપાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનો ઉત્સવ. વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી. નાથદ્વારસ્થ વર્તમાન ગો.તિલકાયત આચાર્યવર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રીરાકેશકુમારજી (શ્રીઈન્દ્રદમનજી) મહારાજ ગાદીએ બિરાજ્યા તેનો ઉત્સવ.

અષાડ સુદ ૭ તા. ૧૬–૭–૨૦૦૨ મંગળવાર : ગો.ચિ.મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ– ઉપલેટા)નો જન્મદિન

અષાડ સુદ ૮ તા. ૧૭–૭–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની–જામનગર)નો તથા ગો.ચિ.શ્રીપ્રમેયકુમાર બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો.શ્રીચીમનલાલજી મહારાજ (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૧ તા. ૨૦–૭–૨૦૦૨ શનિવાર : દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના નિયમોનો આરંભ. ધારણા–પારણા વ્રત. ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો.શ્રીલલિતત્રિભંગીજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૨૩–૭–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીદેવકીનંદનજી મહારાજશ્રી (નાથદ્વારા દ્વિતીયગૃહ)નો તથા ગો.ચિ.શરદકુમારજી બાવાશ્રી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૨૪–૭–૨૦૦૨ બુધવાર : વ્યાસ (ગુરૂ) પૂર્ણિમા. કચોરી પૂનમ. (એકાદશીના દિવસે ચાતુર્માસના નિયમનો આરંભ ન થયો હોય તો આજે કરવો). ગો.ચિ.શ્રીમુકુન્દલાલજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

અષાડ વદ ૧ તા. ૨૫–૭–૨૦૦૨ ગુરૂવાર : હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૮–૭–૨૦૦૨ રવિવાર : શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીગોકુલચંદ્રમાજી

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૧ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ જુલાઈ, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ એંસીમો : ''શયનભોગ સખડી નથી ધરેં''

શ્રીઠાકોરજીને શયનભોગમાં (સાંજના વાળુના ભોગમાંા) સખડી (ભાત) નવો–તાજો સિદ્ધ કરીને જ ધરવો જોઈએ–તેજ રીતે મગ, દાળ, રોટી વગેરે પણ બપોરના સિદ્ધ કરીને રાખી મુકેલ હોય તે ન ધરાય. સખડી વસ્તુની ઉત્તમતા ત્રણ કલાક પછી નથી રહેતી. આથી આયુર્વેદમાં ટાઢો ભાત વગેરે હિતકારી નથી તેમ જણાવ્યું છે– તેથી અહિતકર હોય તેવી સામગ્રી શ્રીઠાકોરજીને ધરીએ તો આપણા સેવક ધર્મમાં ખામી આવે અને અપરાધ પડે. (શ્રીઠાકોરજીના સન્મુખ આવતી વખત સામગ્રી ઉત્તમમાં ઉત્તમ પ્રકારની હોવી જોઈએ. શ્રીઠાકોરજી આરોગ્યા બાદ તો તે પ્રભુનું અધરામૃત બની જતાં તેમાં તાજુ–વાસી એવી દોષ બુધ્ધી ન કરવી. અને પ્રસંગોપાત સખડી પ્રસાદ ઢાંકી મૂક્યો હોય તે મોડેથી લેવામાં દોષ નથી–પણ સામગ્રી પ્રભુ સન્મુખ થતી વખતે ઉત્તમોત્તમ હોવી જોઈએ.)

☐ અપરાધ એકાશીમો : ''સૈયા એક પાસ ન ધરેં''

શ્રીઠાકોરજીની સૈયા (પલંગ) કોઈપણ તરફ દિવાલને અડાડીને ન પધરાવાય. (લૌકિકમાં પણ ભીંતને કે ખૂણાને લાગીને સુવાનો નિષેધ મનાય છે) મુખ્ય ભાવના એ કે, પ્રભુ અનેકવિધ ભક્તોના યૂથની સેવા અંગીકાર કરે છે તે–તે ભાવાનુરૂપ ભક્તો નિકુંજમાં તે–તે બાજુએથી આવે અને પ્રભુને ભોગ–સામગ્રી જલ–બીડા આરોગાવવા પંખા–વિંઝણાની સેવાં કરે તે માટે બધી બાજુથી વ્રજભક્તોને પધારવાનો અવકાશ રહે તેવી ભાવના કરી સૈયા ભીંત ને કે ખૂણાને અડીને રહે તેમ ન પધરાવવી.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે: પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પેત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોંવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

–ગતાંકથી ચાલુ

આ આન્તર અનુભવ અને બાહ્ય અનુભવના સૂક્ષ્મ રહસ્યને સમજવા માટે નિરોધનાં બીજાં બે રૂપોને સમજવાં આવશ્યક બને છે :

(ક) સ્વરૂપ–ગુણ–ઉભયકૃત નિરોધ

(ખ) કેવલ–ગુણકૃત નિરોધ

(ક) તામસ–ફલ–પ્રકરણના વિવેચનમાં શ્રીમહાપ્રભુજીએ આ સમજાવ્યું છે કે અહીં સાત અધ્યાયોમાં અર્થાત્ ૨૬મા અધ્યાયથી લઈને ૩૨મા અધ્યાય સુધી ક્રમશઃ (૧) ઐશ્વર્ય, (૨) વીર્ય, (૩) યશ, (૪) શ્રી, (૫) જ્ઞાન, (૬) વૈરાગ્ય, એ છ ભગવદ્‌ગુણ અને સાતમા સ્વયં ધર્મી ભગવાનના સ્વરૂપનું વર્ણન સ્વીકારેલું છે.

આ ફલરૂપા નિરોધલીલાના સ્વરૂપનો સારી રીતે વિચાર કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સાતે અધ્યાયોમાં ફલરૂપલીલાનું વર્ણન સ્વીકારેલું હોવા છતાં પણ, ધર્મીનિરૂપક પાંચમા અધ્યાય અને જ્ઞાનનિરૂપક સાતમા અધ્યાયનું કંઈક વિશેષ મહત્ત્વ છે જ. તેથી પ્રારંભમાં રૂપલીલાના–બાહ્યાભ્યન્તરભેદથી–જે બે ભેદ બતાવવામાં આવ્યા છે, તેનું આ બે અધ્યાયોમાં ચરમ ઉત્કર્ષના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મી પ્રકરણમાં બાહ્ય સંયોગસુખનું તથા જ્ઞાન પ્રકરણમાં આંતર સંયોગનું વર્ણન કરવામાં આવ્યું છે.

"જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે" (જ્ઞાન અને ભક્તિ સતત ચક્રની જેમ પરિવર્તન પામે છે તેથી જ સંયોગસુખ જ અભિપ્રેત છે) એ ઉક્તિ અનુસાર અહીં પરોક્ષ અને પ્રત્યક્ષ બંનેમાં સંયોગસુખનું જ વર્ણન અભિપ્રેત છે. તેથી તેને ફલપ્રકરણ માનવામાં આવ્યું છે.

(ખ) તેનાથી વિપરીત રાજસ–પ્રમેય પ્રકરણમાં વ્રજભક્તોની અનુભૂતિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આ શબ્દોમાં કર્યું છે. –"અન્તર્નિષ્ઠા વા વિરહો વા, દ્વયમેવ, ન તુ તાસામન્યા લૌકિકી અવસ્થા". આન્તરાનુભૂતિમાં નિષ્ઠા અને કાં તો વિરહમાં સ્થિતિ આ બે જ અવસ્થા તેઓની હતી, બીજી કોઈ પણ લૌકિક અવસ્થા ન હતી. (સુબો. ૧૦–૪૪–૪૮). અહીં પૂર્વે કહેલું "આન્તરં તુ પરં ફલમ્" વચનના આધાર પર અન્તર્નિષ્ઠાને તો પરમ ફલરૂપ માનવી જ પડશે, પરંતુ દ્વિતીયાંશ વિરહને ફલરૂપ માનવાનો

કોઈપણ આધાર મળતો નથી. આ વિરહ તેથી ફલરૂપ નહિ હોવાને કારણે પૂર્વવર્ણિત 'સાધનકૃત્સ્નતા' જ છે. તેથી શ્રીમહાપ્રભુજી તેને 'ફલરૂપ' ન કહેતાં તેને 'ફલસાધક' કહે છે.– "...ફલસાધકત્વાદ્‌ભક્તિમાર્ગે વિરહ એવ પુરુષાર્થ..." (આમાં ઉપરવર્ણિત 'આન્તરં તુ પરં ફલમ્' માં તે અન્તર્નિષ્ઠા જે પરમ ફળ છે તેને સિદ્ધ કરનાર પૂર્ણ સાધનતા વિરહમાં છે, જેથી તે ફલસાધક છે. ફલસાધક હોવાથી ભક્તિમાર્ગમાં વિરહ એ જ પુરુષાર્થ છે, જે સિદ્ધ કરવો પડે છે.) વિરહ અવસ્થામાં કરવામાં આવતું ગુણગાનનું સુખ અને ભગવત્‌સ્વરૂપાનુભવનું સુખ, એ બંને સુખના પરસ્પર તારતમ્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે–" પરં વિરલમમૃતમ્ કેવલ મરણોપસ્થિતૌ તન્નિવર્તકમેવેતિ, ન તુ સમ્ભૂયૈકત્ર રસજનકમ્. રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષઃ, અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્. પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઈતિ ભગવત્ત્વેન સ્તૂયતે." (વિરલ અમૃત કેવળ મરણકાળના નિવારણ માટે છે, નહીં કે ગુણગાનનું સુખ અને ભગવત્સ્વરૂપાનંદના અનુભવના સુખને એકત્ર કરી રસ પેદા કરવા માટે. રસપિંડની માફક તમારી કથામાં જ કાંઈક વિશેષતા છે, અન્યથા કથા માટે જ યત્ન કર્યો હોત, પરંતુ કથાનો ઉપયોગ વિરહમાં મરણાવસ્થાને દૂર કરવા માટે છે. આમ ભગવત્કથાની ભગવાનની માફક સ્તુતિ કરવામાં આવી છે.) ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનને કારણે ભક્તના પ્રાણ તીવ્ર વિરહવેદનામાં પણ જતા નથી, પણ ટકી રહે છે. એ પ્રમાણે ભગવાનની માફક ભગવદ્–ગુણગાનની પણ પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક્તા તો એ છે કે ભગવત્સ્વરૂપની રસાનુભૂતિમાં સુખ ઘનીભૂત બને છે અને ભગવત્કથામાં તે તરલ બની જાય છે.

તેથી સિદ્ધ થાય છે કે કેવલ ગુણકૃત નિરોધમાં બાહ્ય તેમજ આંતર સંયોગસુખની ફલાનુભૂતિનું ચક્ર સતત ચાલતું નથી. ત્યાં વિરહદુઃખ અને અંતર્નિષ્ઠાના સંયોગસુખનું ચક્રવત્ આવર્તન ચાલે છે. તેથી તેના અર્ધાંશમાં સાધનરૂપતા અને અર્ધાંશમાં ફલરૂપતા છે. જ્યારે ભગવાન રસાત્મક હોવાને કારણે દ્વિદલાત્મક, અને દ્વિદલાત્મક હોવાને કારણે સંયોગ–વિયોગાત્મક અથવા 'નટવર' વપુરૂપ ભગવાનનું ફલરૂપ થવું, વિયોગમાં અંતર્નિષ્ઠાનું કારણ મળતાં આંતર સંયોગ સુખ અને સંયોગમાં સ્વરૂપાનુભૂતિને કારણે બાહ્ય સંયોગસુખને ધ્યાનમાં રાખીને સ્વીકારવામાં આવ્યું છે. આન્તરસુખદાન રસનાટન છે તથા બાહ્યસુખદાન રસરૂપ પ્રત્યક્ષ ભોગ છે. આ 'બર્હાપીડં' શ્લોકની સુબોધિનીથી સિદ્ધ થાય છે. તેથી ઉત્તરદલમાં અંતર્નિષ્ઠાના અંશમાં ફલરૂપતા તથા વિરહાંશ અથવા ધર્મિવિપ્રયોગના અંશમાં સાધનરૂપતા છે. કેવળ વિરહમાં ફલરૂપ હોવાનો ઉલ્લેખ શ્રીમહાપ્રભુજીના કે શ્રીપ્રભુચરણના કોઈપણ વચનમાં મળી આવતો નથી. આંતરસંયોગસુખ પ્રદાન કરવાવાળો વિપ્રયોગ સ્વતંત્ર અંગીરૂપ નિરોધ છે. જ્યારે કેવળ વિરહ આંતરસંયોગસુખના અભાવને કારણે, મુક્તિ અથવા આશ્રયભાવાપત્તિના અંગરૂપ નિરોધ માનવામાં આવે છે. તેને કેવળ 'ગુણકૃત–નિરોધ', 'ધર્મિવિપ્રયોગ', 'કેવળ વિરહ', 'મુકત્યંગ નિરોધ' અથવા 'આશ્રય–ભાવાપત્ત્યંગ નિરોધ' કોઈપણ નામથી ઓળખો, પણ બધાનો અર્થ તો એક જ છે.

–ક્રમશઃ

સત્સંગ-મંડળ

લેખક : પ.ભ. સુશ્રી કિરણબેન એન. શાહ, કડી.

સત્સંગ મંડળનું મહત્વ કનુભાઈએ વૈષ્ણવોને સમજાવ્યું. વૈષ્ણવોના આનંદનો પાર ન રહ્યો. સર્વેને થયું કે સત્સંગ મંડળમાં રોજ જવાનો નિયમ રાખીએ તો સારું. આપણે સૌએ બ્રહ્મસંબંધ લીધું પણ આપણું કર્તવ્ય આપણે સમજીએ નહીં તો પુષ્ટિજીવન એળે જાય. આપણને પુષ્ટિમાર્ગ વિશે સત્સંગ મંડળમાં ઘણું જાણવા મળે.

બીજા દિવસે સવાર પડીને સૌની તાલાવેલી સત્સંગ મંડળમાં જવાની થઈ. સાંજ ક્યારે પડે ને સત્સંગ મંડળમાં જઈએ. સાંજ પડવાની સૌ વૈષ્ણવો રાહ જોઈ રહ્યા. અંતે સાંજ પડી. વૈષ્ણવો સત્સંગ મંડળમાં આવી ગયા. વૈષ્ણવોએ કનુભાઈને કહ્યું, 'કનુભાઈ, આજ તો તમે અમોને અષ્ટાક્ષર મંત્ર વિશે સમજાવો. તેનું મહત્વ શું છે તે સમજાવશો.'

કનુભાઈએ વૈષ્ણવોની જાણવાની જિજ્ઞાસા જોઈ તેઓએ કહ્યું, વૈષ્ણવો અષ્ટાક્ષર મંત્ર એ આપણો મહામંત્ર છે. જે વૈષ્ણવ ભક્તિમાર્ગે ચાલવાની ઈચ્છા ધરાવે તેને શ્રીવલ્લભે પુષ્ટિ શરણાગતિનો માર્ગ બતાવ્યો છે. આ માર્ગની દીક્ષારૂપે તેને શરણમંત્ર આપ્યો છે. તે જ અષ્ટાક્ષરમંત્ર છે. તેને નામમંત્ર પણ કહે છે. શ્રીકૃષ્ણઃ શરણં મમ આઠ અક્ષરનો બનેલો હોવાથી તેને અષ્ટાક્ષર મંત્ર કહે છે. આ મંત્ર અલૌકિક સિદ્ધિ આપનાર છે. દરેક અક્ષરનો અર્થ ગૂઢ છે. તેનું નિરૂપણ શ્રીગુસાંઈજીએ 'અષ્ટાક્ષર મંત્રાર્થ નિરૂપણમ્' ગ્રંથમાં કર્યું છે.

વૈષ્ણવોએ કનુભાઈએ કહ્યું, તમે અમોને અષ્ટાક્ષર મંત્રના એક એક અક્ષરથી શું પ્રાપ્ત થાય તે જણાવો.

કનુભાઈએ કહ્યું, 'શ્રી' અક્ષરનો ઉચ્ચાર કરવાથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. જીવ ધનવાન બને છે. રાજાને પ્રિય થાય છે. ભક્તો હંમેશા નિરપેક્ષ હોય છે. તેમને કાંઈજ જોઈતું હોતું નથી. ભક્તો પાસે જેટલું દ્રવ્ય હોય તેનો વિનિયોગ શ્રીઠાકોરજીની સેવામાં કરે પણ દ્રવ્ય પાછળ આસક્ત ન થતાં પદ્મનાભદાસને દ્રવ્ય નહોતું તો તે પ્રભુને ભાવથી છોલા ધરતા. દામોદરદાસ સંભરવાળા પાસે દ્રવ્ય હતું તો તેઓ દ્રવ્યનો વિનિયોગ શ્રીઠાકોરજીની સેવામાં કરતા.

'કૃ' અક્ષરના ઉચ્ચારથી આપણાં મોટામાં મોટા પાપો નાશ પામે છે. શાસ્ત્રમાં પાપના નિવારણ માટે જે ઉપાયો બતાવ્યાં છે તે અઘરા છે. પણ પુષ્ટિમાર્ગમાં તો જીવે ગમે તેટલાં પાપ કર્યા હોય પણ તે

દૂર કરવાનો સરળ ઉપાય શ્રીવલ્લભે બતાવ્યો કે અષ્ટાક્ષર મંત્રનું અહર્નિશ રટણ કરો. તો તમારા બધા પાપનો નાશ થશે.

‘ષ્ણઃ’ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક આ ત્રણ જાતના તાપ–દુઃખો જીવને પીડા આપે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ જીવને વળગેલી હોય છે જેથી તે જીવનથી હતાશ થઈ જાય છે. જીવ પ્રભુના શરણે જાય તો બધી ઉપાધિઓ દૂર થઈ જાય છે.

‘શ’ જીવને જન્મમરણના ચક્કરમાં આવવું પડતું નથી, જીવ માનતો હોય છે કે આ બધું મારું છે, ને હું જ સર્વ કરી રહ્યો છું તો તેની તે ભૂલ છે. તેની આ અહંતાને મમતા દૂર થઈ જાય છે.

‘ર’ પહેલા જીવને લૌકિક સુખમાં આનંદ હતો હવે તેને લૌકિકમાં સહેજ પણ આનંદ નહીં આવે. તે સમજશે કે લૌકિક આનંદ ક્ષણિક છે. સમુદ્રમાં મોજાં આવે ને તૂટી જાય તેમ લૌકિક આનંદ પણ બહુ ન ટકે. તેનું મન પ્રભુ તરફ ઢળશે. પ્રભુના સ્વરૂપ વિશે જાણવાની તેની ઈંતેજારી વધશે.

‘ણં’ પ્રભુ પ્રત્યેનો પ્રેમ ‘ણં’ વર્ણના ઉચ્ચારથી પ્રાપ્ત થાય છે. પ્રભુ જેનું વરણ કરે તેને ભક્તિ પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રત્યેનો સહજ પ્રેમ તેને ભક્તિ કહે છે. રૂકમણીને પ્રભુ પ્રત્યે કેવો સહજ પ્રેમ હતો ! તેઓ કદી પોતાના ઠાકોરજીને છોડીને ક્યાંય જતા નહોતા.

‘મ’ વર્ણના ઉચ્ચારથી ગુરૂ પર પ્રીતિ થાય છે. ગુરૂ પ્રભુથી મોટા છે. પ્રભુ સુધી જીવને લઈ જનાર ગુરૂ છે. ગુરૂ આપણું અજ્ઞાન દૂર કરે છે.

‘મ’ ગુરૂ જીવને પ્રભુ સુધી પહોંચાડે છે. પછી જીવને પ્રભુમાં જે પ્રેમ થાય છે. બીજે તેનું મન દોડતું નથી. પ્રભુના સ્વરૂપમાં જ તે મગ્ન બની જાય છે. ‘મ’ વર્ણના ઉચ્ચારથી પ્રભુનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે.

કનુભાઈએ વૈષ્ણવોને કહ્યું, આજે આપણે અષ્ટાક્ષર મંત્રના આઠે અક્ષરનો અર્થ સમજ્યા. આપણે સૌ સાથે મળીને કૃષ્ણદાસનું કીર્તન ગાઈએ ને પછી છૂટા પડીએ.

સૌ વૈષ્ણવો આનંદથી કીર્તન ગાવા લાગ્યા.

કૃષ્ણ શ્રીકૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે ।
રેન દિન નિતપ્રતિ, સદા પલ છિન ઘરી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે ॥ ૧ ॥
હોત હરિ રૂપ વ્રજભૂપ, ભાવૈ સદા,
અગમ ભવસિંધુકૌ બિના સાધન તરે ॥ ૨ ॥
રહત નિસિ દિવસ આનંદ ઉરમેં ભર્યો,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥ ૩ ॥

રમા અજ શેષ સનકાદિ શુક શારદા,
બ્યાસ નારદ રટૈ પલક મુખ ના ટરે ॥ ૪ ॥
લાલ ગિરિધરનકી મહિમા અતુલ જગમગે,
શરણ 'કૃષ્ણદાસ' નિગમ નેતિ નેતિ કરે ॥ ૫ ॥

વૈષ્ણવોએ સુંદર રાગથી તાલ સાથે કીર્તન ગાયું. કનુભાઈને કહ્યું, કનુભાઈ આ અષ્ટાક્ષરનું કીર્તન તો અમે ગાયું, પણ તેનો અર્થ અમને સમજાવશો ?

કનુભાઈએ કહ્યું, કાલે સત્સંગ મંડળમાં કીર્તનનો અર્થ આપણે સમજીશું.

—ક્રમશઃ

* * *

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડચાર્યજી મહારાજ)ના વચનામૃત

સંકલન : કાન્તિ ર. ગાંધી, અમદાવાદ

ભારતીય ધર્મશાસ્ત્રની પ્રાચીન માન્યતા છે. 'જે ધર્મની રક્ષા થાય છે તેની ધર્મથી રક્ષા થાય છે.' મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સ્વધર્મના આચરણ પર અત્યંત બળ આપ્યું છે. આમાં વિધર્માચરણનો સર્વથા ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે. સ્વધર્મનું મહત્વ આથી સ્પષ્ટ છે. પરંતુ આપણે વર્તમાન પુષ્ટિમાર્ગીય સમાજ સ્વધર્મની રક્ષા કરવામાં સર્વથા નિષ્ફળ નીવડ્યો છે. આ એક વિચારણીય તથ્ય છે. આટલી અવગણના અને અપકીર્તિ સહન કરીને આપણો સમાજ નિષ્પ્રાણ બની રહ્યો છે. આનાથી અતિરિક્ત ધર્માચાર્ય અને શાસ્ત્રીવર્ગ, જેને આ સુધી આચાર્યશ્રીના ચરણોને આશ્રય લઈને જીવન નિર્વાહ કર્યો છે. તેને જરાપણ દુઃખ થતું નથી. આવા સમયમાં જ મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ સામે આવે છે.

ધાર્મિક સિદ્ધાંત અને સ્વધર્મની પ્રતિ આથી અધિક પ્રવંચના શું હશે કે જે લોકોને તિલક લગાડવામાં શરમ આવે છે, ચરણામૃત કરકરું લાગે છે. કંઠી ધારણ કરવામાં ખૂંચે છે. પરંતુ જૂઠું બોલવું, દગો આપવો અને અનાચાર કરવામાં જરાયે લજ્જા આવતી નથી. આવા લોકો ધાર્મિક કહેવાય છે. આવા લોકો સ્વાર્થ સાધન માટે ખરાબથી ખરાબ કર્મ કરી શકે છે. તેમને પ્રત્યેક ધાર્મિક મર્યાદા અનુચિત લાગે છે. છતાં પણ તેઓ વૈષ્ણવ છે, ધાર્મિક છે. તેમના રૂપીયાના બળ પર ધર્મ જે ચાલે છે તે કેવી છલના. આવા સમાજ પર વિશ્વાસ કરી શકાય ? જે સ્વધર્મ પર વિશ્વાસ જ કરતો નથી. ગીતામાં ભગવાને આ સ્પષ્ટ આદેશ આપ્યો છે પરંતુ ધર્મનો વિચારવા માટે તેમની પાસે સમય ક્યાં છે ? હા, ઈન્દ્રિયોના સુખ માટે સર્વસ્વ ત્યાગ કરવા તેઓ સદૈવ તત્પર છે. તેના માટે તેમના જીવનમાં કોઈ સીમા કે સમયની મર્યાદા નથી. આશ્ચર્ય છે કે આ બધું કરવા છતાં

પણ તે વૈષ્ણવ છે. તે ઉપદેશકોના ઉપદેશક, ગુરૂઓના ગુરૂ અને ભગવાનના ભગવાન છે. તેઓને કાંઈ પણ કહી શકાય નહીં. તેઓ બધાને બધું કહી શકે છે. આ એમનો જન્મસિદ્ધ અધિકાર છે. મન માને એમ કહે છે અને દોષ ધર્માચાર્યોનો હોય છે. કારણ કે તે ભિખારી છે. તેઓ પાસે રૂપીયાનું બળ નથી. સત્તાની માદક મદિરા નથી. તેઓ પાસે તો કેવળ સિદ્ધાંત અને પ્રભુનું જ છે. પરંતુ આ સ્વેચ્છાચારી સમાજ એમનાથી નિયંત્રિત કેમ થશે ? આ તો માત્ર શક્તિની સમક્ષ સમર્પણ કરે છે. ભક્તિની સમક્ષ નહીં. ક્યાં છે આજે ધર્માચાર્યનું અસ્તિત્વ ? જે ધાર્મિક નિર્દેશ આપે છે, જેમનો એક આદેશ તલવારને રોકી શકે છે. કેવળ વાણીના આદર્શના આધારે શસ્ત્રોને આધારે શસ્ત્રોને પરાસ્ત કરી શકે છે. આજના રૂપીયા પર વેચાતા સમાજમાં આ સંભવ જ નથી. તો પછી ધર્માચાર્ય દ્વારા અનુશાસીત સમાજનો પ્રશ્ન જ ક્યાં ઉઠે છે ? અને છતાં એ માટે પણ દોષી ધર્માચાર્યો છે, જેને તેઓના નિર્દેશ અને ઈચ્છાઓના અનુસાર બધી જાતની આજ્ઞાઓ આપવા વિવશ થવું પડે છે. કેટલી વિચિત્ર અને અનેરી છે આજની આ માન્યતા. 'ઓ મહાપ્રભુ ! મને બચાવો, મારા પથદર્શન કરો અને સાહસ આપો કે હું તમારા માર્ગ અને સ્વધર્મની રક્ષામાં મારા સુકાઈ ગયેલા શોણિતની સુમનાંજલિ સમર્પિત કરું. હું સેવક છું ગુલામ નથી. સમર્થક છું, ભિખારી નથી. અનુગ્રહનો આકાંક્ષી છું હું અહેસાન કરતો નથી. કર્તવ્યપાલન કરું છું. અમે પણ એજ પથના પથિક બનીએ જેમાં ત્યાગ, સેવા અને સમર્પણને, મૂલ્ય ખરીદી શકાતું નથી. આજ પંથમાં તો 'સૂર' વગર મોલનો ચેરો (દાસ) બન્યો, પણ અહીંયા તો બધાજ ખરીદાયેલા અને વેચાઉ છે. આ કાંઈ વેચવાના છે. શું ક્યારેય સ્વધર્મનું આવું સ્વરૂપ હતું ? છે ? કે રહેશે ? આશેષ પ્રશ્ન છે પ્રભુ ! મને ક્ષમા કરો ! આવા ધર્મ, આવા સમાજનું હું અનુસરણ કરી શકતો નથી.

આમ જોતા ગંભીર વિષયોનું ચિંતન કરી જે આનંદ પ્રાપ્ત કરી શકાય તે ન થતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીની વાણીમાં તેને ભવનું (સંસારનું) ફળ મળે છે તે પ્રત્યક્ષ દેખાય છે.

કાવ્ય કુંજ

૩. વ્યાપિ રહ્યો પુષ્ટિમાર્ગકો રંગ

– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

વ્યાપિ રહ્યો પુષ્ટિમાર્ગકો રંગ
અદ્‌ભુત અનુપમ શોભા યાકી
રસભાવ કો અંગ અંગ. ૧
સ્નેહસું પ્રભુસેવા કરની
મનમેં દર્શન કી ઉમંગ
ગોકુલેશ ગાનતાન મગન
કરત નૃત્ય હુડદંગ. ૨

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૭. વાવશો તેવું લણશો

વેદની શ્રુતિઓ તો એમ કહે છે કે પ્રભુને તો કાંઈ કરવું પડતું નથી; ત્યારે કોણ કરે છે ? ત્યારે એ કહે છે કે પ્રભુની માયા દાસી છે. તે આ જગતને નચાવે છે. જેનું જેવું પૂર્વ જન્મનું કર્મ છે તે પ્રમાણે તેને અવતાર લેવરાવે છે. આ માયા શક્તિનું કામ છે. જેમ જેવું બી હોય તેવું જ ફળ થાય તેમ. કારેલાનું બી હોય તો કારેલાં જ થાય ને કડવાં જ થાય. કેળાનું બી વાવો તો કેળા થાય, ને તે ગળ્યાં થાય, કડવું થાય નહીં ને કડવું હોય તે ગળ્યું ન થાય. જેવા આ જીવના સ્વભાવ કર્યા છે, તે કોઈ કાળે મટે નહીં. ચોમાસામાં ખેતરમાં બી જેવું વાવીએ તેવું જ ફળ થાય છે. લીંબોળી વાવીએ તો કેરી થાય નહીં ને કેરીએ લીંબોળી ન થાય. તેમ આ જીવના બીજ વાવ્યાં છે તે જેવું બીજ વાવ્યું છે તેવું બીજ ઉગ્યું છે. હરિનો ભક્ત હશે તે દુષ્ટ નહીં થાય. (અહીં ભટ્ટજી પ્રાણ ને પ્રકૃતિ સાથે જ હોય છે, તે બતાવે છે. પ્રેમી જીવ જન્મે ત્યારથી જ પ્રેમી હોય છે, ભક્ત જન્મે ત્યારથી ભક્તિનું બીજ તેનામાં હોય છે. પછી સમયે પોષણ મળે ત્યારે તે બીજ વૃક્ષરૂપે ફાલે છે) ને દુષ્ટ હશે તે ભક્ત નહીં થાય. આ મનુષ્ય છે, તે બી વાવવાનાં સ્થળ છે, જેવું બીજ તેવી પ્રકૃતિ. વળી કહ્યું છે કે માયા પ્રાણીમાત્રની મા છે, તે માને છોકરા ધાવે છે, ત્યારે મા ને છોકરા પર હેત થાય છે. તેમ માયા જીવ પર હેત કરી તેને બંધનમાં નાંખે છે. મનુષ્યની માનામાં મનુષ્યનું દૂધ થાય છે. કૂતરીના પેટમાં કૂતરીનું દૂધ થાય છે વળી ગધેડીનું દૂધ થાય છે. ઉંટડીનું દૂધ થાય છે. જેમ આ માતાએ તે પોતાની પ્રજાને ખાવું આપે છે. ને રમાડે છે. પ્રથમ કાંઈ ખાવું વળી બીજું ખાવું. તેમ આ જીવને લાલચ આપી માયા રમાડે છે. જ્યારે છોકરો રમતા થાકશે અને મા નું મોઢું ગમશે નહીં ત્યારે પછી બાપાના મોં સામે જોશે. ને માનો કેડો મૂકશે. ને જ્યારે છોકરો સમજણાં થાશે, ત્યારે માનું મોં નહીં ગમે ને બાપની પાસે આવશે, ત્યારે કામ થશે. બાપ તે હરિ ને મા તે માયા. ૧૦૭

૧૦૮. પ્રભુને જગત સરજવામાં શ્રમ નથી

જેમ દુકાનદાર દુકાન માંડે છે, સાથરી માંડે છે, ને સાંજ પડે ત્યારે બધું સંકેલી લે છે. આમાં દુકાનદારને કાંઈક મહેનત પડે છે. આની પેઠે પ્રભુને આ જગતરૂપી દુકાનોમાં જીવોને સરજવામાં ને નાશ કરવામાં મહેનત પડતી નથી, જીવો અનાદિના છે. દુકાનદારને સાથરીમાં શ્રમ પડે છે પણ ભગવાનને કશોજ શ્રમ નથી. ૧૦૮

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

(શરણ રીતિ)
પુષ્ટિપથ–પ્રભુ શ્રીવલ્લભ કુળ, જઈએ ત્હેને શરણ;
નામ નિવેદન–મર્યાદા ધરી, સેવિયે શ્રી ગિરિવર ધરણ.
શ્રીગિરિવર ધરણ,–ગુરૂ–વૈષ્ણવ–પ્યાર ઉદ્ધારે, ગતિ કરે માર્ગ અનુસાર;
મનુષ્ય જન્મનો એ છે સાર, જે માને તે પામે પાર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૮)

વિવેચન : આ કડીમાં સારભૂત વસ્તુ સમજાવવા માટે પોતાનું હાર્દ ઠાલવે છે. કવિશ્રીએ પહેલા ઘણાં સાહિત્યોની રચના કરી હતી, જ્યારે તેઓ શ્રીવલ્લભકુળને શરણે આવ્યા, વૈષ્ણવોનો સંગ કર્યો, ત્યારે જ તેમનાં મનને શાંતિ મળી. જેમને સ્વાનુભાવ મળેલ હતો. પરિપકવ દશામાં આ ભક્તિ પોષણ, એટલે પ્રભુ પ્રત્યે જીવની ભક્તિ સાર્થક થાય તેના માટે કોઈ પણ સંદેહ મનમાં ન રહે તે માટે આ કાવ્ય પુરૂં કરતાં પહેલા તત્ત્વરૂપ જે છે તે બતાવ્યું છે.

(૧) વૈષ્ણવ ધર્મ સર્વથી શ્રેષ્ઠ છે. પુષ્ટિપથ એટલે કૃપા માર્ગ.
(૨) આ કૃપા માર્ગમાં પ્રવિષ્ઠ થવા માટે શ્રીવલ્લભને શરણે જવું.
(૩) નામ નિવેદન કરીને માર્ગની રીતે શ્રીઠાકુરજીની સેવા કરવી.
(૪) શ્રીઠાકુરજી, શ્રીગુરૂદેવ, વૈષ્ણવ આ ત્રણે પ્રત્યે સ્નેહ ભાવ રાખવો.
(૫) જો આવી રીતે નિષ્ઠાપૂર્ણ સેવા માર્ગમાં રચી પચી રહે તો તે જીવનો ઉદ્ધાર નિશ્ચિત છે. તેમાં સંશયને કોઈ સ્થાન નથી.
(૬) સેવા ધર્મ છે તેથી પ્રભુની સેવામાં એકાગ્ર ચિત્ત રાખી પોતાનાં સેવ્ય સ્વરૂપની પ્રેમભાવથી સેવા કરવી.

સેવા કરવામાં ચિત્ત અન્યે અથડાય નહીં, જો જો હોં જીવનીયું એળે વહી જાય નહી.

પુષ્ટિમાં બાળ ભાવની સેવા છે, તે ભાવને વિચારી વાત્સલ્ય ભાવથી પ્રભુનું સુખ વિચારીને સેવા કરવી. તેમાં પોતાનું ચિત્ત પરોવી રાખવું. સેવા, સ્મરણમાં જેટલું ચિત્ત લાગશે તેટલું જ બીજા સંસારી વિષયોથી તે દૂર થતું જશે. હરિ, ગુરૂ, વૈષ્ણવ પ્રત્યે સ્નેહભાવ રાખવો. સેવામાં ભાવની વૃદ્ધિ કરવા માટે સત્સંગ અવશ્ય કરવો. વૈષ્ણવો છે તે પુષ્ટિ પથે ચાલતાનો સથવારો છે, તેમ જાણીને તેમના સંગથી

આનંદપૂર્વક રસ્તે ચાલશે. આ સથવારો ચાલતે રસ્તે પ્રભુની લીલા રસપાન કરાવશે. પ્રભુની લીલા સહિત ગુણગાન કરતા વાટ લાંબી છે તે ટૂંકી થઈ જશે.

મનુષ્ય જીવનનો સાર એ જ છે કે સંસારમાંથી ખાલી હાથે ન જાવું પડે. ભગવદીયનાં સંગમાં રહેવાથી ભાવ ભાવનાં ને જીવનનો સાર બધું સમજાઈ જશે. મનુષ્ય જીવનનું તત્ત્વ સમજીને તે જે પથ પકડયો છે, તે છોડવો નહીં. જીવન કૃતાર્થ બનાવવું. અંતમાં સારરૂપ જે સમજીને આ રસ્તે ચાલશે, તેનો ઉદ્ધાર થશે અને જે આ તરફ દુર્લક્ષ કરશે તે અથડાતો રહેશે.

સારાંશ

ભક્તિ પોષણ હવે પુરૂં થવા આવ્યું. દયારામભાઈનું અઢળક સાહિત્ય છે. અનેકવિધ રચના છે. કોઈ ભાગ્યશાળીએ પુરૂં વાંચ્યું હશે. જે વાંચીને સમજી શકે તે જ બીજાને સમજાવી શકે છે. અને જેમાં કેવળ નામ સ્મરણ જ છે, જે સાહિત્યક દ્રષ્ટિથી ઉત્તમોત્તમ અને નમૂનારૂપ આપવામાં આવે છે.

પ્રબંધ

શ્રીરામકૃષ્ણ ગોવિંદમ્હણા મિળોની વૈષ્ણવ વંદે..ટેક
કેશવ કરૂણામય સુખકંદે નગાધર નટવર નંદ નંદે
માધવ મુરારી પરમાનંદે, બંસીધર વૃંદાવન ચંદે

શ્રીરાધિકા રમણ, ગોપિકેશ, ગુણનિધિ, ગોકુલેશ, ગોપેન્દ્ર, ગદાધર, ગરૂડધ્વજ, ગોપાલ, ગુણાકાર, ગોવલ્લભ, ગોવર્ધનવલ્લભ, નંદલાલ, નાગર, નટનાયક, લલિત, ત્રિભંગી, મનોહર મુરતી, મોદાકર, મદન નાયક, લલિત, ત્રિભંગી, પદનાભિરામ, અખિલેશ્વર આનંદકંદે (૧)

પ્રભુ પરમેશ્વર, પૂરણાનંદે, પદમા પ્રિયતમે, પદાર વિંદે, સ્મૃતિ માત્ર હરતી દુઃખ દ્વંદે, અજ અક્ષરાં તિત જગવંદે, ત્રિભુવન, ત્રિગુણાતિત, નિત્ય સર્વાત્મ સર્વજ્ઞ મગ્ન રતિ રસમય પૂરણકામ શ્રેયમ્ નામ રૂચિ આત્મારામ, અચ્યુત, અદ્વૈત અકલિત, અપાર સિદ્ધાંત સાર, પરબ્રહ્મ, પરાત્પરપદમનાભમ, પરમહં પુરૂષોત્તમ, શ્રીબાલમુકુંદે (૨)

શેષ મહેશ રટતિ આનંદે, સનક સનંદન સનક આનંદે, સનત પ્રશંસ, સકલશ્રુતિ છંદે, ન્યાસા સોડીલા તે મતિ મંદે. હરિનામ મધિ સઘળી તીર્થે નેમ વૃત ધર્મ કર્મ વૃત તપ જાપ યજ્ઞ અષ્ટાંગ યોગ અધ્યાયન બ્રહ્મ સૂચિ દાન જ્ઞાન વિજ્ઞાન ધ્યાન અવધે. નિગમચેંશ્વદગી હાવર દુસરા અમૂલ સમૂલ ધ્યાન તપ સંતાપ ભેટીયા. હરિ ભેટીયે ઉપાય નાહીં. ભાવૂક ભાવે શ્રીકૃષ્ણ કીરતની યાંચે જાત નાંહી અતિલિત પ્રતાપ દયારામ મ્હણે ત્યાં સાઠી મજ મયસિ પડીલો કૃષ્ણ નામ્યાચ્યા છંદે મ્હણા મિળોની વૈષ્ણવ વંદે. (૩)

ઉપર મુજબ ત્રણ જ કડીમાં મરાઠી ભાષામાં આ પ્રબંધની રચના કરી છે. આનો ટૂંક સાર આવો છે કે પ્રભુપ્રાપ્તિનાં અનેક સાધનો છે તેનાથી આપણું કાર્ય સિદ્ધ થતું નથી જેનાં અગણિત નામો અને ગુણો જેની મહિમા અતુલીત છે. નારદ શારદ શિવ બ્રહ્મા જેનું સ્મરણ રાતદિવસ કરે છે એવા ગોવલ્લભ

ગોપીજન વલ્લભનું નામ સ્મરણ, હે જીવ તું કરી લે (આ માટે શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણઃ શરણં મમ–બધાનાં સારરૂપ આપ્યો છે) તારા તાપ સંતાપ સર્વ દૂર થઈ જાશે. સંસારમાં આવીને જે કાંઈ કરવું હોય તો પ્રભુનું નામ સ્મરણ કરી લે. પ્રભુનામમાં બધો સાર છે. પ્રભુ સર્વનાં મનની જાણે છે તેમ મારા મનની પણ જાણે છે. સર્વનું ભલું કરવાવાળા તારૂં જ ભલું કરશે, વિશ્વાસ રાખ, પ્રભુ પૂરણાનંદ છે. તેનાં ભજનથી જ આનંદ મળશે. સ્મૃતિ માત્રથી જ આર્તિનો નાશ કરવાવાળા છે. પ્રભુ રાધારમણ ગોપીકેશ છે. નિઃસાધન ગાયો ગોપીજનોના રક્ષક છે, નિઃસાધનના સાધનરૂપ છે. વૃંદાવનમાં વેણુના સ્વરમાત્રથી જડ ચૈતન્ય, અને ચૈતન્ય તે જડ બની જાય છે. વેણુનાં સ્વર માત્રથી સમસ્ત વનસ્પતિ, પશુ, પક્ષી સર્વને આનંદ આપે છે. સર્વત્ર સુખદાતા એવા ભગવાન શ્રીકૃષ્ણનું જ તું ભજેન કર. માટે હે જીવ સર્વનો સાર શ્રીકૃષ્ણ નામનો જ તું આધાર રાખ; નહીં તો રખડી પડીશ. બીજો ઉપાય સરળ નથી. માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૮)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર – પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમરૂપા ભક્તિ કે સાધન ઔર સત્સંગ કી મહિમા

(સૂત્ર ૩૭ ચાલુ)

શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે–

તા યે શ્રૃણ્વન્તિ ગાયન્તિ હ્યનુમોદન્તિ ચાદતાઃ ।
મત્પરાઃ શ્રદ્ધાનાશ્ચ ભક્તિં વિદન્તિ તે મયિ ॥

(ભાગ. ૧૧/૨૬/૨૯)

ય એતદ્દેવદેવસ્ય વિષ્ણોઃ કર્માણિ જન્મ ચ ।
કીર્તયેચ્છ્રદ્ધયા મર્ત્યઃ સર્વ પાપૈઃ પ્રમુચ્યતે ॥
ઈત્થં હરેર્ભગવતો રુચિરાવતાર વીર્યાણિ બાલચરિતાનિ ચ શન્તમાનિ ।
અન્યત્ર ચેહ ચ શ્રુતાનિ ગૃણન્ મનુષ્યો, ભક્તિં પરાં પરમહંસગતૌ લભેત્ ॥

(ભાગ.૧૧/૩૧/૨૭–૨૮)

ભક્તિં લબ્ધવતઃ સાધોઃ કિમન્યદવશિષ્યતે ।
મય્યનન્તગુણે બ્રહ્મણ્યાનન્દાનભવવાત્મનિ ॥

(ભાગ.૧૧/૨૬/૩૦)

ભગવાન કહે છે–'જે લોકો મારામાં મન લગાવી શ્રદ્ધા અને આદર સાથે મારા નામ, ગુણ, લીલા, કથા સાંભળે, ગાય અને તેનું અનુમોદન કરે છે તેમની મારામાં અનન્ય ભક્તિ થઈ જાય છે.'

શ્રીશુકદેવજી કહે છે–' હે રાજન,જે મનુષ્ય દેવ દેવ ભગવાનના દિવ્ય જન્મ–કર્મોનું શ્રદ્ધાપૂર્વક કીર્તન કરે છે તે સમસ્ત પાપોથી છૂટી જાય છે. ભગવાન શ્રીહરિના અતિ મનોહર, કલ્યાણકારી અવતાર, પરાક્રમ તથા બાળલીલાઓ સાંભળવા તથા તેનું ગાન કરવાથી મનુષ્ય પરમહંસની ગતિ સ્વરૂપ ભગવાનમાં પરાભક્તિને પામે છે.'

ભગવાન કહે છે કે–'આ રીતે અનંતગુણ સંપન્ન સચ્ચિદાનંદઘન બ્રહ્મ મારામાં ભક્તિ થઈ જવાથી ફરી એ સાધુ પુરૂષને બીજી કઈ વસ્તુ પ્રાપ્ત કરવાની બાકી રહી જાય છે? અર્થાત્ તે કૃતાર્થ થઈ જાય છે.'

ભગવાનના નામ–શ્રવણ અને કીર્તનનું મહાન ફળ હોય છે. જ્યાં સુધી ભગવાનના નામનો અવાજ પહોંચે ત્યાં સુધીનું વાતાવરણ પવિત્ર થઈ જાય છે. મૃત્યુ સમયે અંતિમ શ્વાસમાં ભગવાનનું નામ કોઈપણ ભાવથી જેના મોઢામાંથી નીકળી જાય છે તેને પરમ પદની પ્રાપ્તિ થઈ જાય છે. ભગવાનના નામનું જ્યાં કીર્તન થાય છે ત્યાં યમદૂત નથી જઈ શકતા તેથી દશ નામ અપરાધોથી[૧] બચીને ભગવાનના નામના જપ–કિર્તન અને શ્રવણ અવશ્ય કરવા જોઈએ.

૧. (નામના દશ અપરાધ આ છે. ૧. સંતોની નિંદા ૨. ભગવાનના નામોમાં નાના–મોટાનો ભેદભાવ ૩. ગુરૂનું અપમાન. ૪. શાસ્ત્રની નિંદા. ૫. નામમાં અર્થવાદ (અર્થાત્ એમ સમજવું કે આ ફક્ત પ્રસંશામાત્ર છે એવું ફળ નથી હોતું) માનવું. ૬. નામનો સહારો લઈને પાપ કરવું. ૭. ધર્મ, વ્રત, દાન અને યજ્ઞાદિની સાથે નામની તુલના કરવી. ૮. અશ્રદ્ધાળુ, હરિ વિમુખ અને સાંભળવા ન ઈચ્છતા લોકોને નામનો ઉપદેશ કરવો. ૯. નામ માહાત્મ્ય સાંભળ્યા પછી પણ તેમને (ભગવાનને) પ્રેમ ન કરવો અને ૧૦. અહંકાર, સમતા તથા ભોગો વગેરેમાં આસક્ત રહેવું.)

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે–

સાંકેત્ય પારિહાસ્યં વા સ્તોભં હેલનમેવ વા ।
વૈકુણ્ઠનામગ્રહણમશેષાઘહરં વિદુઃ ।।
અજ્ઞાનાદથવા જ્ઞાનાદુત્તમશ્લોકનામ યત્ ।
સંકીર્તિમઘં પુંસો દહેદેધો યથાનલઃ ।।

(ભાગ. ૬–૨–૧૪/૧૮)

પુત્ર વિગેરેના નામથી, હાંસીથી, ઉપેક્ષાથી પણ ભગવાનનું નામ લેવાથી સમસ્ત પાપ નષ્ટ થઈ જાય છે. અજ્ઞાન અથવા જ્ઞાનપૂર્વક લીધેલ પુણ્યશ્લોક (પવિત્ર) ભગવાનનું નામ મનુષ્યના પાપને એવી રીતે બાળી દે છે, જેમ અગ્નિમાં ગમે તે રીતે નાંખેલ ઈંધણ ભસ્મ થઈ જાય છે.

બધા સદ્‌ગ્રંથો અને સંતોની વાણીમાં ભગવન્નામનો મહિમા ગાવામાં આવ્યો છે. શ્રીમદ્ ભાગવતના નીચે લખેલ શ્લોક મનન કરવા યોગ્ય છે. દેવી દેવહૂતિજી ભગવાન કપિલદેવને કહે છે–

અહો બત શ્વપચયોતો ગરીયાન્, યજ્જિહ્વાગ્રે વર્તતે નામ તુભ્યમ્ ।
તેપુસ્તપસ્તે જુહુવુઃ સસ્નુરાર્યા, બ્રહ્માનૂચુર્નામ ગૃણન્તિ યે તે ।।

(ભાગ. ૩/૩૩/૭)

અરે, જેની જીભ પર તમારું પવિત્ર નામ રહે છે તે ચાંડાલ પણ શ્રેષ્ઠ છે, કારણ કે જે તમારા નામનું કીર્તન કરે છે તે શ્રેષ્ઠ પુરૂષોને તપ, યજ્ઞ, તીર્થસ્નાન, વેદાધ્યયન બધું કરી લીધું.

–ક્રમશઃ

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.
○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
પ.ભ.જમનાદાસ હરિદાસ, હ: શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.

○ શ્રીવલ્લભસુધાના પ્રતિનિધિ ○

રાજકોટ : શ્રીપ્રવિણચંદ્ર હરિદાસ ઠકરાર, શ્રીકૃષ્ણાશ્રય હવેલી સામે, રોયલ પાર્ક, રાજકોટ. સમય સાંજે ૫ થી ૭
ડૉંબીવલી (મુંબઈ) : શ્રી વી. એસ. લાખાણી, ૭–નિસર્ગ બિલ્ડીંગ, ગૌતમલાભ સામે, (રોયલ કોલેજ) શીવાજી પથ, ડૉંબીવલી (ઈસ્ટ) મુંબઈ–૪૨૧૨૦૧

વચનામૃત મોતી ઝલકે, મન મારું મલકે

પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા.

દાદાજી, આપણે ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ જ્યારે વાંચીએ–સાંભળીએ છીએ ત્યારે એક વાત આગળ તરી આવતી જોઈએ છીએ.

કઈ વાત, વત્સલ ? દાદાજીએ પૂછ્યું.

વત્સલ કહે : 'દાદાજી, દરેક વૈષ્ણવ પોતાના ગુરૂ પાસે બ્રહ્મસંબંધ લીધા પછી પોતાના હવે પછીના કર્તવ્ય વિશે અચૂક પ્રશ્ન પૂછે છે. કર્તવ્યનિષ્ઠાનો એમનો એ ભાવ કેટલો ઉંડો છે તેના એમાં દર્શન થાય છે.

તું સાચું કહે છે, વત્સલ ! અને તેથી તો એ પરમ ભગવદીય વૈષ્ણવો કર્તવ્યનિષ્ઠ રહી પ્રભુસેવાને પરમ ધર્મ તરીકે ગણી પ્રભુસેવાનિષ્ઠ રહ્યા છે. ગુરૂના વચનામૃત ઝીલી તેઓ અમર બની ગયા છે. વચનામૃતના રસથી એમનું જીવન અલૌકિક રસથી રસમય બની જાય છે.

આજે એવા ભગવદીય ભક્તો કેમ નહીં જોવા મળતા હોય દાદાજી ? વત્સલે પૂછ્યું.

'વત્સલ, આજના આ ખલધર્મી કલિયુગમાં મોટા ભાગના પ.ભ.–પરમ ભગવદીય કહેવાતા વૈષ્ણવો વાત્સવમાં 'પરસાદીયા ભક્તો'થી વિશેષ કાંઈ જ નથી, પરંતુ આજે પણ એવા પ્રભુપ્રેમી પરમ ભગવદીય ભક્તો આપણા પુષ્ટિમાર્ગમાં છે જેમના થકી આપણો માર્ગ ઉજમાળો છે.' દાદાજીએ કહ્યું.

વત્સલ કહે : 'દાદાજી, એ કારણે જ આપણું મન વારંવાર ૮૪–૨૫૨ જેવા પરમ ભગવદીય વૈષ્ણવોની વાર્તાઓ, તેમના જીવનના લાક્ષણિક પ્રસંગો જાણવા હંમેશા ખેંચાયા કે છે. આજે ૮૪ વૈષ્ણવોમાંના કોઈ ભગવદીય વૈષ્ણવના જીવનમાં બનેલો પ્રસંગ આપની પાસેથી સાંભળવાની ઈચ્છા થાય છે.'

'વત્સલ', દાદાજીએ કહ્યું, 'આજે હું તને આપણા અષ્ટસખા કવિઓમાંના એક શ્રીકુંભનદાસજીના જીવનનો એક નાનકડો પ્રસંગ કહી બતાવું છું તે આપણા જેવા વૈષ્ણવોને દર્શાવે છે કે જે સાચા ભગવદીય વૈષ્ણવો છે, એમને પોતાના મહાનુભાવી ગુરૂના વચનામૃતોમાં કેટલી અટલ શ્રદ્ધા છે અને તેવા અલૌકિક વચનામૃત રસનું પાન કરવાને લીધે ભગવદ્‌લીલાનો ભાવ અને ભગવદ્‌રસ સ્થાયી અને દઢત્વ બની કેટલાં વધતાં રહે છે.'

વત્સલ કહે : 'દાદાજી, એ પ્રસંગ સાંભળવા હું ઉત્સુક છું.'

એ શુભ પ્રસંગ આ પ્રમાણે છે, સાંભળ.

એક વખત કુંભનદાસજીએ અતિ દીન ભાવથી અને વિનમ્રભાવથી શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીને કહ્યું : 'જે રાજ, મને આપણા પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંત આપશ્રીના શ્રીમુખથી સાંભળવાની ઈચ્છા છે. આપશ્રી કૃપા કરી મને એ કહેશો ?

શ્રીઆચાર્યચરણે કહ્યું : 'કુંભનદાસ, હું તમારા પ્રશ્નથી પ્રસન્ન થયો છું.

પછી આપશ્રીએ વૈષ્ણવ ભક્તજનના ચોરાશી અપરાધ કહ્યા, રાજસી, તામસી અને સાત્વિક ભક્તજનના લક્ષણ કયા અને પ્રાતઃકાલથી માંડી સેન પર્યંત સેવાના પ્રકાર કયા કયા તે કુંભનદાસને કહી બતાવ્યા.

બાળલીલા અને કિશોરલીલાના ભાવ કહી બતાવ્યા.

શ્રીમહાપ્રભુજીના આવા વચનામૃતરસનું પાન કરી કુંભનદાસ ધન્ય બની ગયા. એમના ચહેરા પર આનંદની ઝલક વિસરી રહી.

શ્રીમહાપ્રભુજીએ પોતાની વાણીનું અનુસંધાન કરતાં કહ્યું : 'કુંભનદાસ, જે પુષ્ટિભક્તો પર શ્રીગોવર્ધનનાથજીની કૃપા રહેશે તેજ વૈષ્ણવો આ કલિકાલમાં પુષ્ટિના સિદ્ધાંતો જાણવા–સમજવા પ્રશ્નો પૂછશે અને તે સિદ્ધાંતો પ્રમાણે પોતાનું જીવન નિર્ગમન કરશે. તમારા જેવા ભગવદીય ભક્તો ભાવ અને શ્રદ્ધા ધરીને પૂછશે અને એ પ્રમાણે આ પુષ્ટિપથ પર પ્રીતિપૂર્વક આગળ ચાલશે પરંતુ ......'

પરંતુ શું જે રાજ ? કુંભનદાસે સદૈન્ય પ્રશ્ન કર્યો.

પરંતુ હું રાહ જોઈ રહ્યો છું, કુંભન કે આજનો આ કલિકાલ પોતાની વક્ર ગતિથી અને કુટિલ નીતિથી એવા પ્રકારની આગેકૂચ કરી રહ્યો છે કે આવનાર કાલ મહાકઠિન બની જશે અને ત્યારે તે ન કોઈ પ્રશ્ન કરશે અને ન કોઈ પ્રત્યુત્તરમાં કાંઈ કહેશે.'

આવું બોલતાં બોલતાં દાદાજીની આંખો ભીની બની. વત્સલે કહ્યું : 'દાદાજી, આપની આંખોમાં આંસુ શાને ?'

'બેટા, વત્સલ, આપણા મહાપ્રભુજીના શબ્દો અક્ષરશઃ આજે આ વાતનો પડઘો પાડે છે. હું એમ નથી કહેતો કે આજે આપણા પુષ્ટિમાર્ગમાં આવા તાદશી વૈષ્ણવો નથી, અને શ્રીઠાકોરજી તેમની સાથે વાર્તા કરતા નથી, પરંતુ આવા તાદશી વૈષ્ણવો આજે અત્યંત દુર્લભ બની ગયા છે. માત્ર કોઈ કોઈ ભાગ્યશાળી વીરલા વૈષ્ણવોને જ શ્રીવલ્લભની કૃપાથી તેમના દર્શન થતા હશે.'

વત્સલ કહે : 'પણ દાદાજી, આવું બનવા પાછળ શું કારણ હોઈ શકે ?

'વત્સલ, દુનિયા આજે માનવોથી ઉભરાય છે પરંતુ માનવતાના દર્શન દુર્લભ બનતા જાય છે. તેવી રીતે આપણા માર્ગમાં અસંખ્ય વૈષ્ણવો હોવા છતાં કલિના દુષ્પ્રભાવને કારણે અન્યાશ્રય, અસમર્પિત ખાનપાન, દુ:સંગ અને અસદાલાપ એટલા તો વધતા જાય છે કે આજે સાચી વૈષ્ણવતાના દર્શન અત્યંત દુર્લભ બની ગયા છે. આમ છતાં પ્રભુકૃપાથી અને શ્રીવલ્લભના અનુગ્રહથી જ્યાં જ્યાં જ્યારે જ્યારે સાચી ભગવદીયતા–વૈષ્ણવતાના દર્શન થાય છે ત્યારે આપણા આનંદનો પાર રહેતો નથી કારણ કે પરમાનંદ સ્વરૂપ પ્રભુના આનંદનો અંશ એવા ભગવદીયોમાં વિલસી રહેલો હોય છે' દાદાજીએ કહ્યું.

'દાદાજી, સાચી વૈષ્ણવતાની લાક્ષણિકતા શી હોઈ શકે ?'

દાદાજી કહે : 'વલ્લભ, શ્રીમહાપ્રભુજીએ કુંભનદાસ પર કૃપા કરી જે વચનામૃત કર્યાં તેમાં જે ભાવ રહેલો છે તેના પર શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ પ્રકાશ પાડેલો છે. આપશ્રી જણાવે છે કે જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્ર વિના બીજાં કોઈ પાત્રમાં ટકી શકે નહીં, તે રીતે જ ભગવદ્લીલાનો ભાવ, ભગવદ્રસ અને ભગવદ્ધર્મ તાદશી ભગવદીય વિના બીજા કોઈથી જીરવાય નહીં, અન્ય કોઈના હૃદયમાં ટકી શકે નહીં, સ્થિર થઈ શકે નહીં.'

વત્સલ કહે : 'દાદાજી, આવા તાદશી ભગવદીય બનવાની, આવા ભગવદીયના દર્શન કરવાની ઝંખના આપણા હૃદયમાં હંમેશા રહ્યા કરશે.'

દાદાજી કહે : 'વત્સલ, જે વૈષ્ણવ પર પ્રભુકૃપા થાય, જેના પર શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીનો અનુગ્રહ ઉતરે તેના માટે દુર્લભ વસ્તુ પણ સુલભ બની જાય છે.'

પરમ વૈષ્ણવ શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી

પ્રેશક : જયંતભાઈ દેસાઈ, દાહોદ.

પરમ વંદનીય શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી શ્રેષ્ઠ કથાકાર હોવા ઉપરાંત લોકકલ્યાણ માટેજ જીવી જાણનાર પરમ વૈષ્ણવ પણ ખરાજ. નિ.લી.શ્રીવ્રજરાયજી (શ્રીનટવરગોપાલજી) અમદાવાદ દ્વારા તેઓશ્રીને બ્રહ્મસંબંધ. તેથી તો શ્રીનટવરગોપાલજી શ્રીભાગવત વિદ્યાપીઠના ચાન્સેલર પદે બિરાજતા અને વિદ્યાપીઠના પદવીદાન સમારંભ પ્રસંગે છાત્રોને પદવી એનાયત કરવા આપશ્રી અવશ્ય ત્યાં પધારતા. શ્રીશાસ્ત્રીજી તાજેતરમાં દેહવિલય થયો હોઈ આપ પરમ વૈષ્ણવનો એક પુષ્ટિ પ્રસંગ આપણે યાદ કરી આપણે ભાવના કરીએ કે પ્રભુ નિત્યલીલામાં તેમની સેવા સદૈવ અંગીકાર કરે.

બન્યું એવું કે વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ પૂર્ણ થતાં વિદ્યાપીઠના શ્રીમદ્ ભાગવત મંદિરના ગર્ભગૃહમાં બિરાજતા શ્રીબાલકૃષ્ણપ્રભુનો રાજભોગ દર્શનનો સમય થયો. શ્રીશાસ્ત્રીજીએ પૂ.પાદશ્રીને આરતી કરવા માટે વિનંતી કરી એટલે આપશ્રી ગર્ભમંદીરમાં પધાર્યા. આપશ્રી છડી (લાકડી) હંમેશા સાથે રાખતા તેથી છડી મંદિરમાં ખૂણામાં મૂકી પ્રભુની આરતી કરી વિજય થવા પોતાની ગાડી સુધી પહોંચ્યા ત્યાં તો છડી યાદ આવી. તે મંદિરના ખૂણામાં મુકાઈ હતી અને પ્રભુને અનોસર થતાં મંદિર તાળામંગળ થઈ ગયું હતું. છડી લાવવા માટે મુખીયાજીને આજ્ઞા કરી તો તાળામંગળ થયા હોઈ છડી લાવવી અશક્ય હોવાની વિનંતી કરી. બિચારા મુખીયાજીને ઠાકોરજી અને શ્રીવલ્લભ વચ્ચેના સંબંધનો શું ખ્યાલ ?

શ્રીશાસ્ત્રીજીને વાતની ખબર પડતાં આપ વયોવૃદ્ધ હોવા છતાં નાનું બાળક દોડે તેમ દોડતા મંદિરે પહોંચ્યા અને પળ બે પળના વિલંબ વગર તાળું ખોલી આપશ્રીને છડી આણી આપી. પ્રભુ તરફ લેશમાત્ર પણ દ્રષ્ટિ ન કરી. પ્રસંગ એ વાતની યાદ કરાવતો રહ્યો કે, પ્રભુ આરોગતા હતા ત્યારે શ્રીવલ્લભે એક વૈષ્ણવને પંખો કરવા આજ્ઞા કરી. પંખાની સેવાથી ખુશ થઈ પ્રભુએ તે વૈષ્ણવને આંખો ખોલી દર્શન કરી લેવા આજ્ઞા કરી પણ વૈષ્ણવે ન તો આંખો ખોલી, ન દર્શન કર્યા. દર્શન કરવામાં પોતાને સુખ હતું પ્રભુને નહીં. વળી ગુરૂની આજ્ઞા પંખો કરવાની હતી દર્શન કરવાની નહીં. વૈષ્ણવે પ્રભુનું સુખ અને ગુરૂ આજ્ઞાનું ઉત્કૃષ્ટ પાલન કર્યું અને તેથી ઉચ્ચ કોટિમાં તેઓ સ્થાન પામ્યા.

શ્રીશાસ્ત્રીજી પણ ગુરૂ આજ્ઞા અને પ્રભુ સુખનો વિચાર અનુસરી આપે મંદિરને તત્કાળ તાળામંગળ કર્યા હોઈ પરમ વૈષ્ણવપદ પામ્યા છે. આવા શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી કે જે ભાગવત વિદ્યાપીઠનું નિર્માણ કરી સનાતન હિંદુ ધર્મનું શિક્ષણ, સંવર્ધન માટે આજીવન કાર્યરત રહ્યા છે અને પરમ વૈષ્ણવ સ્વરૂપે જીવ્યા છે તેમના પુણ્યાત્માને આપણા કોટિ કોટિ વંદન પહોંચે..

શ્રીયમુનાજીના પદ (પદ-૧૦૦)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક— 'માધુરી' રાજકોટ

વેદહૂ સુનિ આશ્ચર્ય કરૈં,
બિના જ્ઞાન વિગ્યાન જીવ જડ યમુને બલ સાયુજ્ય ચરૈં. ૧
જે જન રસિક કહોં કહાતિનિકી ગિરિધર ચરન ઉપાસી;
તે તટસ્થ રાસાદિ પુષ્ટિમેં હોત નિરંતર વાસી. ૨
જિનિકે ઉર કલ્યાન સબનિકૌ કરુણા અમિત હિયેં;
દૈવી જન ઉદ્ધાર ભક્તિ પ્રદ યહ શિર તિલક દિયે. ૩
પદ્માવતી પ્રાણપતિ જિનકી શરણ સદા હી યાંચેં;
'વલ્લભદાસ' શ્યામ સુન્દર ઘન હંસ સુતા રંગ રાંચે. ૪

ભાવાર્થ : એક અદ્દ્ભુત આશ્ચર્ય આપનું છે તે જાણીને વેદ પણ વિચારમાં પડી જાય છે કે જેને જ્ઞાન, વિજ્ઞાનનું ભાનં નથી તેવા જડ બુદ્ધિવાન જીવો પણ યમુનાજીનાં કૃપા બળથી સાયુજ્ય મુક્તિને પ્રાપ્ત થયા છે. તો પછી જે કોઈ રસિક રસને જાણવાવાળા ભજનાનંદનો આનંદ લેવાવાળા લીલા સહિત ગુણગાન કરવાવાળા, લીલા ચિંતન કરવાવાળા માનસી સુધી પહોંચેલા તેઓનાં ભાગ્યની શી વડાઈ કરવી. તેવા જીવો તો સદા નિત્યલીલામાં પ્રવેશ કરીને યમુના તટ પર થતી રાસાદી લીલાનાં દર્શનનાં ભોગી બને તેમાં આશ્ચર્ય શું ?

જેના હૃદયમાં સહુનું કલ્યાણ કરવાની ઈચ્છા માને છે, જેના હૈયામાં સદા કરુણારૂપી અમૃત બિરાજે છે. આવા અલૌકિક ગુણોને આધારે જ કપાળમાં ભક્તિ રૂપી તિલક ધારણ કરેલ છે એવા શ્રીયમુને મહારાણીની સ્તુતિ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)એ સદાય શરણની યાચના કરી છે.

કવિ વલ્લભદાસ કહે છે કે હંસ (સૂર્ય) સુતા=પુત્રી એવાં સૂર્યપુત્રી આપના સંગે શ્યામસુંદર સદા બિરાજમાન રહે છે અને ભક્તો સહિત અનેક ક્રીડા—લીલા કરે છે. શ્રીપ્રભુને પણ આપની પાસે રહેલ ઐશ્વર્ય જેમકે કોમળ વાલુકા, લતાપતા, વૃક્ષાવલી વિગેરે લીલાઉપયોગી સર્વ સાધન, કુંજો—નિકુંજો આપની સમાન બીજું કોઈ પ્રભુને રુચતું નથી તેથી સદા યમુના તટ પર વિહાર કરે છે. ૧૦૦

કાવ્ય–કુંજ

વિયોગને કારણે

યાદ આવો છો નાથ, વિયોગને કારણે. (ધ્રુવ પદ). ૧
ગોકુળ હતા ત્યારે દર્શન થાય રે;
નંદ મંદિર આવીએને દર્શન કરશું;
હવે દર્શન ક્યાંથી થાય,
વિયોગને કારણે. યાદ...૨
ચિટ્ઠી લખું છું નાથ, તારા સરનામે,
પહોંચી ના પહોંચી ના સમજાય રે,
ઉત્તરની આશામાં દિન ગુજારૂ,
અતિ દુઃખી છું નાથ,
વિયોગને કારણે . યાદ...૩
જમુનાને ઘાટ બેસુ, દર્શનની આશમાં;
સમદુઃખી સખીઓ આવેને જાય રે. યાદ...૪
પીડાને કારણ તન શિથિલ થાય,
ખોઈ ખોઈ રહું છું નાથ,
વિયોગને કારણે. યાદ...૫
ગોકુળની ગલીઓ સુની સુની લાગે;
વ્રજલીલાની સઘળે વાતો સંભળાય રે.
શ્રવણ કરતાં તો ભાન ભુલાય;
ઔષધ લાવજો નાથ,
વિયોગને કારણે. યાદ...૬
'શ્રીજીઅનુરાગી' પ્રભુ નંદનો છૈયો;
ભક્તની પીડા એને સદા સમજાય રે;
દોષ છતાં એણે ઝાલ્યો મારો હાથ,
સદા તડપતી રહું છું નાથ,
વિયોગને કારણે. યાદ...૭

– રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર) 'શ્રીજીઅનુરાગી' અમદાવાદ.

પુસ્તક પરિચય

☐ **૪૧ આપણા માટે :** સંકલન, પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : શ્રીદેવેન્દ્ર શાહ (કડીવાળા), ૫૦૧–આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ–૩૯૨૦૦૧. ફોન. ૪૯૭૨૩ / ૨૯૦૪૮.

આઠ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૪૫, પ્લાસ્ટીક કવર સાથે પાકું બાઈન્ડીંગ, પ્રકાશન સહાય રૂ.૨૦/– વીસ.

શિક્ષાસાગર શ્રીહરિરાયજી મહાપ્રભુ પ્રગટિત આંતર ઉદ્ગાર સમા શિક્ષાપત્રોનું વિવિધ પ્રકારે વિભાગીકરણ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં શિક્ષાપત્રોમાં રજુ કરેલા વિવિધ સંદર્ભ છે. જેવા કે શ્રીમદ્ ભાગવત ગીતા, ૮૪–૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ, સ્મૃતિ, વેદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, વલ્લભાષ્ટક, વલ્લભાખ્યાન, સપ્તશ્લોકી વિગેરે. બીજા વિભાગમાં શિક્ષાપત્રોમાં સમાવાયેલ ૧૯ વિષયોને નિંબધરૂપે સમજાવવા પ્રયાસ કરેલ છે. ત્રીજા વિભાગમાં દરેક શિક્ષાપત્રમાં ચર્ચિત વિષયને અનુરૂપ મથાળુ આપી સરળ રીતે નિરૂપણ કરેલ છે. પુષ્ટિ સૃષ્ટિ માટે ૪૧ શિક્ષાપત્રો પુષ્ટિ સાહિત્યમા અનેરૂ સ્થાન ધરાવે છે. સરળ, લોકભોગ્ય શૈલીમાં ભગવદ્ મંડલી, પુસ્તકાલય વિગેરેમાં વસાવવા યોગ્ય પુસ્તક.

''શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય'' ગ્રંથ વિતરણ કરવામાં સહયોગ આપવા વ્હાલા શ્રીવલ્લભ વૈષ્ણવજનો જોગ નમ્ર નિવેદન

સાદર ભગવત્સ્મરણ સાથ જયશ્રીકૃષ્ણ. આપ સૌના સાથ સહકારથી 'શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય' સને ૧૯૯૭ માં આપણે તુલસીકૃત રામાયણની માફક ગુજરાતી લિપિમાં પ્રકાશિત કર્યું જે 'શ્રીવલ્લભદર્શન શાસ્ત્ર' તરીકે સંપ્રદાયમાં એક પ્રમાણરૂપ ગ્રંથ બન્યો. હવે તેનું ગુજરાતીમાં રૂપાંતર કરી પ્રકાશીત કરવાની માંગ આવી છે. જે અંગે શ્રીવલ્લભપ્રભુની કૃપાથી આપણા પ્રયત્નો ચાલુ છે. પરંતુ આ પ્રકાશન કરતાં પહેલા હાલ આપણી પાસે જે ગ્રંથ છે તેનું વિતરણ કરવું આવશ્યક છે.

આ ગ્રંથની પડતર કિંમત રૂા.૨૦૦/– બસો છે. પણ આપણને પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગના હિસાબે રૂા.૧૨૫/–એકસો પચીસમાં પડેલા ગ્રંથ વિતરણ થઈ જાય તો તે રકમ નવા પ્રકાશનમાં અવશ્ય કામ લાગે અને આપણું કાર્ય સરળ બને. તો આ નિવેદન અન્વયે આપના પ્રયત્નોથી જેટલા ગ્રંથ વિતરણ કરી શકો તેટલા કરી સહયોગ આપશો એ જ અપેક્ષા.

રૂા.૧૨૫/–એકસો પચીસ ટપાલ ખર્ચ સાથે. રૂા.૧૦૦/–એકસો રૂબરૂ લઈ જનારને.

પુસ્તક મેળવવાના સ્થળ : (૧) શ્રીજયંતિભાઈ પડીયા C/O. પોપટલાલ હીરાચંદની કું. માંડવી ચોક, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન (દુકાન–૨૨૫૧૪૭. ઘર–૪૫૭૨૨૩). (૨) શ્રીહસમુખભાઈ ખખ્ખર C/O. સંજય ગેસ સર્વિસ, રજની બિલ્ડીંગ શેરી, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન (ઓ)૨૨૭૭૪૯ (ઘ)૩૮૮૮૫૬. (૩) રવજી પ. પટેલ C/O. સ્પેશ વિઝન, 'તોરલ' શાસ્ત્રીમેદાન સામે, જવાહર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧. (૪) આં.રા.પુ.વૈ.પરિષદ , 'અમૃત' જલારામ પ્લોટ–૧, માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૭. ફોન–૫૭૩૨૦૫.

☐ **સુબોધિનીજી ભાગ–૧૧ :** સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ સેવા, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂ), મુંબઈ–૪૦૦૧૦૧.

ન્યોછાવર રૂા.૫૦/– ભારતમાં રવાનગી ખર્ચ રૂા.૨૦/– સાદુ બુકપોસ્ટ. વિદેશમાં રવાનગી ખર્ચ રૂા.૧૨૫/– રજી. એરમેઈલ. પૃષ્ઠ ૨૫૩ +૧૦ સેકસન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, બહુરંગી ટાઈટલ ઉપર

શ્રીમહાપ્રભુજી. બેક ટાઈટલ શ્રીશુકદેવજી પરિક્ષીતજી સભાનું ચિત્રજી.

શ્રીપુ.વૈ.સેવા સમાજ દ્વારા શ્રીસુબોધિનીજીના ગુજરાતી ભાષાંતર પ્રકાશન માળાનો આ અગીયારમો મણકો છે. જેમાં રાજસ–સાધન પ્રકરણના અધ્યાય ૬ અને ૭ તથા રાજસ ફલપ્રકરણના અધ્યાય ૧ થી ૪ કુલ ૬ અધ્યાય છે. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના અધ્યાય ૫૫ થી ૬૦ પરના શ્રીમહાપ્રભુજી વિરચિત કારીકાજી અર્થ સહિત તથા ગદ્ય સુબોધિનીજી ગુજરાતી ભાષાંતર આપેલ છે. અત્યંત સરળ રીતે ભાષાંતરિત શ્રીસુબોધિનીજીના પ્રકાશનની આ માહિતી સેવા કરનાર શ્રીરમેશભાઈ ના. શાહ ને ખૂબજ ધન્યવાદ છે. આ નામ સેવા દ્વારા સર્વે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીની વચનસુધાનું પાન કરી કૃતાર્થ થશે.

સમાચાર

☐☐ **અમદાવાદ :** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની સાંપ્રદાયિક, વ્યાવહારિક અને વ્યક્તિગત સમસ્યાઓને સુલજાવવા માટેનો એક વિશિષ્ઠ કાર્યક્રમ અમદાવાદમાં આચાર્ય શ્રીવલ્લભલાલજી દ્વારા ઘણા સમયથી ચાલી રહ્યો છે. જેનું નામ છે 'મને માર્ગ બતાવો' જેમાં આચાર્યશ્રી અઠવાડિયામાં ૩ દિવસ, સ્થાનિક વૈષ્ણવોને પોતાની દુવિધા વ્યક્ત કરવા માટે ૧૨૦ મિનિટનો પૂરતો સમય આપે છે. તે ઉપરાંત આચાર્યશ્રી રૂબરૂ આવનારની મનસ્થિતિ જાણી અને પત્ર લખનારના હસ્તાક્ષર નિરીક્ષણ દ્વારા માનસશાસ્ત્રની પદ્ધતિથી, મનને મુંઝવણનો અનુભવ કરાવતી ગ્રંથિઓથી મુક્ત કરી દે છે. તેથી અમદાવાદની સાથે સાથે દેશના અન્ય પ્રાંતના અને વિદેશમાં વસતા અનેક વૈષ્ણવો રૂબરૂ, પત્ર અને ફોન દ્વારા પોતાની મનસ્થિતિને સ્વસ્થ કરી પ્રભુની પ્રસન્નતા અનુભવી રહ્યાં છે.

આપશ્રીનો સંપર્ક : પ્રમેય કુંજ, ૨–કનિષ્કા એપાર્ટમેન્ટ, ૩૮–ચૈતન્યનગર, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ–૧૪. સંપર્ક નંબર : (૦૭૯) ૬૪૬૦૭૫૦

☐☐ **પંચમ પીઠાધિશ્વર શ્રીગોપાલલાલ મહારાજશ્રીની વેબસાઈટ : www.jaigopal.com :** ધારીના કંસારા વૈષ્ણવ ગૌરાંગ મહેન્દ્રભાઈ ગોરડીયા (હાલ મુંબઈ) દ્વારા www.jaigopal.com નામની વેબસાઈટ ગયા વર્ષે ચાલુ થઈ છે. પુષ્ટિમાર્ગ અને પંચમ પીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રીગોપાલલાલ મહારાજશ્રી સંપ્રદાય વિશે, શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોપેન્દ્રલાલજી, શ્રીયમુના મહારાણીજી તેમજ કીર્તન–સંગીત અને તિલક વિશેનું સર્વદર્શી જ્ઞાન દેશ–વિદેશ વસતાં વૈષ્ણવજનો પ્રાપ્ત કરી શકે તે હેતુથી શરૂ થયેલી આ વેબસાઈટમાં પુષ્ટિમાર્ગના તત્ત્વજ્ઞાનની સૈદ્ધાંતિક સમજ, મુંઝવતા પ્રશ્નોના જવાબો, પુષ્ટિમાર્ગીય માહિતીનો સંપૂર્ણ કોશ વગેરે છે. દરેક વૈષ્ણવો આ વેબસાઈટની વિવિધ લીંક્સનો લાભ લે તેવી આશા છે.

વિશેષ માહિતી માટે સંપર્ક :

www.jaigopal, e-mail : gaurang @ jaigopal.com

☐☐ **પુષ્ટિમાર્ગીય પુસ્તકોની ગુજરાતી વેબસાઈટ www.pustimarg.com :** પ્લસ કોર્પોરેશન દ્વારા પ્રકાશીત પુષ્ટિમાર્ગીય પુસ્તકોની ગુજરાતી વેબસાઈટ www.pustimarg.com નું લોન્ચીંગ પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી વલ્લભલાલજી મહોદયશ્રી (શ્રીમદ્ગોકુલ–રાજકોટ–ગોંડલ)ના વરદ હસ્તે વિશાળ વૈષ્ણવ સમુદાયની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. તા. ૨૩–૫–૦૨ રાજકોટ સ્થિત પ્લસ કોર્પોરેશન દ્વારા પ્રકાશીત વિવિધ પુષ્ટિમાર્ગીય પુસ્તકોની વેબસાઈટ લોંચ કરવામાં આવી હતી. આ વેબસાઈટમાં ૨૩ પ્રકાશનોની

માહિતી આપવામાં આવેલ છે. દરેક પુસ્તકનું મુખપૃષ્ઠ તેમજ તેમાં સંકલીત કરવામાં આવેલ માહિતી આપવામાં આવેલ છે. વૈષ્ણવો આ વેબસાઈટ ઉપરથી પુસ્તકોનું અવલોકન કરી અને જે પુસ્તક ખરીદવા હોય તેનો ઈ–મેઈલ આ સાઈટ ઉપરથી જ કરી શકે છે અને પુસ્તકો મંગાવી શકે છે.

☐☐ **વેબસાઈટ પરિચય www.pushtikul.com :** આપને જણાવતા આનંદ થાય છે કે મેં પુષ્ટિમાર્ગ તથા વૈષ્ણવો માટે ઉપયોગી થાય તેવી એક વેબસાઈટ તૈયાર કરી છે. આ વેબસાઈટની રજુઆત ૧ મે ૨૦૦૧ ના સવારે દા.દા. પ.ભ. શ્રીહરિદાસ વસનજી મજીઠીયા દ્વારા થઈ હતી. માત્ર ૧ વર્ષમાંજ ૨૫૦૦ થી અધિક વૈષ્ણવોએ તેનો લાભ લીધો. તથા ૯૦૦૦ થી અધિક પાના, વૈષ્ણવોએ જોયા.

હવે આજ વેબસાઈટને નવા સ્વરૂપમાં રજુ કરવામાં આવી છે. www.pushtikul.com એ હવે વૈષ્ણવોને ફ્રી મેમ્બરશીપ આપવાનું શરૂ કર્યું છે. જે વૈષ્ણવોની ઈન્ટરનેટ ઉપર અલગ ઓળખ બનાવશે તથા દૂર વસતા વૈષ્ણવોને પણ સંગઠીત કરશે.

આ વેબસાઈટ દ્વારા વૈષ્ણવો પુષ્ટિમાર્ગ તથા અન્ય સેવા વિષયક બાબત ઉપર લેખ લખી શકશે. ઈન્ટરનેટ ઉપર વલ્લભકુળના બાળકોના વચનામૃતો, ધોળ તથા કીર્તન આદિનો અમૂલ્ય લાભ લઈ શકશે. વૈષ્ણવોમાં આપસમાં સત્સંગ થાય તેવી સગવડ પણ કરવામાં આવી છે. ૮૪ બેઠકોની ટૂંકમાં સરનામા સહિત માહિતી આપવામાં આવી છે. શ્રીઠાકોરજી, શ્રીલાલન, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીઅષ્ટસખા આદિના ચિત્રજીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

વિવિધ પ્રકારના પુષ્ટિમાર્ગીય સ્ક્રીન સેવર પણ તૈયાર કરવામાં આવ્યા છે. નિત્ય નવા ઉત્સવોની માહિતી તથા અનેક જાતના ઉપયોગી થાય તેવા ડાઉનલોડસ નો સમાવેશ કરવામાં આવ્યો છે. અને સાથે–સાથે વૈષ્ણવો www.pushtikul.com ની ઈ–કાર્ડસ સેવા દ્વારા વિવિધ પ્રસંગો તથા ઉત્સવોના શુભેચ્છા પત્ર (ગ્રીટીંગ્સ કાર્ડસ) ઉપરોક્ત બધી સેવાઓ વૈષ્ણવોને વિનામૂલ્યે આપવામાં આવશે. www.pushtikul.com જેવા અનેક પુષ્ટિમાર્ગીય વેબ પોર્ટલનો લાભ વૈષ્ણવોએ અવશ્ય લેવો જોઈએ.

આ વેબસાઈટ મેં જાતે તૈયાર કરી છે તથા હું ૧૮ વર્ષનો વૈષ્ણવ વિદ્યાર્થી છું અને મેં ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ પણ કર્યો છે.

☐☐ **મદ્રાસ–ચેન્નાઈ :** શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૫ મો પ્રાદુર્ભાવ મહોત્સવ : પૂ.પા.ગો.શ્રીવિશાલબાવાશ્રીની અધ્યક્ષતામાં શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા અને વૈષ્ણવ સમાજની અન્ય સંસ્થાઓ દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૫ મો પ્રાદુર્ભાવ મહોત્સવ તા.૮–૫–૦૨ ના રોજ ઉજવવામાં આવેલ. આ મહોત્સવ નિમિત્તે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પાઠની સ્પર્ધા શુદ્ધ ઉચ્ચારણની રાખેલ. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચિત્રજી ફૂલથી શણગારેલ સુખપાલમાં પધરાવવામાં આવેલ અને શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર બેન્ડવાજા સહિત વૈષ્ણવોના સમૂહ સાથે કાઢવામાં આવેલ હતી અને ત્યારબાદ આશ્રયના પદ સાથે સભા પૂર્ણ થયેલ.

☐☐ **અમદાવાદ :** શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૫ મો પ્રાકટય મહોત્સવ : 'જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી એજ્યુકેશનલ એન્ડ મેડીકલ રીસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા આ પ્રાદુર્ભાવ મહોત્સવ વિશિષ્ઠ રીતે ઉજવવામાં આવેલ. તા.૬–૫–૦૨ થી તા.૯–૫–૦૨ સુધી વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. વળી, આ ટ્રસ્ટ દ્વારા સેવા અને જનકલ્યાણના આદર્શોને જીવંત રાખવા કોઈપણ જાતના ભેદભાવ વિના આ ચેરીટેબલ હોસ્પીટલ કાયમ માટે ચલાવાય છે. વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ : શ્રીગિરિકંદરા, વલ્લભાચાર્યજી ચોક, મણીનગર, અમદાવાદ–૮.

ભૂકંપ પુનઃવસન હેઠળ નવનિર્માણ થયેલું અમરાપર ગામ પુનઃ ધબકતું થયું—નવનિર્મિત થયેલા અમરાપર ગામને "વલ્લભાચાર્ય નગર" નામાભિધાનથી અલંકૃત કરાયુ—સમસ્ત ગામમાં શ્રીવલ્લભનો જયજયકાર.

વડોદરા શહેરના માંડવી સ્થિત શ્રીકલ્યાણરાયજી મંદિરના ગાદીપતિ પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની પ્રેરણા અને આજ્ઞા અનુસાર કાર્યરત શ્રીવલ્લભાચાર્ય કલ્યાણકૃપા ટ્રસ્ટ દ્વારા અન્ય વલ્લભકુલ આચાર્યચરણોના સેવા સહયોગથી ભૂકંપ પુનઃવસન હેઠળ નવનિર્મિત થયેલા અને 'શ્રીવલ્લભાચાર્ય નગર'ના નવા નામથી અલંકૃત કરાયેલા અમરાપર ગામનું વાસ્તુપૂજન તથા નામકરણ સમારોહ તા. ૨૩મી મે ના રોજ અંજારના અમરાપર ગામે ભાવ, શ્રદ્ધા અને ભક્તિના અનોખા માહોલમાં ભારે ઉમંગથી સંપન્ન થયો હતો.

સમસ્ત આયોજનના પ્રેરક પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીએ પ્રાસંગિક આશીર્વચન પ્રદાન કરતાં ભાવવાહી શૈલીમાં જણાવ્યું હતું કે ભૂકંપ પુનઃવસન યોજના હેઠળ અમરાપર ગામનું વલ્લભાચાર્ય નગરમાં પુનઃનિર્માણ થયેલ છે તેને હવે મંદિરમાં પરિવર્તિત કરવાનું છે. ભારતીય સંસ્કૃતિમાં આશિષ, ઔષધિએ નિઃશુલ્ક આપવામાં આવતા હતા. પણ આ આધ્યાત્મ જગતમાં જ્યારથી આ બંને તત્ત્વોનું મૂલ્યાંકન પ્રારંભ થયું છે. ત્યારથી જનમાનસની દશા અને દિશા બંને બદલાઈ ગઈ છે. અમરાપરનું નામ શ્રીવલ્લભાચાર્ય નગર રાખવામાં આવ્યું છે એનો મતલબ એ છે કે હવે ગ્રામજનો વ્યસનો છોડી, વિકારોને ભૂલી, વૈમનસ્યને તોડી પ્રભુ નામનું વ્યસન કરે. વિકૃતિને છોડી સંસ્કૃતિ તરફ આગેકૂચ કરે અને વૈમનસ્યને ભૂલી શ્રીપ્રભુ તથા મહાપ્રભુના સેવક તરીકેની વૈષ્ણવ તરીકેની પોતાના સ્વધર્મની ફરજ અદા કરે અને પુનર્વસનનું કાર્ય જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પાર પાડ્યું છે. હું સ્વયં તો નિમિત માત્ર છું. આ તબક્કે ગામના સરપંચ હિરાભાઈને તથા ઉપસ્થિત રાજનીતિક અધિકારીઓને, અમદાવાદ, વડોદરા, મુંબઈ અને પૂનાના વૈષ્ણવોને તેમજ અમરાપરના સમગ્ર ગ્રામજનોને અને તેમજ સવિશેષ ૧ વર્ષથી વધુ સમય, સ્વાસ્થ્ય કે સગવડની પરવા કર્યા વગર સ્વયંની સર્વ સેવાઓ પ્રદાન કરનારા શ્રીનવતીતભાઈ શેઠ તથા રતીભાઈ શાહને શત્—શત્ અભિનંદન અને શુભાષિશ પ્રદાન કર્યા હતા. ગ્રામજનોને સંદેશો આપતા આપશ્રીએ કહ્યું હતું કે પુનર્વસન એ જીવનની પુણ્યકારી વેગવંતી ગતિ પામવાનો એક અવસર છે. જેમાં બાહ્ય વિકાસ થઈ ચૂક્યો પણ આંતરિક વિકાસ થવાનો બાકી છે.

ચંપારણ્ય—અમરેલી પૂ.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વલ્લભાચાર્ય નગર એ માત્ર ઈંટો ને પત્થરોનું નગર ન બનતાં શ્રીવલ્લભાચાર્યજીની વિચારધારાનું મંદિર બને જેમાં પુરૂષાર્થની ઈંટ હોય, સ્નેહનો સિમેન્ટ હોય, પ્રભુનું પાણી હોય. વિશ્વાસની સીડી હોય, શ્રદ્ધાનો ઉમેરો હોય અને ભક્તિના દ્વાર હોય એવું સુંદર મંદિરના ભાવથી આપણ આ નવનિર્મિત ગામમાં રહેવાનું છે અને આધ્યાત્મમાં આગળ વધાવો સંકલ્પ કરી વિકાસ કરવાનો છે.

પૂનાના પૂ.ગો.શ્રીભરતકુમારજી મહોદયશ્રી તથા દુબઈના ટેકરીવાળા પૂ.સંતશ્રી રામેશ્વરાનંદ સરસ્વતીએ આ પ્રસંગે આશીર્વચન પ્રદાન કર્યા હતા. આ ઉપરાંત તાલુકા અધિકારી શ્રી સી. કે. પટેલ, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રીજીવાભાઈ શેઠ, તાલુકા પંચાયત સદસ્ય શ્રીત્રિકમભાઈ આહિરે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. અધ્યક્ષસ્થાનેથી રાજયના નાગરિક સંરક્ષણ મંત્રી શ્રીભુપેન્દ્રભાઈ લાખાવાલાએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

અંજાર વિસ્તારના ધારાસભ્ય શ્રીવાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે કચ્છમાં ભૂકંપ બાદ રાહત માટે અને ભૂકંપ પુનઃવસન હેઠળ અનેક સંસ્થાઓનો ખૂબ સુંદર સહયોગ સાંપડયો છે જેના ફળ સ્વરૂપ અનેક ધ્વસ્ત થયેલા ગામોનું પુનઃનિર્માણ થઈ રહ્યું છે. જેમાં શ્રીવલ્લભાચાર્ય કલ્યાણકૃપા ટ્રસ્ટનો સહયોગ સરાહનીય રહ્યો છે. તેઓશ્રીએ લોકોને તેમની માનસિકતા બદલવા અનુરોધ કર્યો હતો.

શાસ્ત્રોક્ત ઉચ્ચારણો વચ્ચે સંકલ્પવિધિ સંપન્ન કરી નવનિર્મિત શ્રીવલ્લભાચાર્ય નગરના લાભાર્થીઓને ઉપસ્થિત વલ્લભકુલ આચાર્યશ્રીઓ તથા મહાનુભાવોના પવિત્ર કરકમલો દ્વારા આવાસોની ચાવી સુપ્રત કરવામાં આવી હતી. આ પૂર્વે આજની શુભ પ્રભાતે ૭–૦૦ કલાકે વાસ્તુશાસ્ત્રના નિયમો મુજબ વૈદિક મંત્રોચ્ચાર સાથે વાસ્તુપૂજન વિધિનો પ્રારંભ થયો હતો. દરમિયાન આ અનેરા અવસરના ઉપક્રમે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન ઉપસ્થિત સર્વે વલ્લભકુલના આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું જે સવારે ૧૦–૦૦ કલાકે ગામના નવા તૈયાર થયેલા પ્રવેશદ્વારેથી શ્રીવલ્લભના જયઘોષ સાથે નીકળી સમગ્ર ગામમાં ફરી હતી અને શ્રીફળ હોમવાના સમયે વાસ્તુપૂજન સ્થળે પહોંચી હતી અને ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી.

☐☐શ્રીકલ્યાણરાય સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા “કલ્યાણપ્રાસાદ” ભવનના નિર્માણનો ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં શુભારંભ અને નિર્માણ કાર્ય પુરજોશ ગતિએ ચાલી રહ્યું છે :
સંસ્કારી નગરી વડોદરાના આંગણે શ્રીકલ્યાણરાયજી મંદિર, બાજવાડાના પટાંગણમાં ષષ્ટપીઠાધીશ પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના સર્વહિતચિંતનના પરિપાકરૂપે સાકાર થનારા અને આગામી અનંત પેઢીઓ સુધી સેવા, સંસ્કાર, સ્થાપત્ય, ભાવના અને ચારિત્ર્ય ઘડતરનું કેન્દ્ર બની રહેનારા ભવ્ય બેનમૂન ‘કલ્યાણપ્રસાદ’ ભવનના નિર્માણનો શુભારંભ આજરોજ તા.૨૪ મી જાન્યુઆરીએ તૃતીય ગૃહાધિપતિ પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના ૬૩ મા મંગલ પ્રાગટ્ય દિવસના શુભ અવસરે ભારે હર્ષોલ્લાસ અને આનંદમંગલ ધર્મપરાયણતાના અપૂર્વ માહોલમાં થયો હતો. આ ભવ્ય ભવનની શુભારંભવિધિ (સુવર્ણ શીલા ખના વિધિ) ભારતીય સ્થાપત્યકલાના આદર્શ અને આધારભૂત વાસ્તુશાસ્ત્રના આધારે વૈદિક મંત્રોચ્ચાર સાથે ષષ્ઠપીઠાધીશ પ.પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી અને પ.પૂ.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજી

મહોદયશ્રી સવિશેષ કૃપા કરી પધાર્યા હતા અને ચિ.દ્વાશકેશલાલજી મહારાજશ્રીને શુભાશિષ પ્રદાન કર્યા હતા.

☐☐ **૧૪ મી જુલાઈ પુષ્ટિપ્રભા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલા તીર્થ સમારોહ :** ષષ્ઠપીઠાધીશ્વર પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના આશીર્વાદ અને પ્રેરક માર્ગદર્શન હેઠળ પુષ્ટિપ્રભા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૪ મી જુલાઈને રવિવારના રોજ સવારે ૯–૩૦ કલાકે શહેરના ગાંધીનગર ગૃહ ખાતે તેજસ્વી તારલા તીર્થ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહના અંતર્ગત ધો. ૧૦ તથ ધો. ૧૨ (સાયન્સ–સામાન્ય પ્રવાહ)માં શહેરમાં પ્રથમ દશ ક્રમાંકમાં નંબર પ્રાપ્ત કરનાર તમામ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવેલ. વડોદરાના વૈષ્ણવ સૃષ્ટિના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરાયેલ. આ સમારોહના અધ્યક્ષ તૃ.ગૃ.પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી તેમજ ટ્રસ્ટના અધ્યક્ષ પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી પધારી તેજસ્વી તારલાઓને આશીર્વચન પ્રદાન કરેલ.

નમ્ર શ્રદ્ધાંજલી

સોલા ભાગવત વિદ્યાપીઠના સંસ્થાપક આદરણીય શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી તા. ૪–૬–૨૦૦૨ ના ભગવદ્ ચરણારવિંદને પામ્યા તેની નોંધ લેતા અત્યંત ખેદ થાય છે.

નિરહંકારીપણું, અતિ સાલસ સ્વભાવ અને દીનતા જેમના વિશેષ સદ્ગુણો હતા એવા શ્રીશાસ્ત્રીજીએ યુવાન વયથી જ શ્રીમદ્ભાગવત કથા પારાયણ દ્વારા લોકોને કર્તવ્યાભીમુખ બનાવી ભગવદ્ભક્તિમાં પ્રેર્યા હતા. દેશવિદેશમાં મોટો પ્રસંશક વર્ગ ધરાવતા શ્રીશાસ્ત્રીજીએ શ્રીભાગવત વિદ્યાપીઠનું વિશાળ સંકુલ નિર્માણ કરી સેંકડો બ્રાહ્મણ કુમારોને સંસ્કૃત વિદ્યાનું દાન કરેલ. આવા એક વિશાળ વ્યક્તિત્વ ધરાવતા પૂ.શાસ્ત્રીજીના નિધનથી સમગ્ર ધાર્મિક સમાજને અપૂરણીય ક્ષતી થઈ છે.

શ્રીવલ્લભસુધા સંપાદક–વ્યવસ્થાપક મંડળ શ્રદ્ધાંજલી અર્પે છે.

નમ્ર શ્રદ્ધાંજલી

આં.પ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને શ્રીવલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિનાં પ્રમુખ શ્રીડાયાભાઈ ડેલાવાળાના માતુશ્રી **પૂ. શ્રીમોંઘીબા** વૈશાખ વદ ૧૧ ગુરૂવારે સૂર્યોદય સમયે ભગવદ્ ધ્યાન કરતાં ભગવદ્ ચરણારવિંદને પામ્યા છે. બીજાને માટે કાંઈક કરી છૂટવાની ભાવના જેમણે પોતાના સમગ્ર પરિવારને ગળથૂથીમાં આપેલ છે તેવા પૂ.મોંઘીબા ને શ્રીવલ્લભસુધા સંપાદક, વ્યવસ્થાપક મંડળ નમ્ર શ્રદ્ધાંજલી અર્પે છે.

(કામવન)નો પાટોત્સવ. અહીંયા આજથી હિંડોળા પ્રારંભ. ગો.ચિ.શ્રીશરદકુમારજી (કોટા–કડી–અમદાવાદ)નો તથા શ્રીગોપેશ્વરજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો.ચિ.શ્રીમુરલીધરજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૯–૭–૨૦૦૨ સોમવાર : ગો.ચિ.શ્રીદેવકીનંદનજી શ્રીભાગવતકુમારજી) (બોરીવલી– જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૩૦–૭–૨૦૦૨ મંગળવાર : ગો.ચિ.શ્રીચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૧–૮–૨૦૦૨ ગુરૂવાર : જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૨–૮–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (કામવન)નો તથા ગો.ચિ. શ્રીઅનિરૂદ્ધલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૪–૮–૨૦૦૨ રવિવાર : શ્રીનાથજીનો હાંડી ઉત્સવ (સં.૧૭૬૩).

અષાડ વદ ૧૧ તા.૫–૮–૨૦૦૨ સોમવાર : કામિકા એકાદશી વ્રત. ગો.ચિ.શ્રીવ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઈ– બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૨ તા. ૬–૮–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ)નો જન્મદિન (તેરસનો ક્ષય હોવાથી આજે)

અષાડ વદ ૧૪ તા. ૭–૮–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીશરદકુમારજી મહારાજશ્રી (મુંબઈ–વેરાવળ –પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ તા. ૮–૮–૨૦૦૨ ગુરૂવાર : હરિયાળી અમાસ. દિવાસો–જાગરણ. ગો.ચિ.શ્રીહિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month
Date :03-07-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કબકોં, હરિ ! હરિ રટત હોં,

કટત ન ક્યોં સંતાપ ।

હરન બરદ બિસરયોં,

કિધોં ડરપે લખિ મો પાપ? ॥૪૮॥

ટીકા : હે શ્રીહરિ ! હું ક્યારનોં તમારું 'હરિ' એવું નામ રટું છું નેં મારા સંતાપ કેમ નથી કાપતા ? તમારા 'હરિ' નામનું બિરદ એવું છે કે એકવાર 'શ્રીહરિ' એવું કહે તેનાં સઘળાં દુષપાપનેં હરેં, તે હરવાનું બિરદ શું કાંઈ તમેં વીસરી ગયા કેં મારાં ઘણાં મોટાં પાપ જોઈનેં બ્હીના ? માટેં વેહેલા કૃપા કરો કે બિરદને બટ્ટો ન લાગે. ૪૮

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**

તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ, ૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન : ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ,** રાજકોટ. ફોન : ૪૫૩૪૫૧.

વર્ષ ૨૧
અંક ૪

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

એટલે આજે આપણા સમાજમાં તે જાતની પાત્રતા નથી, અધિકારની વાત કરીએ પણ અધિકાર શબ્દનો અર્થ શું ? આ (અધિકાર એ) ''રાઈટ'' નથી. 'રાઈટ એન્ડ માઈટ' (અધિકાર અને શક્તિ)ના સિદ્ધાંતમાં– પરિવારમાં લોકો આથડે, વ્યવહારમાં આથડે, દેશમાં આથડે, પણ અહીંયા આ ભારતમાં વિશેષતા છે– આપણા દેશમાં કે, જ્યાં અધિકાર શબ્દ આવ્યો એનો અર્થ યોગ્યતા થાય છે. કે આપણે આપણી યોગ્યતા વધારવી જોઈએ અને તે વસ્તુ પ્રાપ્ત કરવાને માટે પણ યોગ્ય થવું જોઈએ. એટલું જ નહીં આચાર્યચરણની અને પુષ્ટિ ભક્તની વાણીને સમજવા માટે પણ ગોપાલદાસજી કહે છે કે 'અધિકારી પાખે એ વાણી' સાંભળે તો બધાંય, પણ સમજે બહુ ઓછા. આજે બધા કહે છે કે– અમે સમજીએ છીએ બહુ વધારે અને સાંભળે બહું ઓછું. એનો અર્થ એ નથી કે કાને બહેરા છે. એવો આક્ષેપ મારો નથી. પણ દામોદરદાસ જેવાને પણ પોતાની સ્થિતિનું જ્ઞાન હતું અને ભગવદ્ વાણી સાંભળવાનો અધિકાર હોવા છતાં આ અભિમાન ના શબ્દોમાં કહેતા નથી કે, હું સમજી ગયો. એ બહુજ આર્ષ–પરંપરા–વૈદિક પરંપરા એણે જાળવી. કારણ કે ભગવાનની વાણીને સમજવાનો દાવો કરી શકાય નહીં. એટલે કહે છે કે ''હું સાંભળું તો બધું છું જ કૃપાનાથ ? પણ સમજ્યો નથી'' એમાં બે સ્થિતિ છે. શ્લેષાત્મક વાણી છે, કે જેમ આપણે પ્રપંચનું બધું સાંભળીએ છીએ– ધર્મનું પણ સાંભળીએ છીએ પણ ધર્મનું સમજતા નથી અને પ્રપંચનું સાભંળીએ છીએ ને સમજીએ છીએ, પ્રપંચમાં આપણી સમજ કામ કરે ધર્મમાં ના કરે. અને પ્રપંચમાં જે સમજ કામ કરે એ મનગમતી વ્યાખ્યા કરે. ધર્મની મનગમતી વ્યાખ્યા કરનાર લોકો એ ધર્માચરણ નથી કરતા પણ ધર્મનું આચરણ ધર્મના અનુસાર થાય– બે વસ્તુ છે કે એક આપણે ધર્મને અનુકૂળ બનાવવો જોઈએ– અથવા ધર્મને અનુકૂળ ચાલવું જોઈએ– અનુકૂળ ધર્મ એ અવસરવાદ છે. પણ ધર્મના અનુકૂળ ચાલવું એ સૈદ્ધાંતિક અને યથાર્થ વાદ છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્‌સુધા–૨ પૃષ્ઠ–૮૧–૮૨)



વાર્ષિક લવાજમ : રૂા. ૪૦/-
આજીવન લવાજમ : રૂા. ૫૦૧/-



• ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો •

- ✽ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- ✽ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

● વર્ષ : ૨૧ ● અંક : ૫ ● શ્રીવલ્લભાબ્દ ૫૨૪ ● વિક્રમ સંવત ૨૦૫૮ ● ઓગસ્ટ, ૨૦૦૨

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧ તા. ૯–૮–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીરાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો.ચિ. શ્રીમનમોહનજી (મુંબઈ–ચેન્નાઈ)નો તથા ગો.ચિ.શ્રીમનોજકુમારજી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૧૦–૮–૨૦૦૨ શનિવાર : ગો.ચિ.શ્રીમધુસુદનલાલજી (શ્રીરુચિરબાવાશ્રી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.ચિ. શ્રીરસિકરાયજી (ચાંપાસેની–જામનગર–જૂનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૧–૮–૨૦૦૨ રવિવાર : ઠકુરાણી ત્રીજ. મધુશ્રવા તૃતીયા, ગો.ચિ.શ્રીલાડિલેશજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧૩–૮–૨૦૦૨ મંગળવાર : નાગપંચમી. શ્રીજીની ઉર્ધ્વભુજાના દર્શન (ડાબી ભૂજા સંવત ૧૪૬૫).

શ્રાવણ સુદ ૬ તા. ૧૪–૮–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીત્રિલોકીભૂષણલાલજી મહારાજ (કોટા–કડી–કલકત્તા–બાબરા–રાજકોટ)નો જન્મદિન. (સાતમનો ક્ષય હોવાથી આજે)

શ્રાવણ સુદ ૯ તા. ૧૬–૮–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ. શ્રીપ્રભુજીબાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૦ તા. ૧૭–૮–૨૦૦૨ શનિવાર : શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ. નિ.લી.ગો. તિલકાયત શ્રીગોવીંદલાલ મહારાજ કૃત સપ્ત સ્વરૂપોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૮–૮–૨૦૦૨ રવિવાર : પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત. પવિત્રા શૃંગાર–ગ્વાલમાં ધરાય. ગો.ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૯–૮–૨૦૦૨ સોમવાર : પવિત્રા બારસ. શ્રીગુરૂદેવને પવિત્રા ધરાવવા. ગો.શ્રીમધુરેશ–કુમારજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો.ચિ.શ્રીગોકુલેશ બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જૂનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૨૦–૮–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીરાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૨–૮–૨૦૦૨ ગુરૂવાર : નાળીયેરી પૂનમ. રક્ષાબંધન. સાંજે ભોગ–સંધ્યાર્તિમાં. સર્વ યજુર્વેદી, ઋગ્વેદી તથા અથર્વવેદીની શ્રાવણી.

શ્રાવણ વદ ૧ તા. ૨૩–૮–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીઉપેન્દ્રજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક
વર્ષ : ૨૧ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ ઓગસ્ટ, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ બ્યાંસીમો : " નિજ મંદિર કે દ્વારે તાલાસાંકળી ન દેં "

શ્રીઠાકોરજીના નિજ મંદિરના દ્વાર (બારણા)ને સાંકળ વાસી તાળું ન દેવું. દ્વાર ભીડવું ખરૂં પણ સાંકળ ન ચડાવવી. (વૈષ્ણવોના ઘરે પણ નાનું કાષ્ઠનું મંદિર હોય તેના બારણાને તાળું–સ્ટોપર ન વાસવાં,) પણ જે રૂમમાં શ્રીઠાકોરજીનું મંદિર હોય તે રૂમને તાળુ સ્ટોપર લગાવી શકાય. માત્ર નિજમંદિરને તાળુ ન દેવું.

☐ અપરાધા ત્યાંસીમો : " પ્રભુજી પોઢે પાછેં કીર્તન ન કરેં "

શ્રીઠાકોરજી સન્મુખ કીર્તન થાય. શયન દર્શન પછે તુરત પોઢવાના– માનમીલાપ–કહાની વગેરે યથાયોગ્ય કીર્તન થાય. પ્રભુ શૈયામાં પોઢે પછી નિજમંદિરમાં કીર્તન ન થાય. બહાર ભગવદ્વાર્તા– મંડલીમાં ભગવદ્ યશના કીર્તન થાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.
પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)

ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

–ગતાંકથી ચાલુ

આ આન્તર અનુભવ અને બાહ્ય અનુભવના સૂક્ષ્મ રહસ્યને સમજવા માટે નિરોધનાં બીજાં બે રૂપોને સમજવાં આવશ્યક બને છે :

(ક) સ્વરૂપ–ગુણ–ઉભયકૃત નિરોધ

(ખ) કેવલ–ગુણકૃત નિરોધ

(ક) તામસ–ફલ–પ્રકરણના વિવેચનમાં શ્રીમહાપ્રભુજીએ આ સમજાવ્યું છે કે અહીં સાત અધ્યાયોમાં અર્થાત્ ૨૬મા અધ્યાયથી લઈને ૩૨મા અધ્યાય સુધી ક્રમશઃ (૧) ઐશ્વર્ય, (૨) વીર્ય, (૩) યશ, (૪) શ્રી, (૫) જ્ઞાન, (૬) વૈરાગ્ય, એ છ ભગવદ્‌ગુણ અને સાતમા સ્વયં ધર્મી ભગવાનના સ્વરૂપનું વર્ણન સ્વીકારેલું છે.

આ ફલરૂપા નિરોધલીલાના સ્વરૂપનો સારી રીતે વિચાર કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સાતે અધ્યાયોમાં ફલરૂપલીલાનું વર્ણન સ્વીકારેલું હોવા છતાં પણ, ધર્મીનિરૂપક પાંચમા અધ્યાય અને જ્ઞાનનિરૂપક સાતમા અધ્યાયનું કંઈક વિશેષ મહત્ત્વ છે જ. તેથી પ્રારંભમાં રૂપલીલાના–બાહ્યાભ્યન્તરભેદથી–જે બે ભેદ બતાવવામાં આવ્યા છે, તેનું આ બે અધ્યાયોમાં ચરમ ઉત્કર્ષના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મી પ્રકરણમાં બાહ્ય સંયોગસુખનું તથા જ્ઞાન પ્રકરણમાં આંતર સંયોગનું વર્ણન કરવામાં આવ્યું છે.

"જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે" (જ્ઞાન અને ભક્તિ સતત ચક્રની જેમ પરિવર્તન પામે છે તેથી જ સંયોગસુખ જ અભિપ્રેત છે) એ ઉક્તિ અનુસાર અહીં પરોક્ષ અને પ્રત્યક્ષ બંનેમાં સંયોગસુખનું જ વર્ણન અભિપ્રેત છે. તેથી તેને ફલપ્રકરણ માનવામાં આવ્યું છે.

(ખ) તેનાથી વિપરીત રાજસ–પ્રમેય પ્રકરણમાં વ્રજભક્તોની અનુભૂતિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આ શબ્દોમાં કર્યું છે. –"અન્તર્નિષ્ઠા વા વિરહો વા, દ્વયમેવ, ન તુ તાસામન્યા લૌકિકી અવસ્થા". આન્તરાનુભૂતિમાં નિષ્ઠા અને કાં તો વિરહમાં સ્થિતિ આ બે જ અવસ્થા તેઓની હતી, બીજી કોઈ પણ લૌકિક અવસ્થા ન હતી. (સુબો. ૧૦–૪૪–૪૮). અહીં પૂર્વે કહેલું "આન્તરં તુ પરં ફલમ્" વચનના આધાર પર અન્તર્નિષ્ઠાને તો પરમ ફલરૂપ માનવી જ પડશે, પરંતુ દ્વિતીયાંશ વિરહને ફલરૂપ માનવાનો

કોઈપણ આધાર મળતો નથી. આ વિરહ તેથી ફલરૂપ નહિ હોવાને કારણે પૂર્વવર્ણિત 'સાધનકૃત્સ્નતા' જ છે. તેથી શ્રીમહાપ્રભુજી તેને 'ફલરૂપ' ન કહેતાં તેને 'ફલસાધક' કહે છે.– "...ફલસાધકત્વાદ્ભક્તિમાર્ગે વિરહ એવ પુરુષાર્થ..." (આમાં ઉપરવર્ણિત 'આન્તરં તુ પરં ફલમ્' માં તે અન્તર્નિષ્ઠા જે પરમ ફળ છે તેને સિદ્ધ કરનાર પૂર્ણ સાધનતા વિરહમાં છે, જેથી તે ફલસાધક છે. ફલસાધક હોવાથી ભક્તિમાર્ગમાં વિરહ એ જ પુરુષાર્થ છે, જે સિદ્ધ કરવો પડે છે.) વિરહ અવસ્થામાં કરવામાં આવતું ગુણગાનનું સુખ અને ભગવત્સ્વરૂપાનુભવનું સુખ, એ બંને સુખના પરસ્પર તારતમ્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે–" પરં વિરલમમૃતમ્ કેવલ મરણોપસ્થિતૌ તન્નિવર્તકમેવેતિ, ન તુ સમ્ભૂયૈકત્ર રસજનકમ્. રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષઃ, અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્. પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઈતિ ભગવત્ત્વેન સ્તૂયતે." (વિરલ અમૃત કેવળ મરણકાળના નિવારણ માટે છે, નહીં કે ગુણગાનનું સુખ અને ભગવત્સ્વરૂપાનંદના અનુભવના સુખને એકત્ર કરી રસ પેદા કરવા માટે. રસપિંડની માફક તમારી કથામાં જ કાંઈક વિશેષતા છે, અન્યથા કથા માટે જ યત્ન કર્યો હોત, પરંતુ કથાનો ઉપયોગ વિરહમાં મરણાવસ્થાને દૂર કરવા માટે છે. આમ ભગવત્કથાની ભગવાનની માફક સ્તુતિ કરવામાં આવી છે.) ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનને કારણે ભક્તના પ્રાણ તીવ્ર વિરહવેદનામાં પણ જતા નથી, પણ ટકી રહે છે. એ પ્રમાણે ભગવાનની માફક ભગવદ્–ગુણગાનની પણ પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક્તા તો એ છે કે ભગવત્સ્વરૂપની રસાનુભૂતિમાં સુખ ઘનીભૂત બને છે અને ભગવત્કથામાં તે તરલ બની જાય છે.

તેથી સિદ્ધ થાય છે કે કેવલ ગુણકૃત નિરોધમાં બાહ્ય તેમજ આંતર સંયોગસુખની ફલાનુભૂતિનું ચક્ર સતત ચાલતું નથી. ત્યાં વિરહદુઃખ અને અંતર્નિષ્ઠાના સંયોગસુખનું ચક્રવત્ આવર્તન ચાલે છે. તેથી તેના અર્ધાંશમાં સાધનરૂપતા અને અર્ધાંશમાં ફલરૂપતા છે. જ્યારે ભગવાન રસાત્મક હોવાને કારણે દ્વિદલાત્મક, અને દ્વિદલાત્મક હોવાને કારણે સંયોગ–વિયોગાત્મક અથવા 'નટવર' વપુરૂપ ભગવાનનું ફલરૂપ થવું, વિયોગમાં અંતર્નિષ્ઠાનું કારણ મળતાં આંતર સંયોગ સુખ અને સંયોગમાં સ્વરૂપાનુભૂતિને કારણે બાહ્ય સંયોગસુખને ધ્યાનમાં રાખીને સ્વીકારવામાં આવ્યું છે. આન્તરસુખદાન રસનાટન છે તથા બાહ્યસુખદાન રસરૂપ પ્રત્યક્ષ ભોગ છે. આ 'બર્હાપીડ' શ્લોકની સુબોધિનીથી સિદ્ધ થાય છે. તેથી ઉત્તરદલમાં અંતર્નિષ્ઠાના અંશમાં ફલરૂપતા તથા વિરહાંશ અથવા ધર્મિવિપ્રયોગના અંશમાં સાધનરૂપતા છે. કેવળ વિરહમાં ફલરૂપ હોવાનો ઉલ્લેખ શ્રીમહાપ્રભુજીના કે શ્રીપ્રભુચરણના કોઈપણ વચનમાં મળી આવતો નથી. આંતરસંયોગસુખ પ્રદાન કરવાવાળો વિપ્રયોગ સ્વતંત્ર અંગીરૂપ નિરોધ છે. જ્યારે કેવળ વિરહ આંતરસંયોગસુખના અભાવને કારણે, મુક્તિ અથવા આશ્રયભાવાપત્તિના અંગરૂપ નિરોધ માનવામાં આવે છે. તેને કેવળ 'ગુણકૃત–નિરોધ', 'ધર્મિવિપ્રયોગ', 'કેવળ વિરહ', 'મુક્ત્યંગ નિરોધ' અથવા 'આશ્રય–ભાવાપત્ત્યંગ નિરોધ' કોઈપણ નામથી ઓળખો, પણ બધાનો અર્થ તો એક જ છે.

–ક્રમશઃ

સત્સંગ-મંડળ

લેખક : પ.ભ. સુશ્રી કિરણબેન એન. શાહ, કડી.

—ગતાંકથી ચાલુ

ગઈ કાલે સત્સંગ મંડળમાં કનુભાઈએ અષ્ટાક્ષર મંત્રના પ્રાગટ્ય વિશે સમજણ આપેલી. અને અષ્ટાક્ષર મંત્રનો મહિમા ગાતું પદ કહેલું જે પદ કૃષ્ણદાસનું નીચે પ્રમાણે છે.

કૃષ્ણ શ્રીકૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે ।
રેન દિન નિતપ્રતિ, સદા પલ છિન ઘરી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે ॥ ૧ ॥
હોત હરિ રૂપ વ્રજભૂપ, ભાવૈ સદા,
અગમ ભવસિંધુકૌ બિના સાધન તરે ॥ ૨ ॥
રહત નિસિ દિવસ આનંદ ઉરમેં ભર્યો,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥ ૩ ॥
રમા અજ શેષ સનકાદિ શુક શારદા,
બ્યાસ નારદ રટૈ પલક મુખ ના ટરે ॥ ૪ ॥
લાલ ગિરિધરનકી મહિમા અતુલ જગમગે,
શરણ 'કૃષ્ણદાસ' નિગમ નેતિ નેતિ કરે ॥ ૫ ॥

કનુભાઈએ વૈષ્ણવોને કહ્યું, આ કીર્તન શ્રીકૃષ્ણદાસના ત્યાં શ્રીકુંભનદાસના તથા અન્ય વૈષ્ણવો આવ્યા હતા તે સમયે ગાયું હતું. કુંભનદાસજીએ શ્રીકૃષ્ણદાસને કહ્યું, બધા સેવકોમાં તમે મુખ્ય છો. સેવકોનું કાર્ય તમારે હાથ છે, પુષ્ટિમાર્ગના અધિકારી તમે છો તેથી તમે કાંઈક કહો. ત્યારે અષ્ટાક્ષર મંત્રનો ભાવ કહ્યો. શ્રીકૃષ્ણઃ શરણં મમ આ અષ્ટાક્ષર મંત્રનો જાપ રાતદિવસ, નિત્ય, સદા કરવો જોઈએ. અષ્ટાક્ષરમંત્રનો જપ જે જીવ કરે તેના બધા પાપનો નાશ થઈ જાય છે. ભવસાગરને તરવો મુશ્કેલ છે પણ અષ્ટાક્ષરમંત્રના જપથી ભવસાગરને પણ તરી જાય છે. તથા અહર્નિશ તેના હૃદયમાં આનંદ આનંદ જ રહે છે. રમા, શેષ, સનકાદિ, શુક, શારદા, વ્યાસ ભગવાન, નારદ વગેરે પણ સતત અષ્ટાક્ષરનો મંત્ર રટ્યા કરે છે. એક ક્ષણ પણ વિસરતા નથી.

આ આઠ અક્ષરનો મંત્ર મહામંત્ર કહે છે. તેનું રટણ કરતા જીવે હૃદયમાં શરણાગતિનો ભાવ રાખવો જોઈએ. આ શરણમંત્રથી અન્યાશ્રય દૂર થાય છે. સંસારની આસક્તિ છૂટી જાય છે. જીવ ભગવદ્‌સેવામાં મગ્ન રહે છે. શ્રીમહાપ્રભુજી શરણે આવનાર પ્રત્યેક જીવને આ અષ્ટાક્ષર મંત્રનું દાન

કરે છે. આ મહામંત્રનો દીનતાપૂર્વક અહર્નિશ રટતા રહેવાથી જીવનાં બધા દુ:ખ, તાપકલેશ, શોક, સંતાપ, નાશ પામે છે.

કનુભાઈએ મંડલીમાં સર્વ વૈષ્ણવોને પૂછ્યું. શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં એક ગ્રંથમાં આ અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાની આજ્ઞા કરી છે. તમારામાંથી કોઈને ખબર છે ખરી ? રમેશે જવાબ આપ્યો, મને ખબર છે. કાલે જ મારા મમ્મી નવરત્નનો પાઠ કરતા હતા ત્યારે મેં સાભંળ્યું હતું.

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્‌ભિરેવ સતતં સ્થેય મિત્યેવ મે મતિઃ ।।

સર્વાત્મભાવે હંમેશા શ્રીકૃષ્ણ: શરણં મમ સતત રટણ કરું એવી મારી મતિ છે.

આ સાંભળી મોહન બોલ્યો, શ્રીગુસાંઈજી પણ આવી જ આજ્ઞા કરે છે.

યદ્દુક્તં તાત ચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
અત એવાસ્તિ નૈશ્ચિન્ત્યમૈહિકે પારલૌકિકે ।।

જ્યારથી તાત ચરણે (શ્રીમહાપ્રભુજીએ) શ્રીકૃષ્ણ: શરણં મમ કહ્યું છે, ત્યારથી આલોક અને પરલોક સંબંધી સર્વ કાર્યોમાં મને નિશ્ચિંતતા થઈ ગઈ છે.

શ્યામ બોલ્યો, શ્રીહરિરાયજીએ પણ શિક્ષાપત્રમાં અષ્ટાક્ષર મંત્ર જપવાની આજ્ઞા કરી છે.

અસ્માકં સાધનં સાધ્યં શ્રીકૃષ્ણ શરણં મમ ।
સંપત્ સ્વાપત્ સ્વપિ સદા આચાર્ય ચરણોદિતમ્ ।।

અમારે સંપત્તિમાં કે આપત્તિમાં પણ દરેક સમયે શ્રીઆચાર્યચરણે કહેલો શ્રીકૃષ્ણ: શરણં મમ નો મંત્ર જ સાધન અને સાધ્ય (ફલ)રૂપ છે.

શ્રીહરિરાયજી આ મંત્રનું રહસ્ય બહુ સુંદર રીતે સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે : લૌકિકમાં કુંવારી કન્યાનું યોગ્ય યુવાન સાથે સગપણ થાય છે. તેમ શરણ મંત્ર લેવાથી જીવની બ્રહ્મ સાથે સગાઈ થઈ કહેવાય. કન્યા જેમ પતિનું સ્મરણ તો કર્યા કરે છે. પણ પતિની સેવાનો અધિકાર તેને મળતો નથી. તેને માટે લગ્નની વિધિ આવશ્યક છે. આ જ પ્રકારે અલૌકિકમાં જીવાત્માનું પ્રભુ સાથેનું સગપણ આ શરણમંત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. શરણમંત્ર દીક્ષા પ્રાપ્ત થતાં જીવાત્માને પ્રભુના નામનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાનો અધિકાર મળે છે. પ્રભુના દર્શન કરવાનો અધિકાર મળે છે. પરંતુ પ્રભુની સેવા કરવાનો અધિકાર મળતો નથી. તે માટે પુષ્ટિમાર્ગની બીજી દીક્ષા જરૂરી છે અને તે છે બ્રહ્મસંબંધની દીક્ષા.

શ્યામે કનુભાઈને પૂછ્યું, આ શરણમંત્ર, અષ્ટાક્ષરનો જેણે જપ કર્યો તેમને ફલિત થયો હોય તેવા વૈષ્ણવો કોણ છે તે અમને કહો તો અમને તેમાંથી પ્રેરણા મળે. કનુભાઈએ કહ્યું, હવે સત્સંગ મંડળ નો સમય પૂરો થવા આવ્યો છે કાલે હું તમને કહીશ.

—ક્રમશઃ

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડચાર્યજી મહારાજ)ના વચનામૃત

– વિચાર ચયનિકા માંથી સાભાર

શ્રાવણનો માસ. શ્યામલ વાદળોના નાના નાના ટુકડા આકાશમાં ઉન્મુક્તની જેમ (ફરી) વિચરી રહ્યા હતા. તરુવર અને લતા–મંડપ મેઘના બિંદુઓથી નહાઈને ઝૂમી રહ્યા હતા. પશ્ચિમના તરફ ઈન્દ્રધનુષી રંગ છાંટકાવતો સૂરજ વાદળોની આડથી છૂપાઈને ઝાંકી રહ્યો હતો. પલ્લવોથી ટપકતી જળબુંદો યમુનાની લહેરો પર જલતરંગ બનાવી રહી હતી. સુરભિત સમીર આનંદવિભોર થઈ નૃત્ય કરતો આમતેમ ફરી રહ્યો હતો જાણે ઘનશ્યામની સોંધી સૌરભ (મંદ મધુર સુગંધ)નો સ્વાદ સકળ વ્રજમંડળમાં વારતો, વિરહીજનોને આગમની સૂચના આપી રહ્યો હતો. મહાપ્રભુ શ્રીવલ્લભ ગોકુલની ગલીઓ, કાનન કુંજોથી થઈ યમુના તીરે પહોંચ્યા. ઠકરાણી ઘાટ પર અલૌકિક આભાના દર્શન કરતા આચાર્યશ્રીના મનમાં જીજ્ઞાસા જાગી કે ગોવિંદઘાટ કયો ને ઠકરાણી ઘાટ કયો ? આજ વિચારનું અન્તર્મનન કરતા આચાર્યશ્રી ભીંજાયેલી (સ્નાન કરેલી) નૂતન પ્રકૃતિના સૌંદર્યમાં કાંઈક નિહાળી રહ્યા હતા. કાંઈક શોધી રહ્યા હતા. પોતાના પ્રશ્નનો ઉત્તર, જે ઉચિત સમાધાન કરી શકે, જેમાં કોઈ વિવાદ કે શંકાને અવકાશ ન રહે, જેથી નિશંક પ્રેમલક્ષણા ભક્તિનું તે અભિવાદન મળી શકે અને જે થકી જીવન અને જીવનું પતન અને સ્ખલન થઈ શકે નહીં.

એકાએક નિશા ની શ્યામલ આભામાં અનંત આનંદના પ્રકાશપુંજ પ્રકટ થયો. કેવી (સલોની) ! સુરમ્ય સમાનતા હતી બંને રૂપોમાં, એક વલ્લભ અને બીજી તુર્યપ્રિયા યમુના જાણે પોતાના ઉદેશનું સાકાર સ્વરૂપ જ શ્રીવલ્લભાચાર્યની સમક્ષ આત્મીયતાથી ઉભરાઈ આવ્યું હોય. આ મનોહર મિલનમાં સ્વચ્છ શુદ્ધ સ્ફટીકની માફક એક માર્ગ દેખાઈ રહ્યો હતો. ગોવર્ધનની સઘન કંદરાની સરળ સીધી ગલી બની ગઈ હતી એક અમૃતભર્યો મધુરસ્વર આકાશમાં તરંગીત થયો. જાણે વીણાના ઝંકારથી તરલ સ્વર ગૂંજીત થઈ રહ્યો હોય.

'આવો મહાપ્રભુ, આ ઠકરાણી ઘાટ પર હું આપનું સ્વાગત કરું છું મારા પ્રિયા–પ્રિય તેમની તરફથી'.

નહીં નહીં દેવી તરિણ–તનયા એવું ન કહો, કેમ મને લજ્જિત કરી રહ્યા છો. પ્રેમ પુલકિત શ્રીવલ્લભ વિહ્‌વળ થઈ બોલ્યા.

વાહ, આજે તો મહાપ્રભુ આપ કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો?

મારા વલ્લભે જ તો પોતાના નિજકાર્ય માટે આપને અહીંયા મોકલાવ્યા છે અને મને પણ મારા સુકોમળ વાળુકાથી ભરેલા તટપર કદમ્બકાનનો સહિત હું આપનું સ્વાગત કરું છું. મારા સહયોગીતાના

રૂપમાં. જુઓ કેવો છે, આપણો સમાન ગુણધર્મ, જે સહેજે જ મળી ગયો છે. એ જ સંયોગ છે, જે ભક્તોના અનંતપરિવત્સરના પ્રભુવિયોગને દૂર કરશે.

ઓહ દેવી ! શ્રીવલ્લભના નયનોમાંથી નેહની નિર્ઝર (ધારા)વહેવા લાગી, મુકુન્દપ્રિયાનું મધુર રૂપ તટ પર તરલ થઈ જાણે, ચારે તરફ છાઈ ગયું હોય. રાગની રંજના, પ્રેમની અભિવ્યંજના થઈ ગઈ 'નમામિ યમુનામહં' વન્દના નિનાદિત થઈ. "ભક્ત પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની".

ઉભરાઈ આવ્યો અનુરાગનો સિન્ધુ અને સમાઈ ગયો ભાવનાના એક એક બિંદુઓમાં 'દૈન્યમ ત્વત્તોષ સાધનમ્" રસરાજ શ્રૃંગારનો સહચર, પોષક, કરુણરસ વરણના વેણુનાદમાં પ્રફુલ્લતાથી મહેકી ગયો. અચલ અવિચલને નિશ્ચલ પ્રેમના પર્યંકમાં ઝૂલવાનો ઝૂલો બનીને.

શ્યામ તમાલની ઓટ (ઓથ)માં કોઈ અનુપમ અદ્વૈતનો સ્વર પ્રવાહિત કરી રહ્યો હતો. 'સરિતાસિંધુ મિલી પરમાનંદ ભયો એક રસ તેહ' કેવું છે આ ભાવા—દ્વૈતના રસવિભોર હૃદયોનું સોહામણું સંમેલન.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૯. પ્રભુ આપણી સાથે ક્યારે બોલે ?

જેટલી પ્રભુની સૃષ્ટિ છે, તેને તો જમ રાજાએ દંડ દેવા તો નથી. ત્યારે કહ્યું કે અહીંયા તો તેને રોગ ભોગવાવીને છોડાવે. જેમ કોઈ સોના માગનારને પાંચ રૂપીયા આપીને ખત ફડાવે તેમ કરશે. હજારના માગનારને જેમ સો અગર પચાસ આપીને એને મુક્ત કરશે. ને કરજથી છોડાવશે. આ વૈષ્ણવો તો એમના છોકરા છે. પણ ધર્મની મર્યાદા પાળીને એને છોડાવશે. માટે વૈષ્ણવને રોગ ઘણા થાય, ભૂખે મરાય, એનું કારણ પેલા કર્મના ભોગ ભોગવાવે છે કારણ કે પાપ તો ઘણું કર્યું છે, પણ તે પાપ થોડું કરીને (ભોગવાવીને) છૂટકારો કરશે. આમ છે, તેથી એ છોકરાનું નામ ધર્મરાજાએ દેવાતું નથી. એમાં સંદેહ નહીં. વળી કહ્યું કે એ સેવા કરે છે; પણ પ્રભુ બોલતા નથી, ચાલતા નથી તેનું. એને દુઃખ પણ નથી. ત્યારે પ્રભુને પણ નિયમ છે કે મારે એના કામમાં બોલવાનું શું કામ છે ? પણ જ્યારે હું નહીં બોલું ને તેથી એના હૈયામાં દેવતાની અંગીઠીઓ લાગશે કે આ પ્રભુ સૌની સાથે બોલ્યા છે ને મારી સાથે શું છે કે બોલતા નથી ? ચોરાશી વૈષ્ણવની સાથે બોલ્યા છે. નરસિંહ મહેતા સાથે બોલ્યા છે, ને મારો શો અપરાધ પડ્યો હશે કે મારી સાથે બોલતા નથી ? પ્રભુના અબોલાનું દુઃખ થાય, ને છાતીમાં અગ્નિ લાગે, ને કાંઈ કામકાજ સુઝે નહીં, ત્યારે પોતાને દયા આવે ને બોલે, એવા એ મોટા છે. ૧૦૯

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

મહામંદ–મતિ જીવ કલિનાં, તે સકલશાસ્ત્ર ક્યાં ખોળે?
માટે સકળ સિદ્ધાંત સાર શોધી કીધો છે ટોળે.
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી, નિજજન, જાણીને કરુણા કીધી.
'ભક્તિપોષણ' ધર્યું ગ્રંથનું નામ, કથે, સુણે સરે તેનાં કામ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૯)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી ગ્રંથની રચના કરવાનું પ્રયોજન બતાવે છે. તેમાં પણ કાળ, કલીકાળ વિપરીત છે, તે ધ્યાનમાં લીધું છે. આ કાળની ગતિ તો ધર્મની ગતિથી વિપરીત ચાલવાની છે. માટે તેને મંદમતિ કહ્યો. આ સમયમાં કોઈને લાંબી ફુરસદ જ નથી, કે જેઓ ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થતાં આડા અનેક સંશયો ઉભા થાય છે તેનું નિવારણ કરી શકે. માટે જ અનેક શાસ્ત્રો, પુરાણોનું અધ્યયન કરી અને એમાંથી જે મને તત્ત્વરૂપ દેખાયું, તે એકઠું કર્યું. કેમકે કલિયુગ, આમાં તરેહ તરેહની નવીન યુક્તિઓ, વિજ્ઞાનની પ્રગતિ તેમજ પોતાનું જીવન ચલાવવા માટે, સુખી થવા માટે, એટલા બધા પ્રયત્નો કરવા પડે છે કે તેમાંથી ફુરસદ મળે ત્યારે શાસ્ત્રો ખોળવા બેસે. એક તો સમયનો અભાવ તેમાં પણ અનેક વિઘ્નો આવે છે. આવા કાળમાં જીવન કૃતાર્થ કરવા ઉપયોગી થાય માટે જ આ ભક્તિપોષણની રચના કરી છે. આ ગ્રંથ રચવામાં પ્રભુએ મને સદ્‌બુદ્ધિ આપી, મને પોતાનો જાણીને કૃપા કરી, અને ટૂંકામાં સારરૂપ સમજાય, ભક્તિકરવાવાળાને સહાયક બને, તે ઉદ્દેશ મારો પુરો પડ્યો. આ ગ્રંથનું જે કોઈ વાંચન કરે, અગર બીજાને વાંચી સંભળાવે કે પરસ્પર વાર્તાલાપ કરી અર્થ સમજે તેનાં કામ પૂર્ણ થાય. મતલબ કે પુષ્ટિ તત્ત્વ સમજી, પુષ્ટિ પથે ચાલે. પ્રત્યેક કડીને છેડે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ, આ રાખ્યું છે તેજ સારરૂપ છે કે જીવ માત્ર શરણે આવી પુષ્ટિની રીતે સેવા કરે. સંસારમાં જ જન્મવું, ઉછરવું અને સંસારમાં આવીને જ પ્રાપ્ત કરવું. તે એવી રીતે કે હંસ જેમ દૂધ અને પાણી બંને ભેગા હોય તેમાંથી તે દૂધનું પાન કરી લે છે અને પાણી છોડી દે, તેમ સંસારરૂપી પાણી અને દૂધરૂપી ભક્તિરસ માનવો. સંસારની માયા છોડી, ભગવાનની ભક્તિ ગ્રહણ કરે તે હંસનું દ્રષ્ટાંત પુરૂં પાડે છે.

ભક્તિપોષણ એટલે ભક્તિ કરવામાં આગળ સહાયરૂપ બને કે જ્યાં નામ માત્ર સંશયથી રૂકાવટ ન થાય, તેવું કાવ્ય રચ્યું છે. આ કાર્ય કરનાર કરાવનાર પ્રેરકને પોષક પ્રભુ છે. જેવી મને બુદ્ધિ આપી,

તેવું લખાણું. જે ભક્તિરસ જાણીને પાન કરે તેનું કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું. **પોષણં તદનું ગ્રહઃ** તેની માફક ભક્તિ કરવામાં પોષણરૂપ આ ગ્રંથ છે. પ્રભુનો અનુગ્રહ માનવો.

પ્રભુનો આશ્રય રાખી ભક્તિ કરવી આ ભક્તિપોષણનો સાર છે એને અનુકૂળ દૂહાના રૂપમાં દયારામભાઈની કૃતિ સત સૈયા આમાંથી ત્રણ દૂહા નીચે મુજબ આપ્યાં છે.

૭૨૯ સાતસોને ઓગણત્રીસ કડીનું આ કીર્તન વાંચીન મનન કરવા જેવું છે.

આશ્રય દુહા સતસૈયામાંથી–

પ્રભુ ભૂ આશ્રય મૂલ છૂટી નર નલિન દુઃખ પાય
પોષક પ્રિય સદપ્રાણલ્યે દેત સડાય જરાય (૩૪૨)
લખી હરી સુર સોહે ચલી માય છાપ ચલી જાય
પિટિ તાહી દેજો ગહે તો તે ભાજી જાય (૩૪૩)
આશ્રય ધન ઘનશ્યામ જીંહી સોકબુ બને ન નિરાસ
જલદ અનાવૃષ્ટિસે બુઝવત ચાતક પ્યાસ (૩૪૪)

વિવેચન : સારમાં સાર પ્રભુનો આશ્રય રાખી નામસ્મરણ કરવું. જેણે આશય છોડ્યો તેનું સર્વસ્વ ગયું ને નાશ થયો. તેને દુઃખ જ ભોગવવું પડે. આવે ટાણે મિત્ર હોઈ તે શત્રુનું કામ કરે છે. જે તેનું પોષણ કરતા તે જ તેનો વિનાશ કરે છે. જેમકે કમલ તેનો મુખ્ય આશ્રય ભુ નામ પૃથ્વીનો સંબંધ છૂટી જાય તે પાણીમાં જ સડીને નાશ પામે છે. બહાર ફેંકાય તો સૂર્ય તેના તાપથી બાળી નાંખે છે.

પાણી તો કમળને પોષણ કરવાવાળું હતું. પણ તેણે પૃથ્વીનો સાથ છોડ્યો પછી તે પાણી, પોષણ તે શોષણકર્તા બન્યું તે સેડવી નાંખ્યું. આવી જ રીતે સૂર્ય કમલનો મિત્ર સહોદર ભાઈ કહેવાય છે પરંતુ પૃથ્વીનો સંબંધ કમલ છોડીને બહાર જાય તો તેને બાળી નાંખે છે. સવાર પડતાં જ સૂર્ય ઉદય થયો કે કમલ પુષ્પ ખીલે છે. સૂર્ય તેનું પોષણ કરે છે સાંજ પડતાં જ સૂર્ય આથમે ને કમલ બીડાઈ જાય આવી પરસ્પર પ્રિત મિત્રતા હતી. પરંતુ કમલે પૃથ્વીનો આશ્રય છોડ્યો ને બહાર આવ્યું ત્યારે સૂર્યે તેને બાળી નાંખ્યું. જુઓ આશ્રય છૂટ્યા પછી મિત્રો શત્રુ બન્યા, કોઈએ સહાય ન કરી.

સૂર્યનાં દ્રષ્ટાંતે કવિ શ્રીદયારામભાઈ સમજાવે છે કે હરિની રીતી તું જાણી લે, જો તું સૂરજ સામે ચાલીશ તો માયારૂપી તારો પડછાયો પાછળ પાછળ જ રહેશે તું તેને પીઠ દઈને ઝાલવા જઈશ તો નાસતો ફરશે માટે જો પ્રભુનો આશ્રય રાખીશ તો માયારૂપી પડછાયો આગળ રહે કે પાછળ તેની તને ચિંતા જ નહીં રહે. માયારૂપી પડછાયો પકડવા જાય તોય હાથ ન આવે તેમ તારી તૃષ્ણા વધતી જાય, માયા હાથ ન આવે. જેને શ્રીકૃષ્ણનો આશ્રય છે તે કદાપી નિરાશ નહીં જ થાય. જેમ દુષ્કાળ અનાવૃષ્ટિ

થાય ત્યારે કઈક જીવો પાણી વગર તરફડીને મરે છે. પરંતુ ચાતક પક્ષીને સ્વાતિ જલનો દ્રઢ આશ્રય છે તેથી તેને તો પાણી મળવાનું જ. આ પ્રભુની લીલા છે. માટે હે જન તું ગોવર્ધનધારીનો આશરો રાખીશ તો તારે ચિંતાનું કારણ જ નહીં રહે. પ્રભુ સર્વેશ્વર સુખદાતા છે તો તારા પણ છે જ માટે સમર્થનો આશરો રાખ. બાકી બધે જગે ભટકતું મનને સ્થિર કરી લે. અન્યોનો આશ્રય લેવા ન જતાં શ્રીકૃષ્ણનો આશ્રય રાખ. જેણે જેણે આશ્રય રાખ્યો તે બધાનું પ્રભુએ આ લોક અને પરલોક બંને સુધાર્યું છે. જેણે પ્રભુનો આશરો રાખ્યો તેની લાજ ગઈ એવું હજુ સુધી જાણ્યું નથી. શાસ્ત્રો પોકારીને કહે છે કે દ્રષ્ટાંતો અગણિત છે. જે જન ગર્વ કરે છે તેનો પ્રભુ નાશ કરે છે. માટે સારમાં સાર પ્રભુનો આશ્રય રાખવો તે સિદ્ધાંત સમજાવ્યો છે. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૯૯

દેવર્ષિ નારદ રચિત :. **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમરૂપા ભક્તિ કે સાધન ઔર સત્સંગ કી મહિમા

(સૂત્ર ૩૭ ચાલુ)

પતિતઃ સ્ખલિતશ્ચાર્તઃ ક્ષુત્વા વા વિવશો બ્રુવન્ ।
હરયે નમ ઈત્યુચ્ચૈર્મુચ્યતે સર્વતાતકાત્ ॥
સંકીર્ત્યમાનો ભગવાનનન્તઃ, શ્રુત્વાનુભાવો વ્યસનં હિ પુંસામ્ ।
પ્રવિશ્ય ચિત્તં વિધુનોત્યશેષં યથા તમોર્કોભ્રમિવતિવાતઃ ॥

(ભાગ ૧૨–૧૨–૪૬–૪૭)

કોઈપણ મનુષ્ય પડતા, આખડતા, છીંકતા અને દુઃખથી પીડા પામતી વખતે પરવશ થઈને પણ જો ઉંચા સ્વરે 'હરયે નમઃ' પોકારી ઉઠે છે તે બધા પાપોથી છૂટી જાય છે. જેમ સૂર્ય પર્વતની ગુફાના અંધકારનો નાશ કરે છે અને જેમ પ્રચંડ વાયુ વાદળોને છિન્નભિન્ન કરીને ગૂમ કરી દે છે, તેવી રીતે અનંત ભગવાનના નામ–કિર્તન અથવા તેના પ્રભાવનું શ્રવણ પાન હૃદયમાં પ્રવેશી સમસ્ત દુઃખોનો અંત કરી દે છે.

આ તો લાચાર થઈને નામ લેવાનું ફળ છે. પ્રેમથી લેવાય તો શું કહેવું ? તેથી ગોસાંઈજી (તુલસીદાસજી) કહે છે–

બિબસ હું જાસુ નામ નર કહહીં, જનમ અનેક રચિત અઘ દહહીં ॥
સાદર સુમિરન જે નર કરહીં, ભવવારિધિ ગોપદ ઈવ તરહીં ॥

તેથી ભક્તિની પ્રાપ્તિ માટે નિત્ય–નિરંતર ભગવાનના નામ–ગુણ–યશનું કિર્તન, શ્રવણ અને ચિંતન નિઃસંદેહ પરમ સાધન છે. ૩૭

ભાષ્યાર્થ : જેમ વિવિક્ત ભક્તના ભજનથી પરમ પ્રેમની પ્રાપ્તિ થાય છે, તેમ ઈશ્વર પ્રેમથી ભક્તોના સમવાયમાં, અનન્ય ભક્તના મુખે ભગવાનના ગુણો સાંભળવાથી પણ પ્રીતિ ઉપજે છે. ભગવાનના કલ્યાણ ગુણોનું શ્રવણ મનની મલિનતા ધોનારું અને હૃદયની પ્રસન્નતા કરનારું છે, જે ખરે ! નિરંતર ભક્તના મુખે, ભગવાનના અનંત કલ્યાણી ગુણોનું શ્રવણ કરે છે, ધીરે ધીરે ભગવદાસક્ત મનવાળો થાય છે, તેથી સંગ ત્યાગી થાય છે અને ત્યારબાદ વિષયત્યાથી બને છે, તે પછી પરમપ્રેમ પંથનો યાત્રી થાય છે. શ્રવણનું માહાત્મ્ય અદ્ભુત છે ! ભગવાને કહ્યું છે કે– **'તેપિ ચાતિતરંત્યે વ મૃત્યું શ્રુતિપરાયણાઃ'**

અને વળી ભક્તના સંઘમાં ભગવાનનો ગુણાનુવાદ કરનાર પોતે પણ ધીરે ધીરે ભગવાનમાં આરૂઢચિત્ત થાય છે, કેમકે માયાપતિ માધવ સ્તુતિ પ્રિય છે, જ્યારે ક્ષુદ્ર માનવ પણ પોતાના ગુણના કીર્તનથી તરત પ્રફુલ્લિત થાય છે. પ્રફુલ્લ થતા ભક્તના ઉપર અનુગ્રહ કરે છે અને ભગવાનનો જેને અનુગ્રહ મળ્યો તે કૃતકૃત્ય છે.

જેની ઈશ્વર બાંય ઝાલે છે તે પુરૂષ આ સંસારના છીછરા ખાબોચીયાંને અનાયાસે તરી જાય છે એમાં તો કહેવાનું શું ? તે પરમાત્માનો તો ડિંડમ ઘોષ છે કે– **'કૌન્તેય ! પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥** (ગી.૯–૩૧) ('હે કુંતીપુત્ર ! મારો ભક્ત કદી નાશ પામતો નથી, તે તું નિશ્ચયપૂર્વક માન.') તેથી લોકના સમુદાયમાં પણ ભગવાનના ગુણોના શ્રવણકીર્તનથી પ્રેમ ઉગે છે એ વાત સત્ય છે. ૩૭

–ક્રમશઃ

કાવ્ય કુંજ

ભૂતલ આયે શ્રીવલ્લભરૂપ હરિ

– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

ભૂતલ આયે શ્રીવલ્લભરૂપ હરિ
તરસ્યો જગ ભક્તિઅભાવસું
આપ આયે સ્નેહસાગર ભરી. ૧
જીવ કે દોષભાવ અગનિત
યહાં પલકમેં જાય જરી
ગોકુલેશપ્રભુ શ્રીમહાપ્રભુજી
પરમાનંદ દીયો ધરી. ૨

શ્રીયમુનાજીના પદ (પદ-૧૦૦)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

નમો દેવિ યમુને કરિ નેક દાયા;
દીન શુલ્ક દાસી યે જાચે ચરન કમલ કી છાયા. ૧
પ્રેમ પુષ્ટિ રસ ભીખ નિરંતર મોહિ કૃપા કરિ દીજૈ;
દૈવી જન સંકલ્પ સત્ય દઢ ઈતૌ ઔર યશ લીજૈ. ૨
નિજાધની સુખ દુઃખ સુરતિ હરિ બિસરતિ હૈ કિહિ લેખેં;
કહૌ દસા સમુઝાઈ મોરિ કિન નેક કૃપા કરિ પેખેં. ૩
મન વચ કર્મ આસરૌ રવિજા ઔર ન સાધન આવે;
'વલ્લભદાસની' નિ રસિક સંગ મિલિ શરણ સદા ગુન ગાવે. ૪

ભાવાર્થ : હે દેવિ યમુને હું આપને નમન કરું છું. મારા ઉપર થોડી દયા કરો. આ દીનદાસી આપની પાસે યાચના કરવા આવી છે, તેને સદા આપના ચરણકમલની છાંયમાં જ નિવાસ ચાહે છે. માટે તો પુષ્ટિ ભક્તિ જે પ્રેમલક્ષણા છે તે પુષ્ટિરસ જોઈએ છે પણ આ રસ તો આપની પાસે સમુદ્ર અગાધ ભર્યો જ છે. તેથી જ હું આપની યાચના કરું છું કે કૃપા કરી તેમાંથી રંચક પણ મને પ્રાપ્ત થાય.

આપનો તો દઢ સંકલ્પ જ છે કે પ્રાણીમાત્ર ઉપર દયા કરવી ને માગે તે દેવું, ત્યારે હું તો શ્રીવલ્લભનો શરણાગત જીવ છું, માટે જ યાચના કરું છું કે આપ આપની બિરદતાનું પાલન કરો અને આટલો યશ વધારે લઈ લ્યો. મારા ઉપર કૃપા કરવાથી તો યશ વધશે જ, ઓછો થવાનો કોઈ સંભવ જ નથી.

પ્રભુ જે જીવને ભૂલી જાય છે તે જીવની સુધિ (યાદી) કરીને પ્રભુ પ્રાપ્તિ કરાવવી એ તો આપને સહજ પ્રીતિ હોવાથી પ્રભુને મનાવીને તે જીવનું કાર્ય કરાવો છો. તેમ મારા ઉપર કૃપા કરીને પ્રભુને મારી શું દશા છે, હું શું ચાહું છું, તે વિગતવાર બતાવો કે જેથી પ્રભુ થોડીસી કૃપા કરી જુએ.

હું એટલા માટે જ વિનંતી કરું છું કે, હે સૂર્યપુત્રી ! મારે બીજા કોઈનો આશ્રય નથી, તેમ કોઈ સાધનબળ નથી. મન, વચન અને કર્મથી આપને શરણે છું.

વલ્લભદાસી કહે છે–આપની કૃપાથી જ રસિકજન ભેળા મળીને લીલાનું ગુણાનુવાદ કરે તેમ હું પણ તે મહાનુભાવીઓ કે જેમના ઉપર રહી આપની કૃપા થઈ છે તેઓના સંગે રહી લીલા રસપાન કરું. ૧૦૦

॥ ઈતિ ॥

પરમ ભગવદીય શ્રીઅલીખાન પઠાન ની બેટી ભક્તિમતી પીરજાદી

(જેમણે પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીમદનમોહનલાલજીને શ્રીમદ્ ગોકુલથી ઊજ્જૈન પધરાવ્યા)

લેખક : પ.ભ. શ્રીહરિનારાયણ નીમા ઊજ્જૈન

પીરજાદી, પ્રકૃતિપ્રેમી પરમ ભગવદીય વૈષ્ણવ શ્રીઅલીખાન પઠાનની બેટી હતી. બાળપણમાં ગોકુલની કોઈ ગલીમાં તેની મિત્રતા એવી બાળાઓ સાથે થઈ ગઈ જેના ઘરે પ્રભુની સેવા હતી. તે પણ પોતાના પિતાને ઘરમાં મંદિર બનાવવા માટે જીદ કરવા લાગી. પોતાની લાડલી બેટીના આગ્રહને હાકિમ સાહેબ ટાળી ન શક્યા અને મંદિર માટે નીંવ ખોદવાનું કાર્ય આરંભ કર્યું. એક દિવસ શુભ મુહુર્તમાં મંદિરની નીંવમાં મહાજ્યોતિ દેખાણી જેના પ્રકાશમાં શ્રીમદનમોહનજીના દર્શન થયા પછી તો પીરજાદીનો મનોરથ પૂરો થયો. ભગવદીય જીવનનો સંચાર કરવાવાળી મહાશક્તિને શ્રીગુસાંઈજીએ વંદન કરી સેવાની રીત પીરજાદીને બતાવી અને નિત્ય સેવાનો ક્રમ શરૂ થઈ ગયો.

આ અલૌકિક આદાન પ્રદાન એવું જ થયું જેવું ભગવાન તથાગત બુદ્ધે પોતાના હાથમાં રાખેલા પરમ પવિત્ર કમલપુષ્પને પોતાના શિષ્ય મહાકશ્યપને આપી પોતાની અન્તર્નિહિત મહાશક્તિનો અંશ સહજરૂપથી દઈ દીધો હતો.

શ્રીગુસાંઈજીની કૃપાપાત્ર પીરજાદી પોતાના પિતા જેવી ન તો પખાવજ વાદનમાં હોંશીયાર હતી, ન તો પદ રચનાઓ કરતી હતી. તેણે મૌનની ભાષામાં એક લીટીનું એવું મહાપુરાણ લખ્યું જે સદીઓથી વૈષ્ણવજનોને ધર્મ પથે ચાલવાની શિક્ષા આપી રહ્યું છે અને ભવિષ્યમાં પણ આત્મકલ્યાણના માર્ગે ચાલવા પથિકોને પ્રકાશ આપતો રહેશે. જે છે શ્રીમદનમોહનલાલજીની ચરણચોકીના અગ્રભાગમાં ઉત્કીર્ણ પંક્તિ ‘શ્રીવલ્લભદાસેભ્યો નમઃ’ શ્રીમદનમોહન પ્રભુને પીરજાદી પોતાના સાસરે મિર્જા પરિવારમાં ઊજ્જૈન સાથે પધરાવી લાવી. તે જ્યાં સુધી જીવતી રહી ત્યાં સુધી તેણે સેવા કરી અને તેના મરણ પછી પરિવારે ‘વકફ’ બનાવી મિર્જાવાડી પરિસરમાં મંદિર બાંધી દીધું. શ્રીઠાકોરજીની સેવાનો ભાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રથમ પીઠ કોટાના અધિપતિ ગોસ્વામી મહારાજને સોંપી દીધો. લગભગ ૩૫૦ વર્ષથી પણ વધારેનો સમય થઈ ગયો. ઊજ્જૈનમાં આ મંદિર પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકા મુજબ ભાવપૂર્ણ સેવા, ઉત્સવ, મહોત્સવ અને મહામહોત્સવ આનંદથી વૈષ્ણવજનો લાભાન્વિત થઈ રહ્યા છે.

મંદિરના અધિપતિ વાજપેયી દીક્ષીત સોમયાજી નિત્યલીલાસ્થ ગોસ્વામી ૧૦૮ શ્રીરણછોડાચાર્યજી મહારાજશ્રી ‘પ્રથમેશજી’એ ઊજ્જૈન પધારી અનેક ધાર્મિક આયોજનો કર્યા છે. આપે પોતાના ઠાકોરજી શ્રીમદનમોહનલાલજીને સાથે પધરાવી ઊજ્જૈનમાં થતાં કુંભમેળામાં એક માસ સુધી વિવિધ મનોરથો કર્યા હતા.

નગરની મધ્યમાં રહેલ આ મંદિર (હવેલી) આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની ઘણી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે. શ્યામસુંદર શ્રીમદનમોહનજીની હવેલીમાં શ્રીબદ્રીજી કીર્તનીયા સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા સિંધિયા સ્ટેટના જમાનામાં ખ્યાતિપ્રાપ્ત સંગીતજ્ઞ હતા. હમણાં જ ગોકુલથી આવેલ પંડિત શ્રીકૃષ્ણવલ્લભ મુખિયાજીની સેવા, શ્રૃંગાર, સામગ્રી, કીર્તન, સાહિત્ય, આયુર્વેદ, જ્યોતિષ વગેરે અનેક વિષયોમાં પ્રસિદ્ધિ હતી. હાલમાં શ્રીચંદ્રશેખર શર્મા મુખિયા વિવિધ ભાષાઓના જ્ઞાતા, ચિંતનશીલ અને મૃદુભાષી છે અને શ્રીઠાકોરજીની સ્નેહપૂર્ણ સેવામાં તત્પર છે.

મંદિરની સેવા વ્યવસ્થા દેખરેખ અને શાશકીય, અશાશકીય આદિ બધા મહત્વપૂર્ણ કાર્યો ચાર પેઢીથી મૂળ જામનગર નિવાસી શેઠ જેઠાલાલ હીરજીભાઈ વેદ પરિવાર કરી રહ્યા છે. હાલમાં આ પરિવારનાં ઉત્સાહી યુવા સદસ્ય શ્રીદિલીપભાઈ દેવીદાસભાઈ વેદ (વકીલ) પોતાની સેવાઓ આ ઐતિહાસિક અને ઊજ્જૈન નગરના અતિ પ્રાચીન પુષ્ટિમાર્ગીય મંદિરને આપી રહ્યા છે.

શુદ્ધાદ્વૈત પુષ્ટિ ભક્તિમાર્ગ પ્રવર્તક હરિવદન વૈશ્વાનરાવતાર શ્રીવલ્લભપ્રભુ શ્રીવલ્લભવંશ અને શ્રીવલ્લભ ચરણાશ્રીતોને પ્રણામ કરી ભક્તિમતી પીરજાદીના પ્રતિ નીચે મુજબ શ્લોક ઉદ્ધત કરવા ચાહું છું.

વાંછા કલ્પતરૂભ્યશ્ચ કૃપાસિંધુભ્ય એવ ચ ।
પતિતાનાં પાવનેભ્યશ્ચ વૈષ્ણવિભ્યો નમો નમઃ ॥

કાવ્ય કુંજ

હરિ વિલસે

– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

હરિ વિલસે અંગેઅંગે તો આનંદ થાય !
હૈયુ તલસે અંગેઅંગે તો આનંદ થાય !
વિરહાગ્નિથી પ્રજ્જવલિત સ્નેહની દિવ્યતા
મન પરસે અંગેઅંગે તો આનંદ થાય !
નિઃસ્વાર્થ પ્રગાઢ પ્રેમના સ્પંદનો
ઉર દરસે અંગેઅંગે તો આનંદ થાય !
ઉષ્મ સંતપ્ત ઉર્મિના ઉન્મદ ભાવ
જો કર્ષે અંગેઅંગે તો આનંદ થાય !
મનોરથોની ઉષ્ણ મોહક માયાજાળ
અરસેપરસે અંગેઅંગે તો આનંદ થાય !
ચિત્તચોર નટખટ નંદલાલની
કૃપા વરસે અંગેઅંગે તો આનંદ થાય !

અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજી પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત - બ્રહ્મવાદ

સંકલન : જીવનભાઈ જે. રૂપારેલીયા

બ્રહ્મવાદ – ઉપોદ્‌ઘાત

મનુષ્યમાત્રનું પરમધ્યેય સુખની પ્રાપ્તિ છે. જગતમાં સર્વ પ્રાણી જન્મ લેતાની સાથે જ સુખની શોધમાં હોય છે. પ્રવૃત્તિ એ પ્રકૃતિનો સ્વભાવ છે પણ બહુ જૂજ મહાભાગ્યશાળી મનુષ્ય આ સાચા સુખને પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય સુખના સાચા સ્વરૂપને સમજી શકે તેવું સાચુ સુખ ક્યાં પ્રાપ્ત થશે તે જાણ્યા વિના જ સીધા જ સુખની શોધમાં લાગી જાય છે.

શાશ્વત, અપરિછિન્ન, અસીમ તથા સ્વતંત્ર સુખની પ્રાપ્તિ માટે સચ્ચિદાનંદ સ્વરૂપની જેને પ્રાપ્તિ થયેલી છે તેનો સંગ કરવાથી જ અસિમીત સુખની પ્રાપ્તિ થઈ શકે છે. મનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય 'સુખસ્વરૂપ'નું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું તે જ હોઈ શકે અને આવું જીવન ચરિતાર્થ કરવા તેનું જ્ઞાન ધર્મશાસ્ત્રોના વાંચન દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

આજના યુવકો 'ધર્મ' શબ્દ સાંભળી હસે છે અને નિરર્થક માનીને તેના પ્રત્યે દુર્લક્ષ્ય સેવે છે. હકીકતમાં 'ધર્મ' શબ્દથી માનવે ગભરાવાની જરૂર નથી. જેમ બ્રહ્મ, પરમાત્મા કે ઈશ્વર જેટલા વ્યાપક છે તેટલો જ 'ધર્મ' શબ્દ વ્યાપક રીતે ફેલાયેલો છે. મનુષ્યજીવન કેવળ બાહ્ય સ્થૂળ પ્રકૃતિનું બનેલું નથી પણ તેની અંદર એક અદ્રશ્ય, સૂક્ષ્મ જીવન પણ છે, અને તે જ વધુ મહત્વનું છે. સૂક્ષ્મ શરીરના આદેશ મુજબ સ્થૂળ શરીર કાર્ય કરે છે તેમજ અંતઃકરણની ભિન્ન ભિન્ન પ્રકારની ઉપાધિને લીધે જગતની વિવિધતા દ્રષ્ટિગોચર થાય છે. જગતના બધાજ ધર્મોનો હેતુ શાશ્વત સુખ આપવાનો છે. પણ મનુષ્ય જ્યારે આત્માના વિશાળ તત્ત્વને પોતાની ટૂંકી બુદ્ધિનો વિષય બનાવી તે પ્રમાણે વર્તવા આગ્રહ કરે છે ત્યારે જગતના ધર્મોમાં સંઘર્ષણ થાય છે. અને ઝનૂની, દુરાગ્રહી, ધર્માન્ધતા, અસહિષ્ણુતા લાવી સર્વનાશ કરનાર હિંસાને પ્રગટાવે છે.

ધર્મોના રહસ્યોમાં જે વિવિધતા નજરે પડે છે તે ધર્મના રસનો અનુભવ કરાવે છે. આથી આત્મદર્શી ધર્માત્માઓ પ્રભુના આ જગતરૂપી ક્રિડાભાંડમાં પરમાત્માની વિવિધ લીલા જોઈ તેના અનેક નામ અને રૂપના દર્શન કરી આનંદ પામે છે. હકીકતમાં આવા ધર્માત્માઓ (પરમાત્માના) પ્રાકૃત નામ કે રૂપ વિશેષમાં ફસાતા નથી. તેઓ સર્વાત્મભાવ હોઈ, તાત્ત્વિક સમજથી જીવનનું રહસ્ય પ્રાપ્ત કરી લે છે અને તેમના આત્માને પરમાત્માનો સાક્ષાત્કાર થયેલો હોઈ તેમનામાં આત્મબુદ્ધિ આવેલી હોય છે. આવા

ધર્માત્માઓ આચાર્યોની દ્રષ્ટિ આત્મા પર સ્થિર હોઈ અચિન્ત્ય, આનંદસ્વરૂપ, રસરૂપ પરમાત્માના સ્વરૂપમાં લીન હોય છે. તેઓમાં પૂર્વગ્રહ, આચારની જડતા, અહંતાનો નાશ થયેલો હોય છે. માત્ર ! સત્યનિષ્ઠ, દીનતા, પ્રકાશ, સેવાવૃત્તિ તથા ભગવતવૃત્તિના સંસ્કાર હોય છે.

'ધર્મ' એટલે ધારણ કરવું તે.અર્થ કે–આત્મતત્ત્વને જાણી ઈશ્વર સાથેનો સંબંધ ધારણ કરવો તે. આત્મતત્ત્વની દ્રષ્ટિએ વિશ્વના ધર્મોમાં હિન્દુ ધર્મની એક વિશેષતા એ છે કે અન્ય ધર્મોની જેમ તે કોઈ એક વ્યક્તિથી સ્થાપિત નથી. હિન્દુધર્મમાં દરેક દૈવી પુરૂષને જે આત્મ અનુભવ થયેલો તે તેમણે જગત સમક્ષ પ્રગટ કરેલો છે. અને આથી જ આ સત્યો તેના મૂળ સ્વરૂપમાં બધા ધર્મોની તાત્ત્વિક કસોટીમાં સર્વોચ્ચ સ્થાન ભોગવે છે. હિન્દુ ધર્મ તો આત્મચિંતનનો મહાસાગર છે. અનેક મહર્ષિઓએ આત્મજીવન જીવી પોતાના આર્ષ અનુભવ જગત સમક્ષ મૂકેલા છે. દરેકનો અનુભવ એકજ હોવા છતાં રસના ઔચિત્યને કારણે માર્ગ નિરાળા છે અને આથી જ હિન્દુ ધર્મની ઉદાર ભાવના આત્મકલ્યાણના દરેક વિચારને સ્થાન આપે છે. અહીં....કાયરતા નહીં પણ....સહિષ્ણુતા, અહિંસા, તત્ત્વનિષ્ઠા તથા તાત્ત્વિક ઉદાર સમજ છે.

દરેક ધર્મને બે સ્વરૂપ છે. આંતર અને બાહ્ય. આંતરધર્મમાં તત્ત્વવિચાર છે અને બાહ્યધર્મમાં વિધિનિષેધયુક્ત આચાર ધર્મ છે. આ આચારધર્મ ગૌણ છે કારણ કે તે કાળ પરિવર્તન સાથે બદલાતો રહે છે. પણ...આ તત્ત્વવિચાર ધર્મનું મુખ્ય આંતરિક સ્વરૂપ છે. સામાન્ય માણસ અજ્ઞાન અને અંધશ્રદ્ધાવાળો હોવાથી તે આચારધર્મ પર વિશેષ ભાર મૂકતો જોવામાં આવે છે. આમ છતાં પણ...સાધનદશામાં આચારયુક્ત સંયમવાળો બાહ્યધર્મ આત્મરક્ષા માટે જરૂરી પણ છે પણ જ્યારે સાધ્ય–સાધનના ભેદનો વિવેક સમજવામાં નથી આવતો ત્યારે અનેક પ્રકારના અનિષ્ટ પરિણામો જોવામાં આવેલા છે.

અત્યારની પરિસ્થિતિ આવી જ છે ! આથી જ આચાર વિચારના વ્યવહારો જડ થયેલા જોવામાં આવે છે એટલું જ નહીં પણ આચાર પાલનની દ્રષ્ટિ પણ સંકુચિત થઈ ગયેલી છે અને આથી જ નમ્રતાની જગ્યાએ મિથ્યાભિમાન, જ્ઞાનને ઠેકાણે અજ્ઞાન અને ભક્તિની જગ્યાએ ઉંચનીચની ભાવના થકી બહુજન સમાજ અંતર્મુખ થવાને બદલે બહિર્મુખ થતો જાય છે. શાંતિ કે સુખ નથી અને કલહ–કજીયા–કંકાસે ગૃહપ્રવેશ કરેલો છે. લૌકિકતાએ ધર્મનું સ્થાન લીધેલું છે અને ધર્મના નામે અધર્મયુક્ત આચારપાલને સ્થાન લીધેલું છે. આત્મદર્શન માટે ધર્મ માર્ગ અપનાવવો અને સમવૃત્તિપૂર્વક સત્યનિષ્ઠ થઈ આદર્શ જીવન જીવવું એ જરૂરી છે. આથી જીવન જે છે તેનાથી થોડુંક વધારે ગંભીર, ધાર્મિક અને સમજયુક્ત નીતિમય હોવું જરૂરી છે. આથી ધર્મપાલનમાં કૃત્રિમતા, અશ્રદ્ધા ચાલી જશે અને ધર્માચાર રસયુક્ત થશે જ. અને...આવા સતત વિચારોથી જ, પછીથી પ્રભુથી વિમુખ થવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. મનુષ્યને ધર્મપાલન માટે ધ્યેયનિષ્ઠ થવું જરૂરી છે. અને આનાથી જ ધર્મજિજ્ઞાસા દ્વારા બ્રહ્મજિજ્ઞાસા પ્રાપ્ત થવા માટેની પરિપૂર્ણતા આવી શકે છે.

—ક્રમશઃ

કાવ્ય–કુંજ

વૈષ્ણવને વહાલું રે ગોકુળ જાવું

(ઢાળ– વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું શ્રીદયારામ)

વૈષ્ણવને વહાલું રે શ્રીગોકુળ જાવું,
શ્રીકૃષ્ણ પદ રજ શિર ધરી પાવન થાવું,
શ્રીયમુનાજી સ્નાન જલ પાન કરી આવું. વૈષ્ણવને વહાલું રે....
વ્રજભૂમિ વૈષ્ણવ મન અતિ પ્યારી,
જયાંહાં ગિરિધારીએ ગાયો ચારી,
એને નિરખતાં સુધરે મતિ ન્યારી. વૈષ્ણવને વહાલું રે....
જયાંહાં શ્રીકૃષ્ણ લીલા વિના કોઈ વાત નથી,
જયાંહાં શ્રીકૃષ્ણ મંદિરનો પાર નથી,
જયાંહાં દર્શન વિના મન પ્રસન્ન રહેતું નથી. વૈષ્ણવને વહાલું રે....
રાધાકૃષ્ણ પ્રેમ ગીત ગૂંજે સદા કાળી,
વેણુનાદ રસાસ્વાદ શ્રવણની ઈચ્છા ભારી,
વ્રજલીલા શ્યામ સેવા ભક્તિભાવ દ્રઢ કરનારી. વૈષ્ણવને વહાલું રે....
વ્રજ જન વૈકુંઠથી ના ખુશ જોયાં,
વ્રજ સુખ બ્રહ્મસદનમાં ના જોયાં,
જાણ્યાં નંદકુંવર નંદ–યશોદા વહાલ સોયાં. વૈષ્ણવને વહાલું રે....
ચોરાશી કોશ વ્રજ ફરવું,
સાત કોશ ગિરિ ચરણ ધરવું,
બાર બાર વન ઉપવન સ્મરણ કરતાં મન ભરવું. વૈષ્ણવને વહાલું રે....
શુક મયૂર સારસ હંસ આદિ હરિ સેવતાં લાગ્યાં,
માન સરોવર રસાળ શ્રીયમુનાજી વહેતાં લાગ્યાં,
શીતળ મધુર પવન વાર્તા શ્રીકૃષ્ણની કહેતાં લાગ્યાં. વૈષ્ણવને વહાલું રે....
વ્રજકુંજ નિકુંજ ફુલવેલ ભરપુર દેખાણી,
આમ્ર તરુ અમૃત રસ દે મનમાણી,
એવી વ્રજભૂમિ રસાળ અન્ય દેવોએ વખાણી. વૈષ્ણવને વહાલું રે....
ગોકુળ મથુરા વૃંદાવન વ્રજનાં શાં કરવાં વખાણ,
શ્રીજીચરણ અનુરાગી શ્યામ સેવા કરતાં ગાયે ગાન,
શ્રીમહાપ્રભુજી નિજાનંદનું ક્યારે કરશે દાન. વૈષ્ણવને વહાલું રે....

'શ્રીજીચરણઅનુરાગી' અમદાવાદ.

સંપ્રદાયની સ્થિતિ ઉપર પ્રકાશ

લેખક : દ્વારકાદાસ પરીખ

આજ સંપ્રદાયની જ નહીં સારાય વિશ્વની સ્થિતિ ડામાડોળ છે. ચાર પુરૂષાર્થોમાંના બીજા પુરૂષાર્થને રાજસિંહાસન મળી રહ્યું છ. 'ધર્મ'નું સ્થાન 'અર્થ' લઈ રહ્યું છે. અર્થે પોતાના સહયોગી તૃતીય પુરૂષાર્થને મંત્રી બનાવ્યો છે. મોક્ષને વિદાય આપી દીધી છે, એટલે રાજ,સમાજ અને ધર્મ ત્રણેય ક્ષેત્રોમાં તૃતીય પુરૂષાર્થ 'કામ' ની જ મંત્રણા વ્યાપ્ત થઈ છે. આ રીતે 'અર્થ' અને 'કામ' ની જ દુહાઈ આખા વિશ્વમાં ફરી રહી છે. એથી સર્વત્ર પરિવર્તન થવું સ્વાભાવિક છે. આ પરિવર્તન પ્રસુતિની વેદના જેવું દુ:ખદ છે. આને સંક્રાતિ કાલ માની સમસ્ત આસ્તિક પ્રજા બહુ પ્રકારથી નામસ્મરણ, જપ–પાઠ, દાન–પુણ્ય આદિ વડે એને પૂણ્ય–પર્વ બનાવે તો અંતે આ પરિવર્તન પણ ફલપ્રદ થશે જ એમાં લેશમાત્ર પણ સંદેહ નથી.

સંપ્રદાયમાં પણ આ સમયે એક વિલક્ષણ પરિવર્તન થઈ રહ્યું છે. શ્રીહરિરાયજી આ શબ્દોમાં આ પરિવર્તનનું સ્વરૂપ આ પ્રકારનું અનુભવાય છે.

સંગ્રાહયિતુમખિલં તૈઃ ક્રીડપિતુમેવ ચ
શકલીકર્તુમધુના પ્રમોર્બાલ ચિકર્ષિતમ્ (શિક્ષાપત્ર–૧૩)

આધુનિક કાલમાં આ પ્રકારની પ્રભુની બાલલીલા જોવામાં આવે છે. પ્રભુની આ અટપટી લીલા સમજી શકાય એવી ન હોવાથી સંપ્રદાયના હિતૈષી સત્પુરૂષો પણ મુંઝવણમાં પડ્યા છે. હૃદયમાં એક અનિર્વચનીય વેદના અનુભવી રહ્યા છે અને કિંકર્તવ્ય વિમૂઢ બની ગયા છે. કિન્તુ 'શ્રીકૃષ્ણ હાર્દવિત્' શ્રીમદાચાર્યચરણનું નિગૂઢ હૃદય જે અનન્ય ભક્તોમાં ઠલવાતું રહ્યું છે તેવા સ્વકીયોને આ પરિવર્તનથી કોઈપણ પ્રકારની મુંઝવણ નથી, ચિંતા નથી, કલેશ નથી. તેઓ તો આંમાય 'તથૈવતસ્યલીલેતિ'નો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી ફલાનુંભવજ કરી રહ્યા છે. તેઓ પુષ્ટિની આ ચતુર્થપ્રવાહ અવસ્થાનો એકાંતિક અનુભવ કરી, તેના નિરોધમાં રસમગ્ન બન્યા છે. ધીર અને વીર થઈ વધુને વધુ માર્ગમાં દ્રઢ થતા જાય છે. ખેલાડીના આ લીલા વૈચિત્ર્યના રહસ્યને સમજીને વિશેષ આનંદ માણી રહ્યા છે.

શ્રીમદાચાર્યચરણ અને તેમના ઉક્ત તદીયોની પૂર્ણ દયા વિના આ ચતુર્થ અવસ્થા કોઈનાથી સમજાય તેવી નથી, અને તે ન-સમજાય ત્યાં સુધી જીવના ધીરજ, વિશ્વાસ અને શ્રદ્ધા ટકી શકે એમ પણ નથી, એજ કારણ છે કે આજના ભાવ–વૃદ્ધ, ગોસ્વામી બાલકો, વિદ્વાનો અને વૈષ્ણવોએ ત્રણેય અધીર, વિહ્વલ અને આશ્ચાર્યાન્વિત બની રહ્યા છે. તેમજ પરસ્પર દોષારોપણ કરતાયે જોવામાં આવે છે. આ પણ પુષ્ટિની ચતુર્થ અવસ્થાનું એક ક્રીડા અંગ છે. એ 'બિભત્સ' રસના વિલાસરૂપ છે. મોટા પુરૂષોને ન છાજે એવા કાર્યો જ્યારે તેઓ કરે ત્યારે 'બિભત્સ' રસ પ્રકટ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા બળદેવજીનાં

ચરણનું સેવન એ 'બિભત્સ' રસને પ્રકટ કરનારું છે, એ સુબોધિનીસ્થ આચાર્ય મંતવ્ય અત્રે સ્મર્તવ્ય છે. આજે એવા કાર્યો સર્વત્ર દેખાય છે. એટલે સૂરદાસજીના શબ્દોમાં કહીએ તો–

શઠ પંડિત વેશ્યા વધૂ સબે ભયે એક સાર,
અહો હરી હોરી હે ।

આ ફાલ્ગુન રસના આનંદનો અનુભવ રસિકોને આજની લીલામાં થઈ રહ્યો છે. આમ રસાત્માનું રસક્રીડન બધી જ રીતે મર્મજ્ઞોને માટે તો ફળરૂપ બને છે.

શ્રીમદાચાર્યચરણના સિદ્ધાંતને અનુસાર પુષ્ટિમાર્ગના પ્રભુ રસાત્મા છે. પુષ્ટિમાર્ગ પણ 'ભગવન્માર્ગ' હોઈ રસરૂપ જ છે. અને પુષ્ટિસૃષ્ટિ પણ તદ્રુપ અર્થાત્ ભગવદ્રુપ હોઈ રસમયી જ છે. લીલાની સિદ્ધિને અર્થે જ પુષ્ટિ જીવોમાં સ્વરૂપ, ગુણ આદિનું તારતમ્ય રહેલું છે. વસ્તુતઃ ભગદદ્રુપ જ છે. તે વાત 'સ્વરૂપેણાવતારેણ' એ 'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથવાળા કથનથી સ્પષ્ટ સમજાય છે. આમ હોવાથી પુષ્ટિસ્થ પ્રભુ જ આ માર્ગમાં કર્તા–ભોક્તા અને પ્રેરક બની દશવિધ રસક્રીડાઓથી સદાય આક્રાંતપણે સ્થિત છે. અત્રે કાલ, કર્મ, સ્વભાવ કે માયા આદિ પ્રેરક વા નિયામક નથી તેથી પુષ્ટિમાર્ગમાં બનતી સર્વ ઘટનાઓ પ્રભુનીજ અંતરંગ લીલારૂપ છે. જેમ સંવત્સર લીલાત્મક વર્ષભરની સેવામાં સમય સમય ઉપર પ્રભુ વિવિધ ઋતુઓ અને તેની સામગ્રીઓનો ભોગ કરી સ્વાનંદાનુભવ કરે છે તેમ અને તેજ પ્રકારે માર્ગ અને માર્ગ સ્થિત નિજજનો દ્વારા આપ દશેય રસનો સ્વઈચ્છાનુકુળ ભોગ કરે છે. તેમાં એક કાલાવચ્છિન્ન અનેક લીલાઓનો સમાવેશ થાય છે.

પુષ્ટિસ્થ પ્રભુ અતિ કોમળ સ્વભાવવાળા છે. તેથી સ્વભક્તોની પ્રકૃતિને બદલ્યા વિનાજ તદનુકૂળ પ્રકારે આપ તેની સાથે વિવિધ રસ–લીલાઓ કરે છે. કેમકે પ્રકૃતિને બદલવામાં 'કંચુકી ત્યાગ' જેવું પ્રાણાંત કષ્ટ ભક્તને થાય છે તે કરૂણાદ્ર પુષ્ટિ પ્રભુ કેવી રીતે સહન કરી શકે ? તેથી જ આપ નિર્ગુણ હોવા છતા સાત્વિક રાજસ–તામસ પ્રકૃતિભેદવાળા સ્વજનોની સાથે તે તે પ્રકારના ભાવ–ભેદો વડે તે તે પ્રકારની લીલાઓ કરી તે તે જીવોનો સ્વરૂપાદિમાં નિરોધ કરે છે. અને તેના આનંદનો પુનઃ પોતે ભોગ કરે છે. પુષ્ટિમાર્ગની મર્યાદા માર્ગથી આ વિલક્ષણતા અને વિશેષતા છે.

શ્રીપ્રભુચરણ અને શ્રીદામોદરદાસજીના સંવાદ ને અનુસાર ભૂતલ ઉપર લીલાના દૈવી જીવો ૧૦૮. ૧૦૮ ભાવપ્રકારોથી પ્રગટ થયા છે તે પુનઃ દ્વાદશાંગ અને તેના ધર્મ ધર્મી પ્રકારોથી ૮૪ ભેદોથી વિસ્તરીત થયા છે. તે પુનઃ પ્રતિઅંગ અને પ્રતિધર્મ ધર્મીની અનેક ચેષ્ટાઓ–ભાવનાઓ આદિથી અગણિત ધર્મરૂપોથી પ્રકટયા છે. આમ પુષ્ટિસૃષ્ટિના વિસ્તારનો ક્રમ છે. આ સર્વેયમાં મુખ્યપણે ચાર ભેદો સ્વીકારાયેલા છે. એક નિર્ગુણ અને ત્રણ સગુણ સાત્વિક રાજસ–તામસ. આ સગુણ ભેદો નિર્ગુણની જ ભાવનાના પ્રકારો હોઈ પારિભાષિક છે. વસ્તુતઃ તે પણ નિર્ગુણ ભાવ રૂપ જ છે. એથી આ ચારેય ધર્મી રૂપો છે. ઉભયમાં તારતમ્ય કેવળ આંતર બાહ્ય સ્વરૂપ અને લીલા આદિથી જ છે. નિર્ગુણો આંતર ભાવાત્મક સ્વરૂપ અને તેની કેવળ ભાવમયી લીલામાં વિશિષ્ઠ સ્વરૂપ અને તેના બાહ્ય રમણવાળા સ્વરૂપાનંદની ભાવનામાં નિરુદ્ધ હોય છે.

—ક્રમશઃ

મુચુકુંદોદ્ધાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

મથુરાના પાપી રાજા કંસને માર્યા પછી તેનો સસરો જરાસંઘ ૧૭ વખત મથુરા પર ચડી આવ્યો હતો પણ દરેક વખતે તે પરાજીત બની રહ્યો હતો. અઢારમી વખત મોટા પાયા પર લડવાનો વિચાર કરી તેણે તૈયારી કરવા માંડી. આ દરમિયાન યવન રાજા કાલયવને પણ અસંખ્ય યવનો સાથે આવી મથુરાને ઘેરો ઘાલ્યો. શ્રીકૃષ્ણે બળદેવજી સાથે વિચાર વિમર્શ કરી મથુરાવાસીઓએ મથુરા ત્યજી અન્યત્ર જવાનું નક્કી કર્યું. ભગવાનની ઈચ્છા પ્રમાણે એવું નક્કી કરવામાં આવ્યું. ગોવાળોને પણ મહાવનમાંથી વૃંદાવન લઈ ગયા હતાને ? ભક્તવત્સલ ભગવાને અદ્‌ભુત ઉપાય કર્યો. વિશ્વકર્મા દ્વારા સમુદ્રમાં બાર યોજનનું એક અદ્‌ભુત નગર જલદુર્ગ રચાવી દીધો. એમાં સુવર્ણના તો મહેલો હતા. નગરની અદ્‌ભુત અલૌકિક રમ્યતા, ભવ્યતા અને દિવ્યતા હતી. સ્ફટિકના પાયાસ્તંભો, અટ્ટાલિકાઓ, ગોપુરો, કોઠારો અને ભંડારો નગર વચ્ચે ભગવાનનું ભવ્ય મંદિર પોતાના વિપુલ કુટુંબ સાથે વસી શકે એવું ભગવાનનું એ ભવ્ય મંદિર. પોતાના પ્રભાવથી મથુરાવાસીઓને શ્રીકૃષ્ણએ દ્વારકા નગરીમાં લઈ ગયા. જરાસંઘ કદાચ ચડી આવે તો રક્ષણનું કામ બલભદ્રજીને સુપ્રત કરી પોતે આયુધ વિનાના થઈને મથુરામાંથી બહાર નીકળ્યા. ભગવાને ધાર્યું હોત તો કાળયવને મારી શકત પણ ભગવાનને હાથે મરનારને તો મોક્ષ આપવો પડે. પાપી કાળયવન મોક્ષનો અધિકારી ન હતો. ઉપરાંત એક બીજી લીલા પણ આચરવાની હતી. એક ભક્તનો –મુચુકુન્દનો ઉદ્ધાર કરવાનો હતો. આયુધ વિનાના કૃષ્ણને નગરીમાંથી ઝડપપૂર્વક બહાર નીકળતા જોઈ નારદના વર્ણન પ્રમાણે એજ કૃષ્ણ હશે એમ માની નગર બહાર ઘેરો ઘાલી બેઠેલો કાળયવન એમને પકડવા એમની પાછળ પડયો. શ્રીકૃષ્ણ પગલે પગલે કેમ જાણે પકડાઈ જતા હોય એમ દેખાડતા દૂર એક પર્વતની ગુફા સુધી પહોંચ્યા અને ગુફામાં પ્રવેશ કર્યો. પાછળ પડેલો કાળયવન પણ એમની પાછળ ગુફામાં પ્રવેશ્યો અને જોયું તો એક પુરૂષ સૂતો છે. શ્રીકૃષ્ણે એના પર પોતાનું પીળું ઉપવસ્ત્ર ઓઢાડયું હતું. આજ શ્રીકૃષ્ણ હશે એમ માની મૂર્ખ કાળયવને સૂતેલાને લાત મારી. નિદ્રાવશ તે પુરૂષ એથી જાગ્રત બની રહ્યો અને ધીરે ધીરે નેત્રો ઉઘાડી દિશાઓ તરફ જોવા લાગ્યો. એક બાજુ ઉભેલા કાળયવન ઉપર તેની દ્રષ્ટિ પડતાં જ કાળયવન બળીને ભસ્મ થઈ ગયો. કથા સૂણાવતા શ્રીશુકદેવજી મહારાજને પરીક્ષિત રાજાએ પૂછયું : હે શુકદેવજી, કાળયવનનો એ રીતે નાશ કરનાર એ પુરૂષ કોણ હતો ? તેનું નામ શું હતું ? આવો પ્રભાવશાળી પુરૂષ આ ગુફામાં શાથી આમ સૂઈ રહ્યો હતો ? ભગવાનને શાથી આ રીતે અહીં આવવું પડયું ?

શુકદેવજી બોલ્યા : હે રાજા પરીક્ષિત ! તે પુરૂષ ઈક્ષ્વાકુ રાજાના વંશજ માંધાતા રાજાના પુત્ર મુચુકુંદ હતા. સત્યપ્રતિજ્ઞાવાળા અને બ્રાહ્મણોના ભક્ત હતા. ઘણા વખત સુધી તેમણે દેવોની રક્ષા કરી હતી. દેવોએ મોક્ષ વગરનું વરદાન માગવાનું કહ્યું. મોક્ષ પ્રદાતા તો ભગવાન વિષ્ણુ. ભગવદરૂપ દર્શનના

અધિકારી રાજાએ ભગવદ દર્શન ન થાય ત્યાં સુધીની નિંદ્રા માગી. દેહાદિમાં વિકૃતિ ન આવે એથી નિંદ્રા માગી. તેમાં વિઘ્ન કરે તે જોતાં જ ભસ્મસાત્ થાય. ભગવાને એ રીતે કાળયવનને ભસ્મસાત્ કર્યો અને મુચુકુંદને દર્શન દીધા. જન્માંતરે તેને ભગવાને મુક્તિનું વરદાન આપ્યું. મુચુકુંદે ભગવાનની સ્તુતિ કરી અને પછી ભગવાનને વંદન કરીને તેઓ ગુફામાંથી બહાર નીકળીને ગંધમાદન પર્વત ઉપર ગયા અને પછી બદરીકાશ્રમમાં રહીને શ્રીહરિની આરાધના કરવા લાગ્યા. હવે પછી બ્રાહ્મણને ત્યાં જન્મ લીધા પછી મુક્તિ મળશે. અનુશ્રુતિ તો છે કે એ મુચુકુંદ રાજા નરસિંહ મહેતા તરીકે અવતર્યા હતા. જે ભગવાનના પરમ ભક્ત હતા. ભક્તવત્સલ ભગવાનને બાવન વખત સહાય કરવા દોડાદોડી કરાવનારા એવા ભગવાનના પરમ ભક્ત ! એમ પણ કહેવાય છે કે એ નરસિંહ મહેતા પછી પુષ્ટિમાર્ગમાં વલ્લભાખ્યાન કર્તા ગોપાલદાસજી થયા ! ભગવાનની લીલા છે. !

પુસ્તક પરિચય

☐ **ષોડશ ગ્રંથ :** (સરળ ગુજરાતી ભાવાર્થ સાથે) : આ પુસ્તક ૧૨૦ પેઈજનું છે. જેમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ષોડશગ્રંથ–૧૬ ગ્રંથો મોટા અક્ષરમાં છપાયેલા છે. તેમાં દરેક શ્લોકની નીચે તેનો સરળ ગુજરાતી ભાવાર્થ પણ આપેલો છે. આ ઉપરાંત પ્રાતઃસ્મરણ, મંગલાચરણ, અને સર્વોત્તમ સ્તોત્ર પણ અર્થ સાથે આપવામાં આવેલ છે. ન્યોછાવર રૂ.૨૦/– (પોસ્ટેજ રૂ.૧૦/– અલગ)

☐ **ષોડશ ગ્રંથ – (મૂલ) :** આ પુસ્તક નાની સાઈઝમાં ૬૪ પાનાનું તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ષોડશ ગ્રંથ (શ્લોક મૂળ સંસ્કૃત ભાષામાં પરંતુ ગુજરાતી લિપિમાં) ખૂબજ મોટા અક્ષરોમાં છાપેલા છે. જેથી પાઠ કરવામાં સરળતા રહે છે. આ ઉપરાંત પ્રાતઃસ્મરણ, મંગલાચરણ અને સર્વોત્તમ સ્તોત્રનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ન્યોછાવર રૂ.૧૦/– (પોસ્ટેજ રૂ.૧૦/– અલગ)

☐ **શ્રી ગિરિરાજ ચાલીસા :** આ પુસ્તક પોકેટ સાઈઝનું ૩૨ પેઈજનું છે. જેમાં શ્રી ગિરિરાજ ચાલીસા, શ્રીગિરિરાજજીની આરતી, શ્રીગિરિરાજજીની નામાવલી (અર્થ સાથે) તેમજ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત "ગિરિરાજ ધાર્યાષ્ટકમ્" ગ્રંથ પણ છે. ન્યોછાવર રૂ.૬/– (પોસ્ટેજ રૂ.૫/– અલગ)

ઉપરોક્ત ત્રણેય પુસ્તકોનું વિમોચન પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (રાજકોટ–ઉપલેટા)ના કરકમલો દ્વારા કરવામાં આવેલ. વૈષ્ણવોએ વસાવવા યોગ્ય ઉપરાંત પ્રસંગોપાત ભેટ આપવા યોગ્ય પુસ્તકો છે. પ્રાપ્તિસ્થાન : પ્લસ કોમ્યુનીકેશન્સ ૨૦૩, શાંતિ કોમ્પલેક્ષ, બીજે માળે, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્ય પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન નં. (૦૨૮૧) ૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨

website : www.pustimarg.com ઉપર પુસ્તકો નિહાળી મંગાવી શકાય છે.

e-mail : info@pustimarg.com

☐ **૭ બોલ શ્રીકૃષ્ણના :** પ્રકાશક–શ્રીહરિરાયજી પ્રકાશન, ભરૂચ. લેખક અને પ્રાપ્તિસ્થાન–દેવેન્દ્ર શાહ, ૫૦૨–આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ–૩૯૨૦૦૧. ફોન.૪૯૭૨૩, ૨૯૦૪૮.

૧/૮ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૫૪, સેક્સન સિલાઈ, પ્લાસ્ટીક પૂંઠુ. ન્યોછાવર રૂા. ૩૦/–

પુષ્ટિસાહિત્યના વિવિધતા અને વિશાળતાને કારણે તેનું સંકલન અને વર્ગીકરણ ઘણું જ આવશ્યક છે. આ કાર્ય માટે સ્વમાર્ગીય જ્ઞાન તેમજ કાળજીપૂર્વકની મહેનત ખૂબ આવશ્યક છે. પ્રસ્તુત પુસ્તકના લેખકે આ જવાબદારી સફળ રીતે નિભાવી છે. પુષ્ટિસાહિત્યને સાત ભાગમાં સંકલિત કરવામાં આવેલ છે. (૧) શ્રીવલ્લભના ગ્રંથ તથા સાહિત્ય (૨) શ્રીનાથજી તથા લીલાપરિકર (૩) સંપ્રદાયનું કીર્તન સાહિત્ય (૪) શ્રીમદ્ ભાગવત (૫) શ્રીદયારામભાઈની ભક્તિ નૌકા (૬) શ્રીવલ્લભ પરિવારનો ઈતિહાસ (૭) માર્ગની પરિભાષાનો પરિચય.

પુષ્ટિસાહિત્ય રસિકો, સંશોધકો, અભ્યાસીઓને માર્ગદર્શક સંદર્ભ પુસ્તક તરીકે એક અમૂલ્ય પુસ્તક.

☐ **રાજાધિરાજ શ્રીદ્વારકાધીશ :** લેખક–શ્રીરમેશભાઈ પરીખ. પ્રકાશક–શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ, ૪૧–૪૪, ઉર્મિ શોપીંગ સેન્ટર, બી.કે. સિનેમાની સામે, મહેસાણા–૩૮૪૦૦૨.

આઠ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૪૮, પીનબાઈડીંગ, ન્યોછાવર–'બાલપુષ્ટિ'ના ગ્રાહકોને સને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષનું ભેટપુસ્તક.

શ્રીદ્વારકાધીશ પ્રભુના, તેમના માહાત્મ્યની અને તેમના પ્રાગટ્યની વાર્તા સુંદર અને બાળ સુલભ તેમજ લોકભોગ્ય શૈલીમાં રજુ કરેલ છે. શ્રીદ્વારકાધીશજીનું પ્રાગટ્ય સૃષ્ટિની રચના પહેલા કેવી રીતે થયું અને ત્યારપછી સતયુગ, દ્વાપર યુગ, ત્રેતા યુગ અને કલિયુગમાં તેમની સેવા કોણે કેવી રીતે કરી તે સુંદર રીતે વર્ણવેલ છે. હાલ શ્રીદ્વારકાધીશ પ્રભુ ક્યાં બિરાજે છે અને તેમની સેવા કોણ કરે છે તે પણ દર્શાવવમાં આવેલ છે.

સર્વે વૈષ્ણવ પરિવારજનોએ વાંચવા અને વસાવવા યોગ્ય પુસ્તક.

☐ **આનંદનો આવિષ્કાર ભાગ–૧ :** લેખક–પ્રા. રમેશભાઈ પરીખ. પ્રકાશક–શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, બી.કે. સિનેમા સામે, મહેસાણા–૩૮૪૦૦૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૩૬, સેક્સન સિલાઈ, પાકુ બાઈન્ડીંગ, ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીનું દર્શનીય બહુરંગી ચિત્રજી, નવમી આવૃત્તિ. પુસ્તક પ્રકાશન સહાય રૂા. ૫૦/–

પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિ સંપ્રદાયના આચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર ખૂબજ સરળ, રસિક, રોમાંચક રીતે એક નવલકથા રૂપે આલેખવામાં આવેલ છે. વાંચતા ખૂબજ આનંદિત થઈ જવાય છે. ફરી ફરીને વાંચવાની ઈચ્છા રોકી શકાતી નથી. દરેક વૈષ્ણવ પરિવારે આબાલ વૃદ્ધ સર્વેએ વાંચવા અને વસાવવા લાયક તેમજ પ્રસંગોપાત ભેટ આપવા લાયક પુસ્તક.

પુસ્તકના અંતમાં લેખકનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ છે. તેમજ તેમણે પુષ્ટિ જગતની સાહિત્ય સેવા કરેલ છે તેની યાદી આપવામાં આવી છે. તેમણે લખેલા દરેક ગ્રંથ–પુસ્તકની યાદી છે. જે દરેક વાંચવા–વસાવવા યોગ્ય છે.

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○

અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.

○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○

પ.ભ.જમનાદાસ હરિદાસ, હઃ શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.

સમાચાર

☐☐ **મોરબી :** તા.૯–૬–૨૦૦૨ ના રોજ પ.ભ.શ્રીચમનભાઈ વજરીઆ–વૈષ્ણવોના લાડીલા ચમનકાકાનો 'માલા પહેરામણી' પ્રસંગ ઉજવાયો હતો. તે પ્રસંગે રાજકોટવાળા પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી (ગટુબાવાશ્રી) પધાર્યા હતા. સાંજે હવેલીમાં આપશ્રીના વચનામૃત હતા. હાલની પરિસ્થિતિ અને સત્સંગ વિશે આપશ્રીએ સુંદર વચનામૃત કર્યા હતા. રાત્રે મોરબીની કેશરીઆ મંડલી તેમજ રાજકોટની મોટી મંડલીએ વધાઈ કીર્તન તેમજ રાસની રમઝટ બોલાવી હતી. ઘણા વૈષ્ણવોએ લાભ લીધો હતો. મોડી રાત્રે આપશ્રી વજરીઆ પરિવારને આશીર્વાદ આપી વિજય થયા હતા.

☐☐ **રાજકોટ :** પૂ.પા.ગો.શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી–રાજકોટ)નો જન્મદિવસ સંવત ૨૦૫૮ જેઠ સુદી ૧૧ તા. ૨૧–૬–૨૦૦૨ ના રોજ સ્થાનિક વૈષ્ણવ સમૂહની ભાવનાથી રાજકોટ મુકામે માલવીયા વાડીમાં ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ અલૌકિક પ્રસંગે પલના–નંદમહોત્સવ–કેશરસ્નાન–વધાઈ કીર્તન–વચનામૃત ઉપરાંત ધોરાજી–ઉપલેટા તેમજ સ્થાનિક કીર્તનીયા મંડલી દ્વારા રાસ–ગરબાનો કાર્યક્રમ રજુ કરેલ હતો. આ શુભપ્રસંગે સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ અલૌકિક પ્રસંગ નિહાળી આનંદવિભોર બન્યા હતા.

☐☐ **અમદાવાદ–કડી :** પૂ.પા.ગો.શ્રીદર્શનકુમાર મહોદય તા.૧–૫–૨૦૦૨ ના રોજ યુ.કે. ઈંગ્લેન્ડ ધર્મપ્રચાર માટે પધાર્યા હતા. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય મહોત્સવના ઉપલક્ષ્યમાં આપશ્રીએ લેસ્ટર (યુ.કે.)માં 'શ્રીવલ્લભ સ્વરૂપ' વિશે સરલ ભાષામાં વચનામૃતો કર્યા હતા. ત્યાં વૈષ્ણવોએ ઉત્સવ ધામધૂમથી ઉજવેલ હતો. બીજા અન્ય શહેરો કોવેન્ટ્રી, વેલિંગબરો તથા લંડન વિગેરેમાં સત્સંગ મંડળોમાં પણ પ્રવચનો આપશ્રીએ કર્યા હતા. અને પુષ્ટિમાર્ગીય પ્રચાર–પ્રસાર કરતા રહ્યા.

☐☐ **ઉમરી (મધ્યપ્રદેશ) :** પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી (શ્રીદામોદરલાલજી) મહારાજશ્રી (કોટા–કડી–અમદાવાદ–મુંબઈ)ના સાંનિધ્યમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય મહોત્સવ અંતર્ગત ત્રિદિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. આપશ્રીએ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તથા વૈષ્ણવોનું કર્તવ્ય અંગે સરલ ભાષામાં સમજાવેલ હતું તથા શ્રીવલ્લભધામ એક અલૌકિક સ્થાનનું શિલાન્યાસ કરેલ. આ ધામમાં પુષ્ટિમાર્ગીય પ્રચાર પ્રસાર, ગૌશાળા, સંસ્કાર–સંસ્કૃતિ વિગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવશે. વૈષ્ણવ સમાજ ઉત્સાહભેર સામેલ થયેલ અને તન, મન અને ધનથી સેવા આપવા તત્પર થયા હતા. ગુના તથા બારા જીલ્લાના અનેક ગામોમાં આપશ્રીએ ઉત્સાહવર્ધક પ્રવચનો કર્યા હતા.

☐☐ **પોરબંદર : ઉષ્ણકાલીન મનોરથો :** પુષ્ટિપુરૂષોત્તમ શ્રીમદનમોહન પ્રભુનાં પોરબંદર ખાતે માધવભવન, શીતલાચોક હવેલીમાં પ.પૂ.ગો.૧૦૮ શ્રીવસંતકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીવિશાલકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીઅક્ષયકુમારજી મહોદયશ્રીની આજ્ઞાનુસાર શ્રીમદનમોહન પ્રભુનાં 'ઉષ્ણકાલીન મનોરથો'નું આયોજન કરવામાં આવેલ.

ફુલના બંગલા, ફુલના શ્રૃંગાર, ખસના બંગલા, જલવિહાર, ૫૧ માલાજી તથા શિતલ સદનમાં આંબાનો મનોરથ વિગેરે મનોરથો થયેલ.

☐☐ **પોરબંદર :** વૃક્ષારોપણ અભિયાન ૨૦૦૨ : પ.પૂ.ગો.૧૦૮ શ્રીવસંતકુમારજી મહોદયશ્રીની અધ્યક્ષતામાં પ.પૂ.ગો.૧૦૮ શ્રીવિશાલકુમારજી મહોદયશ્રી તેમજ પ.પૂ.ગો.૧૦૮ શ્રીઅક્ષયકુમારજી મહોદયશ્રીની પાવન નિશ્રામાં પોરબંદર ક્રિકેટ ગ્રાઉન્ડથી ચોપાટી તરફ જતાં રસ્તા ઉપર બંને તરફ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન તા.૧૬–૬–૨૦૦૨, રવિવારનાં રોજ કરવામાં આવેલ. આ પ્રસંગે પોરબંદરના માનનીય કલેકટર શ્રીઘોડાસરા સાહેબ, પોરબંદર નગરપાલિકાનાં ચીફ ઓફીસર શ્રીબિપીનભાઈ તલાટી, પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રીભગુભાઈ દેવાણી, પોરબંદરના આગેવાન શ્રીનરસિંહભાઈ દેવાણી, ડૉ.કાનાણી, ભીખુભાઈ મજીઠીયા તેમજ પર્યાવરણ પ્રેમીઓની બહોળી સંખ્યામાં હાજરીમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

□□□ સમગ્ર વિશ્વના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિને જાહેર નિવેદન □□□

મારા અગાઉ તા.૫–૩–૦૨ ના જાહેર નિવેદનથી શ્રીકીટીભાઈજી વિરુદ્ધના નિવેદનના અનુસંધાનમાં જણાવવાનું કે બ્રહ્મસંબંધ આપવાની પ્રવૃત્તિ પછી શ્રીનાથજીને શ્રીગુસાંઈજી દ્વારા સેવા વખતનું પ્રચલિત ચિત્રજીને મનસ્વી રીતે શ્રીગુસાંઈજીનું શ્રીઅંગ રાખીને મુખારવિંદમાં ફેરફાર કરી પોતાનો ચહેરો છાપી નાખી કીરીટભાઈજીનો અનઅધિકારી ચેષ્ટા કરી કેસેટોમાં આવા લેબલ લગાવી વૈષ્ણવ સમાજને ગેરરસ્તે દોરવાનો તથા છેતરપીંડીનો પ્રયત્ન કરી લાખો રૂપીયા કમાઈ લેવાનો બદઈરાદો છૂપો રહી શકે નહીં. આ કૃત્યથી સમસ્ત વિશ્વના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજની લાગણી દુભાવ્યાનો ભયંકર અપરાધ તેઓએ કર્યો છે અને હજુ કરતા રહ્યા છે. આ બધી અનઅધિકારી પ્રવૃત્તિ સદંતર બંધ કરવા આ નોટીસથી તેમને ચેતવણી આપીએ છીએ કે દિન દશમાં તેઓ લેખિત માફી માંગી આવી પ્રવૃત્તિઓ સંદતર બંધ કરે અને જો તેમ બંધ કરવામાં નહીં આવે તો શ્રીવલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિના માર્ગદર્શન હેઠળ ગામેગામથી વૈષ્ણવ કાર્યકર્તાઓ અને આગેવાનો દ્વારા આઈ.પી.સી. ૨૯૫ (A) મુજબ નોટીસ આપી ફોજદારી ફરીયાદ દાખલ કરી આરોપીને પકડી મંગાવી નશ્યત કરવા માટેની તજવીજ કરવામાં આવશે. આ સાંપ્રદાયિક માસિકોની નોટીસને જાહેર નોટીસ ગણી કીરીટભાઈજીની જ્યાં પણ સપ્તાહ સ્થળ હોય ત્યાં ઝેરોક્ષ કોંપી આપવાની અને જેતે સમાચાર સમિતિને તાત્કાલિક જણાવવા અનુરોધ કરે છે.

હાલમાં લંડનથી સમાચાર આવ્યા છે કે કીરીટભાઈ પ્રજાપતિ (કુંભાર)નામની વ્યક્તિને લંડનમાં કોઈ ગુનાસર છ માસથી વધારે જેલની સજા થઈ હતી. તેની માહિતી મંગાવવાનો પ્રયત્ન ચાલુ છે. ફોટો તથા અન્ય વિગત આવેથી અહીંના અટક વગરના કીરીટભાઈજીના સાથે સરખાવી ચકાસણી કર્યા બાદ જો તેજ વ્યક્તિ નીકળશે તો તેમના ઉપર વધારે સારી રીતે કાર્યવાહી કરવા સરળતા થશે. જેની સર્વે વૈષ્ણવોએ નોંધ લેવી. વધુ માહિતી તથા તેમને આપવા માટેની નોટીસનો નમૂનો માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે, જેની કોપી હાથથી લખી રજી. એ.ડી.થી નોટીસ મોકલી શકાશે. જેના આધારે ગામેગામથી લાગણી દુભાવ્યાના સંખ્યાબંધ સ્થળોથી કીરીટભાઈજી સામે કેસ કરી તેમની આપણા સંપ્રદાય વિરુદ્ધની પ્રવૃત્તિને જડબેસલાક બંધ કરવા પડતું તમામ કરવા માટે શ્રીવલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ તરફથી માર્ગદર્શન આપવામાં આવશે.

એજ
નંદકુમાર ગાંધી
સેવકમંત્રી શ્રીવલ્લભ સિદ્ધ્રાત સંરક્ષણ સમિતિ.

ભાવાંજલી

ઈન્દૌરવાળા પૂ.પા.ગો.શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ તા.૧૭–૬–૨૦૦૨ ના નિત્યલીલામાં પધાર્યા.

આપશ્રી સાદગીપૂર્ણ તપસ્વી જીવનશૈલીથી અહર્નિશ શ્રી...ની સેવામાં તત્પર રહેતા અને વૈષ્ણવોને સેવા–સ્મરણ નિષ્ઠ રહી સ્વધર્માચરણનો ઉપદેશ આપતા હતા. આપશ્રીના સંરક્ષકપદે ચાલતા શ્રીઈન્દૌર વૈષ્ણવ મિત્ર મંડલ દ્વારા હિન્દીભાષામાં વિપુલ પ્રમાણમાં સાંપ્રદાયિક સાહિત્યનું પ્રકાશન થાય છે તે આપશ્રીના માર્ગદર્શનના પ્રતાપબળે થયેલ છે. આપશ્રી સંપ્રદાયની પ્રાચીન મેંડ, પ્રણાલીના ખૂબ આગ્રહી હતા. આવા પ્રતાપી આચાર્ય બાલકના લીલાપ્રવેશથી વૈષ્ણવ સૃષ્ટિ રંક બની છે.

આપશ્રી તો નિકુંજનાયક શ્રીગોવર્ધનધરણની નિત્યલીલામાં પધાર્યા છે, પણ આપના ભૂતલ પર તિરોધાનથી વૈષ્ણવ સમાજને અપૂરણીય ક્ષતી થઈ છે.

શ્રીવલ્લભસુધા સંપાદક, વ્યવસ્થાપક મંડલ આપશ્રીને વિનમ્ર ભાવાંજલી અર્પે છે.

શ્રાવણ વદ ૨ તા. ૨૫–૮–૨૦૦૨ રવિવાર : હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૨૬–૮–૨૦૦૨ સોમવાર : કજ્જલી ત્રીજ. ગો.શ્રીદાનીરાયજી મહારાજશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જૂનાગઢ)નો તથા ગો.ચિ.શ્રીગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો અને ગો.ચિ. શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૩૦–૮–૨૦૦૨ શુક્રવાર : શયનમાં છઠ્ઠીનો ઉત્સવ. શ્રીવિષ્ણુસ્વામી પ્રાકટ્યોત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૩૧–૮–૨૦૦૨ શનિવાર : જન્માષ્ટમી વ્રત. શ્રીકૃષ્ણ પ્રાદૂર્ભાવ ઉત્સવ. ગો.ચિ.શ્રીગોકુલેશજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૧–૯–૨૦૦૨ રવિવાર : નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨–૯–૨૦૦૨ સોમવાર : આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૩–૯–૨૦૦૨ મંગળવાર : અજા એકાદશી વ્રત. ગો.ચિ.શ્રી કનૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૪–૯–૨૦૦૨ બુધવાર : શ્રીરણછોડજી (ડાકોર)ના પલના વિજય. ગો.ચિ.શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૬–૯–૨૦૦૨ શુક્રવાર : શ્રીકાકા વલ્લભજીનો ઉત્સવ. (સંવત ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રીગોપાલલાલજીનો ઉત્સવ (સંવત ૧૯૧૦)

શ્રાવણ વદ ૩૦ અમાસ તા. ૭–૯–૨૦૦૨ શનિવાર : રાધાષ્ટમીની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન. ભાદરવા સુદ ૧ નો ક્ષય હોવાથી આજે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છૌટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month
Date : 03-08-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ભજન બિનાં દુઃખ નાં ટરૈં,
બિકલ બનૈં ન ભજન્ન ।
કા કરિયૈં જ્યોં ત્યોં બન્યોં,
તાતૈં તુમ ન પ્રસન્ન ॥ ૪૯ ॥

ટીકા : સઘળાં વેદ, શાસ્ત્રને સત્પુરૂષાદિક એમ કહે છેં કે શ્રીહરિનાં ભજન વિના દુઃખ ટળે નહીં નેં દુઃખની વિકલતાયેં ભજન તોં બનેં નહીં, ને કદાપિ કાંઈક દુઃખનું માર્યું જેમ તેમ જે સ્નેહ રહિત બન્યું તો તેનાથી કાંઈ તમેં પ્રસન્ન નથી થતાં. હે શ્રીમહાપ્રભો ! ત્યારે અમે તે શું કરીએ? માટે સહજ કૃપા કરો. ૪૯

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા 'શ્રી વલ્લભસુધા'

વર્ષ ૨૧
અંક ૫

તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ, ૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન : ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : મેનેરા કોમ્પ્યુસ્કેચ, રાજકોટ. ફોન : ૪૫૩૪૫૧.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રીવલ્લભસુધા

વચનસુધા

વલ્લભાચાર્ય આ જગતને યથાર્થ માને છે અને લીલોપયોગી માને છે. એમાં એ કાલને દોષ આપતા નથી કે ''અયંતુયુગ ધર્મો હી દીયંતે કસ્ય દૂષણમ્'' કોને દૂષણ આપવું ? આતો ભાઈ યુગ ધર્મ છે. અહીંઆ બધાએ ડાહ્યા થવા માટે કહી દીધું કે દૂષણ કોને આપવું. એટલે બધાએ ડાહ્યા થઈ ગયાં કે કોઈને કહેવાય નહીં. આ સારો માણસ છે જે કોઈના ઉપર એ કહેતો નથી, અને પછી બીજું કહે છે કે–છે તો બધાંજ દોષી કહેવાનો તાત્પર્ય એ છે કે, છે તો બધાંજ દોષી પણ યુગ ધર્મ છે. એટલે યુગને માથે–ઓલું (દૂષણ) નાંખ્યું........(પરીક્ષિત) સમ્રાટ હોવા છતાં સર્વ શક્તિમાન છે–એટલે જ ત્યાં કહે છે કે ''નાનુ દ્વેષ્ટિકલિં સમ્રાટ્ સારંગ ઈવ સાર ભુક્'' સારંગની જેમ સારનો ભોક્તા છે એ, સમ્રાટ છે, સર્વ શક્તિમાન છે. પણ કલિયુગને ક્ષમાદાન આપે છે તો કંઈ સારા જોયો, ક્ષમાદાન આપ્યું એટલે શું ? ક્ષમાદાન શા માટે થાય ? એકતો પોતાની જાતને મહાન કહેવડાવવા માટે ક્ષમાદાન નથી આપતાં. પણ એ કલિયુગમાં પણ એણે ભગવદ્ધર્મ જોયો કે ભગવદ્ ધર્મ શું જોયો ? કે ''કુશલાની આસુસિધ્યન્તી'' કુશલ કર્મ જે કરશો એનું ફલ જલદી મલશે ''નેતરાની કૃતાનીચ'' પાપનું ફલ વહેલું નથી મલતું માટે જ પાપમાં પ્રવૃતિ વધારે થાય. ત્યારે કંઈક ઉપયોગીતા એની (કલિયુગની) જોઈ ખરી. પ્રશ્ન એ છે કે છતાં એ ભગવદ્ ભક્ત છે. અને પોતાની સદ્ગતી માટે ચિંતિત છે. એની જ સમક્ષ એ પ્રશ્ન થાય, કે બોલો તમારે અમૃત પીને જીવવું છે કે, આ કથામૃત પીવું છે. વિચાર કરો કે, આ લાંબા જીવન કરતાં યથાર્થ જીવન ભલે ઓછું હોય તો પણ ઘણું સારું છે. લોકો જીવવા માંગે છે–પણ યથાર્થ જીવન જીવવા માંગતા નથી. ભગવદીનું જીવન એક યથાર્થ જીવન છે. તેને આશા ભગવાનથી નથી, કે પોતાના દીકરાથી પણ નથી, કે મોટો થઈને મને ખવડાવશે–એવી આશા પણ નથી.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૮૨–૮૩)





વાર્ષિક લવાજમ : રૂા. ૪૦/–
આજીવન લવાજમ : રૂા. ૫૦૧/–





● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

- ❀ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.
- ❀ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

● વર્ષ : ૨૧ ● અંક : ૬ ● શ્રીવલ્લભાબ્દ ૫૨૪ ● વિક્રમ સંવત ૨૦૫૮ ● સપ્ટેમ્બર, ૨૦૦૨

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૨ તા. ૮–૯–૨૦૦૨ રવિવાર : વરાહ જયંતિ. સામવેદીની શ્રાવણી.

ભાદરવા સુદ ૩ તા. ૯–૯–૨૦૦૨ સોમવાર : હરિતાલિકા–હરિયાળી–કેવડા ત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૧૦–૯–૨૦૦૨ મંગળવાર : ગણેશ ચતુર્થી. ગો.ચિ.શ્રીરસિકવલ્લભજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૧૧–૯–૨૦૦૨ બુધવાર : ઋષિપંચમી. દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ. ગો.ચિ.શ્રીગોપીનાથ દીક્ષિતજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૬ તા. ૧૨–૯–૨૦૦૨ ગુરૂવાર : ગો.ચિ.શ્રીયોગેશકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૧૪–૯–૨૦૦૨ શનિવાર : રાધાષ્ટમી. ગો.શ્રીવ્રજજીવનજી મહારાજશ્રી (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૧૫–૯–૨૦૦૨ રવિવાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧૭–૯–૨૦૦૨ મંગળવાર : પરિવર્તિની–દાન એકાદશી વ્રત. દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. લેખવાળા શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સંવત ૧૭૧૪). શરદઋતુનો પ્રારંભ થઈ કારતક સુદ ૧૦ સુધી. વામન જયંતિ વ્રત. ભક્ત કવિશ્રી દયારામભાઈનો જન્મદિન (સંવત ૧૮૩૩).

ભાદરવા સુદ ૧૪ તા. ૨૦–૯–૨૦૦૨ શુક્રવાર : અનંત ચતુર્દશી. ગો.ચિ.શ્રીશિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૨૧–૯–૨૦૦૨ શનિવાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ. સાંઝીનો પ્રારંભ. પૂર્ણિમાથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૨૨–૯–૨૦૦૨ રવિવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ (લાડુબેટીજી મંદિર, મુંબઈ) તથા શ્રીમુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ વિજયા દશમી સુધી

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૧ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ પ૨૪ ☐ સપ્ટેમ્બર, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ ચોર્યાશીમો : " ઓર માર્ગકે વૈષ્ણવ તેં ગોષ્ઠી ન કરેં, સેવા રીત માર્ગકી ન કહે "

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ, નિજલીલાના દૈવી જીવો કે જે અપરાધ વશ ભૂતલ પર આવેલ છે તેમના ઉદ્ધારાર્થ પ્રકટ કર્યો છે. અન્ય સંપ્રદાયના વૈષ્ણવો (મર્યાદામાર્ગીય) કે અન્ય કોઈને પ્રભુની ગોલોકની લીલાના દર્શન, શ્રવણનો અધિકાર નથી. 'એવો માર્ગ શ્રીવલ્લભ વરનો રે જ્યાંહા નહીં પ્રવેશ વિધિ હરનો રે...' (શ્રીવલ્લભાખ્યાન) તેમજ 'સેવા રીત પ્રીત વ્રજજનકી જન હીત જગ પ્રગટાઈ' અનુસાર નિજલીલાના દૈવીજીવોનો જ આ પુષ્ટિમાર્ગમાં અંગીકાર છે. તેથી અનઅધિકારીજનો પાસે સ્વમાર્ગની પ્રણાલી, સેવાની રીત પ્રકટ કર્યેથી રસાભાસ થાય. માટે સ્વમાર્ગમાં અંગીકૃત થયેલ અને માર્ગની મેંડ પ્રણાલી અનુસાર રહેનાર, અનન્ય રીતે શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો દઢ આશ્રય કરનાર વૈષ્ણવો સાથે જ ભગવદ્‌લીલા–સેવાસંબંધી સત્સંગ કરવો. તેમ ન કરતાં જ્યાં ત્યાં વાતો કર્યાથી પોતાનો હૃદયનો ભાવ પણ જતો રહે. અને અન્યમાર્ગીય કોઈ ભગવદ્‌લીલા–સેવાકૃતીમાં સંદેહ કરે કે અન્યથા વિચારે તેનો પણ અપરાધ પડે માટે સાવધાન રહેવું. તેમજ જેવા તેવા–કથાકારો કે પ્રવચનકારોના મુખેથી પુષ્ટિમાર્ગના નામે ભેળસેળીયા કથા–વાર્તા પણ ન સાંભળવી જોઈએ.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્ - ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

–ગતાંકથી ચાલુ

આ પ્રમાણે નિરોધનાં કારણ–સ્વરૂપ–કાર્ય–પ્રયોજન–રૂપ ચાર પ્રકારનાં લક્ષણ, ત્રણ પ્રકારના સ્વરૂપરૂપ કરણ–વ્યાપાર–ફલ–રૂપ; તથા સ્વરૂપ–ગુણ–ઉભયકૃત અને કેવળગુણકૃત નિરોધના રૂપમાં અનેક પ્રકારના ભેદ–ઉપભેદોનો વિસ્તૃત વિમર્શ કર્યા પછી નિરોધલક્ષણને સમજવો એકદમ સરળ બની જાય છે. તો પણ ગ્રન્થનો અનુવાદ સમજીએ તે પહેલાં એક બીજું સ્પષ્ટીકરણ અત્યન્ત જરૂરી છે. તે સ્પષ્ટીકરણ જોયા પછી ગ્રન્થનો અનુવાદ (ભાષાંતર) આપણે જોઈશું.

આમ તો આપણે જોઈ લીધું કે નિરોધલક્ષણ ગ્રન્થ અને ભક્તિવર્ધિની ગ્રન્થ પાંચે પ્રકારના અધિકારીઓને લક્ષમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ તેમાં ઉપદેશ કર્યો છે. આમ છતાં પણ ફરીથી તેને સોપપત્તિક (સપ્રમાણ–તેનાં કારણો, હેતુઓ સહિત) દષ્ટિએ સમજી લેવો અતિઆવશ્યક છે. સંન્યાસનિર્ણય ગ્રન્થમાં કહ્યું છે કે– "કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્ભાવો ભાવનયા સિદ્ધઃ" (કૌંડિન્ય અને ગોપીજનો આ માર્ગના ગુરુઓ છે તથા તેમના દ્વારા બતાવેલા સાધનો દ્વારા અને ભાવ દ્વારા ભાવના સિદ્ધ થાય છે) એ વચનોમાં વ્રજભક્તોના ભાવોનું ભાવનાત્મક અનુસરણ વિરહાનુભવાર્થ ગૃહત્યાગ કરવાવાળાઓને માટે આવશ્યક માનવામાં આવ્યું હતું. વ્રજભક્તોના ભાવોની ભાવના કેવળ ગૃહત્યાગીઓના માટે જ છે એવું સમજવાનું નથી, કારણ કે 'ભજનીયો વ્રજાધિપઃ' (વ્રજના અધિપ એવા શ્રીકૃષ્ણ ભજનીય છે) એમ કહીને વ્રજભક્તોના ભાવોની ઉપયોગિતા બધા પુષ્ટિભક્તોના માટે સર્વદા જ ચતુઃશ્લોકીમાં આવશ્યક માનવામાં આવી છે. આ પ્રમાણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પુષ્ટિજીવોના ફલાનુભવના પ્રકારમાં ગુણ–સ્વરૂપના પ્રભેદ માન્ય થયા જ છે. 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્' (સ્મરણ અને ભજન પણ ન તજવાં) વચન દ્વારા ભગવત્કથા–સેવાની આવશ્યકતા ચતુઃશ્લોકીમાં જણાવી છે. તેથી સેવા અને કથા બંનેમાં વ્રજભાવનાની આવશ્યકતા છે. તેથી આ નિરોધલક્ષણ ગ્રંથમાં બધાને માટે સર્વ પ્રથમ વ્રજભાવનાનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

નિરોધકાર્ય સંયોગસુખ–વિયોગદુઃખની ભાવના

જે ભક્તોથી સેવા અને કથા બંને કરી શકાય છે, તેમણે પોતાના ભાવને અનુરૂપ સેવા કરતી વખતે ગોકુલની ભાવના અને કથાના સમયે વૃન્દાવનની ભાવના કરવી જોઈએ.

ગૌચારણને માટે પ્રતિદિન ભગવાન વૃન્દાવન પધારે છે. ત્યારે ગોકુળમાં વાત્સલ્યભાવવાળા નન્દ–યશોદા વગેરે ભક્તોને તથા શૃંગારભાવવાળી ગોપીઓને જેવી વિપ્રયોગ દુઃખની અનુભૂતિ થાય

છે, તેવી દુઃખાનુભૂતિ– વિરહવેદના અમને કથા સમયે કયારે થશે !

સાયંકાળે ગોચારણ કરીને ભગવાન ગોકુળ પાછા પધારે છે, ત્યારે ગોકુળમાં ગોપીઓને તથા બીજા બધા વ્રજવાસીઓને પણ અનેક રીતે ભગવત્સેવા દ્વારા જેવું સંયોગસુખ મળે છે, તેવું સુખ સેવાના સમયે ભગવાન મને ક્યારે પ્રદાન કરશે !

આ પ્રમાણે તામસફલ–પ્રકરણના “જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્પરિવર્તતે” વચનમાં વર્ણવાયેલી સંયોગ–વિયોગ–રૂપ અવસ્થામાં નિરોધનાં કાર્ય સુખ–દુઃખની ભાવના કરવી જોઈએ.

જે ભક્તોથી સેવા–કથા એકી સાથે નથી થઈ શકતી એવા મધ્યમ અધિકારીઓએ પહેલાં રાજસપ્રમેયપ્રકરણમાં વર્ણવેલી તીવ્ર વિપ્રયોગ–વેદનાની ભાવના કરવી જોઈએ અને પછી કથાશ્રવણ કાળમાં અંતર્નિષ્ઠાની સાથે આંતરસંયોગસુખની ભાવના કરવી જોઈએ.

ઉદ્ધવજી જ્યારે વ્રજમાં આવ્યા ત્યારે તેમની સાથે ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનમાં જેવો એક સુમહાન ઉત્સવ પ્રગટ થયો, તેવા ઉત્સવની અનુભૂતિ કથા–શ્રવણ કરતી વખતે અમારા મનમાં ક્યારે થશે ! ગોકુળમાં સખ્ય–વાત્સલ્યભાવવાળા વ્રજભક્તોને અને વૃન્દાવનમાં સખ્ય–માધુર્ય–ભાવવાળા વ્રજભક્તોને ઉદ્ધવજી સાથે ભગવદ્‌ગુણગાન કરતી વખતે જેવો આહ્‌લાદ અનુભવાયો તેવો આહ્‌લાદ મારા હૃદયમાં ક્યારે પ્રગટ થશે !

કેવળ કથાનું શ્રવણ કરવાવાળા ભક્તોએ એવી ભાવના કરવી જોઈએ. આ રીતે અહીં નિરોધનું કાર્ય–લક્ષણ શ્રીમહાપ્રભુજીએ સૂચિત કર્યું છે.

નિરોધનાં કારણભૂત ગુણગાનની આવશ્યકતા

કાર્યલક્ષણો સૂચિત કર્યા પછી શ્રીમહાપ્રભુજી નિરોધનાં કારણલક્ષણો સૂચિત કરવા ચાહે છે.

પૂર્વોક્ત ભાવનાઓ કરવા છતાં પણ હૃદયમાં ભાવોનો ઉદય એકદમ નથી થતો. મહાન ભક્તોની કૃપા થાય તો જ ભગવાન એવી દયા આપણા પર કરે છે. ત્યારે ભક્તના હૃદયમાં ભાવ અંકુરિત થાય છે. તેની વચ્ચેના ગાળામાં આનંદસંદોહ–સુખસિન્ધુ ભગવાન વ્રજાધિપનાં રૂપ, ગુણ, લીલા તથા નામોનું સંકીર્તન આપણે કરવું જોઈએ. તેનાથી ભક્તિમાર્ગ પરની આપણી યાત્રા આપણે સુખપૂર્વક આગળ વધારી શકીશું.

શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે કે “તાદશી ભાવના કાર્યા યયા ભાવાંકુરોદયઃ, શ્રીમદાચાર્યકૃપયા ભવેદ્ ભાવો ન ચાન્યથા... ... ભાવો ભાવનયા સિદ્ધઃ ઈતિ વાક્યાત્ પ્રતીયતે, તદ્ વાક્યપરિનિષ્ઠાનાં હૃદિ ભાવાંકુરો ભવેત્” (તેવી જ ભાવના કરવી જોઈએ કે જેનાથી ભાવોનો અંકુરોદય થાય કેમ કે શ્રીમહાપ્રભુજીની કૃપા દ્વારા જ ભાવ થાય છે, અન્યથા નહીં, ‘તેવી જ ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે’ એ વાક્યથી પ્રતીત થાય છે કે શ્રીમહાપ્રભુજીનાં વાક્યમાં નિષ્ઠાવાન વ્યક્તિના હૃદયમાં જ ભાવાંકુર ઉદિત થાય છે.) તેથી શ્રીમદાચાર્યચરણ, શ્રીયમુનાજી તથા પુષ્ટિપથના આદ્ય–પથિક–ગુરુ શ્રીવ્રજભક્તોની કૃપા થવાથી ભગવત્કૃપાને લાયક બનવાનો અધિકાર પ્રાપ્ત થશે.

–ક્રમશઃ

સત્સંગ-મંડળ

લેખક : પ.ભ. સુશ્રી કિરણબેન એન. શાહ, કડી.

–ગતાંકથી ચાલુ

સાંજે સત્સંગના સમયે સૌ વૈષ્ણવો આવી ગયા. કનુભાઈએ સત્સંગ શરૂ કર્યો. શ્રીગુસાંઈજીએ અષ્ટાક્ષર મહામંત્રનું વિવરણ કર્યું છે તેના ઉપક્રમમાં આપશ્રી આજ્ઞા કરે છે–

શ્રીકૃષ્ણ કૃષ્ણ કૃષ્ણેતિ કૃષ્ણ નામ સદા જપેત્ ।
આનંદઃ પરમાનંદો વૈકુંઠસ્તસ્ય નિશ્ચિતમ્ ॥

જે દૈવી જીવ સર્વદા શ્રીભગવાનના (શ્રીકૃષ્ણના) નામનું સ્મરણ કરે છે, તે આ લોકમાં આનંદ–પરમાનંદ પ્રાપ્ત કરી 'વૈકુંઠ' ગોલોક ધામને પ્રાપ્ત કરે છે.

આનંદ એટલે પ્રભુના સંયોગ સમયે થતો સંયોગાનંદ અને પરમાનંદ એટલે જેમા અગણિતાનંદનો અનુભવ થાય છે તેવો વિપ્રયોગાનંદ. આ બંને પ્રકારના આનંદો વૈકુંઠ એટલે ગોલોકધામમાં અનુભવાય છે. અષ્ટાક્ષરનું સ્મરણ કરનારને બંને આનંદો અને ગોલોકધામ અવશ્ય પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ ભાગવતાર્થ નિબંધમાં આજ્ઞા કરી છે કે શ્રીકૃષ્ણ નામ સમસ્ત વેદોના સારરૂપ છે, અને ભગવાન જેમ અવતાર લઈને ભક્તોનાં જેજે કાર્યો કરે છે તેને ભક્તો પણ જાણી શકતા નથી. તેમ ભગવદ્‌નામ અવતાર તુલ્ય જે કાર્યો કરે છે તે જાણી શકતા નથી, જેમકે સારસ્વતકલ્પમાં શ્રીપૂર્ણ પુરૂષોત્તમ વ્રજમાં શ્રીનંદરાયજી ગૃહે પ્રકટ થઈ, ૭ દિવસના હતા તે સમયે પૂતનાને મારી, આ પૂતના ભક્તોની આધિભૌતિક અવિદ્યારૂપ હતી, તેને ભક્તો જાણતા ન હતા અને ભક્તોની અવિદ્યા દૂર કરવાનું કાર્ય કર્યું. તેમ અષ્ટાક્ષરના સ્મરણ દ્વારા અનિષ્ટની નિવૃત્તિ અને ઈષ્ટ પ્રાપ્તિ જે થાય છે તેને ભક્તો જાણી શકતા નથી છતાં તે સ્મરણ દ્વારા થતાં જ રહેતા હોય છે.

જેમ દૂધમાં જામન નાંખવાથી દૂધને જમાવીએ તો દહીં બનવાની ક્રિયા નૈસર્ગિક થાય છે તેને આપણે જોઈ શકતા નથી. અને દૂધનું રૂપાંતર થઈ જાય છે તેમ અષ્ટાક્ષર મંત્ર પણ અનિષ્ટને દૂર કરીને અથવા અંતઃકરણમાં રહેલી અવિદ્યાને દૂર કરીને ભક્તોના અંતઃકરણને અલૌકિકમાં ફેરવી નાંખે છે તે જોઈ શકાતું નથી. આમ આ અષ્ટાક્ષર મહામંત્રના સ્મરણ દ્વારા અનિષ્ટની નિવૃત્તિ અને ઈષ્ટની પ્રાપ્તિ થતી જ રહે છે.

આ અષ્ટાક્ષર મંત્ર શ્રીગુસાંઈજીના સેવક એક વૈરાગીને ફલિત થયો હતો. શ્રીગુસાંઈજીનો સેવક વૈરાગી શ્રીગોકુળ આવ્યો અને આપશ્રીનો સેવક બન્યો. શ્રીગુસાંઈજીએ કૃપા કરી તેને નિવેદન કરાવ્યું ને તેને આજ્ઞા કરી કે 'તમે વિશ્વાસથી નામમંત્રનો જપ કરો તેથી તમને ભગવદ્ભાવ સિદ્ધ થશે.' વૈરાગી વિશ્વાસપૂર્વક રોજ હૃદયમાં નામમંત્રનો જપ કરવા લાગ્યો. દઢ વિશ્વાસપૂર્વક નામમંત્રનો જપ કરે. પ્રત્યેક શ્વાસોચ્છ્વાસે તેનો નામમંત્ર ચાલુ જ રહે.

ફરતો ફરતો તે એક દિવસ એક ગામમાં આવ્યો. તે ગામમાં કોઈ વૈષ્ણવનો દીકરો સર્પદંશ થવાથી મરણ પામેલો. છોકરાની મા ખૂબ કલ્પાંત કરે. આ વૈરાગી વૈષ્ણવનું હૃદય પેલા મરણ પામેલા છોકરાની મા નું કલ્પાંત જોઈ દ્રવી ગયું. તે મરણ પામેલા છોકરાની નજીક ગયો અને તેની સામે ઉભા રહી તેણે ભગવદ્નામનું ઉચ્ચારણ કર્યું. તરત જ છોકરો જાણે ઉંઘમાંથી ઉઠતો હોય તેમ આળસ મરડીને ઉભો થયો.

લોકો આ વૈરાગીના મંત્રથી આશ્ચર્યમાં પડી ગયા. તેઓએ તે વૈરાગીને કહ્યું, 'અમને આ મંત્ર શીખવાડો'. ત્યારે વૈરાગીએ કહ્યું તમને શીખવું તો ખરો, પણ તમને મારા એ મંત્રમાં વિશ્વાસ નહીં બેસે. બધા કહે 'અમે પ્રત્યક્ષ તેનો અભુભવ કર્યો, પછી વિશ્વાસ કેમ નહીં બેસે ?' ત્યારે વૈરાગીએ કહ્યું 'આ મંત્ર શ્રીકૃષ્ણઃ શરણં મમ' છે.' બધા કહે, આ મંત્ર તો અમે જાણીએ છીએ. ત્યારે વૈરાગી વૈષ્ણવે કહ્યું, આ મંત્ર તો મહામંત્ર છે. તમને તે કેમ નથી ફળતો તેનું કારણ તમે ભલે એ મંત્ર બોલતા હશો, પણ વિશ્વાસથી તે નથી જપતા. માટે તમને તેનું ફળ મળતું નથી. મંત્ર દઢ શ્રદ્ધાપૂર્વક જપો તો તેનું ફળ જરૂર મળે.

વિશ્વાસપૂર્વક મંત્રનો જપ કરવામાં આવે તો આ વૈરાગીને જેમ અન્યને પણ ફલિત થાય.

ચાચા હરિવંશજીને પણ આ મંત્ર ફલિત થયો હતો. એક વખત હરિવંશજી શ્રીનાથજી માટે સામગ્રી લઈ શ્રીગોકુળથી નીકળ્યા. શ્રીયમુનાજીના ઘાટ પર આવ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. કોઈ નાવ મળી નહીં ત્યારે ચાચાજીએ પોતાના મનમાં વિચાર્યું કે કાલે ઉત્સવ છે તેથી સવારે છ ઘડી રાત રહેશે ત્યારે આ સામગ્રી જોઈએ. તેથી આ સામગ્રી રાતે સિદ્ધ થવી જોઈએ. શ્રીનાથજી દ્વાર તો દશ કોસ દૂર છે તો કેમ પહોંચાશે? ત્યારે સાથેના વૈષ્ણવને કહ્યું કે હું જે ઠેકાણે પગલું માંડુ તે ઠેકાણે તું તારું પગલું માંડતો જજે. પછી ચાચાજી આગળ આગળ ભગવદ્નામ લેતા જાય અને શ્રીયમુનાજીમાં પગલું માંડતા જાય. ત્યારે તે વૈષ્ણવના મનમાં વિચાર આવ્યો કે ચાચાજીના પગલા પર પગલું કેમ મૂકું ? હું પણ મારા મુખથી ભગવદ્નામ લેતા ચાલ્યો જાઈશ. પછી તે વૈષ્ણવે તો પોતાના મુખે ભગવદ્નામ લેતાં જુદે ઠેકાણે પગલું મૂક્યું. ત્યારે તે વૈષ્ણવ તો શ્રીયમુનાજીમાં ડૂબવા લાગ્યો. તેણે બૂમ પાડી. ચાચાજીએ કહ્યું, મેં તને કહ્યું હતું કે હું જે ઠેકાણે પગલું માંડું ત્યાં તારે પણ પગલું માંડવું. પણ તેં જુદે ઠેકાણે કેમ માંડ્યું ? મારું ભગવદ્નામ શ્રીજીએ સાંભળ્યું છે અને તારુ હજી સાંભળ્યું નથી. આમ ચાચાજીને આ મંત્ર ફલિત થયો હતો.

પ્રથમ પીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજી (શ્રીરણછોડચાર્યજી મહારાજ)ના વચનામૃત

– સંકલન : કાન્તિ ર. ગાંધી, અમદાવાદ

સામાન્ય રીતે સમાજમાં જે ધીરજ અને વિવેક જોઈએ તે પણ નથી દેખાતા ત્યારે શ્રીવલ્લભાચાર્યે વર્ણવેલા ભક્તિના અંગરૂપ વિવેક અને ધૈર્યની પ્રાપ્તિ કેમ થઈ શકે ? ધર્માચાર્યો આગળ નાણાંની વિગતો આપવા કરતા કેટલું ધર્માચરણ કર્યું અને કેટલું ન થઈ શક્યું તેના કારણો પર ચર્ચા કરવી યોગ્ય છે. પેટપૂરતા નાણાં તો પ્રભુ બધાને આપે જ છે છતાં તેમાં ભગવાન કે ધર્મ કરતા વધુ શ્રદ્ધા ઉત્પન્ન થવાથી ધાર્મિક યોજનાઓ સર્વથા નિષ્ફળ થઈ જાય છે. મહાન કાર્યો અને પુણ્ય કાર્યોમાં ધર્મબુદ્ધિ તેમજ પવિત્ર નિષ્ઠાની જરૂર હોય છે. આમ જોતા નાણાંનું પ્રદર્શન કે અભિમાન આ કાર્યમાં સર્વથા નિરર્થક છે. આવા કાર્યોથી જ વર્ગસંઘર્ષનો જન્મ થાય છે. છતાં તેનો સદુપયોગ થતો નથી. તેમજ તેને સાચા માર્ગ દોરવણીની ઘણી જરૂર છે. જો આ ભાવના સાચેમાર્ગે દોરવાય તો શ્રીવલ્લભાચાર્યનો મહાન માર્ગ દીપી ઉઠે અને તેન સાચા અનુયાયીઓજ વ્રજભક્તોની જેમ ત્રિભુવનને પ્રકાશીત કરી શકે તેમાં સંદેહ નથી.

શ્રી શ્રુતિરૂપા અને ઋષિરૂપાના શ્રીમુખેથી થયેલી ઉદ્‌ગતિ જેમ ત્રિભુવનને પાવન કરે છે તેમજ સેવા સદાચાર અને સંકીર્તન કે સત્સંગ પણ જીવનની શુદ્ધિ કરવાને સમર્થ છે. આ વસ્તુની સિદ્ધિ ત્યારે જ થઈ શકે જ્યારે શુદ્ધમને ચિંતન થાય, તેમજ સેવાના અનઅવસરમાં વિપ્રયોગની ભાવના કરી પ્રભુસ્મરણ તેમજ ગૃહસ્થના કાર્યો પણ સેવાના અંગભૂત કરવા યોગ્ય છે. આમ કાંઈક અંશે સર્વાત્મભાવની બુદ્ધિ આવવાથી નકામા પ્રપંચ કરવાનું મન ન થાય તેમજ આવશ્યક વાણી બોલવાનો અભ્યાસ કરવા યોગ્ય છે. વૃથાલાપ વૃથા ક્રિયાઓ ઉપર જાતેજ અંકુશ રાખવો તે ઉત્તમ છે. એકબીજાની વાતો કે પ્રપંચ મૂકીને સંગઠન કરી ભગવદાશ્રય કરવાથી સાચા ફળની પ્રાપ્તિ તેમજ ઉદ્વેગોનું નિવારણ થશે. અને જેવું અન્ન એવું મન અને તેવું જ ધન થશે. માટે ફરી વિચાર કરવો જોઈએ.

○ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, હ : સુશ્રી સરોજબેન (કોલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.
○ પંદર માસ પૃષ્ઠ પ્રકાશન સહાયક ○
પ.ભ.જમનાદાસ હરિદાસ, હઃ શૈલેષભાઈ (અહમદનગર)ના જય શ્રીકૃષ્ણ.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

એકસોને એક ચંદ્રાવળા આ ગ્રંથ તણો છે સાર;
પ્રતિ પદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર.
વિચારતાં વલ્લભ હરિ થાશે, સર્વ ક્લેશ સમૂળા જાશે;
આચરણ કરતાં આનંદની હેલી, ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૧૦૦)

વિવેચન : આ ભક્તિપોષણ ગ્રંથમાં એકસોને એક ચંદ્રાવળા છે, તે એકોએક સાર ભર્યા છે. પ્રત્યેકમાં પ્રભુ પદ પ્રાપ્તિનાં સિદ્ધાંત રૂપ છે. તેને વાંચીને વિચાર કરજો.

જો એકાગ્ર ચિત્તથી વાંચીને મનન કરશો તો તમોને પ્રભુ પ્રિય થશે. તમે પ્રભુનાં વ્હાલા બનશો. કેમકે ભક્તિને પૂરક કરે તેવી સામગ્રી તેમજ સંદેહને દૂર કરે તેવી બધી સામગ્રી આમાં ભરી છે. તેથી આને વાંચવાથી સંદેહ સમુળો જાશે. અને આમાં લખ્યા મુજબ સાર જાણીને તેને આચરણમાં મુકશો તો કેવળ આનંદની પ્રાપ્તિ થશે. જ્યાં આનંદ છે, ત્યાં ક્લેશ નહીં રહે. આચરણ કરતા આનંદની હેલી મળશે.

આ વાક્યથી આશીર્વાદરૂપી અગર તો ફલશ્રુતિ બતાવી છે, માટે ભક્તજનોએ તેને આચરણમાં મૂકવી, જેથી આનંદની પ્રાપ્તિ થાય.

સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે સાર માંહે સાર
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન ભક્તનો આધાર

—ગોપાલદાસજી

આ વાક્યનો સાર દરેક શાસ્ત્રો અને પુરાણોનાં પ્રમાણ બતાવે છે કે, પ્રભુ ભક્તવત્સલ છે. પ્રભુને પ્રાપ્ત કરવા પ્રેમલક્ષણા ભક્તિ જ સર્વે સાર રૂપ છે.

ભક્તિ વિશે—

યથા જ્ઞાનં વિનાં મુક્તિના સ્ત્યુત્થાય શતેરપિ
તથા ભક્તિર્વિનાં જ્ઞાન નાસ્ત્યુપાય સહસ્ત્રાતઃ
લવણેન યથારહીતં ભોજનં ન રહવાહં
તથા ભક્તિર્વિનાં સત્ક્રિયા નિષ્ફલેરપિઃ

ભાવાર્થ : જેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના મુક્તિ મળતી નથી, તેવી જ રીતે ભક્તિ વિના ભગવદ્ પ્રાપ્તિ થતી નથી. જે જ્ઞાનથી ભક્તિ ઉત્પન્ન થાય છે, તે જ્ઞાન બીજા હજારો ઉપાયોથી થતું નથી. ભક્તિ ઉત્પન્ન કરાવે તેને જ જ્ઞાન સમજવું. દ્રષ્ટાંત–સંસારી જીવનમાં રોજ રસોઈમાં દાળભાત, શાક વિગેરે બને છે. દાળમાં ને શાકમાં ઘણાં મસાલા નાંખીને તે સરસ હીંગનો વઘાર પણ દીધો, પરંતુ મીઠું ન નાંખ્યું, તો બધું નકામું છે, તે ભોજનમાં સ્વાદ નથી. તેવી રીતે સંસારમાં આવીને ઘણાં સત્કર્મો કર્યા, પરંતુ પ્રભુની ભક્તિ ન કરી, તો તે લૂણ વગરનું શાક સમાન માનવું. અત્રે ચંદ્રાવળા પુરાં કરતાં સારમાં સાર એ જ બતાવ્યો છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૧૦૦)

(કવિની ઓળખ)

મહાનદી શ્રીનર્મદા તટે ચંડીપુરી મહાધામ;
જ્ઞાતિ સાઠોદરા નાગર દ્વિજ ભટ 'દયાશંકર' નામ
નામ વલ્લભી વૈષ્ણવદાસ, ગુરુપ્રતાપે કર્યો ગ્રંથ પ્રકાશ
શીખે સાંભળે જે જન ગાય, તેને મનવાંછિત ફળ થાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૦૧)

વિવેચન : અત્રે ભક્તિપોષણ ગ્રંથ પુરો થાય છે. આ છેલ્લામાં કવિનું નામ ઠામ આપેલું છે. અને ગુરુની કૃપા બળ બતાવ્યું છે.

મહાનદી શ્રીનર્મદાજીનાં કિનારે ચંડીપુર (ચાંદોદ) નામનું ગામ છે. ત્યાંના રહીશ બ્રાહ્મણ જ્ઞાતે સાઠોદરા ભટ્ટ જેમનું નામ દયાશંકર કે જેઓ શ્રીવલ્લભલાલજીનાં સેવક હતા, તેમણે આ ગ્રંથની રચના કરવામાં ગુરુકૃપા માની છે. પોતાને વૈષ્ણવનાં દાસ કહ્યા છે. ભગવદ્ ભક્ત ક્યારેય પણ પોતાનું પરિબળ માનતો નથી. તેમજ અભિમાન ન આવે તે માટે દાસાનુંદાસ પદ સ્વીકારે છે. જે કોઈ આ પદને શીખે કે સાંભળે તેને મનવાંછિત ફળ મળે તે તો કેવળ ભક્તિ જ કહેવાય. તે ભક્તિની પ્રાપ્તિ થાય. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૦૧)

ઉપસંહાર

ભક્તિપોષણ એટલે ભક્તિ કરવામાં સહાયક. જે ગ્રંથ વાંચવાથી મન સંશય રહિત બને, સંદેહો દૂર થાય, ત્યારે જ નિઃશંક થઈ ભક્તિ કરે. જ્યાં સુધી મનમાં તરેહ તરેહનાં સંશયો ચકરાવા દેતા હોય, ત્યાં સુધી સ્થિરતા આવે નહીં, તેમજ મનની સ્થિરતા સિવાય ભક્તિમાં એકાગ્ર ચિત્ત થાય નહીં. તેથીજ કવિશ્રીએ આ ગ્રંથમાં શાસ્ત્રો, પુરાણો, ગીતા, વેદ, ઉપનિષદ વિગેરેનાં સુંદર દ્રષ્ટાંતો આપીને ભક્તિ સુદ્રઢ કરી છે. તેનાં મૂળમાં ઉદ્દેશ્ય એ રહ્યો કે, જે કોઈ આવું વાંચન કરે તેનાં સંશયો બધા દૂર થાય, અને

ભક્તિ કરવા માર્ગ મોકળો મળે. કવિશ્રીએ અનેક કાવ્યો રચ્યા છે, તેમાં સર્વશ્રેષ્ઠ ભક્તિપોષણ છે.

યોગાનુયોગ પ.ભ. શ્રીરવજીભાઈ પ. પટેલને પ્રેરણા થઈ કે ભક્તિપોષણ ગ્રંથ ઉપર થોડું ઘણું વિવેચન કરી, સ્પષ્ટ સ્વરૂપમાં સમજાય તેવું લખી 'શ્રીવલ્લભસુધા' માસિક પત્રમાં આપીએ. તેમણે પ.ભ. શ્રીજીવણલાલ જોષીને કહ્યું પરંતુ તેઓ પહેલી લીટીની વ્યાખ્યા કરી ભગવાનને શરણે થયા. ત્યારપછી રવજીભાઈએ આ કામ મને સુપરત કર્યું. મેં વિચાર કર્યો ને કીધું કે ભાઈ આવા પ.ભ. દયારામભાઈની વાણીનું વિવેચન કરવાની મારામાં શક્તિ ક્યાંથી હોય ! પરંતુ તેમનાં આગ્રહથી જેવી પ્રભુએ બુદ્ધિ આપી તેવું વિવેચન કરી આ ગ્રંથનું લેખન થયું. ભાવિકજનો ભૂલચૂકને ક્ષમા કરે.

(૧) ભક્ત કવિ દયારામજી કીયો ગ્રંથ પ્રકાશ
યથામતિ કછુ વરણીયો મહેતા મથુરાદાસ
(૨) ભક્તિ પોષણ ગ્રંથકો પઢે પ્રેમસે ખાસ
ભક્તિ સે ભગવંત મિલે પુરે મનકી આસ

□□□

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૧૦. પ્રભુનામ માહાત્મ્ય

ભગવત નામનો મોટો મહિમા છે, પણ જેના પર જેટલી કૃપા કરે તેટલું નામ દેવાય. જેને આઠ ઘડી નામ ચાલ્યું જાય છે તેના નામનો મહિમા જડતો નથી. કોઈને કોઈનો આશરો પણ ભગવત નામનો આશરો કોઈને છે નહીં. નામ દે ને વળી કહે કે મેં જમનાપાન કર્યા નહીં, પણ શ્રીજમનાજી તો એમના ધણિયાણી છે. એ ધણી વડે તો એ મોટા છે. એમને રમણ કર્યું, જળક્રીડા કરી તેથી એ મોટા થયા છે. પણ વળી કહેશે કે ગંગાસ્નાન કર્યા નહીં. પણ તે તો એમને ચરણે અડેલા છે. તેનો મહિમા એટલો છે, ને નામ તો પ્રભુનું સ્વરૂપ છે ત્યારે સ્વરૂપને મૂકીને એક અંગથી શું થાય ? પણ જેના પર જેટલી કૃપા થાય, તેણે તેટલું નામ દેવાય. નામ સમાન કાંઈ છે નહીં. નામનો મહિમા મોટો છે. (૧૧૦)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

પ્રેમરૂપા ભક્તિ કે સાધન ઔર સત્સંગ કી મહિમા

આમ ગૌણ ઉપાયોને બતાવી હવે મુખ્ય ઉપાયને વર્ણવતા ભગવદ્ ભક્તિમાં સત્સંગ માહાત્મ્ય સૌથી શ્રેષ્ઠ સાધન છે એમ બતાવવાની ઈચ્છાથી કહે છે–

મુખ્ય તસ્તુ મહત્કૃપયૈવ ભગવત્ કૃપાલેશાદ્વા ॥ ૩૮ ॥

૩૮. પરંતુ (પ્રેમભક્તિની પ્રાપ્તિનું સાધન) મુખ્ય રીતે (પ્રેમી) મહાપુરૂષોની કૃપાથી અથવા જરા અમસ્તી ભગવત્કૃપાથી થાય છે.

વિષય અને વિષયાસક્તિનો ત્યાગ કરીને અખંડ ભજન અને શ્રવણ–કીર્તનને સાધન બતાવ્યા બાદ હવે એક એવું સાધન બતાવવામાં આવે છે, જેના એકના પ્રતાપે પહેલા ત્રણ આપોઆપ થઈ જાય છે–તે સાધન છે. 'મહાપુરૂષોકી કૃપા' (મહાપુરૂષ તો કૃપાળુ જ હોય છે, પરંતુ શ્રદ્ધા–વિશ્વાસપૂર્વક તેમનો સંગ કરવાનું ઘણું કઠિન છે.) મહાપુરૂષોનો સંગ પ્રાપ્ત થવાથી વિષય તો આપોઆપ જ છૂટી જાય છે. તેના સંગથી શ્રવણ–કીર્તન પણ કરવું જ પડે છે અને રાતદિવસ જે કાંઈ સાંભળવા કહેવા અને જોવામાં આવે છે તેનું સ્મરણ અનિવાર્ય જ છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે અહીં જે મહાપુરૂષોની કૃપામાત્રથી જ ફલરૂપા પ્રેમભક્તિની પ્રાપ્તિ બતાવી છે તે મહાપુરૂષ ફક્ત શાસ્ત્રજ્ઞાની અને સદાચારી જ નથી હોતા. ભગવાનના સ્વરૂપ–તત્ત્વને યથાર્થરૂપે જાણીને તેમાં અનન્ય પ્રેમ કરવાવાળા ભક્ત હોય છે.

આવા પ્રેમી ભક્તોના સંગનો મોટો મહિમા છે. તેથી યજ્ઞના ધુમાડાથી જેમના શરીર ધુમાડીયા થઈ ગયા છે એવા કર્મકાંડી વિજ્ઞાની ઋષિ ભગવત્ ચરણકમલ રસામૃતનું પાન કરાવનાર સૂતજીને કહે છે–

તુલયામ લવેનાપિ ન સ્વર્ગં નાપુનર્ભવમ્ ।
ભગવત્સંગિસંગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષઃ ॥

(શ્રીમદ્ ભા. ૧/૧૮/૧૩)

હે સૌમ્ય, ભગવત્‌સંગી પ્રેમીઓના ક્ષણમાત્રના સંગની સરખામણી, સ્વર્ગની તો વાત જ

શું ? પુનર્જન્મનો નાશ કરનાર મુક્તિની સાથે પણ ન થઈ શકે, તો પછી મૃત્યુલોકના રાજ્ય વિગેરે સંપત્તિની તો વાત જ ક્યાં છે ? આના આધારે રામચરિત માનસમાં કહેવાયું છે–

તાત સ્વર્ગ અપવર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ ।
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સતસંગ ॥

આ એ સત્સંગનો મહિમા નથી જે અંતઃકરણને શુદ્ધ કરીને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે, કારણ કે અહીં તો મોક્ષની સાથે ક્ષણમાત્રના એવા સત્સંગની સરખામણી કરવાનું પણ અયોગ્ય બતાવ્યું છે. તેથી અહીં તે ભગવત્ તત્ત્વના જાણકાર થઈને, ભગવત્સંગી (સર્વ ઐશ્વર્યપૂર્ણ મધુરતમ લીલાવિહારી ભગવાનના નિત્યલીલા સંગી) પ્રેમી સંતોની એ કૃપાનો ઉલ્લેખ છે જે ફક્ત મુક્તિ જ નહીં, ભગવાનના પ્રેમરૂપી ભક્તિની પ્રાપ્તિ પણ સહજ જ કરાવી દે છે; કારણ કે મુક્તિ તો એવા પ્રેમી ઈચ્છતા જ નથી. આમ તો મુક્તિની ઈચ્છાને જ તેઓ પ્રેમરૂપા ભગવત્ ભક્તિ ઉત્પન્ન થવામાં બાધા કરનાર પિશાચણી સમજીને તેનો તિરસ્કાર કર્યા કરે છે.

આવા પ્રેમીભક્તોની જેના પર કૃપા હોંય છે, જે પુરૂષ એવા ભક્તોનો સંગ પ્રાપ્ત કરી લે છે, યોગ અને જ્ઞાન વિગેરેથી વશ ન થનાર ભગવાન (સહજ જ) તેના વશ થઈ જાય છે. તેથી ભગવાન પોતે પોતાના પ્રેમી ભક્ત ઉદ્ધવને કહે છે–

ન રોધયતિમાં યોગો ન સાંખ્યં ધર્મ એવ ચ ।
ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો નેષ્ટા પૂર્તં ન દક્ષિણા ॥
વ્રતાનિ યજ્ઞશ્છન્દાંસિ તીર્થાનિ નિયમા યમાઃ ।
યથાવરુન્ધે સત્સંગઃ સર્વસંગાપહો હિ મામ ॥

(શ્રીમદ્ ભાગ. ૧૧/૧૨/૧–૨)

'હે ઉદ્ધવ, બીજાબધા સંગનું નિવારણ કરનાર સત્સંગથી હું એટલો વશીભૂત થાઉં છું તેટલો યોગ, જ્ઞાન, ધર્મ, વેદઅધ્યાયન, તપ, ત્યાગ, દાન, દક્ષિણા, વ્રત, યજ્ઞ, છંદ, તીર્થ, યમ અને નિયમ કોઈથી નથી થતો.'

તેનું કારણ એ છે કે અન્ય બીજા બધા સાધન સકામભાવથી થતા હોઈને ભોગ અને સ્વર્ગ વિગેરેની અને નિષ્કામભાવથી થવાથી અંતઃકરણની શુદ્ધિ અને મુક્તિની પ્રાપ્તિ કરાવનાર હોય છે. લીલાવિહારી ભગવાનને સીધા વશમાં કરનાર તો ફક્ત એક સર્વ રીતે સ્વતંત્ર, અનન્ય અને વિશુદ્ધ પ્રેમ જ છે, જે આ સાધનોમાંથી કોઈથી નથી મળતો; તે તો ફક્ત ભગવત્સંગી પ્રેમી મહાપુરૂષોની મહાન કૃપાથી જ મળે છે.

ભગતિ સુતંત્ર સકલ સુખખાની ।
બિનુ સતસંગ ન પાવહિ પ્રાની ॥

હા, જો ભગવાન ઈચ્છે તો પોતે જ પોતાનો પ્રેમ આપી શકે છે, તેમની જરા જેટલી કૃપાથી જ પ્રેમ મળી શકે છે.

ગોસાંઈજી (તુલસીદાસજી) કહે છે–

જાકી કૃપા લવલેસ તે મતિમંદ તુલસીદાસ હૂં ।
પાયો પરમ વિશ્રામુ રામસમાન પ્રભુ નાહીં કહૂં ॥

પરંતુ નિત્ય કૃપાવર્ષા કરનાર ભગવાનનું કૃપાબિંદુ પણ ભગવદીય મહાત્માઓની કૃપાથી જ જીવોને મળી શકે છે. તેથી એવા પ્રેમી સંતોનો સંગ જ મુખ્ય સાધન છે. પરંતુ આવો સંગ પ્રાપ્ત થવાનું આપણા વશની વાત નથી. તેથી દેવર્ષિ નારદજી આગલા સૂત્રમાં મહત્ સંગ દુર્લભ બતાવે છે. ૩૮

ભાષ્યાર્થ : અન્ય સાધનોમાં અતિ આયાસ છે એમ માનતા આચાર્ય સર્વ સાધનોમાં પ્રધાન સાધનનો અહીં પુરસ્કાર કરે છે. પ્રેમની પ્રાપ્તિમાં મુખ્યત્વે તો સંતોની કરુણા જ ફક્ત સાધન છે. સર્વભૂતના હિતમાં રત રહેનાર કોઈને સંતો ભગવદ્ આજ્ઞાથી જન્તુઓના ઉદ્ધાર માટે જગતમાં ઘૂમતા રહે છે. નિર્વ્યાજ કરુણાથી ભરપૂર માનસવાળા તેઓ સ્વભાવે જ, પોતાના સંગમાં આવેલા માનવોને, તેમના ચારિત્ર્ય તરફ ન જોતાં, અનુગ્રહીત કરે છે, કેમકે સંતો તો અનુગ્રહના સ્વભાવવાળા હોય છે અને સંતોનો સંગ એ તો સંસાર–રોગનું ઔષધ છે. તેમની હાજરીમાં સ્મૃતિમાંથી સંસાર વિલુપ્ત થાય છે અને અંતરમાં અંતરાત્મા ઉઠે છે. દુષ્ટાશય રાવણ લાંબાકાળ સુધી સૂઈ જાય છે અને મંગલમય રામ હૃદયગુહામાં જાગૃત થાય છે. કલિયુગ દૂર પલાયન કરે છે અને સત્યયુગ નિકટ આવે છે.

સત્સંગ માહાત્મ્યનું વર્ણન કરવા કોની શક્તિ છે?

ઈશ્વરપ્રેરિત અંતરવાળા, તરુણ કરુણાના સાગર જેવા સંતો કોઈ ભાગ્યવાન જન્તુઓના સમાગમમાં આવે છે અને તેવાઓને તેઓ પ્રભુ પંથે દોરી જાય છે. સત્સંગના બલે તેને માટે તમામ સાધનો એક પગે ખડાં થઈ જાય છે અને વળી જ્યાં સુધી ભગવાનની કૃપા થતી નથી, ત્યાં સુધી તેનાં બીજાં તમામ સાધનો નિષ્ફલ જ છે. કેમકે ભગવાન તો સંતોના શિરોમણી છે. જ્યારે તેની કૃપાનો કણ પણ મળે છે ત્યારે તો ભક્ત કૃતાર્થ થઈ જાય છે. વળી ભગવાન તો સદૈવ સૌના અનુગ્રહને ઈચ્છતા ઉભા છે પણ ભક્તના ભાવની અનુગ્રહ અપેક્ષા રાખે છે. જ્યારે ભગવાન કોઈ ભાવગર્ભ હૃદયને જુએ છે કે તરત તેના ઉપર અનુગ્રહ કરે છે અને આ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસમાં વારંવાર ગવાયેલો તમામ ભગવત્જનોનો અનુભવ છે. આથી ભગવત્કૃપાના પાત્ર થવા માટે ભક્ત સદા યત્ન કરે. ૩૮

અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજી પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત - બ્રહ્મવાદ

સંકલન : જીવનભાઈ જે. રૂપારેલીયા

—ગતાંકથી ચાલુ

હિન્દુ ધર્મ સૌથી વધારે પ્રાચીન છે અને અહીં ઈશ્વરને જાણવો તેટલું બસ નથી. તે આસ્તિકવાદથી અટકતો નથી પણ...પોતપોતાની રુચિ અનુસાર સ્વરૂપનો નિર્ણય કરી તેનું ભજન સેવા કરવા કોઈ એક પ્રકારનો સંબંધ સ્થાપિત કરવા ઉપદેશ કરે છે અને આ સંબંધ, વેદની શ્રુતિઓ, સ્મૃતિઓ, ઉપનિષદો, ભગવદ્ગીતા તથા પુરાણોમાં જોવા મળે છે. આ બધા જ શાસ્ત્રો મનુષ્યને જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય દર્શાવી આત્મબોધ કરી કલ્યાણના માર્ગે લઈ જાય છે.

આપણા હિન્દુ આચાર્યોએ ધર્મશાસ્ત્રોની એકવાક્યતા સ્થાપવા ભગીરથ પ્રયત્નો કરેલા છે અને તેમણે બ્રહ્મસૂત્રો, ઉપનિષદો અને ગીતા પર વિવેચનાત્મક ભાષ્યો લખેલા છે. તેઓશ્રીમાં આપણા શ્રીમદ્ વલ્લભાચાર્યજી છેલ્લા આચાર્ય છે. તેઓશ્રીએ તો પૂર્વેના આચાર્યોને માન્ય પ્રસ્થાનત્રયી ઉપરાંત શ્રીમદ્ ભાગવતનો પણ સમાવેશ કરેલો છે. કારણ, ભગવાન વેદવ્યાસે પોતાની ઉત્તર અવસ્થાની પૂર્ણ દર્શનયુક્ત સમાધીભાષા લખી છે.

વેદ સાહિત્ય પણ ચાર વિભાગમાં જોવામાં આવે છે. (૧) સંહિતા વિભાગ (૨) બ્રાહ્મણગ્રંથો (૩) આરણ્ક ગ્રંથ અને (૪) ઉપનિષદો. આ ચારે વિભાગોને એકત્રિત કરીએ તો તેને 'વેદ' કહેવાય. આને જ આર્યશાસ્ત્રો 'શ્રુતિ' નામે આલેખે છે. આમાં ઉપનિષદો વેદોનું ઉત્તમ અંગ ગણાય છે. અને વેદોમાં સર્વોચ્ચ સ્થાન એઓ ભોગવે છે. આથી આને વેદાંત પણ કહે છે. જો આ વેદાંતનું રહસ્ય સમજી શકીએ તો જ 'વેદ'ના બીજા ભાગોનું રહસ્ય સમજી શકાય છે. આથી વેદ કરતાં પણ વેદાંતનો મહિમા વિશેષ છે. વેદાંત એટલે જ્ઞાનનું અંતિમ સર્વોચ્ચ શિખર. આ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કોઈ વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ રહેતી નથી. આમ વેદોમાં સારભાગ તરીકે ગણાતું અંતિમ સાહિત્ય ઉપનિષદ છે અને પરબ્રહ્મના રસસ્વરૂપનો જો આસ્વાદ લેવો હોય તો ભક્તે આ ઉપનિષદોનું અવગાહન કરવું જરૂરી છે. કારણ, વેદાંતનો વિષય જીવ, જગત અને ઈશ્વર આ ત્રિપુટીનો ગૂઢ રહસ્યયુક્ત કોયડો ઉકેલે છે. સામાન્ય મનુષ્યને ગૂઢ રહસ્ય તાત્કાલિક સમજાતું નથી એને માટે બહુશ્રુત થવું પડે છે અને આ બહુશ્રુતપણું ૧૮

પુરાણ, મહાભારત, રામાયણ, શ્રીમદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત વગેરેના શ્રવણ—વાંચન અને મનન દ્વારા પ્રાપ્ત થાય છે. અહીં પરમ શાંતિ છે.

ભગવાન શ્રીબાદરાયણે વેદો તથા ગીતાના આધારે બ્રહ્મસૂત્રોની પણ રચના કરેલી છે. આ રચના વ્યાસસૂત્રો તરીકે જાણીતી છે. અને આ સૂત્રો પર આપણા ધુરંધર આચાર્યોએ ભાષ્યો લખેલા છે. આ સૂત્રો પર ભાષ્યની રચના કરનાર પાંચે આચાર્યો ભગવત્સ્વરૂપ ગણાયેલા છે તેઓમાં (૧) શ્રીશંકરાચાર્ય (૨) શ્રીરામાનુજાચાર્ય (૩) શ્રીનિમ્બાર્કાચાર્ય (૪) શ્રીમાધ્વાચાર્ય (૫) અને શ્રીવલ્લભાચાર્ય છે. આ પાંચે આચાર્યોએ પોતપોતાના મતનું પ્રતિપાદન કરેલું છે. વેદાંતનો આ પાંચે આચાર્યો એકસરખી રીતે સ્વીકાર કરે છે પણ સિદ્ધાંતની દ્રષ્ટિએ તેમનામાં મતભેદ છે. પણ જો તત્ત્વની દ્રષ્ટિએ આ મહાન ભગવત્સ્વરૂપ આચાર્યોના મતો સમન્વયની દ્રષ્ટિએ વિચારસરણી ''શુદ્ધાદ્વૈતવાદ''સમજવામાં સરળ લાગશે. કારણ, તત્ત્વજ્ઞાનની સૃષ્ટિ સહિષ્ણુતા, વિચાર ઔદાર્ય તેમજ સત્યશોધનના પાયા પર વિકસેલી છે. અને આથી જ તેમાં એક પ્રકારની સર્વગ્રાહી દ્રષ્ટિ જોવામાં આવેલી છે. અને આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તેઓશ્રીના સિદ્ધાંતોઅનુસાર શુદ્ધાદ્વૈત સ્વરૂપે પરમ તત્ત્વ ''યશોદોત્સંગ લાલિત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ''નું પ્રતિપાદન બ્રહ્મવાદમાં નિરૂપણ કરી આપણને તેનું દર્શન કરાવેલું છે.

શ્રી વેદવ્યાસના હૃદયમાં અને સમાધિમાં કેવળ શ્રીશ્યામસુંદરનું જ સ્વરૂપ છે. તેમનું ધ્યાન ચિંતન અને ગુણાનુવાદ તેઓએ શ્રીમદ્ભાગવતની રચના દ્વારા કરેલ છે. તેઓ પરમ તત્ત્વજ્ઞાની, મહાનુભાવી અને દ્રષ્ટા પણ છે. તેઓશ્રી કહે છે વેદોના પ્રતિપાદિત પરબ્રહ્મ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. તેઓજ પરમ સત્યસ્વરૂપ છે. આથીજ બ્રહ્માજી દ્વારા તેઓએ દશમ સ્કંધમાં ગર્ભ સ્તુતિ કરાવતા કહે છે.

સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં, સત્યસ્ય યોનિં નિહિત ચ સત્યે ।
સત્યસ્ય સત્યમૃતસત્યનેત્રં સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ ॥

આ સ્તુતિ દ્વારા જ તેઓ કહે છે કે શ્રીમદ્ ભાગવતનો પ્રતિપાદ્ય વિષય ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા જ છે. જે પરમાત્મમાંથી જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય થાય છે. જે સ્વયંપ્રકાશ, સત્તામાત્ર, સર્વાવધિષ્ઠાન તથા સર્વના સાક્ષીરૂપ છે. જેમણે હિરણ્યગર્ભ બ્રહ્માજીને પણ પોતાના સંકલ્પમાત્રથી ઉત્પન્ન કરી વેદોના તત્ત્વજ્ઞાનનું દાન કર્યું, જેમની માયાથી મોટા મોટા બ્રહ્મા શંકરાદિ દેવો તથા મુનિઓ પણ મોહ પામે છે. જેમની ત્રિગુણાત્મક વૈષ્ણવી આત્મમાયા જગત માત્રને મોહ પમાડે છે. અહીં વેદવ્યાસ સ્વયં જે સ્વયંપ્રકાશ, જ્યોતિર્મય, આનંદસ્વરૂપ અને પરમ સત્યસ્વરૂપ શ્રીહરિનું ધ્યાન ધરે છે.

પુષ્ટિમાર્ગના વૈષ્ણવોએ તો ભગવદ્‌પ્રેમ જાગૃત કરવાનો છે જો આમ થાય તો જ ભગવદ્ રસપાન વૃત્તિ સહજ જાગૃત થાય અને તો જ ભગવદ્ રસપાન શક્ય બને.

દુર્લભો માનુષો દેહો, દેહિનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે, વૈકુંઠ પ્રિય દર્શનમ્ ॥

મનુષ્ય જન્મ દુર્લભ છે તેટલું જ નહીં પણ તે ક્ષણભંગુર પણ છે. લક્ષચોરાશી રૂપી ઉંડો ભવકૂપછે. તેમાં ભટકતો જીવાત્મા જ્યારે મનુષ્ય યોનીને પ્રાપ્ત થાય છે ત્યારે તેને મોક્ષદ્વાર પ્રાપ્ત થાય છે. તેથી મનુષ્ય માત્રે તેના પૂર્વજન્મ વૃથા ન જાય અને મનુષ્ય જન્મ સાર્થક થાય તે માટે તેણે ઈશ્વર ભક્તિ દ્વારા પોતાનું આત્મકલ્યાણ કરવું ઉચિત છે. આજનો મનુષ્ય અમર્યાદિત તૃષ્ણાને વશ થઈ કામ, ક્રોધ, લોભ અને મોહ દ્વારા અનેક પાપોનો સંગ્રહ કરી રહેલો છે અને છેલ્લે...તેની અનંત તૃષા પૂર્તિ માટે ચિંતાઓ કરી કામનો ભોગ થતાં અવગતિને પામે છે. આથી શ્રેયના માર્ગે જવા માટે નીતિપૂર્વક દ્રવ્ય ઉપાર્જન, સાદું જીવન, કુટુંબપાલન અને આ બધું ઈશ્વરને અર્પણ કરી પછી તેના પ્રસાદરૂપે ગ્રહણ કરી, ઈશ્વરની ભક્તિ, શ્રવણથી સાત્વિક જીવન નિર્માણ કરી અનંત–અમોઘ શાંતિનો અનુભવ કરી શકે છે.

વધાઈ વધાઈ વધાઈ

શ્રી વ્રજયાત્રા - લીલી પરિક્રમા

સહર્ષ જણાવવાનું કે પૂ.પા.ગો.૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર–મથુરા– રાજકોટ–ઉપલેટા) સહપરિવારે વિક્રમ સંવત ૨૦૫૯ (સને ૨૦૦૩) ના ભાદરવા સુદ ૫ ના શુભદિને શ્રીવિશ્રામઘાટ મથુરા વ્રજયાત્રાનું નિયમગ્રહણ કરી વ્રજયાત્રા કરવાનું નિશ્ચિત કરેલ છે. આ વ્રજયાત્રાના અલૌકિક આનંદનો લાભ લેવા સર્વે વલ્લભીય વૈષ્ણવોને સહર્ષ નિમંત્રણ છે.

આજ્ઞાથી : શ્રીવ્રજયાત્રા સમિતિ

કાવ્ય–કુંજ

ઉરાહનો (ઠપકો)

રચયિતા – પ.ભ. શ્રીલાલજીભાઈ ગો. પટેલ, ગણોદ.
(ઢાળ– વાલા મનડા અમારા હરી લીધા, તારી મોરલીયે)

નંદરાણી કાનુડાને વારો, ગોકુળીયામાં કેમ રહેવું;
તમે દેતા જાજો જરા ડારો, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૧
મારા મહિડાની ગોળી ફોડે, ગોકુળીયામાં કેમ રહેવું;
વાલો ખીલેથી વાછરૂ છોડે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૨
આવી સૂતા બાળકને જગાડે, ગોકુળીયામાં કેમ રહેવું;
છાણ ઉડાડી આંગણું બગાડે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૩
ખાય માખણ છીંકેથી ઉતારી, ગોકુળીયામાં કેમ રહેવું;
એને બીક નથી કોઈની લગારી, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૪
સાથે સખા ને માંકડા લાવે, ગોકુળીયામાં કેમ રહેવું;
મહી માખણની કીચ મચાવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૫
મને દેખીને ભાગે નઠારો, ગોકુળીયામાં કેમ રહેવું;
આપે મનમાં આવે એવી ગાળો, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૬
માતા કાનો તમારો કવરાવે, ગોકુળીયામાં કેમ રહેવું;
નિત્ય કહેતા શરમ ઘણી આવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૭
ગોપી દર્શન કરવાને આવે, ગોકુળીયામાં કેમ રહેવું;
નિત્ય નવા નવા બહાના બતાવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૮
ગોપી ઉપરથી રીસ બતાવે, ગોકુળીયામાં કેમ રહેવું;
એનાં અંતરમાં વ્હાલ ઘણું આવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૯
એને કાન વિના નથી ગમતું, ગોકુળીયામાં કેમ રહેવું;
એનું મનડું મોહનમાં ભમતું, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૧૦
ચિત્ત ચોર્યું કાનુડે કારે, ગોકુળીયામાં કેમ રહેવું;
'લાલ' પ્રભુ પર તનમન વારે, આ દુઃખ નિત્ય કેમ સહેવું...૧૧

સંપ્રદાયની સ્થિતિ ઉપર પ્રકાશ

લેખક : ગો.વા.પ.ભ. શ્રી દ્વારકાદાસ પરીખ

—ગતાંકથી ચાલુ

શ્રીમદાચાર્યચરણના સેવકો નિર્ગુણ ધર્મીરૂપ છે. અને વિઠ્ઠલેશ પ્રભુચરણના સેવકો સગુણ ધર્મીરૂપ છે. ત્યાર પછીના સેવકો તે ઉભયના અંગ પ્રત્યંગની ચેષ્ટા, ભાવના આદિના ધર્મીરૂપો છે. એથી પ્રભુ તે તે ભક્તોની સાથે તે તે પ્રકારની લીલા કરી દશેય રસનો અનુભવ નિત્ય કરે છે. ધર્મીની સાથે પ્રધાનતઃ ધર્મી લીલાઓ અને ધર્મો તેમજ ચેષ્ટાદિના સ્વરૂપો સાથે પ્રધાનતઃ ધર્માત્મક તેમજ ક્રિયાત્મક લીલાઓ કરે છે. ધર્મી લીલાઓમાં 'નિર્ગુણ ભક્તિરસ' અને શૃંગારભક્તિ રસનું પ્રાધાન્ય હોય છે. અને ધર્મ લીલાઓમાં 'હાસ્ય', 'રૌદ્ર', 'વીર', 'ભયાનક', 'કરૂણ', 'શાંત', 'અદ્ભુત' અને 'બિભત્સ' રસોની પ્રધાનતા હોય છે. 'વાત્સલ્યરસ' નિર્ગુણ ભક્તિરસનો જ એક પ્રકાર છે. એથી તેને ભિન્ન કહેવામાં આવ્યો નથી. આ દશેય રસને પુષ્ટિસ્થ પ્રભુ પુષ્ટિ જીવોની પ્રકૃતિને અનુકૂળ કરી તેમની દ્વારા ભોગવે છે. આજ પર્યંતની માર્ગ સ્થિતિનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે. તેનું સંક્ષિપ્ત અનુસંધાન અત્રે કરી લેવું આવશ્યક છે—

શ્રીમદાચાર્યચરણના સમયમાં નિર્ગુણ સહજ સ્નેહ સંપન્ન જીવોની પ્રધાનતા હતી. તેથી પુષ્ટિસ્થ પ્રભુએ તે સમયે મુખ્યપણાથી નિર્ગુણ ભક્તિરસનો ભોગ કર્યો છે. શૃંગારાદિ અન્ય ભક્તિ રસોને અવાન્તર ફળરૂપથી ભોગવ્યા છે. નિર્ગુણ ભક્તિરસ એટલે સહજ પ્રીતિરસ અથવા સ્વાધીનતા ભાવવાળી ભક્તિનો રસ. આ સહજ પ્રીતિનું અવલંબન 'કેવળ' ભાવ જ હોય. સ્વરૂપ ગુણ કે લીલા આદિ નહીં આ 'કેવળ' ભાવના દર્શન શ્રીમદ્ દામોદરદાસ, શ્રીપદ્મનાભદાસ, મહાવનની એક ક્ષત્રાણી અને શેઠ પુરૂષોત્તમદાસ આદિની વાર્તાઓમાં સરળ પ્રકારથી આપણને થાય છે. તેમાં 'કેવળ' ભાવરૂપ શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનું અવગાહન સેવન આદિ છે. બાહ્ય પ્રાકટ્યવાળી ભગવદ્ સ્વરૂપની સ્થિતિની અપેક્ષા નથી. સ્વરૂપ સેવામાં પણ 'કેવળ' ભાવરૂપ શ્રીમદાચાર્યચરણના આધિદૈવિક રૂપનું જ અનુસંધાન અને અનુભવ આદિ જોવામાં આવે છે. તેથી 'કેવળ' ભાવના ભોક્તા પુષ્ટિસ્થ પ્રભુએ તેમને 'ભાવાનંદ'નું દાન કરી તેમની દ્વારા પુનઃ તે આનંદને પ્રાપ્ત કર્યો. આ કેવળ નિર્ગુણ ભક્તિ રસની વિશુદ્ધ ભાવ લીલા છે.

એજ પ્રકારે વાત્સલ્ય ભાવવાળી સેવા વડે પણ પ્રભુએ નિર્ગુણ ભક્તિરસને જ ભોગવ્યો છે. કેમકે તે સેવામાં ભક્તિની ભાવના તથા પ્રકૃતિને અનુકૂળ પ્રભુની સ્થિતિ હોય છે. અને તે પ્રકારના સેવનમાં ભક્તને જે આનંદ આવે છે તેમાં ભાવમાં આપ પણ નિરૂદ્ધ થાય છે. આ પણ વિશુદ્ધ સ્નેહ ભાવનો જ આનંદ છે.

અવાંતર પ્રકારોથી અન્ય રસોને પણ તે સમયે પ્રભુએ ભોગવ્યા છે. જેનું અનુસંધાન વાર્તાઓથી

થઈ શકે છે. માધવદાસ, અડેલની એક બ્રાહ્મણી આદિની વાર્તાઓમાં આચાર્યશ્રીના સેવકોમાં પણ નિંદા–સ્તુતિનો જે પ્રકાર દેખાય છે તે પ્રભુનો જ ‘બિભત્સ’ રસનો વિલાસ છે. નહીં તો આચાર્યશ્રીના દર્શન, સ્પર્શન અને વચનામૃતાદિનું નિત્ય પ્રતિ શ્રવણ કરવાવાળાઓમાં નિંદા–સ્તુતિ કદાપિ સંભવે જ નહીં. આ પ્રકાર અન્ય રસોના વિલાસોનું અનુસંધાન વાર્તામાંથી કરી લેવું. સ્થાનાભાવથી તેને અત્રે આપવામાં આવતું નથી.

શ્રીવિઠ્ઠલેશના સમયમાં પ્રભુએ ‘શૃંગાર ભક્તિ રસ’નો ભોગ કર્યો છે. આ ‘શૃંગાર’ સંયોગ વિપ્રયોગની રસ ભાવનાવાળો હોવાથી ‘નિર્ગુણ ભક્તિરસ’ના જેવો જ છે. કેમકે નિર્ગુણ ભક્તિરસમાં પણ સંયોગ–વિપ્રયોગની રસ ભાવનાઓની સ્થિતિ અખંડિત હોય જ છે. ઉભયમાં તારતમ્ય કેવળ એટલું જ છે કે એક બાહ્ય સ્વરૂપ, ક્રિયા આદિથી નિરપેક્ષ છે– જ્યારે બીજો સાપેક્ષ છે. કિન્તુ ઉભયમાં ધર્મી સ્વરૂપની જ ભાવના હોય છે. એથી ‘શૃંગાર ભક્તિ રસ’ પણ ધર્મી રૂપ જ છે. સગુણ ધર્મી જીવોના સ્વભાવ ભેદને અનુકૂળ ભોગ–રાગ અને શૃંગાર ક્રિયાઓવાળી ભગવત્સેવા તેમજ ‘શૃંગારરસ મંડન’ આદિ ગ્રંથોની માનસી ભાવનાઓ વડે આ જીવો દ્વારા પ્રભુએ આ શૃંગાર ભક્તિરસનો ભોગ કર્યો છે. અને તેના આનંદમાં ઉભય નિરૂદ્ધ છે. આ સગુણાત્મક ધર્મી જીવોનો નિરોધ સ્વરૂપમાં થયો છે. કોટી કંદર્પલાવણ્ય રૂપમાં તેમના મન નિરૂદ્ધ થયા છે. માણેકચંદજી આદિની વાર્તાઓ આના સાક્ષીરૂપ છે. આ પ્રકારે અવાંતર ફળરૂપે અન્ય રસોના વિલાસોનું પણ વાર્તાઓથી અનુસંધાન કરી લેવું.

શ્રીગોકુલેશના સમયથી ધર્માત્મક જીવોનું પ્રાધાન્ય થયું એટલે પુષ્ટિસ્થ પ્રભુએ તદનુકૂળ પ્રકારવાળા રસોનો મુખ્યપણાએ ભોગ કર્યો. શ્રીગોકુલેશના સમયમાં મુખ્યત્વે ‘હાસ્ય’, ‘રૌદ્ર’ અને ‘વીર’ રસનો પ્રભુએ ભોગ કર્યો તેના અંતર્ગત અવાંતર ફલરૂપથી અન્ય રસોનો પણ ‘હાસ્યપ્રસંગોથી’ હાસ્યરસનો જહાંગીરના કોપથી રૌદ્રરસ અને માલા પ્રસંગથી વીરરસનો પ્રભુએ ભોગ કર્યો છે. તે વાત તે તે ગ્રંથોથી સ્પષ્ટ સમજાય તેવી છે.

માલા પ્રસંગ સમયે તૃતીય ધર્મીસ્વરૂપ શ્રીગિરિધરજીનું તિરોધાન થયું. ત્યારપછી ધર્મલીલા ફૂલી ફાલી. ધર્મી સ્વરૂપોના સુખની અપેક્ષા ધર્માત્મક ક્રિયાઓમાં આગ્રહ વધ્યો. દાસ્ય ધર્મરૂપ માલા–તિલકનો પ્રસંગ એ વાતનો સૂચક છે, માલા–તિલકનો વિજય વીરરસનો દ્યોતક છે.

શ્રીહરિરાયજીના સમયમાં પ્રભુએ ‘ભયાનક’, ‘કરૂણ’ અને ‘શાંતરસ’ને મુખ્યપણાથી ભોગવ્યો. ઔરંગઝેબથી ભય ઉત્પન્ન કરાવી ગુપ્ત રૂપથી વ્રજ છોડીને ભાગવું તે ‘ભયાનક’ રસ. ત્રિલોકીના સ્વામીએ ભૌતિક રાજ્યનો આશ્રય લીધો. એ કરૂણ રસ છે. મેવાડ સ્થિતિ પછીની શાંતિમાં શાંતિપૂર્વક સેવા રસનું અવગાહન તે શાંત રસ. એજ પ્રકારે અન્ય રસોનો પણ અવાંતર ફળરૂપે ભોગ કર્યો છે. તે શ્રીનાથજીની ‘પ્રાકટ્યવાર્તા’ આદિ ગ્રંથોથી સમજાય છે.

શ્રીગોકુલેશ અને શ્રીહરિરાયજી સમયમાં ધર્માત્મક સાત્ત્વિક જીવોનું પ્રાધાન્ય રહ્યું. સત્વગુણ સ્વરૂપના અધિષ્ઠાન રૂપ છે એજ રીતે ભાવના તે ભાવના અધિષ્ઠાન રૂપ છે. એટલે સાત્વિક જીવો ભાવના પ્રધાન હોય છે. એ માટે શ્રીગોકુલેશ તેમજ શ્રીહરિરાયજીએ અનેક ભાવનાના ગ્રંથોનું નિર્માણ કર્યું.

–ક્રમશઃ

ગોવાલણી (એક શબ્દચિત્ર)

લેખક : જેઠાલાલ છો. શાહ ''ઊર્મિલ''

સવાર થયું અને વ્રજની એક નવેલી ગોવાલણી પીત્તળનો ચળકતો કળશ લઈ ઘરથી નીકળી જાણે ઉન્માદિનીની જેમ જ નીકળી. એ સમયે આકાશમાં કાળી કાળી વાદળ–ઘટા છવાઈ રહી હતી. સુંદરીના નાના શા હૃદયમાં સાંવરા ચિત્તચોરને મળવાની વાંછના તીવ્ર–વધુને વધુ તીવ્ર થવા લાગી. વૃદ્ધોએ સ્નેહપૂર્ણ સૌમ્ય સૌંદર્ય દ્રષ્ટિએ એને જોઈ. યુવતી સખીઓએ વિવશ ઈર્ષ્યાના અદમ્ય ઉત્સાહપૂર્વક એને જોઈ; પરંતુ સુંદરીએ તો કોઈનેય ન જોયા ! એ શી રીતે જુએ ? કયી આંખોએ જુએ ?

ગામમાંથી નીકળીને ગોવાલણી નદી તટ પર જવા લાગી. એના મુખમંડળ પર સ્વર્ગીય જ્યોત ઝળકી રહી હતી. સપ્રજ્જવલ લલાટ પર પ્રસ્વેદ બિંદુઓ ઉપસી આવ્યા હતા.મોટી શ્યામ આંખો સુંદર કુસુમ કુંજોની હરિયાળી માયાજાળમાં અટવાઈ રહી હતી. કોમળ અરૂણ કપોલ પર શ્યામવર્ણ કેશની લટો વિખરાઈ હતી. ગુલાબી અધર પંક્તિઓ પર અલૌકિક હાસ્ય નૃત્ય કરી રહ્યું હતું તેનું સમગ્ર અંગ જાણે હાસ્યથી છલકાયું. હાથ એના એ લત્તા સમાન બાહુ, એ લચકાતી કમર, એ સુકોમળ નાના ચરણો અને એનો એ મદો-પત અચંલ ! પવનદેવ એ કુસુમ ચરણોની રજ લઈ ચારે દિશામાં દોડવા લાગ્યા. પછી મેઘાચ્છાદિત ગગનમાંથી જળનો ફુવારો છૂટવા લાગ્યો. જાણે ફૂલઝડીઓ વરસી.

તટ નજીક આવતાં યુવતીનાં આતુર નેત્રો કોઈની શોધમાં આમતેમ ઘૂમવા લાગ્યા. એ પુષ્પો અન લતાઓથી પરિપૂર્ણ કુંજ સુની ન હતી. એમાં પક્ષીઓ ગાન કરતા હતા. ગાયોના ગળે બાંધેલી ઘંટડીઓના સૂર ગાજતા હતા અને વાછરડાં ખેલી રહ્યા હતા. પરંતુ સુંદરીને વાસ્તે તો એ સર્વ સરખું હતું. ના ! ના ! અધિક દુઃખદાયી હતું. એની આંખો, એનું હૈયું જેની શોધમાં હતા તે ક્યાં હતો ?હારીને તે જળની નિકટ આવી હાથમાંના કળશને નીચે પટક્યો. નદીની રેતમાં બેસી ગઈ અને ઘુંટણીએ હાથ ટેકવી મંદ ગતિએ વહેતા જળ તરફ શૂન્ય દ્રષ્ટિએ જોવા લાગી. કળશ ગબડતો આગળ વધ્યો અને રેતીપર સ્થિર જળ અધરનું ચુંબન કરવા લાગ્યો. નાની નાની ચંચળ લહેરીઓ એને સ્પર્શ કરતી દોડવા લાગી આ દ્રશ્ય નિરખીને યુવતીની ઉદાસ મુખાકૃતિ પણ હસી ઉઠી; પરંતુ બીજી જ ક્ષણે એના હૃદયને સખત આઘાત લાગ્યો. હાસ્ય ગાંભીર્યમાં પલટાઈ ગયું. કળશ તરફથી એની નજર ખસી, અને મેઘ પંકિત જે જળ સાથે મળેલી જણાતી હતી, અને ગિરિમાળા સમી લાગતી હતી, તેના તરફ વળી સ્મૃતિઓ તો જાણે ઉંડી ઉડીને આવવા લાગી.

સહસા એકબાજુ વેણુ ગાજી ઉઠી. એજ વેરિણી ! સુંદરી ચમકી ઉઠી, એનું ઉલ્લાસપૂર્ણ હૃદય વેગપૂર્વક ધડકવા લાગ્યું. વેણુનો મધુર નાદ કુંજમાંથી નીકળી ચારે દિશાઓમાં ગૂંજવા લાગ્યો. જોતજોતામાં સમસ્ત પ્રકૃતિ ધ્વનિમય થઈ ગઈ. સુંદરીને એમ જ થવા લાગ્યું કે ફક્ત બે જ વસ્તુ સત્ય છે. એક તો અ પોતે અને અન્ય એ નાદ. બાકી સર્વ મિથ્યા. પછી એ નાદ એ શબ્દમાં પલટાઈ ગયો; અને તે હતું તે

સુંદરીનું નામ ! પુકાર સાંભળતા જ તે વિહ્‌વળ બની ઉઠી અને જે દિશા તરફથી તે વેણુનો અવાજ આવ્યો હતો તે દિશા તરફ વેગપૂર્વક ચાલવા લાગી. માથા પરથી સરી પડેલો અંચલ જમીન પર ઘસડાવા લાગ્યો, કેશ વિખરાઈ જઈ હવામાં ઉડવા લાગ્યા જેમ જેમ તે કુંજ—જ્યાં વેણુનો નાદ થતો હતો —નજીક આવતી હતી, તેમ તેમ નાદ મંદ થતો જતો હતો. તે વેગપૂર્વક ચાલતી હતી તેને એક ઝટકો લાગ્યો. તે ચમકી આત્મ વિસ્મૃતિની દશાનો ભંગ થયો, અને ત્યારે જ એને જ્ઞાન થયું કે તેનું મસ્તક ખુલ્લું હતું. કેશ વિખરાઈ મુખારવિંદ પર છવાયા હતા તેનું હૃદય લજ્જાથી ભરાઈ ગયું અને પછી પાછળ ફરી જોયું તો અંચલની કોર ફુલોની એક ઝાડીમાં ભરાઈ હતી. કેશને સમારતી તે પુષ્પ ઝાડ નજીક ગઈ અને અંચલની કોર છૂટી પડવાનો પ્રયત્ન કરવાલાગી. પરિણામ એ આવ્યું કે અંચલ બે—ત્રણ જગ્યાએ વધુ ભરાયો અને એની કુસુમ કોમળ હથેલી કાંટાથી સહેજ છેદાઈ. આખરે તેણે અંચલનો છેડો જોરથી ખેંચ્યો. એથી ઝાડીમાંથી છેડો નીકળ્યો તો ખરો પણ કેટલાયે ઠેકાણેથી તે ચીરાઈ ગયો. અને તેના કેટલાક રેશમી તાર ઝાડીમાં ભરાઈ પણ રહ્યા.

કૈંક વિચારી ગોવાલણ પુનઃ નદી તટ તરફ વેગપૂર્વક ચાલી. વેણુનો મધુર નાદ પુનઃ તીવ્ર બન્યો. સારી પ્રકૃતિ પુનઃ આંદોલિત બની ઉઠી. તટ પર પહોંચી સુંદરીએ જોયું તો કળશ પ્રથમ જેમ જળક્રીડામાં મગ્ન હતો. જરા જરા ડોલતો પણ હતો. કળશને ઝડપથી ઉંચકી લઈ તેને એણે જળથી ભર્યો અને કમર પર મૂકી પુનઃ પોતાના એ માર્ગે વળી. વેણુનો વિકમ્પિત આતુર નાદ ફરી ક્રમશઃ મંદ પડવા લાગ્યો. ફરી એકાએક તે અટકી ગઈ કઈ અજ્ઞાત શક્તિએ તેના પગ ભૂમિ સાથે જકડી દીધા. તેનાં નેત્રો જમીન તરફ ઢળેલાં તો અવશ્ય હતા, છતાંય જાણે તે પોતાની આસપાસનું સર્વ દ્રશ્ય જોઈ રહી હતી.

ચિરપરિચિત સ્પર્શનો મધુર અનુભવ થયો. તે ચમકી ઉઠી. એના સુકોમળ શરીરનો દરેક તાર ઝણઝણી ઉઠયો. એના હાથમાંનો કળશ મુક્ત થઈ અવાજ સાથે ભૂમિ પર પડયો, અને ગબડતો આમતેમ જળ ઢોળવા લાગ્યો. સુંદરીએ એકવાર પોતાને છલનાર તરફ તીવ્ર દ્રષ્ટિએ જોયું અને પછી મુખ ફેરવી લીધું. વેણુધરે સ્મિત વેરતાં પોતાનો જમણો હસ્ત સુંદરીના ખભા પર મૂક્યો, અને ડાબા હાથે તેનું મુખ પોતાની તરફ ફેરવી ઉંચું કર્યું. સુંદરીએ આંખો બંધ કરી દીધી. પરંતુ સબળ પ્રયત્ન કરતાં પણ પોતાને તે રોકી શકી નહીં. બંધ પાંપણમાંથી બે અશ્રુબિંદુ સરી પડયા અને અરૂણ કપોલો પર પ્રસરાયાં. વેણુધરના હૃદયમાં એ જોઈ તીવ્ર આઘાત થયો. તેણે વિહ્‌વળ બની વેણુ જમીન પર એક બાજુ ફેંકી દીધી; અને નિજ પીતાંબરના છેડાથી તે સુંદરીના આંસુ લૂછયાં, આમ સંધિ સ્થાપિત થઈ ગઈ !

થોડા વખત પછી બંને કદંબ વૃક્ષની છાયા નીચે બેઠા. સાંવરા બંસીવાળાએ સુંદરીની રક્તરંજીત હથેલી નિજ હસ્તમાં લઈને પૂછયું 'આ કાંટા ક્યાં વાગ્યા ? સુંદરીના મુખમંડળ પર ગાઢ લાલિમા છવાઈ ગઈ. નીચું જોઈ જમીન ખોતરતી તે બોલી 'ખબર નથી'.

બંસીવાળાએ યુવતીની હડપચી ઉંચી કરી પુનઃ પ્રશ્ન પૂછયો 'આ સાડી ક્યાં ફાટી ?' ગોવાલણીની મુંઝવણ વધી પડી. એણે મંદ સ્મિત કરી એકવાર બંસીવાળાના મુખ તરફ જોયું; પછી એ ફરી નીચું જોઈ ગઈ.

આનંદથી વિહ્‌વળ બની રહીને શ્રીઠાકોરજીએ પ્રેમની એ સુકુમાર પ્રતિમાને સ્વામિનીજીને બાહુપાશમાં આવરી લીધા.

પુસ્તક પરિચય

❑ **૧. પુષ્ટિ નવનીત :** સંપાદક–શ્રીપ્રદ્યુમ્ન શાસ્ત્રીજી. પ્રકાશક–આં.રા.પુ.વૈ.પરિષદ શ્રીકૃષ્ણદાસ ચીમનલાલ (ઝવેરચંદ લક્ષ્મીચંદ) પરિષદ ભવન, ૨૦૧–૨૨૬ અશ્વમેઘ કોમ્પલેક્ષ, સયાજી વિહાર ક્લબની સામે, શિયાબા લેન, રાજમહેલ રોડ, વડોદરા. ફોન. ૪૧૬૧૧૯.

૧/૧૬ ક્રાઉન સાઇઝ પાના ૨૨૯+૧૬+૧૮=૨૬૩. સેક્સન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, પ્રકાશન સહાય રૂ.૪૦/–.

પુષ્ટિમાર્ગીય સેવાવિષયક ભાવનાનું નિરૂપણ આ પુસ્તકમાં સુંદર સરળ રીતે ત્રણ વિભાગમાં કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં નિત્યનિયમની ભાવનાથી પ્રારંભ કરી ૧૬ વિષયોનું રસમય આલેખન છે. બીજા વિભાગમાં વૈષ્ણવોનું પરમ કર્તવ્ય સેવામાં રીતિ પ્રીતિનો પ્રકાર વિષયક ૩૦ વિષયો ભાવનાસભર રીતે નિરૂપણ કરેલ છે. ત્રીજા વિભાગમાં વર્ષભરની વિશેષ તિથિઓની સેવા સંકલિત ભાવ મહિમા યુક્ત નેવું વિષયો આવરી લેવામાં આવેલ છે.

પુષ્ટિમાર્ગ ભાવનાનો માર્ગ છે. ભાવનાના ત્રણ પ્રકાર છે. સ્વરૂપ ભાવના, ભાવભાવના અને લીલાભાવના. ભાવના ત્રણે પ્રકારોને આ પ્રકાશનમાં આવરી લેવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવેલ છે. દરેક વૈષ્ણવે પુષ્ટિસંપ્રદાયના ભાવનાની સાચી સમજ માટે આ પુસ્તક અવારનવાર વાંચવું જરૂરી છે. દરેક પુષ્ટિ પરિવારે વસાવવા યોગ્ય પુસ્તક.

❑ **૨. જય જય શ્રીગોકુલેશજી (પુસ્તિકા ૩૮) :** સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રકાશક–શ્રીપુષ્ટિ પ્રકાશન. પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી, (પૂર્વ), મુંબઈ–૪૦૦૧૦૧.

૧/૮ ડેમીસાઈઝ પૃષ્ઠ ૫૨ (બાવન). પીન બાઈન્ડીંગ, ટાઈટલ આર્ટ પેપર બહુરંગી ચિત્રજી સાથે, ન્યોછાવર રૂા. ૨૦/– પોસ્ટેજ રૂા. ૩/– (સાદુ બુક પોસ્ટ).

શ્રીવિઠ્ઠલનાથજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર એટલે માળા, તિલક અને સ્વધર્મના રક્ષણ માટે રાજસત્તા સામે ટક્કર આપશ્રીની નીડરતા, દઢતા અને નિષ્ઠા આગળ રાજ્ય સત્તાએ શિર ઝૂકાવી દીધું અને "માળા, તિલક ધારણ કરવા નહીં" તે હુકમ રદ કર્યો. કટોકટીના એ કાળમાં શ્રીગોકુલનાથજી મહારાજે આવી નિર્ભયતા અને દઢતાથી માળા, તિલકનું રક્ષણ કર્યું ન હોત તો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ પ્રકટ કરેલ અને પોષેલ પુષ્ટિભક્તિમાર્ગ પર કદાચ પૂર્ણવિરામ મુકાઈ જાત. રાજ્યસત્તા સામે ટક્કર લઈ સર્વસ્વ ન્યોછાવર કરવાની તૈયારી બતાવી જેમણે માળા, તિલકનું રક્ષણ કર્યું એવા શ્રીગોકુલનાથજીના અલૌકિક જીવનને આ નાની પુસ્તિકામાં સંક્ષિપ્તમાં પણ સંપૂર્ણ રીતે ઐતિહાસિક સંદર્ભમાં સંવત વાર રજુ કરવામાં આવ્યું છે.

દરેક વૈષ્ણવે વાંચી ગૌરવ અનુભવવા જેવી સુંદર પુસ્તિકા.

❑ **૩. મધુરમ્ – મધુરમ્ (પુસ્તિકા ૪૦) :** લેખક–પ્રકાશક–પ્રાપ્તિસ્થાન, ક્રમ ૨ મુજબ.

૧/૮ ડેમીસાઈઝ પૃષ્ઠ ૬૦, પીન બાઈન્ડીંગ, ટાઈટલ આર્ટ પેપર બહુરંગી ચિત્રજી સાથે ન્યોછાવર રૂા.૨૦/– પોસ્ટેજ રૂા.૩/– (સાદુ બુકપોસ્ટ)

શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત "મધુરાષ્ટકમ્" ગ્રંથ એક અદ્ભુત રચના છે. સંયોગ અને વિપ્રયોગની અનુભૂતિનો સાક્ષાત્કાર આ અદ્ભુત ગ્રંથમાં થાય છે. એનું દરેક પદ પોતાનામાં એક નહીં પણ વિવિધ લીલાઓનું

યશોગાન છે. આ પુસ્તકમાં ૯ લેખોનો સમાવેશ–દરેક લેખમાં એક પદને લઈને લીલાની અનુભૂતિ કરવા પ્રયત્ન કર્યો છે. દરેક લેખમાં પદને અનુરૂપ વિવિધ ધોળ અને પદ તથા શ્લોકોનો સંદર્ભ પણ લેવામાં આવેલ છે.

વાંચતા જ આનંદવિભોર થઈ જવાય તેવી શૈલીમાં લખાયેલ આ પુસ્તક તેમજ આ પહેલા પ્રકાશિત થયેલ 'મધુરમ્ મધુરમ્' પુસ્તક વાંચવા અને માણવા લાયક છે.

☐ **૪. શૃંગાર માલિકા (પુસ્તિકા ૪૧) :** ચિત્રલેખન અને પરામર્શદાતા– પૂ.પા.ગો. શ્રીયશોદાનંદજી મહારાજશ્રી, કાંદીવલી. સંપાદક–પ્રકાશક–પ્રાપ્તિસ્થાન : ક્રમ ૨ મુજબ.

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૫૮, પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર ટાઈટલ બહુરંગી ચિત્રજી સાથે. ન્યોછાવર રૂા.૨૦/– પોસ્ટેજ રૂા.૩/– (સાદું બુકપોસ્ટ)

પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીગુસાંઈજીએ ત્રિ–સેવા વિધાન, શૃંગારસેવા, ભોગસેવા અને રાગસેવા દર્શાવેલ છે. શૃંગાર સેવાનું મહત્વ અનેરું છે. શ્રીમહાપ્રભુજીના વખતમાં શરૂઆતમાં શ્રીનાથજીને માત્ર પાગ અને મુકુટ ધરાવવામાં આવતા હતા. શ્રીગુસાંઈજીએ શૃંગાર પ્રણાલિકાનો વિસ્તાર કર્યો. શ્રીમસ્તકનાં શૃંગારમાં શહેરો, ટિપારો, કુલ્હે, પાગ, દુમાલો, ફેંટા, પગા, ટોપી વિગેરે શૃંગારનો સમાવેશ કર્યો. આ ઉપરાંત વિવિધ આભૂષણો અને ઋતુને અનુકૂળ વિવિધ વસ્ત્ર પરિધાનનું પણ આયોજન કર્યું. આ પ્રણાલિકા આજે છે. ઘર સેવા કરતા વૈષ્ણવો પણ પોતાના ગુરુઘરની પ્રણાલિકા, પોતાની શક્તિ અને અનુકુળતા મુજબ અનુસરે છે. ઘરે સેવા કરતા વૈષ્ણવોને શૃંગાર સેવામાં આનંદ આવે તે માટે આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.

આ પુસ્તિકામાં વર્ષના ૩૬૫ દિવસના શૃંગારની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે. સાથે સાથે શૃંગારને અનુરૂપ કીર્તન સાહિત્યનો સમાવેશ પણ કરવામાં આવેલ છે. ઘરે સેવા કરતા વૈષ્ણવો તેમજ દર્શન કરતી વખતે વિવિધ શૃંગારના દર્શન કરવામાં આનંદ આ પુસ્તિકા દરેક વૈષ્ણવને આપશે જ. દરેક વૈષ્ણવે વસાવવા અને વાંચવા યોગ્ય પુસ્તિકા.

સમાચાર

☐☐ **રાજકોટ :** નિત્યલીલાસ્થ પૂ.પા.ગો.૧૦૮ શ્રીત્રિકમરાયજી મહારાજશ્રી (કોટા–કલકત્તા)નો જેઠ સુદી ૪ તા.૧૪–૬–૨૦૦૨ નાં રોજ રાજકોટમાં પૂ.પા.ગો.૧૦૮ શ્રીત્રિલોકીભૂષણજી મહોદયશ્રીના સાનિધ્યમાં જન્મોત્સવ ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે પૂ.પા.ગો.૧૦૮ શ્રીત્રિલોકીભૂષણજીના નૂતન નગર "શ્રીકુંજ" બંગલે વૈષ્ણવોએ વચનામૃતનો લાભ લીધેલ તેમજ રાત્રે વધાઈ–કીર્તન–રાસ વિગેરેનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ પ્રસંગે આપશ્રી તરફથી ૧૫૦૦ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવામાં આવેલ અને રાજકોટ તેમજ આજુબાજુના ગામોના તથા બાબરા પંથકના વૈષ્ણવો જન્મોત્સવનો અલૌકિક અલભ્ય લાભ પ્રાપ્ત કરેલ.

☐☐ **અમદાવાદ :** પૂ.પા.ગો.શ્રીયદુનાથજી મહોદયશ્રીનો જન્મદિવસ વૈષ્ણવોની બહોળી ઉપસ્થિતિમાં ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે નવી પુષ્ટિમાર્ગીય વેબસાઈટ www.pushtiswadhyay.org નો પ્રારંભ પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમાર મહારાજશ્રી દ્વારા કરવામાં આવેલ.

☐ પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી--અમદાવાદ)ની અધ્યક્ષતામાં સીડની (ઓસ્ટ્રેલીયા) ખાતે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કરવમાં આવેલ અને શ્રીનાથજીના સ્વરૂપને અર્બન વિસ્તારમાં પધરાવવામાં આવેલ. વિશાળ સંખ્યામાં વૈષ્ણવ સમાજ ઉપસ્થિત રહેલ. અત્રેના શહેરોમાં પણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ.

❑ શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી ટ્રસ્ટ (મણીનગર) દ્વારા શ્રીબાલકૃષ્ણલાલજી પ્રભુનો ૨૫ મો પાટોત્સવ તા. ૨૬–૬–૨૦૦૨ ના રોજ શ્રીજીના વિવિધ મનોરથો તથા વચનામૃતો અને પ્રવચનો સાથે ઉજવવામાં આવેલ. પૂ.પા.ગો.શ્રીકુંજેશકુમારજી (કડી–અમદાવાદ) વચનામૃત કર્યા હતા. તથા પ.ભ.શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ (કાંદીવલી–મુંબઈ), પ.ભ. શ્રીઈન્દ્રકાંતભાઈ શેઠ, શ્રીવિણાબેન વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

❑❑ પોરબંદર : અષાઢ સુદી ૧૫ ના રોજ શ્રીદ્વારકાનાથજીની હવેલી (માધવ ભવન) પોરબંદરમાં શ્રી નાં અલૌકિક મનોરથોના દર્શન તથા પોરબંદર લોહાણા બાળાશ્રમ દ્વારા સૌપ્રથમ વખત 'સમૂહ બ્રહ્મસંબંધ'નું આયોજન થયેલ જેમાં વૈષ્ણવ પરિવારનાં ૧૫૨ બાળકોને બ્રહ્મસંબંધનું દાન ગો.શ્રીવસંતકુમારજી દ્વારા પ્રાપ્ત થયું. ત્યારબાદ આપશ્રીના વચનામૃત થયાં જેમાં આપશ્રીએ ગુરૂપૂર્ણિમા વિશે તથા ગુરૂનું માહાત્મ્ય, બ્રહ્મસંબંધનો અર્થ, તે પછીનું આપણું કર્તવ્ય, વૈષ્ણવી જીવન કેવું હોવું જોઈએ, તે વિષયક સમજણ આપી હતી અને આપણને આ ઘોર કલિકાલમાં શ્રીમહાપ્રભુજી જેવા સામર્થ્યવાન ગુરૂ પ્રાપ્ત થયા તે આપણું સૌભાગ્ય છે અને શ્રીવલ્લભના સ્વરૂપ અને કૃપાનો વિચાર કરવો તેની સમજણ આપી હતી. આ મનનીય વચનામૃતનો ઉપસ્થિત બ્રહ્મસંબંધી ઉપરાંત ખૂબજ મોટા પ્રમાણમાં વૈષ્ણવોએ આનંદ લીધો હતો. ત્યારબાદ સર્વે બ્રહ્મસંધંધીઓને શ્રીગુરૂદેવનું ચિત્રજી, બ્રહ્મસંબંધના અર્થનું પેમ્પ્લેટ, પુસ્તિકા અને સ્ટીકર્સ આપવામાં આવ્યા હતા.

❑❑❑❑ આ.રા.પુ.વૈ.પરિષદ મણિનગર મહિલા પરિચય મેળો ❑❑❑❑

આ.રા.પુ.વૈ.પરિષદ મણિનગર મહિલા પરિચય મેળો તા. ૨૨–૧૨–૨૦૦૨ નાં રોજ અમદાવાદ મુકામે યોજાનાર છે. ફોર્મ ભરવા માટે સંપર્ક : (૧) પ્રફુલ્લાબેન શાહ, ૯–બી સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯. ફોન નં.૬૪૦૨૩૫૭. (૨) અશ્વીનભાઈ દેસાઈ, શ્રીવલ્લભ સદન, આશ્રમ રોડ, અમદાવાદ. (૩) શ્રીબાલકૃષ્ણજીની હવેલી, મણિનગર, અમદાવાદ. (૪) શ્રીગોવર્ધનનાથજીની હવેલી, ગાંધીનગર (કેપીટલ) (૫) જ્યોતિબેન, ૭૭–રાજેશ્વરી સોસાયટી, કાંઠા ઉપર, મણીનગર–ઈસનપુર. ફોન. ૫૩૯૨૩૫૬ (૬) શ્રીવલ્લભ પ્રિન્ટરી, ટાઉનહોલ સામે, અમદાવાદ. ફોન. ૬૫૭૮૭૨૦.

❑❑❑❑ આ.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે ૧૧ મી શ્રીવલ્લભ વક્તૃત્વ સ્પર્ધા ❑❑❑❑

આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે ૧૧મી શ્રીવલ્લભ વક્તૃત્વ સ્પર્ધા તા. ૪–૮–૨૦૦૨, રવિવારનાં દિને વ્રજધામ, માંજલપુર ખાતે પૂ.ગો.૧૦૮ શ્રીઈન્દીરાબેટીજી મહોદયા, પૂ.ગો.૧૦૮ શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી અને પૂ.ગો.૧૦૮ શ્રી ડૉ.વાગીશકુમારજી પ્રેરક–પાવન સાંનિધ્યમાં ભવ્ય રીતે સંપન્ન થઈ ગઈ. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતના ૬૫ જેટલા સ્પર્ધકો સહભાગી બન્યા. બાળ વલ્લભના પ્રતીક સમા સ્પર્ધકો દ્વારા દીપ પ્રાગટ્યથી સ્પર્ધાનો પ્રારંભ થયો. આ મંગલ પ્રસંગે પરિષદના પદાધિકારીઓ–પ્રમુખશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખ, કાર્યાધ્યક્ષ શ્રીપ્રદ્યુમ્ન શાસ્ત્રીજી, ઉપપ્રમુખશ્રી મુકુન્દભાઈ પટેલ, શ્રીરમેશભાઈ શ્રોફ, મંત્રીશ્રી વી.પી. પરીખ, સંગઠન મંત્રીશ્રી સી.પી. તલાટી, હરેન્દ્ર શેઠ, શ્રી કે. એન. શાહ અને પ્રતિષ્ઠિત મહાનુભાવો પૈકી વૈષ્ણવ પરિવારના તંત્રીશ્રી વસંતબેન પરીખ, ભરૂચના પુષ્ટિમર્મજ્ઞ ડૉ.પિયુષભાઈ પરીખ, વ્રજધામના હેમંતભાઈ શાહ, ગીરીશભાઈ પરીખ, ગુણવંતીબેન પરીખ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ત્રિવેણીએ પરિષદની આ પ્રવૃત્તિને બિરદાવી સ્પર્ધકોને આશીર્વાદ પ્રદાન કર્યા હતા. નિર્ણાયકો તરીકે શ્રીવૈકુંટભાઈ ભગત, ડૉ.રમણભાઈ તલાટી અને હસમુખભાઈ પરીખે સેવા પ્રદાન કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રીશ્રી વી.પી. પરીખે કર્યું હતું. સ્પર્ધાનું પરિણામ નીચે પ્રમાણે ઘોષીત કરવામાં આવ્યું હતું.

વય જૂથ–૧ : (૧) શેઠ મનન ટી. ઈન્દ્રપુરી (૨) પરીખ દિશાબેન ગોપાલદાસ, પેટલાદ (૩) શ્રેયા હિમાંશુ ગાંધી, દાહોદ (૪) બીજલ મીઠાવાલા, હરણી (૫) શાહ પ્રાપ્તી જી. હાલોલ.

વય જૂથ–૨ : (૧) દોશી શ્રેયાંસ મયુરભાઈ, કેવડીયા (૨) શાહ નેહા વિપિનચંદ્ર, રેષકોર્સ (૩) મીલી અરવિંદ શાહ, પાંડેસરા (૪) શાહ ઉન્નતિ જી. હાલોલ (૫) શાહ દિપેન રમેશચંદ્ર, ડભોઈ.

વય જૂથ–૩ : (૧) જોષી ગોપાલભાઈ પ્રેમવદન, કારેલીબાગ (૨) પટેલ જીજ્ઞેશ અલ્કેશભાઈ, કેવડીયા (૩)

પરીખ અંજની કેતનકુમાર, તરસાણી (૪) શાહ સ્વીટી એ. હરણી (૫) પરીખ હિરલબેન જગદીશચંદ્ર, ઓડ.
વય જૂથ–૪ : (૧) પટેલ શીલાબેન ડી. કારેલીબાગ (૨) શાહ તેજલબેન ડી. હરણી (૩) ગાંધી રૂપમબેન હિમાંશુભાઈ, દાહોદ (૪) શાહ જાગૃતી જી. હાલોલ (૫) પરીખ મંજુલાબેન જી. પેટલાદ.

☐☐☐☐ આ.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા આયોજીત ☐☐☐☐
શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાનું અંતિમ પરિણામ

આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રતિવર્ષ યોજાતી ૧૧ મી શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાનું સમગ્ર ગુજરાતમાં વયજૂથ પ્રમાણે વિજેતાઓની યાદી ઘોષીત કરતાં ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અને સ્પર્ધાના સંયોજક શ્રી સી.પી. તલાટી વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવે છે. યાદી નીચે પ્રસ્તુત છે.

વય જૂથ–૧ (૭ થી ૧૦) : (૧) પરીખ કેવીન ગીરીશકુમાર, કાલોલ (૨) દરૂ રીચા પી. સંખેડા (૩) પરીખ દીશા ગોપાલભાઈ, પેટલાદ (૪) શાહ વલ્લભ એસ. ડભોઈ (૫) શાહ રવિ કૌશિકભાઈ, રાંદેર, સૂરત.
વય જૂથ–૨ (૧૧ થી ૧૭) : (૧) શાહ હેમલ જગદીશચંદ્ર, સંખેડા (૨) શાહ મિથુન એસ. કાલોલ (૩) શાહ મંથન પંકજકુમાર, સમારોડ, વડોદરા (૪) શાહ ઉન્નતિ ગૌરાંગકુમાર, હાલોલ (૫) જોષી નિધિબેન એચ. ઓડ.
વય જૂથ–૩ (૧૨ થી ૨૭) : (૧) શાહ રૂપલ તષીરભાઈ, સમારોડ, વડોદરા (૨) મહેતા પ્રશાંતકુમાર દિલીપભાઈ, હાલોલ (૩) શાહ ગૌરાંગ જે. ડભોઈ (૪) પરીખ સેજલ ધવલકુમાર, ખંભાત (૫) શાહ અર્પિતા ડી. જરોદ.
વય જૂથ–૪ (૨૮ થી ઉપર) : (૧) શાહ રાગિણીબેન પ્રબોધભાઈ, તરસાલી, વડોદરા (૨) દલાલ પ્રજ્ઞાબેન એચ. સુરત (૩) શાહ વર્ષાબેન નીતેશકુમાર, પેટલાદ (૪) દેસાઈ બાદલ એસ. દાહોદ (૫) શાહ જગદીશ આર. રાજપીપળા.

☐☐ **વડોદરા :** આં.રા.પુ.વૈ.પરિષદ (ગુજરાત) વડોદરા શાખાના કાર્યાલય–કૃષ્ણદાસ ચીમનલાલ પરિષદ ભવનમાં પૂ.પા.ગો.શ્રીઈન્દીરાબેટીજી મહોદયા તથા પૂ.પા.ગો.શ્રીડૉ.વાગીશકુમાર મહોદયશ્રી પધરામણી કરવામાં આવેલ હતી. પૂ. જીજીનો આદરપૂર્વક ઋણ સ્વીકાર કરવામાં આવેલ. આપશ્રીએ આશીર્વચન આપેલ તેમજ પરિષદ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરેલ. અને પરિષદની પ્રવૃત્તિઓ બિરદાવી હતી. પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે મારો પરિષદ સાથે ઘનિષ્ઠ નાતો રહ્યો છે અને પરિષદના માધ્યમથી શ્રીવલ્લભ વિચારધારાનો પ્રસાર–પ્રચાર કર્યો છે. મંત્રીશ્રી સી.પી. તલાટીએ પૂ.પા.આચાર્યશ્રીઓનો તેમજ ઉપસ્થિત સર્વેનો ઋણસ્વીકાર કર્યો હતો.

☐☐ **મુંબઈ :** ક્રિએટીવ કોમ્પ્યુગ્રાફીક દ્વારા પુષ્ટિમાર્ગીય વિવિધ સાહિત્યોમાં ઉત્સવ–દર્પણા સ્વરૂપ દર્શન વિગેરે પ્રકાશનો થઈ રહ્યા છે. અને આ સઘળી માહિતી પ્રાપ્ત થાય તે માટે તેઓએ વેબસાઈટ www.geocities.com\utsava_02\index.htm લોન્ચ કરેલ છે. સંપર્ક સ્થાન : નિકુંજ શાહ, ૧૩૩ વી.પી રોડ, નાથાલાલ ભુવન, મુંબઈ–૪૦૦ ૦૦૪.

શ્રદ્ધાંજલી

મડગાંવ (ગોવા)ના પ.ભ. શ્રીઅમૃતલાલ દોશી નાં ધર્મપત્ની શ્રીમતિ પુષ્પાબેન દોશી તા. ૩૦/૬/૨૦૦૨ નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓએ સમગ્ર ગોવામાં વૈષ્ણવોને પુષ્ટિમાર્ગ વિશે માર્ગદર્શન પુરૂં પાડયું હતું. તેઓએ તેમનું સમગ્ર જીવન પુષ્ટિમાર્ગની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓ હંમેશ ગોસ્વામી બાળકોની સેવામાં તત્પર રહેતા.

બોલાય. શ્રાદ્ધ પક્ષનો પ્રારંભ.

ભાદરવા વદ ૨ તા. ૨૩–૯–૨૦૦૨ સોમવાર : ગો.ચિ.શ્રીદ્રુમિલ કુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૪ તા. ૨૫–૯–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૨૬–૯–૨૦૦૨ ગુરૂવાર : મહાનુભાવ શ્રીહરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સંવત ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૩૦–૯–૨૦૦૨ સોમવાર : નવમી શ્રાદ્ધ. (અવિધવા નવમી)સૌભાગ્યવતી સ્ત્રી નું કોઈપણ તિથિએ મરણ થયું હોય તેનું શ્રાદ્ધ આજે અવિધવા નવમીએ કરવું. શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સંવત ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૧–૧૦–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૩–૧૦–૨૦૦૨ ગુરૂવાર : ઈન્દીરા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સંવત ૧૫૬૭) (બારસનો ક્ષય હોવાથી આજે)

ભાદરવા વદ ૧૩ તા. ૪–૧૦–૨૦૦૨ શુક્રવાર : શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (સંવત ૧૬૦૬). નાના બાળકોનું શ્રાદ્ધ આજે કરવું.

ભાદરવા વદ ૩૦ (અમાસ) તા. ૬–૧૦–૨૦૦૨ રવિવાર : દર્શ અમાવસ્યા સર્વ પિતૃ શ્રાદ્ધ. સાંઝીની કોટની આરતી.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month
Date : 03-09-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં. [illegible]
S[illegible] K. PARIKH
F/78 G[illegible]ARATI SOCIETY, NEHRU
ROA[illegible] VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

નિજસોં સબ સબકોં દિખેં,
જ્યોં યહ સાંચી બાત।
તોં મો તુમ કરિ હોં કૃપા,
સમુઝિ અમલ, જયગતાત ! ।।૫૦।।

ટીકા : જગતપિતા જે હે શ્રીકૃષ્ણચંદ્ર ! સર્વને સર્વ કોઈ પોતા જેવું ભાસે એમ કહેવાય છે; એ વાત જો સાચી છે તો મને કાંઈ ચિંતા નથી. તે શા માટેં કે તમે સદા નિરમલ છો તે મને પણ નિરમલ દેખશોં ત્યારે કૃપાલુ છો તે કૃપા કરશો. ૫૦

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**

તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ, ૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મુદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન : ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ,** રાજકોટ. ફોન : ૪૫૩૪૫૧.

વર્ષ ૨૧
અંક ૬

સમાચાર

વૈ. પરિષદના સભાસદોની મીટીંગ તા. ૩૧-૭-૮૪ ના રોજ મુખ્ય સંયો-
ઉદેપુર (દ્વારકેશ હાર્ડવેર વાળા) ના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં નીચે
સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ – શ્રીમુકુંદલાલ રમણલાલ શાહ ઉપપ્રમુખ – શ્રી. હર્ષદભાઈ વિઠ્ઠલદાસ શેઠ મંત્રી
અરવિંદભાઈ ઓચ્છવલાલ શાહ સહમંત્રી શ્રી ભાસ્કરભાઈ ચિમનલાલ શાહ તેમજ અન્ય પાંચ સભ્યો
કુલ નવ સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

અધ્યક્ષ સ્થાનેથી શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહે સત્સંગ અને નામ સ્મરણનું મહત્વ સમજાવી
પરિષદની આવશ્યકતા સમજાવી હતી. તેમજ ૨૪ કલાકના અખંડ નામ સ્મરણ અષ્ટાક્ષર
યોજાયો હતો.

તેજગઢ – આં. રા. પુ. વૈ. પરિષદના સભાસદોની મીટીંગ તા. ૧૩-૭-૮૪
ભાગના મુખ્ય સંયોજક શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ની
સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ શ્રી ઓચ્છવલાલ મોહનલાલ શાહ ઉપપ્રમુખ શ્રી મુકુંદલાલ કેશવલાલ શ
કૃષ્ણ જદુરામ પંડયા સહમંત્રીશ્રી નવનીતલાલ પુરુષોત્તમદાસ તેમજ અન્ય પાંચ સભ્યો મળ
કારોબારી સમિતિની રચના કરવામાં આવી, હતી.

રાજકોટ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે પ. ભ. શ્રી યશોદાનંદનજી મુખ્યાજીના
કારથી શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં જન્માષ્ટમી મહોત્સવ તા. ૨૦-૮-૮૪ રાતના ૯ થી ૧૨ સુધી
શાસ્ત્રીજી ઘનશ્યામભાઈ લક્ષ્મીશંકર ભટ્ટજીએ શ્રી યમુનાષ્ટક, શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી
વગેરેના પાઠ વૈષ્ણવ જન સમુદાયને કરાવેલ તેમજ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ – ગર્ભ સ્તુતિનું વાંચન કરેલ
તે વખતે વૈષ્ણવોએ સમૂહમાં મૌન રાખી અષ્ટાક્ષરના જપ કરેલા. સવારે પાંચ વાગ્યે આનંદ ઉલ્લાસમાં
નંદમહોત્સવ – પલનાના દર્શનનો હજારો વૈષ્ણવોએ લાભ લીધો હતો.

શાસ્ત્રીજી દરરોજ સાંજના યુગલ ગીત ઉપર શ્રી સુબોધિનીજીનું પ્રવચન આપે છે

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેની કેસેટ

પ. પુ. ગો. શ્રી નિકુંજલતા બેટીજી સંસ્થાપિત બૃહદ્ મુંબઈ વૈષ્ણવ મહિલા સમાજ પુના શાખા દ્વારા
પ્રસ્તુત પુષ્ટિમાર્ગીય કેસેટને આવકારીએ છીએ.

સૂરદાસજી કે પદ : શ્રી ઠાકોરજીની બાળલીલા, માહાત્મ્ય તથા વિરહના શ્રી સૂરદાસજી રચિત દશ પદો
શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા તથા બીનાબહેન મહેતાના કંઠે ગવાયેલ (સી-૬૦ સ્ટીરીયો)ની કેસેટ રૂા. ૩૦– ત્રીસમાં
પોસ્ટેજ [illegible] ના સ્થળેથી મળશે. શ્રી રોહિત [illegible] ઈઝીસ, એક્સપ્રેસ ભુક સર્વિસ [illegible]

ઈસ્ટ સ્ટ્રીટ, પુ

ધોળ

વિનતી વાહાલાને કહીએ ચાલો, સખી શ્રીગોકુલ જઈએ
કે સહેજે સુખીયાં બહુ થઈએ. ચાલો ૧

ધન્ય ધન્ય શ્રીગોકુલ ગામ, પ્રગટયા શ્રીપૂરણ કામ,
જેહનું મોટા મુનિવરો ધરે ધ્યાન. ચાલો ૨

સહુ વ્રજતણી નારી, પહેરી કસુંબલ સારી,
કે લટકે ઘુંઘટડો મારી. ચાલો ૩

હુ સઈયરની ટોળી, પહેરી પચરંગી ચોળી,
હાંરે ચાલે, ભમર ભોળી. ચાલો ૪

કતાફળની થાળી, જોતાં વદન સદન વાળી,
કે માંહે માંહે લે તાળી. ચાલો ૫

તોરણ બાંધ્યાં છે ટોડે, જય જય શબ્દ વાજક બોલે,
કે વૈષ્ણવ જન મળીયા કોડે. ચાલો ૬

ધન્ય ધન્ય ઠકરાણી ઘાટ, બેઠા શ્રી વિઠ્ઠલનાથ,
સોહીએ કુંવર સાત. ચાલો ૭

ધન્ય ધન્ય જુમનાની લહેરી, મહુરીથી મોહનની વેણી,
સુણતાં થઈ ગઈ હું ઘેલી. ચાલો ૮

પ્રકટયા ગિરિવરકરધારી, કરી વ્રજલીલા વિસ્તારી,
'માધવદાસ' જોઈ જાય બલિહારી. ચાલો ૯

ભકત કવિશ્રી માધવદાસ ખંભાત.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી ૫. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ